# તિલક તરંગો

## ભાગ : ૨ :



લે. પ.પૂ. શ્રી વિજયભુવનશેખર સૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક : શ્રી બુધ્ધિતિલક જૈન જ્ઞાન મંદિર
ભાભર (વાયા : પાલનપુર) બનાસકાંઠા.

ॐ ह्रीँ अर्हं श्री शंखेश्वर पार्श्व परमेश्वराय नमः
ॐ ह्रीँ अर्हं श्री मुनिसुव्रत स्वामिने नमः
ॐ श्री बुद्धि-तिलक-शान्तिचन्द्र सद्गुरुभ्यो नमः

# તિલક તરણી

## (દ્વિતીય વિભાગ)

લેખક અને સંપાદક

પ. પૂ. શાન્તમૂર્તિ સંયમાવતાર સ્વ. ગુરૂદેવ
અનુયોગાચાર્ય પંન્યાસપ્રવર શ્રીમદ્ તિલક
વિજયજી ગણિવર્યના શિષ્ય આચાર્ય વિજય-
ભુવન શેખર સૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક

શ્રી બુદ્ધિ તિલક જૈન જ્ઞાન મંદિર
ભાભર (વાયા પાલનપુર)
બનાસકાંઠા પીન. ૩૮૫૩૨૦

નકલ ૧૦૦૦ કિંમત વાંચન ચિંતન મનન

પ. પૂ. આદર્શ સંયમી અનુયોગાચાર્ય સ્વ. ગુરૂદેવ પંન્યાસ પ્રવર શ્રી તિલક વિજયજી ગણિવર્ય તથા સ્વ. શાન્તમૂર્તિ જ્ઞાનદાતા ગુરૂદેવ શ્રી બુદ્ધિવિજયજી મહારાજ સાહેબના જીવનમાં મૂર્તિમંત થયેલાં સમતા શાન્તિ સંયમ સેવાભાવ અને સહિષ્ણુતાદિ સદ્ગુણોના સંસ્મરણાર્થે પૂ. આચાર્ય વિજય ભુવન શેખર સૂરીશ્વરજી મહારાજના પૂ. પ્રવર્તક વિનયી શિષ્યરત્ન મુનિરાજશ્રી મહિમા વિજયજી મહારાજના સદુપદેશથી મણિનગર શ્વે. મૂર્તિપૂજક શ્રી જૈન સંઘ તરફથી તિલક તરણી વિભાગ-૨ વાંચક મહાશયોને સાદર સપ્રેમ ભેટ.

પ્રાપ્તિ સ્થાન

**શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી જૈનસંઘ**
C/O શ્રી જૈન દેરાસર
પોસ્ટ ઓફિસની પાસે, સ્ટેશનની સામે,
મણિનગર. **અમદાવાદ-૮**

પ્રાપ્તિ સ્થાન

**આચાર્ય વિજયભુવનશેખર સૂરીશ્વરજી**
જૈન જ્ઞાનમંદિર
C/O શ્રી જૈન ગુરૂભક્ત મંડલ નંબર-૯
શ્રીનગર સોસાયટી કૃષ્ણનગર જૈન દેરાસર સામે,
સૈજપુર બોઘા **અમદાવાદ**-૩૮૨૩૪૫


વિક્રમ સંવત ૨૦૪૧ — વીર સંવત ૨૫૧૧
અક્ષય તૃતીયા મંગળવાર — વૈશાખ સુદી ૩ મંગલવાર
તા ૨૩-૪-'૮૫

મુદ્રક : કૃષ્ણ પ્રિન્ટર્સ, વાસુપૂજ્ય ચેમ્બર્સ, આશ્રમરોડ અમદાવાદ-૧૩

# આત્મીય નિવેદન

તિલક તરણી ભાગ પહેલાના પ્રકાશન પછી લગભગ દશ વર્ષનો લાંબો સમય વીત્યા પછીથી આજે તિલક તરણી ભાગ બીજાનું પ્રકાશન થાય છે

આજે સાહિત્ય સૃષ્ટિમાં બહુમુખી સાહિત્યનું સંસ્કરણ સંકલન એવં સર્જન થતું જાય છે. તેમાં પણ વ્યાખ્યાનોપયોગી સાહિત્યનું પ્રકાશન સારા પ્રમાણમાં પ્રકાશિત થઈ રહ્યું છે. અને તે તે સાહિત્ય પોત પોતાના સ્થાને સમુચિતજ લેખાશે. સાથે સાથે તે તે પ્રાવચનિક પ્રકાશનોમાં પ્રાયઃ પ્રત્યેક વિષયોને સુસંગીન અને સમૃદ્ધ બનાવવા માટે લેખક મહાશયો પોતાના મગજનું માખણ કરી રહ્યા હોય છે તેમાં બે મત નહિ. આજે કેટલાક પ્રવચનકારો વ્યાખ્યાનોપયોગી સાહિત્યનું નવ સર્જન કરવામાં પોતાનો પ્રાણ રેડતા હોય છે એટલે કે સર્વાંગ સમ્પૂર્ણ બનાવવા માટે શત શત પ્રાણવાન પ્રયત્નો કરી રહ્યા હોય છે. સાથે સાથે પરિણામ પણ સુન્દર લાવતા હોય છે. વિદ્વદ્ભોગ્ય સાહિત્યનું સર્જન કરવામાં આજના લેખકોનો ફાળો ઓછો નથી જ. તે તે લેખકો પોતાની કસાયેલી કલમ દ્વારા જે અકાટય કલ્પનાઓ ઉભી કરતા હોય છે જે નોંધ પાત્ર માની શકાય. આજના યુગમાં લેખકોએ લગભગ દરેક વિષય પરત્વે કલમ ઉઠાવીને સાહિત્યની સુન્દર સેવા બજાવી છે તેમાં અપીલને અવકાશ નથી. પ્રાસંગિક એક મારા મંતવ્ય

મુજબ આજે પ્રાય એવો વર્ગ વધુ મલી આવશે કે વ્યાખ્યાનો પયોગી સાહિત્ય સંબંધી પુસ્તિકાના પૃષ્ઠ પૃષ્ઠપર અવનવું જાણવા માટે વધુ તડપી રહ્યો હોય છે અને પરિણામે એના માધ્યમથી જનતાને ઉદબોધન કરવામાં સફલતા મેળવી શકે છે આ દૃષ્ટિકોણને સામે રાખીને "તિલક તરણી" ભાગ બીજામાં વાંચક વર્ગમે પૃષ્ઠ પૃષ્ઠપર જુદા જુદા વિષયોની વાનગી આરોગવા મલશે

વધુમાં એક સર્વ સાધારણ સંસ્કૃત કહેવત પ્રમાણે "ભિન્ની રૂચિ હિં લોકઃ" તદનુસાર હમેંશાં સાહિત્ય રસજ્ઞોને અહર્નિશ અવનવું અવલોકન કરવાની આકાંક્ષા રહેલી હોય છે. આ મુદ્દાને સામે રાખીનેજ તિલક તરણી નામના પુસ્તકમાં વ્યાખ્યાનકાર તરીકે ઉમેદવારી ધરાવનાર વ્યક્તિને પૃષ્ઠ પૃષ્ઠપર અવનવું વાંચવા મલશે.

અન્તિમમાં તિલક તરણી દ્વિતીય વિભાગમાં દૃષ્ટિ દોષ યા પ્રેસ દોષથી યત્ કિંચિત ક્ષતિ રહેવા પામી હોય તે વાંચક મહાશયશ્રી ક્ષન્તવ્ય કરશે.

આચાર્ય વિજય ભુવન શેખર સૂરિ
જૈન દેરાસર
મણિનગર અમદાવાદ

# પ્રકાશકીય નિવેદન

શ્રી બુદ્ધિ તિલક જૈન જ્ઞાન મન્દિરના સંચાલકો ગૌરવ સાથે નમ્ર નિવેદન કરી રહ્યા છે કે વર્ષો પહેલાં "તિલક તરણી" પ્રથમ ભાગનું પ્રકાશન કરવામાં આવ્યું હતું અને આ વર્ષે તિલક તરણી દ્વિતીય વિભાગનું સંસ્કરણ કરવામાં આવ્યું છે તે બદલ જ્ઞાનમન્દિરના સભ્યો ગર્વ લઇ રહ્યા છે અને પુનઃઆચાર્ય ભગવંતને વિનવણી કરી રહ્યા છીએ કે ઉત્તરોત્તર આવું સર્વોત્તમ સાહિત્યનું સંકલન કરીને જનતાની જીજ્ઞાસા વૃત્તિને તૃપ્ત કરો અને શ્રી બુદ્ધિ તિલક જૈન જ્ઞાન મન્દિરને વિશ્વ વિખ્યાત બનાવો એજ અભ્યર્થના સાથે તિલક તરણી વિભાગ બીજાના પ્રકાશન પાછળ આર્થિક સહકાર આપનાર મણિનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી જૈન સંઘનો અમો આ તકે આભાર પ્રદર્શિત કરીએ છીએ.

**શ્રી બુદ્ધિ તિલક જૈન જ્ઞાન મન્દિરના**

સંચાલકો

ભાભરનગર (બનાસકાંઠા)

# સમર્પણ

મારા પરમોપકારી પ્રાત: સ્મરણીય પરમારાધ્ય પરમ પૂજ્ય શાન્તમૂર્તિ સ્વ. ગુરૂદેવ શ્રીમાન બુદ્ધિવિજયજી મહારાજના ગુરૂભ્રાતા ગુરૂદેવ પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર અનુયોગાચાર્ય ૧૦૦૮ શ્રી શ્રી શ્રી તિલક વિજયજી ગણિવર્યના અગણિત ઉપકારના સ્મરણરૂપે તેમજ બંને બાંધવ બેલડીની અનુક્રમે

૩૩ મી અને ૪૨ મી સ્વર્ગીય તિથિની યાદગિરીરૂપે

**તિલક તરણી** ભાગ-૨ નું પ્રકાશન કરી બુદ્ધિ

તિલક શાન્તિ ચન્દ્રના સમુદાયના અગ્રણી

આચાર્ય ભગવંત વિજય કનકપ્રભ સૂરીશ્વરજી

મહારાજાના હસ્ત કમલમાં સાદર

સસ્નેહ સમર્પણ કરી કૃતાર્થતા અનુભવું છું.

આ. વિજય ભુવન શેખર સૂરિ

# પ્રાક્ કથન

'તિલક તરણી' જેવું એક નાનકડું અને નાજુક નામ પણ વાંચક વર્ગને સુન્દર સંદેશો આપતું જાય છે. 'તિલક તરણી' એ નામાભિધાન સાર્થક કરે એમ છે. તરણીનો એક અર્થ છે હોડી. જ્યારે બીજો અર્થ છે સૂર્ય. હોડી જેમ સાગરને પાર કરાવી આપવામાં સહાયક બને છે અને સૂર્ય જેમ ઘોર રાત્રીના નિબીડ અંધકારને ભગાડી પૃથ્વી પીઠપર પ્રકાશ પાથરવાનું કામ કરે છે તેમ પ. પૂ. આચાર્યશ્રીની સાદી, સરલ અને હૃદયસ્પર્શી વાણીમાં રજૂ થયેલા બોધાત્મક કથાનકોનો અર્ક જીવનના પ્રત્યેક વ્યવહારોમાં યદિ વિનિયોગ પામે તો આ કથાનકો પણ વાંચક વર્ગને માટે ભવસાગર પાર કરાવી આપવામાં અવશ્ય સહાયક બનશે અને જીવનમાં જુગ જુગથી ઘર કરી ગયેલાં અજ્ઞાનરૂપી ઘોર તિમિર સ્તોત્રને પલાયન કરી પ્રકાશના પુંજ પાથરવા માટે પર્યાપ્ત થશે. સાથે સાથે તરણી સાથે સંયુક્ત કરવામાં આવેલો તિલક શબ્દ આચાર્યશ્રીએ એમના સ્વ. ગુરૂવર્ય અનુયોગાચાર્ય પ. પૂ. પન્યાસ પ્રવર શ્રી. તિલક વિજયજી ગણિવર્યની પુણ્ય સ્મૃતિરૂપે રાખવામાં આવેલો છે.

પ્રસ્તુત પુસ્તક પ્રતિ ડોકીયું કરતાં તેની કેટલીક લાક્ષણિકતાઓ દગ્ગોચર થાય છે. ઉપયોગી કથાનકો છેક સંક્ષિપ્ત એક પૃષ્ઠથી પ્રારંભીને ચાર પૃષ્ઠ સુધીમાં પરિસમાપ્ત થતી

હોય છે. એમાં સમાવિષ્ટ વક્તવ્યના મર્મને કારણે એની અસર તીવ્ર અને ચોટદાયી બની રહે છે. યદ્યપિ આમાં અપવાદરૂપે ક્વચિત્ જરા લાંબું કથાનક પણ આવે છે ખરું. દા. ત., પૃષ્ઠ ૨૮૪ થી ૨૯૮ સુધી પાંચ કક્કા વાળી કથા લંબાય છે. પાંચ કક્કા વાળી વાર્તામાં સામાન્ય જન-મોહિની ક્રમશઃ બતાવવાનું લક્ષ રહ્યું છે. અપવાદ રૂપે વધુ લંબાતી કથાઓને બાદ કરીને સામાન્યતઃ આ સંક્ષિપ્ત કથાનકો સર્વ સાધારણ જન ભોગ્ય અને વાંચનક્ષમ અવશ્ય થશે એવી સો ટકા ધારણા રાખી શકાય છે.

પ્રત્યેક કથાનકો મુખ્યત્વે ત્રણ રીતિએ વિભક્ત થયેલાં જોવા મલશે.

૧ આરંભમાં આચાર્યશ્રીએ કથાનકનો સંક્ષિપ્ત નીચોડ આપવાનું પસંદ કરેલું છે. તે પણ જીવનમાં ઉપયોગી થઇ પડે તે રીતે મુદ્રિત કરવામાં આવ્યો છે. જેથી વાંચકનું ધ્યાન ત્યાં ઝટ કેન્દ્રિત બની શકે !

૨ પછી મુખ્ય કથાનક રજુઆત પામે છે.

૩ અને છેલ્લે એ કથાનકના અર્કરૂપે ઘણું ખરૂં દોહરાના રૂપમાં પીરસાયેલું છે.

કથાનકોના અંતે જ્યાં જ્યાં દોહરારૂપે પડકાર કરવામાં આવ્યો છે તે પણ સ્થાને જ છે.

સદરહુ પુસ્તકમાં સર્વતોમુખી સાહિત્યને આવકારવામાં આવ્યું છે. મહાભારત કાલીન પ્રસંગોને લગતી યોગ્ય માહિતી સાથે વળી ઇંગ્લેન્ડના લબ્ધ પ્રતિષ્ઠ કવિ ગોલ્ડ

સ્મિથની માનવતાની મહેક પ્રસરાવતો પ્રસંગ રંગ આવે છે. જૈન સમાજની જીભપર જડાઇ ગયેલી ઇલાચીકુમારની વાત આવે છે. તો સૌરાષ્ટ્રની જલરેલ હોનારતમાં એક નિરક્ષર ભરવાડે બતાવેલી શિસ્તની, લોટરી પ્રસંગની હિન્દુ મુસ્લીમ હુલ્લડ વખતે પુણ્યબલે મુંબઇમાં વસતા એક શેઠના થયેલા અદ્ભૂત બચાવની તો સાથે સાથે દરિયાવ દીલ કવિ દલપતરાય અને ડાહ્યાભાઇ ધોળશાએ દાખવેલ અદ્ભૂત ક્ષમાપનાની વાત પણ આવે છે. આ રીતે છેક મહાભારત કાલથી માંડી સાંપ્રત સમયના પ્રવાહ રંગોને પણ પૂ. આચાર્યશ્રીએ એમના કથાનકોમાં અપનાવ્યા છે. આ પુસ્તકની એક લાક્ષણિક્તાએ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું અને તે એ કે એમાનું એકેય કથાનક કોઈ સાંપ્રદાયિક ધાર્મિક્તાથી વિરુદ્ધ દિશામાં જતું જોવા નહિ મલે. પરિણામે આ પુસ્તકનું ઉલ્લેખન સર્વ સાધારણ જન ભોગ્ય લેખી શકાશે. જૈન અજૈન પ્રજાના તમામ સ્તરો માટે આ કથાનકો શ્રેયો માર્ગી બની શકશે તેમાં કોઇ શક નથી.

આ પુસ્તકમાં પંચ પરમેષ્ઠીના સ્મરણનો મહિમા વર્ણવ્યો છે. તો સામે રામ નામના મહાત્મ્યની વાત પણ આવેજ છે. કોઇ જગ્યાએ રાજાની રળિયામણી વાત આવે છે. તો કોઇ જગ્યાએ રંકની રફેદફેની વાત આવે છે. કોઇ જગ્યાએ શેઠની મુલાયમ મસ્તીની વાતો આવે છે. તો કોઇ જગ્યાએ નોકરીની નવંસ વાતો વહેતી મૂકેલી હોય છે. કોઇ જગ્યાએ જવાહીરની જવલંત વાતો વાંચવાં મલે છે

તો કોઇ જગ્યાએ આહીરની આર્ત્તવભરી વાતોની વિચારધારા વાંચવાં મલે છે. કેટલીક બાબતો પહેલા વિભાગને ઉદ્દેશીને નોંધ લેવામાં આવી છે.

લેખકની શૈલી સાદી સરલ હૃદયંગમ અને રોચક છે જ. ઘણી ઘણી જગ્યાએ વાકય વિન્યાસમાં પંદ પ્રાસની મેળવણી એટલી પ્રિય થઇ પડશે કે ઘડીભરને માટે કાવ્ય કુંજનો વિહારી પણ વિચારમગ્ન બને.

આચાર્યશ્રીની સંસ્કૃત પ્રીતિને લઇને વચ્ચે વચ્ચે કવચિત્ સંસ્કૃત ભાષી કહેવતો પ્રવેશી છે. તે દ્વારા વકતવ્ય વેધક બન્યું છે એમ કહેવામાં અતિશયોકિત નથી. આચાર્ય વિજય ભુવન શેખર સૂરિજીની જ્ઞાન વારિની લ્હાણ જનતાને અવિરત મલ્યા જ કરે એ જ અન્તિમ અભ્યર્થના સાથે.

આ પુસ્તકની પ્રસ્તાવના લખવાનું સદ્ભાગ્ય મને સંપ્રાપ્ત થયું અને એ નિમિત્તે પ. પૂ. આચાર્યશ્રીના જ્ઞાનામૃતનો આસ્વાદ કરવા મલ્યો તેથી હું મારી જાતને કૃતકૃત્ય થએલી માનું છું પૂ.. આચાર્યશ્રીના ચરણારવિન્દમાં શત શત વંદના કરીને વિરમું છું.

**કાન્તિલાલ બી. શાહ**
ગુજરાતીના પ્રાધ્યાપક
**બાલાભાઈ દામોદરદાસ**
આર્ટ્સ કોલેજ અમદાવાદ



આચાર્ય વિજય ભુવનશેખર સૂરીશ્વરજી મહારાજ



મુનીરાજશ્રી મહિમા વિજયજી મહારાજ



પ.પૂ.પંન્યાસ મવરભાભરનગર ભૂષણશ્રીમાન.
ગુરૂદેવ.સ્વ.શ્રીતિલક વિજયજી ગણીવર્ય

જન્મ
વિ.સં.૧૯૩૮
ભાભર.
દીક્ષા
વિ.સં.૧૯૬૭
ભાભર.
પંન્યાસ
વિ.સં.૧૯૮૮
રાધનપુર.
સ્વર્ગવાસ
વિ.સં.૧૯૯૮
પાટણ.

પ.પૂ.શાન્તમૂર્તિ ભાભરનગર ભૂષણ ગુરૂદેવ
સ્વ.શ્રીમાન બુધ્ધિ વિજયજી મહારાજ સાહેબ.



જન્મ
વિ.સં.૧૯૪૦
ભાભર.
દીક્ષા
વિ.સં.૧૯૬૧
પાલીતાણા.
સ્વર્ગવાસ
વિ.સં.૨૦૦૮
ભાભર.

ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વપરમેશ્વરાય નમઃ
ૐ શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથાય નમઃ
ૐ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથાય નમઃ
ૐ હ્રીં ક્લીં બ્લૂં શ્રીં હસકલ હ્રીં ઐં નમઃ

વિદ્યામન્દિર શોભતું માત સરસ્વતી ધામ
કોટીક જ્યાં કૌશલ્યનાં વહેતાં ગંગા જ્ઞાન
રસમય સંગીત રેલતી વીણા પુસ્તક ધાર
પ્રેમરૂપા તેજોમયી. પૂનિત મંગલકાર

(૧)

ક્યારેક કોઈ માલેતુજાર તવંગરના દ્વારે એકાએક બે કહેવાતા પંડિતો આવી ચડયા હતા તે પૈકી એક પંડિત હાથપગનું પ્રક્ષાલન કરવા ગયા ત્યારે શેઠ શ્રીમાને બીજા પંડિતને પૂછયું, "કેમ આવતાની સાથે જ હાથ પગ ધોવા ગયા? એ પંડિતજી બહુ વિદ્વાન છે શું ? જવાબમાં પહેલા પંડિતજીએ કહ્યું અરે એ વિદ્વાન નથી પણ ગધેડો છે. વિદ્વાન શાનો ? તે પંડિતજી આવી પહોંચ્યા ત્યારે ગધેડા તરીકે ઓળખાવનાર પંડિતજી કંઇ કાર્યાર્થે બહાર ગયા ત્યારે આ શ્રીમાને આ પંડિતજીની સલાહ માગી કે બહાર ગયેલા પંડિતજી માટે તમારો શો અભિપ્રાય છે ? જવાબમાં અરે એતો બળદીયો છે. આ બંને પંડિતોની વાતો એવં અભિપ્રાયો મુજબ તેઓ જ્યારે જમવા ગયા ત્યારે ઇર્ષ્યાની ભયંકર ભઠ્ઠીમાં શેકાઈ રહેલા આ બંને પંડિતોની આંખો

ખોલવા માટે આ શેઠે એકના ભાણામાં ઘાસ અને બીજાના ભાણામાં ભુસું પીરસ્યું. ખરેખર આવું અમાનુષી દૃશ્ય જોઇને બંને પંડિતો હેબતાઇ ગયા અને શ્રીમાન શેઠને પૂછવામાં આવ્યું ત્યારે જવાબમાં શેઠશ્રીએ ફરમાવ્યું કે તમે તમારો પારસ્પરિક પાશવી પરિચય આપ્યો. પરિણામે મારે પણ બુદ્ધિમતા પૂર્વક પાશવી ખોરાકજ આપવો પડ્યો છે. બંને પંડિતો સડકની માફક સજ્જડ થઈ ગયા.

(૨)

આર્ય સંસ્કૃતિની છાયામાંજ પોતાની જીવન નાવડી વહેતી મૂકનાર એક વિરહિણી વનિતા પરદેશથી આવી ચડેલા પોતાના પ્રિયતમ પતિને ગૃહાંગણે લઈ આવવા માટેની તૈયારી કરે છે. વિરહાનલથી દગ્ધ થયેલી આ મુગ્ધા શીઘ્રતયા ઘર કામ પતાવીને ટૂંકે રસ્તે પતિને લઇ આવવા માટે દોડી જાય છે. રસ્તામાંજ બાદશાહ અકબર સુંદર ચાદર બિછાવીને સાયંકાલની નમાજનો પાઠ કરી રહ્યા હતા. આ દિવાની દયિતા પતિની ધૂનમાંજ ચાલી જાય છે. રસ્તામાં કોણ શું કરી રહ્યા છે તેનું તેણીને ભાન નહિ હતું એકાએક ભોલી ભામા આ પથરણા ઉપર પગ મૂકીને ચાલતી થઇ પથરણું ધૂળથી જરા મલીન થયેલું જોવામાં આવ્યું અને તુરત જ ચોકીયાતને બોલાવવામાં આવ્યો. અહીંથી પસાર થયેલી પ્રેમદા જ્યારે પાછી ફરે ત્યારે મારી પાસે હાજર કરજે. તેજ સ્ત્રી જ્યારે પાછી ફરે છે, ત્યારે ચોકીયાતે તે તરૂણીને બાદશાહની સમીપે હાજર કરી.

બાદશાહે જોર શોરથી પડકાર કર્યો અરે તું કોણ છું અબલા છે કે સબલા છે ?

તને કંઈ ભાન શાન કે શુદ્ધિ છે કે નહિ ? અરે પણ તું તારા માથામાં બકલના ભભકા કરીને હાલી નિકળી છું પણ તારામાં અક્કલ તો છે જ નહિ ! તેનું કેમ ? જો જરા સાંભળી લે. બકલ વિના ચાલશે કિન્તુ અકકલ વિના નહિ ચાલે આજથી આ પાઠ બરાબર યાદ કરતી રહેજે વિગેરે વિગેરે. આ બાદશાહે પડકાર કરવામાં કોઈ કમીના રાખી ન હતી. બાદશાહનું સંપૂર્ણ કથન સાંભળી રહ્યા પછીથી એકાએક આ સિમન્તિની શરમીંદી બની ગઇ તથાપિ મર્યાદામાં માનનારી આ મહિલાએ પ્રજાપાલકની સાથે યત્-કિંચિત્ ભાષણ કરવું એ ભસવા તુલ્ય છે તો પણ યદિ આપ ગરીબ પરવરની આજ્ઞા હોય તો હું બે શબ્દ બોલ-વાને ઉત્સુક છું. રાજા આજ્ઞા આપે છે ત્યારે આ કામિની કંઇક સવિનય બોલી રહી છે.

મહારાજા ! તે ટાઇમે કોઈનાય અસ્તિત્વનો મને જરાય ખ્યાલ નહિ હતો હું તો કેવલ મારા શિરછત્રના મધુર મીલનમાં જ મસ્ત હતી. સૂર્ય અસ્ત કયારે થયો તેનું પણ મને ભાન નહિ હતું આ સમયોચિત ટકોરથી રાજા સમજી ગયો કે કાળા ગયાં ને ધોળા આવ્યાં. મસ્તક ઉપર ધોળી ધજા ફરકવા લાગી. નમાજ પઢવામાં સારી જીંદગી વીતવા આવી તો પણ મને મારા ખૂદાની જોઈએ તીવી ધૂન લાગી નથી. આ સ્ત્રી પીયુમીલન ને કાજ તદાકાર થઇ ગઇ

તેમ હું આજસુધી ખૂદાથી જુદો રહ્યો ધિક્કાર છે મને ? જ્યાં સુધી હું ખૂદાની ખોજમાં ખોવાઇ ન જાઉ ત્યાં સુધી મારી નમાજ પ્રાણવંતી ન બને !

હંમેશા માનવને સમજી જવું જોઈએ કે પોતાના ધ્યેયને પોતાના ઉદ્દેશને પોતાના મુદ્દાને પહોંચી વળવા માટે તદાકાર થઈ જવું અનિવાર્ય છે બાદશાહે સોનાનો નવલખો હાર ભેટ આપવાની સાથે અ. નૌતમ નારિને અભિવાદન કરતાં જણાવ્યું કે સાચેજ તારામાં જેટલી પતિ ભક્તિ છે તેટલી મારામાં પ્રભુ ભક્તિ નથી જ.

(૩)

આપણને ધર્મની સાધના માટે ભાગ્યેજ અવકાશ મલે. ધનજીભાઈની સાધના કાજે રાત અને દિવસ સતત જાગૃતિ કિન્તુ ધર્મ મહારાજાની બંદગી જીંદગીમાં થાય યા ન થાય તેની તમા નથી કિન્તુ આ તમારી ભયંકર ભૂલ છે જે ભવિષ્યમાં શૂલનું કામ કરશે. જે ધર્મ તમારો ભવોભવનો સાથી છે, જીવન પ્રાણ છે મોતના ડાચામાં ધકેલાતા હજારો પ્રાણીઓના પ્રાણ બચાવ્યા છે. મડદાલ થઇને બેઠેલા પ્રાણીઓમાં નવા પ્રાણ પૂર્યા છે. જે ધર્મ તમને પામરમાંથી પરમ બનાવે છે નરમાંથી નારાયણ બનાવે છે જનમાંથી જનાર્દન બનાવે છે, હારી ગયેલાને હિંમત આપે છે. આવા ધર્મની પાછળ તમે લોકો કંઈજ ભોગ નહિ આપો તો તમારો ભવોભવનો રોગ કેમ જશે. આ વાત ક્યારેય પણ નહિ ભૂલાવી જોઇએ.

અરે ! માનવ ! તું જરા ધ્યાન આપીને વાંચીને વિચાર કરી લે !

'જેવો આવ્યો તેવો જવાનો, શંકા તેમા નહિ જરી
ધર્મજ તારો રક્ષક થાશે, ભાતું લેને તું ભરી.

આ કાવ્યના સોનેરી સૂત્રો તમારા હૃદયપટ પર અંકિત થઈ જવા જોઇએ.

(૪)

તમને લોકોને ધર્મ સાધના માટે સમય નથી ફુરસદ નથી અવકાશ નથી કેમકે દુનિયા ભરના કામો તમારે ત્યાં જ આવી ભરાણાં છે આ વાત બરાબર છે ને !

પરંતુ યાદ રાખો કે દુન્યવી કામોનો અંત ક્યારેય પણ આવતો નથી. જ ભલે ને ચોવીશે કલાક કામોનો સતત મારો ચાલી રહેલો હોય કે ન હોય કિન્તુ તમારા દાદાઓએ પણ ક્યારેય કામોનો કીનારો જોયો નથી તેઓ પણ ચાલી રહેલા કામોને છોડીને ચાલતા થયા પછી તમે કોણ વીસાતમાં ? શા માટે ધર્મની સાધનામાં કામોને વચ્ચે લાવીને પટકો છો ? ખરેખર આત્મિક આરાધના માટે અવકાશ નથી. એ શું શરમજનક નથી ? તમારી ચાલતી દુકાનોમાં ધીક્તો ધધો ચાલી રહેલો હોય. ઘરાકી જામેલી હોય યદિ ખાવાનો સમય ન મલે તો ઉપવાસ પણ થઇ જાય કેમ ખરૂં ને ! જમ્યા વિના દુકાને ગયેલા હો ગ્રાહકોની ભીડ જામી પડેલી હોય સાથે સાથે જમવાનો પણ સમય થઇ ગયેલો હોય તમારી પ્રિયતમા વારેવારે ફોન

ઉપર ફોન કરી રહેલી હોય હજુ સુધી જમવા કેમ ન આવ્યા છેવટે કંટાળીને તમારા જ બાબાને બોલાવવા માટે મોકલે બાબો આવીને કહે પપ્પા ચાલો ને ! મારી મમ્મી જમવા બોલાવે છે. જમવા, ભોજન ઠંડુ થઈ જાય છે. આ રીતિએ તમારો જ બાબો બૂમાબૂમ કરી રહેલો હોય, નાના બાળકને એવી ટેવ હોય છે કે એનું એ જ વાક્ય વારંવાર ઉચ્ચાર્યા કરે તે વખતે તમારૂં મગજ જાય છે ને ? બોલો ધનજીભાઈના ઉત્પાદન માટે કેવી ધૂન લાગેલી છે ? અહિ ઉપાશ્રયમાં વાણીનો ધોધ વહી રહ્યો હોય, નિર્મલ વાણી રૂપી પાણીનું ઝરણું વહી રહ્યું હોય અને ઘડિયાળનો કાંટો દશ અને વીશ ઉપર ચાલી રહ્યો હોય તે વખતે તમારૂં મન કેટલું આકુલ વ્યાકુલ થઈ જતું હોય કિન્તુ દુકાનની ધંધાકીય પ્રવૃત્તિમાં દશ વીશના બદલે પાચેક વાગી જાય તો પણ તમને તમારા અંતરમાં જરાય આંચકો નહિ. વાહ ધન્યવાદ આપ શ્રીમાન શાહુકારને, અરે ભાઈ.

આ તમારૂં કોઈ જીવન છે ? આખરે તમે કોના અને તમારૂ કોણ એ વિચારો.

(૫)

ક્યારેક કોઈ ગાડાવાળો સાકરની ગુણીઓ ભરીને પોતાના ઈચ્છિત સ્થાને જઈ રહ્યો હતો. રસ્તામાં વચ્ચે પત્થર આવવાથી જોરથી ટક્કર લાગી અને ગાડામાંથી એક સાકરની ગુણી સરકી પડી. ગાડાવાળો પોતાની ધૂનમાં જ આગળ ચાલી રહ્યો હતો. થોડા સમય પછી

એક મૂંગે એજ રસ્તેથી પ્રસારિત થઇ રહ્યો હતો. માર્ગમાં જ ગબડી પડેલી ગુણી તેના જોવામાં આવી. તપાસ કરતાં માલુમ પડ્યું કે આ મીઠી મધ જેવી સાકર છે. ચાલોને જરા સાકરનો સ્વાદ લઇ લઇએ. મન પરિતુષ્ટ થાય ત્યાં સુધી સાકરનો સ્વાદ લઇને આગળ વધે છે. તેની સામે તેના જેવો એક મૂંગો મિત્ર મલે છે. આંખ અને હાથના ઇશારાથી પોતાના મિત્રને સાકરનો સ્વાદ લેવા પ્રાણવંતી પ્રેરણા કરી. આવી રહેલો મૂંગો તેના ઇશારામાં બરાબર સમજી જાય છે અને તેજ સ્થાને આવી પહોંચે છે. અને મન ભરીને સાકરનો સ્વાદ લઇ રહેલો છે. હંમેશા મૂંગાની લીપી મૂંગો જ વાંચી શકે છે. તથૈવ આત્માના આનંદની વાત આત્માનંદી જ સમજી શકે છે. ખરેખર નીચેનો શ્લોક જે સંદેશો આપી રહેલો છે તે યથાર્થજ છેને ?

विद्वानेव जानाति विद्वज्जन परिश्रमम् ।
नहि वंध्या विजानाति गुर्वीप्रसव वेदनाम् ॥

સાચેજ વિદ્વાનના પરિશ્રમને વિદ્વાન માણસ જ સમજી શકે છે. પ્રસૂતિની પ્રચંડ પીડાને વાંઝણી કેમ સમજી શકે !

૬

આજે ફેશનની પાછળ લોકો દિન પ્રતિદિન વધુને વધુ ફસાતા જાય છે ખરેખર गतानुगतिको लोकः न लोक पारमार्थिकः ।

ગતાનુગતિકની માફક ગાડરીયા પ્રવાહમાં લોકો તણાઇ રહ્યા છે. તમારા આજ સુધીના પૂર્વજો એવં વડીલો

નીચે પાટલાપર કે ચટાઈ પર બેસીને નીરાંતે જમી જમાવી લેતા. તેના બદલે આજે રોકેટ યુગમાં ભલે ભીડવાળી જગ્યા હોય પણ માત્ર દેખાદેખીના કારણે પાશ્ચિમાત્ય પદ્ધતિ અનુસાર ટેબલ અને ખુરશીઓ ખડકાવવામાં આવી તેની પાછળ પ્લેટોની વણઝાર આવીને ઉભી રહે છે. પીત્તલ જર્મન કે કાંસાના વાસણમાં જમનાર આજે લાજી મરે છે. સ્ટેઈનલેસ સ્ટીલ જ જોઈએ. પછી ભલે તેમાં રસોઇ દાઝી જાય દૂધ દૂણાઇ જાય, પરન્તુ આ બધું જોઇએ. જીવડો ભલે જાય પણ રંગડો રહેવો જોઈએ. કેમ આજે તમારી રમતો આવી જ છે ને ? થોડા સમય પહેલાં લોકો સાદાઇથી જમી લેતા. ચા જેવી ચીજ બહુજ સાદાઈથી પી લેતા, કપમાંહેનો ચા ધીમે ધીમે રકાબીમાં નાખીને પી જતા. આ હતી તમારા વડીલોની નીતિ રીતિ. પરન્તુ આજે તો જાપાનીની જેમ મોટો કાર્યક્રમ થઇ પડયો છે. અંદરથી ચા તૈયાર કરીને લાવવામાં આવે તો ફેશન ન ગણાય માટે ટીપોટ સ્યુગરપોટ. મીલ્કપોટ કપ રકાબીઓ ચમચીઓની વણઝાર આવે. ભલે પીનાર એક હોય છતાં વાસણોનો ઢગલો થઇ જાય. આજે લોકો પેટ ચોળી ચોળાવીને પીડા ઉભી કરી રહ્યા હોય છે. આવાં આવા બીલકુલ બીન જરૂરી કામો વધારીને હાય વોય વધારી રહ્યા છે. આવી ઉપાધિઓના ઓળા ખડકાઇ રહેલા હોય ત્યાં આત્માના કલ્યાણની કામના જાગે કયાંથી ? આત્માનું શ્રેય કરવાના સુંદર વિચારો સૂઝે કયાંથી ! પરિણામે જીવનની

શાન્તિ જોખમાતી જાય છે. તેની ઘેરી અસર તમારા લગભગ વ્યવહારોમાં પ્રસરાતી હોય છે. એટલું જ નહિ કિન્તુ ઊંઘવા માટે ગોળીઓ લેવી પડતી હોય છે. બીજી ત્રીજી રીતિએ જીવનમાં રીએકશન લાવનારી ઉંઘની ગોળીઓ ખાવા છતાંય ડનલોપીલોનાં ગાદલામાં ઉંઘ નથી આવતી તેનું કેમ? વિચારો!

(૭)

બાલકો હમેશાં ચોરી કરવાની શરૂઆત કે શ્રીગણેશ પોતાના ઘરમાંથી જ કરતા હોય છે. પરિણામે ધીમે ધીમે ચોરી કરવાને ટેવાઈ જાય છે. પછી યત્ર તત્ર ચોરી કરવાનું ચૂકતા નથી હોતા. આ માટે તેના માબાપોએ સચોટ અને સાવધાન રહેવું જોઇએ. નેપોલીયન જ્યારે નાનો હતો ત્યારે તેના કાકાએ ફ્રુટસનો કરંડીયો લાવીને ઘરમાં મૂકેલો હતો. નેપોલીયનની બે મોટી બહેનોએ ખાવાની લાલચે તે કરંડીયામાં સફરજન મોસંબી ચીકુ વિગેરે ફળો ચોરી ચોરીને ખાવાના મંગલાચરણ માંડેલા હતા.

કેટલાક દિવસો પછી કાકાએ તપાસ કરીને જોયું તો કરંડીયામાંથી ઘણાં ફળો ઓછાં થયેલાં જણાયાં ત્યારે કાકા ગૂસ્સામાં આવીને ત્રણેને પૂછવા લાગ્યા. સાચું બોલો નાદાનો! આ ફળોની ચોરી કોણે કરી છે? બહેનો પોતાની સફાઇમાં એકાએક બોલી ઉઠી કે 'કાકાસાબ' અમે બંને બહેનો બપોરના ટાઈમે બહાર ગઇ હતી. ઘરમાં માત્ર એકલો નેપોલીયન હતો. બસ પછી પૂછવું જ શું? કાકાએ આ નેપોલીયનને કડક શિક્ષા કરી. સજા કરી એટલું જ

નહિ કિન્તુ ત્રણ દિવસના ઉપવાસ કરાવ્યા હતા છતાં નેપોલીયન મૂંગે મોંએ માર સહી રહ્યો હતો. પોતાના પાપને લીધે નાના ભાઇને આવી કડક સજા થતી જોઈને આ બંને બહેનાનાં હૈયાં હચમચી ઉઠયાં અને તુરત જ કાકાશ્રીની સમીપે જઇને પોતાનો ગૂન્હો કબૂલ કર્યો. કાકાશ્રી આશ્ચર્ય મુગ્ધ બન્યા. નેપોલીયનને બોલાવીને પૂછ્યુ અલ્યા એય તેં ફૂલોની ચોરી કરી ન હતી છતાં મૂંગે મોંઢે સજા કેમ સહી લીધી? નેપોલીયને નમ્ર વિવેદન કર્યું કે તે સમયે યદિ મેં ગૂન્હો કબૂલ કર્યો ન હોત તો ચોરી કોણે કરી તે નિર્ણય ન લઇ શકાત. સાથે સાથે તમારી અપાર વેદનાનો પાર ન રહત. અને આ બહેનો પોતાનો અપરાધ કયારેય પણ કબૂલ નહિ કરતી. માટેજ મને ચોરીના બદલામાં કરવામાં આવેલી સજા જોઈને બહેનોનું હૈયું ઘવાયું અને લાગી આવ્યું કે ચોરી કરવી એ ભયંકર છે. એવું આ બહેનોને લાગી આવ્યું અને બહેનાના અંતરે પશ્ચાતાપનો પાવક પ્રજવલી ઉઠયો. આજે વડીલોના વાંકે બાલક બાલિકાઓ અત્યાચારના અખાડામાં ખેલતા થઇ જાય છે તે માટે તેના માબાપોએ તેમજ વડીલોએ સદાને માટે સાવધાન રહેવાની અતિ આવશ્યક્તા છે.

(૮)

આપણી પાસેજ ધન અને વૈભવના ઢગલા પડેલા છે. તમે જેની શોધમાં છો તે તમારી પાસેજ છે. પરન્તુ તેને જોવા માટે આપણી પાસે આંખોજ કયાં છે! આંતર ચક્ષુને ખોલો અને પછી નિદર્શન કરો. તમને મૂર્તિમંત

દેખાશે. કોઇ એક વેપારી ઉઘરાણી માટે નિકળી પડેલો. સઘળું કામકાજ કરીને પોતાના ગામભણી પાછો ફરી રહ્યો હતો. રસ્તામાં એક વટેમાર્ગું તરીકે ધર્મશાળામાં આશ્રય લીધો. એક ઉઠાવગીર પણ તેજ ધર્મશાલામાં આવી ચડયો હતો. બંને ચાલાક હતા. એક બીજા પોતપોતાનો મામલો સમજી ચૂકયા હતા, ઉઠાવગીર કંઈક બહાનું કાઢી નાસી છૂટવા માટેનો રસ્તો જોવા ગયેલો હતો. દરમ્યાન આ વ્યાપારીએ પોતાની પાસેનું જોખમ એવી રીતે છૂપાવી દીધું હતું કે તે ઠગના પલ્લે ન પડે. સમયપર બંને પોતાના સ્થાને સૂઈ ગયા. વ્યાપારી પોતાના નિત્ય નિયમાનુસાર પાંચ માલા ફેરવીને આરામથી ઉંઘી ગયો હતો પરન્તુ આ સફેદ ઠગને ઊંઘજ ન આવે. આ ભાઈ ધીમે ધીમે વ્યાપારીના ગજવા સામાન પાગરણ પગરખાં પાઘડી વિગેરે તમામ વસ્તુઓને બરાબર તપાસી જોઈ પણ કંઇજ હાથમાં નહિ આવ્યું. પરિણામે નિરાશ થઇને પોતાના સ્થાને પડી રહ્યો હતો. શુકનના સરવાળા કરી રહ્યો છે કે આજે મને કયાં કયાં કોના અપશુકન થયાં ? વિગેરે વિચાર ધારામાં સમગ્ર રાત્રી વીતી ગઈ. આ તરફ સમયે શેઠ જાગીને પ્રાત :કાલીન પૂજાપાઠમાં જોડાઇ જાય છે. પછી જવાની તૈયારી કરે છે તે ટાઇમે આ ઠગ પણ કંઇ કાર્યે બહાર ગયો હતો. તેજ ટાઇમે આ વ્યાપારીએ પોતાનું જરજોખમ સરકાવી લીધું હતું. પછી ટાઈમ થયો ત્યારે બંને ચાલતા થયા. રસ્તામાં આ ઉઠાવગીરે પૂછયું અરે શેઠ તમે એક શ્રીમંત જેવા જણાવ છો. તમારા પાસે

નાણું અવશ્ય હોવું જોઈએ. પણ તમે કયાં છૂપાવી રાખ્યું હતું ! ખરેખર તમે તો ઉસ્તાદના પણ ઉસ્તાદ છો વાહ ગમે તેવો ડાકુ હોય તો પણ ઝડપી ન શકે ? વાહ એવું તમને કેવું મળી આવ્યું કે ચોતરફી કોઇ શોધ ખોળ કરે તો પણ તેના હાથમાં જ ન આવે. અરે શેઠ હવે તો પડદો ખસેડો કે તમે તમારૂ ધન કયાં સંતાડી રાખ્યુ હતું ? છેવટે આ શેઠ શ્રીમાનથી બોલી જવાયું કે તે ધન અન્ય કયાંય નહિ હતું પણ તારી પોતાની જ પથારી નીચે હતું. કેમકે મને ખાત્રી હતી કે તમે તમારી કારવાહી કરવાના છો સર્વત્ર તપાસ કરશો. કિન્તુ તમે તમારી જગ્યા જોવાના જ નથી. આ રીતે આપણી પાસે બધુંજ છે. આપણે ઇતસ્તત પરિભ્રમણ કરતા રહેવાના પણ તમે તમારી પાસે રહેલા અમાપ ઐશ્વર્યની શોધખોળ કરવાના નથી જ.

(૯)

આપણા આધ્યાત્મિક જીવન અને ભૌતિક જીવનને ભસ્મસાત કરનાર કોઇ પણ આગ હોય તો તે ક્રોધ છે, ગૂસ્સો છે, ઉગ્રતા છે. કાતીલમાં કાતીલ ઝેરો મલી આવશે જે સ્પર્શ માત્રથી જ જે પ્રસરાતાં ધીમે ધીમે તમારા શરીરનો અંત લાવે છે પરન્તુ પ્રચંડ ક્રોધ એવું ભયંકર વિષ છે જે ક્ષણભરમાં તમને વિકૃત બનાવી મૂકે છે. તમામ શરીરને હડપ કરી જાય. આવું ભયંકરમાં ભયંકર ઝેર હોય તો તે પ્રચંડ ક્રોધ છે જેના આદર્શ દાખલાઓ

શાસ્ત્રોના પાને નોંધાયેલા છે જ. તથાપિ વર્તમાન કાલીન તાજી તમતમતી ઘટનાં કેટલી ભયંકર છે જે વાંચતા કે સાંભળતાં જ અંતરમાં એક ભારે આંચકો અનુભવી શકાય.

અમદાવાદની એક પોળમાં ભાડૂઆતની સ્ત્રીએ પાણી ભરવા માટે ચકલીએ પાસેની લાઇનમાં પોતાનો હાંડો મૂકી દીધો હતો. પોતાનો વારો આવતાં જ પાણી ભરવા માટે હાંડો મૂકી દેવામાં આવ્યો. હાંડો ભરાઇ રહેવા આવ્યો છે તેવામાં જ મકાન માલીકની પત્ની એકાએક ચડે ઘોડે હાંફળી ફાંફળી થઇને આવી ચડી અને સંપત્તિના નશામાં જ પેલી ભાડૂઆત સ્ત્રીનો ભરાતો હાંડો ખસેડીને પોતાનો હાંડો મૂકી દીધો. આ ભાડૂઆત સ્ત્રીને એટલું બધુ બેહુંદુ અને નીતિ ભ્રષ્ટ જેવું કાર્ય લાગ્યું અને તેણીના અંતરમાં એક ભયંકર દાવાનલ સળગી ઉઠયો. મેં મરૂં પણ તુઝે રાંડ કરૂ' એ કહેવતને યથાર્થ કરવા ખરેખર રણચંડી બની. તુરત ઘેર જઈને બારણાં બંધ કરવામાં આવ્યા અને કેરો સીન છાંટીને તુરત આગ ચાંપી જોતજોતામાં સમગ્ર શરીર જવાલામા ઝડપાઇ ગયું તુરત બંધ કરેલા બારણાં ખોલીને જૂસ્સાભેર સામે આવી રહેલી માલીકણને ચોંટી પડી, બેઉને છૂટા કરવાના પ્રયાસો નિષ્ફળ નીવડયા. પરિણામે બેઉ બળી ઝળીને ખાખ થઇ ગઇ. રીબાઇ રીબાઇને બેઉ ચરણ પામી. વિચારો બાબત સામાન્ય છે છતાં પરિણામ કેવું ભયંકર લાવે છે, તેનું આ જવલંત દૃષ્ટાંત છે. હમેશાં આવેશને આંખો હોતી નથી, સામાન્યતયા ક્રોધ આવી

જવો સહજ છે પરન્તુ ક્રોધની માત્રા વધારે વધી જાય છે ત્યારે બેકાબુ થઇ જવાય છે. પછી કિંકર્તવ્ય વિમૂઢ બની પોતાના જ જાનને જોખમમાં મૂકી દે છે. હંમેશાં યાદ રાખો કજીઆનું મ્હોં કાળું એ ઉક્તિ યથાર્થ છે.

(૧૦)

વિવેક ભરી વિમલ વાણીનો વિનિપાત કરનારી વિભૂતિ વિશ્વમા વિરલજ હોય છે, અને તેવા વિબુધ માણસો હજારો હૈયાના આશિર્વાદ લેતા રહે છે એટલુંજ નહિ કિન્તુ તેવા તત્વજ્ઞો ઉપર આશિષની વર્ષા વરસી રહેલી હોય છે. કઠોર અને કડવી વાણી કંઇકના કાળજાં કંપાવતી હોય છે. તમે તમારી વાણીને રસવંતી અને રસાળ બનાવી શકો છો. કાન્ત અને કમનીય બનાવી શકો છો. શાન્ત અને સુરીલા પણ બનાવી શકો. છો ખરેખર તમે તમારા જીવનમાં વાણીને સંસ્કૃત બનાવવા માટે તૈયાર થાવ, અને માનવતાનાં માન વધારો. તમારી માનવતાને જનતા આવકારશે. યદિ માનવતાને મહાત કરીને દાનવતા દાખવવા ગયા તો માર્યા જશો ફેંકાઇ જશો वाणी रसवती यस्य तस्य मित्रं जगत त्रयं । સજ્જનો આ સોનેરી સૂત્રને આત્મસાત્ કરો અને સાકર સમા સ્વાદીષ્ટ બનો. કોઇ એક રાજાને રાત્રીએ સ્વપ્ન આવ્યું કે પોતાના દાંતની બત્રીશી પડી ગઇ અને રાજા એકાએક ચોંકી ઉઠયો, જ્યોતિર્વિદને બોલાવવામાં આવ્યો, ફલાદેશ પૂછતાં એકે કહ્યું કે રાજન્ આનો અર્થ એ છે કે તમારાં બેઠાં બેઠાં ઘરના

તમામ મેમ્બર્સ મરી જશે. રાજાની ચિન્તામાં ચીનગારી મૂકાઈ. રાજા ગૂસ્સે ભરાયો. રોષમાં ને રોષમાં સીધો હૂકમ છોડયો કે આ મૂર્ખરાજને કારાવાસમાં ધકેલી દો. બેવકુફ ભણ્યો છે પણ ગણ્યો નથી. આવા નાલાયક અને નકટાઓનું નાક કાપવું જોઈએ. જાવ હરામીને લઈ જાવ. ફાંસીના માંચડે ચડાવી દો. છેવટે પંડિત હોવાના કારણે તેને કારાવાસનો કેદી બનાવવામાં આવે છે. પછીથી બીજા પંડિતજી બોલાવવામાં આવે છે સ્વપ્નનો ફલાદેશ કહેવા ફરમાન છોડયું ત્યારે જ્યોતિષાચાર્યે વાણીનો સંપૂર્ણ સંયમ સાચવીને મધુરાં વેણ છોડયાં કે રાજન્ આપનું એટલું દીર્ઘાયુષ્ય છે કે આપના વસમા વિયોગનું અસહ્ય દુઃખ કોઇને પણ જોવું નહિજ પડે, ખરેખર આપ ચિરંજીવ રહેશો તેમાં કોઇ શંકા નહિ. આ પ્રમાણે રસજ્ઞ હોય તો આ બધુ સમજી શકે છે. કયારે કોની સમીપે કેવાં વેણ ઉચ્ચારવાં તે ધીમાનનું કામ છે. વાંચક આપણી જીભ એ અમૃતની લતા છે અને વિષની વેલ છે. બોલો તમે તમારી જીભને કેવી બનાવવા માગો છો ?

(૧૧)

કોઇ એક સદ્ગૃહસ્થાને ત્યાં પાંચ પાંચ અભ્યાગતો આવી ચડયા.

આ શેઠે પોતાના આંગણે આવી ચડેલા મહેમાનોની યોગ્ય આગતા સ્વાગતા કરી. સાથે સાથે શેઠાણીને ફરમાન છોડયું કે આપણે ત્યાં આવતા મહેમાનો માટે સુંદર રસ-

વતી બનાવજે. આરીતે ઠીક ઠીક ભલામણ કરીને શેઠશ્રી કંઈ કાર્યાર્થે બહાર ગયા. આ તરફ શેઠાણીના અંતરમાં ગરમાગરમ એરંડીયું તેલ રેડાયું હોય તેમ સમસમી ઉઠયાં. અરે! આ બલા મારે આંગણે ન જોઇએ. ચાલો એવી ચીમકી બતાવી દઉં કે આ લોકો અહિંથી ઉભી પૂછડીએ ભાગે. જમાનાનાં ખાધેલાં શેઠાણીએ પોતાનો મન ઘડંત પ્લાન તૈયાર કર્યો શેઠાણીએ બરાબર પાંચ તાવીથાઓ ગરમાગરમ કરવા માટે ચૂલામાં નાંખ્યા. પછીથી શેઠાણી રડવા બેસી ગઈ. એક તરફ બેઠેલા મહેમાનોએ કારણ પૂછયું અરે શેઠાણી એકાએક તમને શું થયું! કહો તો ખરાં? અરે મારા ભાઇઓ કંઇજ કહેવા જેવું નથી. મને તમારા ઉપર ખુબજ દયા આવી ગઇ કે મારે આંગણે આવેલા મારી માના જણ્યા ભાઈઓની કેવી અવદશા થશે! આ માટે મારાથી રડી જવાયું! અરે પણ શેઠાણી આમાં અમને સમજ પડી નથી. જે હોય તે સ્પષ્ટ ગુજરાતી ભાષામાં બોલો. અમને સમજ પડે. શેઠાણી બોલી ઉઠયાં કે શેઠ મને કહેતા ગયા છે કે આ મહેમાનો ને માટે પાંચ તાવીથા ગરમાગરમ કરી રાખજે. જમાડયા પછી તે લોકોને ડામ દેવાના છે. એટલે તો આ તાવીતાઓ ગરમ કરવા માટે મૂકેલા છે. બોલો હવે મને રડવું આવે કે ન આવે! આ સાંભળીને ત્યાં બેઠેલા મહેમાનો જીવ લઇને નાઠા, પાછું વાળીને જૂએ તે બીજા. આ લોકો માંડ માંડ છૂટકારાનો દમ ખેંચતા નાશી છૂટયા. પાછળથી તુરતજ શેઠ શ્રી પધાર્યા

જોયું તો મહેમાનો ક્યાં ? શેઠાણીએ ઠાવકું મ્હોં રાખીને કહ્યું આ લોકોએ મને કહ્યું કે પાંચ તાવીતાઓ ગરમા-ગરમ કરી આપો. મેં ના કહી એટલે તે લોકો રીસાઇને ચાલવા જ લાગ્યા.

શેઠ બીચારા ભોળાનાથ આ પાંચે તાવીતાઓ લઇને મહેમાનોની પાછળ ઊપડયા આગળ વધતા મહેમાનોએ જોયું તો બરાબર શેઠ શ્રી તાવીતાઓ લઇને આવી રહ્યા છે. જોઇને મહેમાનો હેબતાઈ ગયા ને મૂઠીયો વાળીને આગળ દોડવા લાગ્યા. અંતે શેઠશ્રી પાછા ફર્યા. ઉપરકી અચ્છી ભીતરકી રામ જાણે. આ બિચારા ભોળા-નાથને શેઠાણીની કૂટ નીતિનો ખ્યાલ ક્યાંથી આવે ? આવી કૂલટાઓ જ્યાં વસે છે તેના ગૃહાંગણે अतिथि देवो भव આ સૂત્રનો પાઠના પ્રકાશ પડે ક્યાંથી ?

(૧૨)

જગતના ભૌતિક પદાર્થોને તૃણવત્ સમજી બેઠેલા માનવની આધ્યાત્મિક દુનિયામાં કંચન અને કચરો સમકક્ષ હોય છે.

એક સંસ્કારી પતિ પત્ની સત્સમાગમની સિદ્ધિમાંજ સંતુષ્ટ રહે. જ્યારે પણ સત્સમાગમનો સંયોગ ન સાંપડે તો આ લોકોને ચેન ન પડે. કેમ ન જાય આ રીતિએ ટેવાયેલા આ દંપતીનો દૈનિક કાર્યક્રમ આ જાતનો થઈ પડેલો હતો. આ લોકો સત્પુરૂષોના સંપર્કમાં જ્યારે જ્યારે આવે ત્યારે

ત્યારે એક દૃઢ સંકલ્પ કરીનેજ બેસે કે આપણે સાંભળીએ મણ જેટલું, પરન્તુ જતી વખતે કણ જેટલું લઈનેજ જવું. આવો એક સંગીન નિર્ણય લઇને બેસનારા આ પતિ પત્નીના જીવનમાં અભિનવ જ્ઞાનની જ્યોત જાગી ઉઠી કે **का तव कान्ता कस्ते पुत्रः संसारोयमतीव विचित्रः** આ સ્વાર્થથી સડેલા સંસારમાં કોણ કોનું છે ? હકીકતમાં કોઇ કોઈનું નથીજ. આવ્યા નગન જાવું નગન 'કોના છગન ને કોના મગન' કેમ, આ સૂત્રની સોબત કરવી તમને ગમે છે ને ? ચાલો ત્યારે આગળ વધો. આ બંને પતિપત્ની એક દિવસ જરા ગામથી દૂર આમ્રકુંજમાં વસવાટ કરી રહેલા સંતની પાસે પોતાના પાપોનો અંત લાવવા માટે જઈ રહ્યા છે. પતિ આગળ છે, પત્ની પાછળ ધીમે ધીમે ચાલી રહી છે.

રસ્તામાં સોનાની વીંટી પડેલી જોઇને પગ દ્વારા તેના પર ધૂળ નાખી દે છે. રખેને આ સોનાની વીંટી જોઇને મારી પત્નીનું મન ચલિત થાય ! 'કેમકે સોનું દેખીને સંત ચળે' આ કહેવત અનુસાર ધૂલીપુંજમાં છુપાવી દેવી હિતાવહ છે. આ તમામ કારવાહી એવં પ્રયોગ તેની પત્નીના જોવામાં આવે છે. અને એકાએક બોલી ઉઠે છે કે અરે સ્વામિન તમે આ વીંટીને અને ધૂળને ભિન્ન ભિન્ન પદાર્થ માની રહ્યા છો. કિન્તુ મારે મન તો આ બંનેમાં કંઈજ ફરક નથી જ કેમકે માટીના રજકણો સોનારૂપે પરિણમેલાં છે તેમા કોને કોનાથી ઢાંકી રહ્યા છો ?

ખરેખર સોનું એ માટીનો પર્યાય છે. આટલા વર્ષોથી

તમે સંતોનો સંપર્ક સાધી રહ્યા છો તો તેમાંથી તમે તારવ્યું શું ? તેનો મને જવાબ આપો, સ્વામિન્ ! આ એક અબલા હોવા છતાં કેટલી અન્તર્લીન છે. નારી હોવા છતાં કેટલી નિરાસક્ત છે. સુંદરી હોવા છતાં કેટલી સજાગ છે. જોરૂ હોવા છતાં કેટલી જાગૃત. સાચેજ આવી રમણીઓથી જ આર્યાવર્ત ઉજવલ છે.

(૧૩)

એક એવો સામાન્ય નિયમ છે કે તમારી ઇચ્છેલી અને માન્ય કરેલી ચીજ તમારા માટે ચીનગારીરૂપ નીવડે છે. તમે જે પદાર્થ મેળવવાં મથી રહ્યા છો તે મળ્યા પછી તમારૂંજ મોત નીપજાવે છે. ઘણી વખત તમારે બેસીને ઉડવા માટે ના વાહનો શું તમારો વિનાશ નથી નોંતરતા હોતાં ! તમારી જ કાર તમારા માટે શું કાળરૂપ નથી થતી ? એક શ્રીમાન બીલકુલ પેટીપેક એમ્બેસેડર કારમાં માત્ર મુહુર્ત કરવા માટે આજે વહેલી સવારે સફર કરવા માટે નીકળી પડયા છે. રસ્તામાં એકસીડેન્ટ થાય છે. પરિણામે શેઠનું મોતનીય છેદે અને સાંજના ચાર વાગ્યાના સુમારે તેઓની સ્મશાન યાત્રા કાઢવામાં આવે છે એ હવે થાય તે જે ભૌતિક પદાર્થને મેળવવા માટે વલવલી રહ્યાં હોઇએ છીએ. વલખાં મારી રહ્યા હોઇએ છીએ તેજ પદાર્થોના રંગ સંગમાં સમૂલગા તમે શું નથી છેદાઈ જતા ? કયારેક રાજપૂત બ્રાહ્મણ સુથાર અને રબારી આ ચારે મિત્રો સંમિલિત થઇને ગામે જઈ રહ્યા હતા. રસ્તામાં એક

સુંદર વૃક્ષની છાયા નીચે સંત ધ્યાનમાં નિમગ્ન હતા. ચારે મિત્રો સંતના દર્શનથી પ્રભાવિત થયા અને સંતની સેવામાંજ લાગી ગયા. ખરેખર સંત એ ઈશ્વરનો અવતાર છે. અંતર્યામીનો આછો પરિચય આપી સ્વયં સિદ્ધનો સાક્ષાત્કાર કરાવી આપે છે. આવા સંતોની નિઃસ્વાર્થ ભાવે કરવામાં આવતી સેવા અવશ્ય ફલવતી બને છે. આ ચારે મિત્રોની સેવાથી સુપ્રસન્ન થએલા સંતે આ લોકોને વરદાન આપ્યું કે મારા ગયા પછીથી આ વૃક્ષની નીચે ઉભા રહીને જે માગશો તે તમને મળી રહેશે. તદનુસાર ચારે મિત્રો પૈકી પોત પોતાની અક્કલ પ્રમાણે બ્રાહ્મણે લાડુની માગણી કરી, રાજપૂતે ઘોડાની માગણી કરી રબારીએ ઘેટા બકરાંની માગણી કરી જ્યારે સુથારે ફરસીની માગણી કરી તે તે પ્રમાણે પદાર્થો મલતા ગયા. પરિણામે વૃક્ષના પ્રભાવથી વૃક્ષની ડાળ ઉપર લટકતી ફરસી એકાએક સુથારના માથા ઉપર પડી અને મસ્તક છેદાઈ ગયું. અંતે સુથાર ત્યાંને ત્યાંજ મરણ પામ્યા ખ્યાલ કરો પોતાની અભીપ્સિત વસ્તુ પોતાનો નાશ કઈ રીતિયે કરે છે તેનો આ પ્રત્યક્ષ પૂરાવો છે. માટે ભૌતિક પદાર્થોના પ્રવાહમાં તણાયા તો પરિણામે તમારૂં પંચત્વ નીપજે છે. આ વાત ભૌતિક પદાર્થોની લાલચમાં લટપટી રહેલા લાલાઓએ ભૂલવી નહિ જોઇએ. વાંચક અવશ્ય વિચાર કરશે કે કેવલ ભૌતિક પ્રસાધનોની પાછળ પાગલ બનેલાઓની કેવી અવદશા થાય છે. હમેશાં માગણી કરતાં શીખો. એક માગણી તમારૂં મોત નીપજાવે છે જ્યારે એક માગણી તમારા જીવનમાં જ્યોત જગાવે છે.

(૧૪)

જુગ જુગથી જૈન શાસનના અનુરાગી આત્માએ પોત પોતાના સ્થાને કોઇ પર્વ પ્રસંગ પર મંગલ મહોત્સવોનું આયોજન કરી રહ્યા હોય છે. અને પાછળ પોતાની ચંચલ લક્ષ્મીનો સદ્વ્યય કરી જીવનમાં ધન્યતા અનુભવતા હોય છે. તદનુસાર એક નગરમાં જૈનોનાં સેકડો ઘરો બધાજ શાસનના પ્રેમી ધર્મના નામે પૈસો તો શું પણ પ્રાણની કુરબાની કરવાની તૈયારી દાખવી રહ્યા હતા. નગરમાં સુંદર એક મંગળ મહોત્સવનો સમારંભ કરવામાં આવેલો હતો જેની પાછળ જૈન જનતા એ પોતાની ચંચલ લક્ષ્મીનો સારો એવો ખર્ચ કર્યો હતો. ડેકોરેશન તો એવું આકર્ષક હતું કે ઉડીને આંખે વળગે. મહોત્સવના મંગલ દ્વારેથી બે મિત્રો પસાર થઇ રહ્યા હતા તે પૈકી એક મિત્ર ફફડી ઉઠયો કે આ લોકો કેવા મૂર્ખ છે. આવા ઉત્સવની પાછળ નાહક પૈસાનો અપવ્યય કરીને ધૂમાડો જ કરી રહ્યા છે. વાસ્તાવિક લક્ષ્મીનો લાવો લઈ શક્તા નથી. અરે રામ રામ રામ. શું કહું મારા મનની વાત કોણ સાંભળવનાર છે? બીજો મિત્ર પૂછે છે અરે ભાઇ! કહી દે ને! શું છે તારા મનની વાત? હું સાંભળવા તૈયાર છું. શા માટે મુંઝાય છે! કહી દેને! પેટમાં રાખી મૂકીશ તો આફરો ચડી જશે. માટે જે હોય તે કહી દે. જો ભાઈ સાભળ? ગરીબ લોકો પેટ પૂરતુ પામતા નથી. તેઓના કચ્ચાં બચ્ચાં હળવલી રહ્યાં હોય છે. અને લોકો કેવલ ધર્મની પાછળજ ધનનો ધૂમાડો કરતા હોય છે બીજો મિત્ર આ બધુ સાંભળી

રહ્યો છે. હમેશાં अवसर पठिता वाणी सा वाणी फलदा स्मृता” હંમેશા અવસરપર બોલવામાં આવેલી વાણીનું જ વજન કરાય છે વસંતઋતુમાં આ બે મિત્રો બહાર ફરવા નીકળી પડયા છે સામેથી લગ્નનો ભવ્ય વરઘોડો આવી રહ્યો છે. નગરનું સારામાં સારૂં બેન્ડ હતું. જગ્યાએ જગ્યાએ સેંકડોનું દારૂ-ખાનું ફોડવાંમાં આવતું હતું. એક શેઠ શાહુકારનો લાલો વરઘોડે ચડીને પરણવા જઈ રહ્યો હતો. આ અવસરે ધાર્મિક વૃત્તિ અને વૈરાગ્યના રંગે રંગાઇ ગયેલા મિત્રે બીજા મિત્રને કહ્યું કેમ દોસ્ત કેમ લાગે છે આ વરઘોડો ! અરે મિત્ર એની વાત થાય. પૈસા પહોંચતા હોય તો કરે એમાં આશ્ચર્ય શું ? કેમ ભાઇ તને આમાં ધૂમાડો નથી લાગતો ? ધર્મના માર્ગે લોકો હોશથી હર્ષથી પોતાની જ સંપત્તિનો સદ્‌વ્યય કરતા હોય છે તેજ ધૂમાડો લાગે છે. ખરેખર લોકો મોજશોખની પાછળ નાટક સીનેમાની પાછળ કે રંગરાગની પાછળ લાખોનો દુર્વ્યય કરતા હોય છે તેમાં ધૂમાડો નથી લાગતો. ખરેખર ધર્મ કે ધાર્મિક પ્રસંગરંગ આપણી આંખોમાં ખટક્તા હોય છે માટે જ ધૂમાડો એવાં વાહીયાત શબ્દનો પ્રયોગ કરીને ધર્મ મહારાજાનો અનાદર કરતા હોઇએ છીએ.

(૧૫)

શાસ્ત્રોમાં સમર્પણ ભાવને વધુને વધુ મહત્ત્વ આપ-વામાં આવ્યું છે. એક સમર્પણ ભાવની પાછળ અત્યુતમ સદ્‌ગુણોની વણઝાર આવતી રહે છે. જીવનમાં માત્ર એક સમર્પણ ભાવ જાગી જાય તો પછી સ્નેહ, સદ્‌ભાવ,

સહકાર સહાનુભૂતિ અને સંયમ વિગેરે સદ્દગુણોની સુવાસ તેના જીવનમાં મહેકી રહી હોય છે. અતઃ પ્રત્યેક શાસ્ત્રોમાં સમર્પણ ભાવ ને વધુને વધુ આવકાર આપવામાં આવેલો છે.

પૃથ્વીપર પર્યટન કરતા સંન્યસ્ત ધારણ કરેલા ગુરૂચેલો એક ભયંકર જંગલમાં આવી પહોંચ્યા હતા. શ્રમિત થયેલો ચેલો શયનારૂઢ થવાની આજ્ઞા યાચે છે સ્નેહના સાગર સમા ગુરૂએ કહ્યું શિષ્ય પહેલાં તું સૂઇ જા પછીથી હું સૂઇ જઇશ. શિષ્ય નિદ્રાધીન થઇ ગયેલો છે. થોડા સમય બાદ ત્યાં ફૂંફાડા મારતો એક ફણીધર ધસી આવ્યો. શકિતના સૂત્રધાર સમા ગુરૂએ સાંપ આડી લીટી કાઢી સર્પ એકાએક અટકી ગયો અને ગુરૂએ પૂછયું અરે ભાઇ તું નિષ્કારણ શિષ્યને શા માટે કરડવા ધસી આવે છે? પહેલાના ભવમાં તમારા જ શિષ્યે મને બુરી રીતએ કનડયો છે. બોલો પછી તેનો બદલો લેવા કનડું કે નહિ ?

ગુરૂએ સર્પરાજને ઘણું સમજાવ્યો. તથાપિ ત્યાંથી ખસતો નથી. કહે છે કે હું તો તમારા શિષ્યના ગળાનું લોહી પીને જઇશ સિવાય નહિ. તત્પશ્ચાત ગુરૂ સ્વયં ચપ્પુ હાથમાં લઇને શિષ્યની છાતીપર ચડી બેઠા. ગળા ઉપર કાપ મૂકીને લોહી કાઢવામાં આવ્યું અને તડપી રહેલા નાગરાજને આપ્યું. આ અહીશ્વર રક્ત પીને રસ્તે પડયો પછીથી ગુરૂજીએ શિષ્યને પૂછયું. અરે આવી ઉગ્ર અને જીવલેણ પરિસ્થિતિ જોઇને તને મારા માટે કેવી કલ્પના આવી હતી ? જવાબમાં શિષ્ય પોતાનો કિંમતી અભિપ્રાય

આપી રહ્યો છે કે મારૂં જીવન ગુરૂશ્રીના ચરણે હું સોંપી ચૂકયો છું. એટલે મારૂં સુકાન ગુરૂજીના હાથમાં છે એટલુ જ નહિ પરન્તુ મારૂં સર્વસ્વ ગુરૂજીનાં શ્રીચરણે છે. તેઓશ્રી ચાહે તે કરી શકે છે. ગુરૂઓનો આપણાં ઉપર અસીમ અને અગણિત ઉપકાર છે. તેઓના ઋણમાંથી કેમેય છૂટી શકાતું નથી જેને ઋષિઋણ કહેવામાં આવે છે.

આ ચેલાને નિજ ગુરૂ માટે કેટલી અખૂટ અને અકાટય શ્રદ્ધા છે. વિશ્વાસ છે. ભરોસો છે! ચપ્પુ લઇને છાતીપર ચડી બેસે છે ગળા ઉપર કાપ મૂકે છે છતાં ચમકયો નહિ, ઝબકયો નહિ, હીબકયો નહિ, ધન્ય શિષ્ય ધન્ય ગુરૂ ગુરૂશિષ્યની જોડ, હોય તો હંમેશા આવીજ હો પરિણામે ગુરૂજીએ સુપ્રસન્ન થઇને ગુપ્ત જ્ઞાન આપ્યું અને ઉચ્ચપદનો અધિકારી બનાવ્યો હતો.

(૧૬)

હંમેશાં ખાડો ખોદે તે જ પડે. અન્યને આપત્તિમાં મૂકવા માટે ઉભા કરવામાં આવતા ષડયંત્રો પોતાના પંચત્વ માટે હોય છે. કોઇ એક ગામમાં બાવો અહ-નિંશ ભિક્ષાર્થે આવે ને જાય. સાથે સાથે ગ્રામ્ય જનતાને સંભળાવતો જાય કે કરેગા વો ભરેગા ખોદેગા વો પડેગા. આ પ્રમાણે તેની રોજનિશી થઇ પડી હતી. તેજ ગામમાં એક બાઇ બદચાલની હતી તેથી તેણીએ ઉપરનું વાકય સાંભળીને પોતાના માથે જ લઇ લીધું કે જરૂર આ બાવો મને સંભળાવવા માટે જ બોલતો હશે. કેમ કે

'पापा: सर्वत्र शंकिता:' હંમેશાં પાપી માણસો બંધ બેસતી પાઘડી પહેરી લેતા હોય છે. બાવા માટે આ બાઇએ એક પ્લાન બનાવી રાખ્યો કે એવી કંઇક કારવાહી કરવામાં આવે કે ઝટપટ તેના રામ રમી જાય.

એક દિવસ લાડુઓમાં ઝેર નાંખીને આ બાવાને જ આપવામાં આવ્યા હતાં. ભિક્ષા લઇને બાવો પોતાની ઝુંપડી ભેગો થયો. સાથે સાથે ગામમાંથી જે રોટલીના ટૂકડાઓ મલી આવ્યા હતા. તેનો ઉપયોગ પહેલો કરે છે. પછી ખાઇશું તે આશાયે લાડુઓ રાખી મૂકે છે, રાત વીતી રહી હતી મુશલધાર વરસાદ વરસી રહ્યો હતો. તેજ બાઈનો જે બાઈએ ઝેર મિશ્રિત લાડુઓ મારવા માટે બાવાને આપ્યા હતા. તે જમકુ બાઇનો જ પતિ અને પુત્ર બંને એકી સાથે પોતાના ગામમાં આવી રહ્યા હતા. ગામના પાદરે આ બાવાનો મઠ હતો. મુશલધાર વરસાદ વરસી રહ્યો હતો તેથી બાપ અને બેટો બંને આ મઠમાં વિશ્રાતિ માટે જઇ પહોંચ્યા. આ લોકો ભૂખ્યા તો હતા જ. આંગણે આવેલા અભ્યાગતોનો સત્કાર કરવો એ ધર્મ છે. એમ માનીને બે લાડુ ખાવાની આશાએ રાખી મૂકવામાં આવ્યા હતા. તે ઝેરમિશ્રિત બે લાડુઓ બાપ બેટાને ખવડાવવામાં આવ્યા હતા. આ બાવાની કોઇ બદદાનત ન હતી. આગણે આવી ચડેલા અતિથિને જાણીને જ પ્રેમથી લાડુઓ ખવડાવવામાં આવ્યા હતા. કિંતુ આ ઝમકુબાઈના પાપે આ બંને બાપ બેટો માર્યા ગયા. જોઇ લ્યો અન્યને

માટે ચિંતવેલું અશુભ પોતાના જ નાશને માટે થયું. શાસ્ત્રીય સૂચના છે કે 'પાપ આપને ખાય' તોય પોતાનું ગાણું ગાય. આ બાઇ નિર્દોષ બીચારા બાવાને મારવા માટેના ષડયંત્રો તેણીને જ નડયાં. પરિણામે પોતાના જ પતિ પુત્રને ગુમાવ્યા હતા, આ છે અન્યને માટે ચિન્તવેલુ અશુભ પોતાના માટે જ ગોઝારારૂપ બન્યાનો આ અચૂક દાખલો છે. હંમેશાં યાદ રાખો અન્યને માટે પગથીયારૂપ બનો, યદિ પગથીયારૂપ ન બની શકો તો ખાડારૂપ તો નહિ જ થતા આ વાત કયારેય પણ ભૂલાવી નહિ જોઇએ. પત્થર પણ પગથીયા રૂપ બનીને પ્રાણીને પર્વતારોહણ કરાવે છે. આ વાતને સામે રાખીને ચાલો, તમારૂં જીવન અન્યને માટે આશિર્વાદ રૂપ થશે જ.

(૧૭)

હંમેશાં ભક્તિ સેવા કે વૈયાવચ્ચની સાથે વિવેકની અનિવાર્ય આવશ્યક્તા ઉભી જ રહે છે. સેવાની હેવા માત્રથી શ્રેય સાધી શકાતુ નથી. જડ સેવા ઘણી વખત બંધનરૂપ બનતી હોય છે.

કોઇ નગરમાં એક શ્રાવકને એવી જ પ્રતિજ્ઞા હતી કે માંદા રહેતા અને બીમાર પડેલા મુનિ ભગવંતોની જ મારે સેવા કરવી. તેઓશ્રીને જોઇતી યોગ્ય દવાઓ સમયસર હાજર કરવી, આહાર વિગેરેમાં જરૂરી અનુપાન માટે ઘટતો ઉપયોગ રાખવો વિગેરેની પ્રતિજ્ઞા હતી. નગરમાં જે જે ઉપાશ્રયોમાં મુનિ ભગવંત બીરાજતા હોય તેઓની શારીરિક પરિસ્થિતિ કેવી છે તેની ચાંપતી તપાસ કરવામાં આ

ભાઈસાબ ઘણાજ પાવરધા હતા સાંપ્રદાયિક્તાના ભેદભાવ વિનાં સર્વત્ર ફરી વળે. જ્યાં જ્યાં બીમાર મુનિશ્રીઓ મલે તે જોઇને તેમનું દિલ દ્રવી ઉઠતું. સાથે સાથે સેવા કરવાની તક મળે છે તેટલા પૂરતો ભારોભાર આનંદ પણ ઉપજતો. આ રીતિને આ વાતની પ્રતિદિન પ્રક્રિયા ચાલુ જ રહેતી અને આ શ્રાવક તેની પાછળ તન મન અને ધનનો ભોગ પણ આપી છૂટતો.

માત્ર સ્વામી શાતા છેજી' ના શબ્દો સંભળાવીને રવાના નહિ થતો 'સ્વામી શાતા છેજી'એ શબ્દોની પાછળ રચનાત્મક સેવા તેના અંતરમાં રમતી રહે. કિન્તુ આ ભાઇની જીવનચર્યા જડભરત જેવી હતી. જ્યારે કોઈ પણ ઉપાશ્રયમાં મુનિ મહારાજા માંદા કે બીમાર જોવામાં ન આવે ત્યારે તેના અંતરમાં ભારે આંચકો આવી જતો બસ આજે મારા કર્મે કોઈ માંદા મુનિભગવંતની સેવા કરવાનો સમય નહિ મલ્યો. તેટલા પૂરતું છેના દિલમાં દુઃખ થઈ આવતુ. ક્યારેક આ સદ્‌ગૃહસ્થ શ્રાવકના ગામમાં ગુરુદેવોનું ચાતુર્માસ થયું હતું. આ શેઠે પણ સારો એવો લાભ લીધો હતો. ચાતુર્માસ પરિપૂર્ણ થતાં ગુરૂ ભગવંતો વિચરણ કરી રહ્યા છે. આ શેઠ વળાવવા જાય છે. દરમ્યાન ગુરૂજીને કહે છે કે ગુરૂજી આપની સાથેના સહુવાસમાં અમને અત્યધિક આનંદ ઉપજ્યો છે. તપ જપ વિગેરે આરાધના ઘણીજ સારા પ્રમાણમાં થઇ તે બદલ અમે ખૂબજ ગૌરવ લઇ રહ્યા છીએ. પરન્તુ મને એક વાતનું દુઃખ થઇ આવે છે કે ચાર ચાર મહિનાઓમાં મને બીલકુલ લાભ નહિ મલ્યો. ગુરૂજી કહે

કેમ આમ બોલો છો ? તમને તો ઘણોજ લાભ આપવામાં આવ્યો છે. એમ નહિ ગુરૂજી જુઓ ! સાંભળો ! બીમાર પડેલા મુનિ મહારાજાઓને યોગ્ય દવા લાવી આપવી તેમની સેવા કરવી તે માટેનો મારે ખાસ નિયમ છે. પણ કોણ જાણે ? આ ચાતુર્માસમાં તો કોઈ મુનિવર્ય માંદા જ નહિ પડયા અને મારા નિયમનો ભંગ થયો તેટલા પૂરતુ મને ભારોભાર દુઃખ છે. છેવટે આવી જડ બુદ્ધિવાળા શ્રાવકને ગુરૂભગવંત યથાર્થ હકીકત સમજાવે છે. પરિણામે આ શ્રાવક પોતાનો નિર્ણય ફેરવે છે.

(૧૮)

હંમેશાં શાસ્ત્રીય આજ્ઞાનુસાર સમરક્ષ ભાવ એ મહત્વ ભર્યો મનાય છે. શાસ્ત્રો એ પણ કહીજ રહ્યાં છે કે જયા ભેદ ત્યાં ખેદ ખરેખર આ ભેદને ભગાવવા માટે જ શાસ્ત્રીય વેદ છે એ ભૂલાવું નહિ જોઇએ.

માંડવગઢના મંત્રીશ્વર ઝાંઝણ શાહે માંડવગઢથી તીર્થાધિરાજથી શંત્રુજયનો છરી પાલતો સંઘ કાઢયો હતો. સંખ્યાબંધ ભાઈ બહેનોએ આ સંઘમાં જોડાઇને લાભ લીધો હતો. શ્રી સંઘનું શુભાગચન સાંભળીને કર્ણાવતીના રાજા જયસિંહે શ્રી સંઘનું યોગ્ય સ્વાગત કર્યું હતું. સાથે સાથે રાજા જયસિંહે સંઘવી ઝાંઝણ શાહને વિનંતિ કરી કે આપ આપના સંઘમાથી પાંચેક હજાર ભાગ્યશાળીઓને લઈને મારે આંગણે જમવા પધારો. શ્રી સંઘવીએ વળતો જવાબ આપ્યો રાજન્ મારા સંઘમાં જોડાયેલા

તમામ ભાગ્યશાળીઓ છે. માળાના મણકાઓ હંમેશાં સરખાજ માનવામાં આવે છે, કોણ ઉચ્ચ અને કોણ નીચા તે કંઈજ કલ્પી ન શકાય. ખિન્ન થયેલ રાજાએ કહ્યું મંત્રીશ્વરે જેટલી ભાવના હોય તેટલી જ ભક્તિ કરવી જોઇએ. આ સાંભળીને મંત્રીશ્વરે રોકડું પરખાવી દીધું કે આમાં અમારો ક્યાં અનુરોધ છે કે આપ સમસ્ત સંઘની ભક્તિ કરો ? પરસ્પર થોડો વિવાદ ચાલ્યો. પરિણામે રાજાએ સનસનાટી ભરેલું સંભળાવી દીધું કે હું જોઉં છું. તમે આખા ગુજરાતને કેવું:જમાડી શકો છો ?

બસ આ ટકોર સાંભળીને મંત્રીશ્વરે વિના વિલંબે સમસ્ત ગુજરાતને આમંત્રણ મોકલવી દીધું. આમંત્રણ મળતાં જ જનતા પોતપોતાના પરિચિત સાથે સમયસર આવી પહોંચી હતી. પાંચ પાંચ હજાર માણસો એક મંડપ નીચે બેસીને આરામથી જમી શકે તેવા ૧૦૦ મંડપો તૈયાર કરાવવામાં આવ્યા, અને સમસ્ત ગુજરાતને સહર્ષ જમાડી દેવામાં આવ્યુ હતું. જમણમાં અલગ અલગ આઈ-ટેમો એવી વિધ વિધ વેરાયટીઓ અને વ્યવસ્થા યંત્ર જોઇને રાજાનું દિલ ડોલી ઉઠયું. એટલું જ નહિ કિન્તુ આવી વિરાટ ભાવનાને જલ્દીથી અમલમાં મૂકવાની આવડત અને આતુરતાને જોઇને રાજા પ્રભાવિત થયો અને ત્યારથી શાહ તરીકેના બિરૂદથી મંત્રીશ્વરને અલંકૃત કરવામાં આવ્યા હતા.

(૧૯)

કોઈપણ પદાર્થના અજ્ઞાત આત્માઓ પદાર્થના ગુણ

દોષ નહિ જાણવાના કારણે કેવાં મુર્ખ ઉલ્લુ અને બાલીશમાં ખપે છે. કોઇ એક નાનકડા નગરના રાજા અને પ્રજા જનો દૂધ કેવા રંગનું હોય છે દૂધના શું ગુણ દોષ છે વિગેરે બાબતોથી છેકજ અજ્ઞાત હતા. એક સમયે કોઈ પરદેશીએ તે નગરના રાજાને પાંચ દશ ગાયો ભેટ મોકલાવી હતી અને સાથે સાથે કહેવરાવ્યું કે આ ગાયો મતવાલી છે. ઉત્તમ જાતિની છે. ઘણું ઘણું દૂધ આપે છે. આ ગાયોનું દૂધ ઘણુંજ સ્વાદિષ્ટ અને સુમધુર છે. માટે આપ આ દૂધનો ઉપયોગ અવશ્ય કરજો. જાણે અમૃતનું પાન કરવા લાગ્યા હોઇએ એવી તમને પ્રતીતિ થશે. કિન્તુ આ રાજા કે પ્રજા તદ્દન વિમૂઢ. ગાય કે દૂધ જેવા પદાર્થનો પરિચય પામ્યા નહિ હોવાના કારણે દોહન કરવાની રીત રસમ જાણતા નથી. એટલે દૂધ લેવા માટેનું પાત્ર ગાયના પાછળના બે પગ પાસે પૂંછડા નીચે મુકી દેવામાં આવતું હતું. પરિણામે દૂધના બદલે ગોમુત્રથી તે વાસણ ભરાઈ જતું અને દૂધ વાછરડા લોકો પી જતા હતાં. આ ગોમુત્રને દૂધ સમજીને ગાળી ગરમ કરીને પિતાની સાથે જ થૂ થૂકાર કરી ઊભા થઈ જતા અને એકાએક બોલી ઉઠતા કે અરે આ પરદેશીઓએ તો આપણને ઉલ્લુ બનાવ્યા. આમાં સ્વાદ કે સુમધુરતા જેવું છે જ શું? ખારૂં ખારૂં ઝેર જેવું લાગે છે. પરિણામે ગાયો મોકલનારને કહેવરાવ્યું કે અમારે આવી ગાયો નહિ જોઇએ. પરદેશીઓને સમાચાર મલતાંજ તે લોકોની નરિ મુર્ખતા

ઉપર હસવું આવ્યું. છેવટે આ પરદેશીઓએ તેમને સમજણ આપવા માટે જાણકાર બે માણસો મોકલાવ્યા. આ લોકોએ ગાયોને દૂધ દોહીને રાજા વિગેરેને પીવડાવ્યું પીતાંની સાથેજ સૌ કોઈ નાચવા લાગ્યા કે શું સ્વાદ શુ માધુર્ય! વાહ ભાઈ વાહ મુખથી વર્ણન ન થઈ શકે તેવું આ અમૃત પાન છે. પછીથી આ અજ્ઞાત લોકોને ગાયો દોહવાની નીતિ રીતિનું ભાન કરાવવામાં આવે છે. વાંચકો! વિચારો, જરૂર સમજી શકશો. જરા અક્કલનો ઉપયોગ કરો તો આ વાત તમારા કાળજામાં કોતરાઈ જતાં સમય નહિ લાગે. એક સામાન્ય પદાર્થની મહત્તા કે ઉપયોગીતા નહિ સમજવામાં માણસને કેવા ઉલ્લૂ બનવું પડે છે તો પછી આત્મા જેવો શાશ્વત અને સનાતન પદાર્થ નહિ સમજવામાં આપણને કેટલી હાની છે તે તમે સહેલાઇથી સમજી શકશો. આત્માની ઓળખ માટે તત્વજ્ઞાનની નિતાન્ત આવશ્યક્તા છે.

(૨૦)

આંતરિક સેવા અને ભક્તિની ઝલક જુદી હોય છે. હંમેશાં આંતરિક સેવા કરનાર સદ્ભાગ્યશાળી જીવડો ગુરૂની જીવંત આશિષ મેળવી શકે છે. પર્ણકૂટીરના એક વિભાગમાં તમામ શિષ્યો એકચિત થઈ માંહોમાંહિ ઘૂસપૂસ કરી રહ્યા હતા. યાતો ગુરૂજીના એક પક્ષીય સ્વભાવની ચર્ચા ઊપર ઉતરી પડયા હતા. આપણે બધાયે આપણા ગુરુજીની આટલી સેવા ભક્તિ કરીએ છીએ છતાં ગુરુજી

પેલા એકજ શિષ્ય ઉપર વધુ પડતી ઊષ્માભરી લાગણી શા માટે રાખતા હશે ? આ શિષ્યોની વાત પણ સાચી જ છે કે બીજા શિષ્યો કરતાં આ એકજ શિષ્ય ઉપર વધુ પડતું વહાલ વરસાવતા હતા.

માટે ઘણા દિવસોનો એકઠો થયેલો ઊભરો આજે ગુરૂની સામે ઠાલવવાનો શિષ્યોએ નિર્ણય લીધો હતો. પૂ. ગુરૂદેવ ! આપ અમારા પૂજનીય અને શિર–છત્ર છો તેમાં બેમત નહિ. અમે આપની સેવામાં કંઇજ કમી રાખતા નથી છતાં આપ ભેદ ભાવ કેમ રાખો છો ? એકને આગળ ને બીજાને પાછળ આવું કેમ હોઈ શકે ?

પેલા શિષ્ય અમારા કરતાં શું આપને વધુ સેવા આપે છે ? ગુરુજી એક સમર્થ જ્ઞાની હતા. આ ઇર્ષ્યાખોર શિષ્યોની શાન ઠેકાણે લાવવા માટે આ ગુરુજીએ પણ આજે નિર્ણય લીધો હતો. આધ્યાત્મિક શક્તિના સહારે પોતાના પગમાં એકાએક રસી પરૂ અને પાચથી ખદબદી રહેલું ગૂમડું ઊત્પન્ન કરવામાં આવ્યું જેમાંથી ભારોભાર દુર્ગંધ ઉછળી રહી છે. પાસે કોઇ ઊભો રહેવા ન પામે. ઉભેલાઓને પણ ઉભી પૂછડીયે ભાગવું જ પડે એવું ભયંકર ગૂંમડું પોતાની શકિતના સહારે મૂર્તિમંત કર્યું. અનેક વૈદ્ય વૈદ્યોને બોલાવીને અનેક ઉપાયો યોજવામાં આવ્યા. કિન્તુ કંઈજ કારી લાગી નહિ, અંતે એક સ્વર્ગમાંથી ધન્વન્તરી વૈદ્ય ધરતી ઉપર ઉતરી આવ્યા ન હોય તેમ એક વૈદ્ય નિદાન કરીને કહ્યું કે આ દર્દનુ કોઇપણ દવાથી

શમન નહિ જ કરી શકાય પણ જે કોઇ માણસ પોતાના મુખથી આ ગૂમડાની રસી ચૂસી લે તો ગૂમડું અવસ્ય મટેજ મટે તેમાં કોઈ શક નહિ તત્પશ્ચાત ગુરુજીએ એક પછી એક શિષ્યોને બોલાવીને વૈદ્યની વાત જણાવી પરંતુ કોઈ પણ શિષ્ય રસી ચૂસવાને તૈયાર ન જ થયો. ત્યારે ગુરૂજીની સેવા પાછળ ગાંડા બનેલા શિષ્યને બોલાવીને કહ્યું ત્યારે ગુરુજીની સેવા પાછળ જીવન અર્પણ કરનાર શિષ્યે વિના વિલંબે ગૂમડાંની તમામ રસી સહર્ષ ચુસી કાઢી, અને ગુરુજીનું ગૂંમડું એકાએક મટીજ ગયું બીજા તમામ શિષ્યો જોતા રહ્યા. પછીથી મીઠી ટકોર કરતાં ગુરુજી એ ઈર્ષ્યાલુ શિષ્યોને જણાવ્યું કે હવે તમે લોકો ભેદની પાછળનું રહસ્ય સમજી ગયા હશો જેણે ગુરૂજીના શ્રી ચરણે સર્વસ્વ સમર્પણ કરેલું છે તેનેજ ગુરુજીનાં અંતરનો આશીર્વાદ મલે છે. હંમેશાં ગુણાનુગ્રાહી બનો ઈર્ષાગ્નિમાં બળીને દગ્ધ ન બનો !

(૨૧)

કેટલાક મહનીયમહંત પુરૂષોનાં જીવન અદ્ભૂત અને અબધુત જેવાં હોય છે. તેઓશ્રીની જીવન લીલાને કોઇ ભાગ્યેજ યથાર્થ રીતે સમજી શકે. ખાનપાન ગાન તાનમાં તરલિત હોવા છતાં નિરાસક્ત હોય છે હંમેશાં સમજી રાખો. આસક્તિમાંથી જ અશક્તિ ઉદ્દ્ભવે છે. આ મહાન પુરૂષોની જીવનચર્યા અનોખી અને અનૂઠી હોય છે ધન્ય

ધન્ય તમજીવન યોગીશ્વર આનંદઘનજી મહારાજા શ્રીમદ્ યશોવિજયજી મહારાજા ચિદાનંદજી મુનિ ભગવંતોના જીવનની રૂપરેખા રળીયામણી હોય છે. તેઓનું જીવન લાખો પ્રાણીઓને માટે એક આશિર્વાદ રૂપ હતું. એમાં બે મત નહિ સાહજિક પ્રકુતિમાં વિકૃતિ ભાગ્યેજ આવતી હશે આવા અતિ ઉદાત્ત આપ્ત પુરૂષોએ આજીવન આત્મિક આરાધના કરીને વીતરાગ શાસન પ્રત્યેની વફાદારી અદા કરી હતી. ધન્ય ધન્ય આસેવ્ય આરાધ્ય આત્માઓને કાશી જેવા પુણ્ય ક્ષેત્રનો આ પ્રસંગ છે. એકવાર સંત કબીરજી પોતાના શિષ્ય વૃન્દ સાથે પસાર થઈ રહ્યા હતા બરાબર રસ્તાં ઉપર આવેલા ઘરના દ્વારે એક બહેન ઘંટીમાં અનાજ દળી રહી હતી. ઘંટીનું ઉપરનું પડ ફરી રહ્યું હતુ એકાએક આ દૃશ્ય દેખીને સંત રડવા લાગ્યા. તત્પશ્ચાત્ થોડી જ વારમાં મૃદ હાસ્ય કરવા લાગ્યા. વિરોધાભાસ જેવો વિરૂપ વિસદશ પ્રસંગ જોઈને શિષ્યોએ પ્રથમ રડી લેવાનું કારણ પૂછયું ત્યારે જવાબમાં કબીરજીએ ઘટસ્ફોટ એક દોહરો લલકાર્યો "ચલતી ચક્કી દેખ કે દીયા કબીરા હોય દો પટલકે બીચમેં સાબીત રહાં ન કોય, તત્પશ્ચાત શિષ્યોએ હસવાનું કારણ પૂછયું ત્યારે પુનઃ દોહરો લલકાર્યો "આટો પીછે જો રહા, પીસ ગયા સબ કોય" ખૂટ પકડ–કે જો રહા પીસ શકા નહિ કોય" આ ખૂંટ આ કેન્દ્ર આ ચૈતન્ય પરમાત્મ તત્ત્વને પકડવા આપણે તૈયાર રહેવાનુ છે બસ એટલું આવડશે તો બસ છે પછી બાસ્સો ઘંટીના પડો પણ તમારો વિનાશ કરી શકશે નહિ.

ઘંટીના વચ્ચે રહેલા આધાર સ્તભંના સહારે રહેલા દાણાને પીસાવું પડતું નથી ખરેખર ફરતી ઘંટીના ઘન ચક્કરમાં પણ તે દાણાઓ આબાદ રીતિએ બચવા પામે છે તદનુસાર જગતના જીવડાઓ જગદીશ્વરને એક જીવનાધાર માની જીવજીવનના સહારે રહેવાનું પસંદ કરે તો ભાગ્યે તેઓના જીવનના વિનાશનો વખત આવે સંસાર ચક્રનાં બે પડો છે એક સ્થિર છે બીજું ફરતુ છે. જગતના કેન્દ્ર સખત કીરતારની કલા ધામમાં સ્થાન મેળવનારને દુનીયાનું કોઈ આસુરી તત્વ હેરાન પરેશાન કરી શકશે નહિ.

(૨૨)

ડાકુ તરીકે કડકૈતી કરનારા અને બહારવટીયા તરીકેનું બહારવટું ખેલનારાઓની કેવી નીતિ રીતિ હોય છે. તેનો આ પ્રત્યક્ષ પૂરાવો છે. લાખોની લૂંટ ચલાવનારા લૂંટારાઓ પરિણામે કેવો લાભ લઇ રહ્યા હોય છે તે વાંચો અને વિચારો ! તાતી તલવાર અને સજ્જ કરેલી શમશેર લઇને દૈત્ય તરીકેની દાનવતા દાખવનારા દરિદ્રનારાયણો પલમાં કેવો પલટો લે છે તે જરા સમય લઇને વાંચી જાવ ચાલો ત્યારે જોઇલ્યો બનેલી સત્ય ઘટના ખરેખર ધડો લેવા લાયકજ છે એવી વાંચનારને પ્રતીતિ થશે.

ભાઈ પોતાની માની લીધેલી બહેનને સુંદર ભેટ આપી રહ્યો છે.

એય ! મીઠા મેવા લઇ લ્યો. ધોળકાની વાડીનાં મીઠાં અને મધુરાં જામફલ લ્યો જામફલ લ્યો, જીવનમાં જાદુઇ

અસર ઉપજાવનાર જામફ્લનો લાવો લઈ હ્યો. આ પ્રમાણે શેરીઓ ગજાવતી એક વાઘરણ આમ તેમ આંટા મારી રહી છે. તેનો મીઠો રણકો જનતાને કર્ણ પ્રિય થઇ પડેલો હતો. તેણીની મીઠી મોહક વાણીથી આકર્ષાઇને લોકોનાં ટોળે ટોળા જામફ્લના ટોપલા ઉપર ધસી આવતા હતાં. અને પૂરતાં પ્રમાણમાં લોકો જામફ્લની ખરીદી કરી રહ્યા હતા. જોત જોતામાં આ વાઘરણનો અર્ધો ટોપલો લગભગ ખાલી થવા આવ્યો હતો, પછીથી વધારાના જામફ્ળો ખપાવવાને માટે પોતાની મીઠી મોરલી છેડવા લાગી. બીજા ગ્રાહકો ન આવ્યા. પરન્તુ કોઇ એક મેલા ઘેલા જેવો ગામડીયા જેવો માણસ તેણીની પાસે આવીને ઉભો રહ્યો. મોટા અને મીઠાં લાલ લાલ ટામેટા જેવાં જામફ્ળ જોઇને આ ભાઇની આંખો નાચવા લાગી. વાઘરણના ટોપલા પાસે બેસીને એકાએક બોલી ઉઠયો અરે બહેન જામફ્લનો શું ભાવ છે ! વાઘરણના વેપારી માનસે માપ નિકાલ્યું કે આ ગામડીયો નવો ગ્રાહક જણાય છે તેને જામફ્લ ખાવાની તીવ્ર તડપ જણાય છે. આ ગ્રાહક પણ ગામડાનો ગમાર જણાય છે. એટલે આછું આછું સ્મિત સાથે બોલી ઉઠી કે જામફ્લનો ભાવ એક રૂપીયે કીલો છે. બોલો ! કેટલાં લેવા છે ! આ ગામડીયાએ જોશીલા સૂરે સંભળાવ્યું કે પાંચ કીલો જામફ્લ જોઇએ.આ વાઘરણે બરાબર પેલા ગામડીયા ગમારના કહેવા મુજબ તોલીને જામફ્લો તેની પછેડીમાં બાંધી આપ્યાં. આ ગામડીયા ગમારે પ્રમાણમાં કિંમત ઓછી

આપી. ચોંકી ઉઠેલી વાઘરણ વાઘણની માફક એકાએક ઘૂરકીને બોલી ઉઠી કે અરે તમે ભણેલા છો કે કેમ ! આ ગામડીયાએ આંખો કરડી કરીને પડકાર કર્યો કે અરે બહેન મેં પણ જામફલ જોયાં છે ! વાઘરણ કહે પરન્તુ આ જામ-ફળ તો ધોળકાની નંદનવન સમ વાડીનાં જામફલો છે. તેનો સ્વાદ તો જુઓ કેવો મિષ્ટ અને મધુર છે ! જગ-તમાં આ જામફલોનો જોટો નહિ મલે. તમે પહેલાં સ્વાદ લો. પછી મારી સાથે વાતો કરો. અરે પણ બહેન ભણેલો ભલે ન હોઉં પણ ગણેલો તો છું જ સમજીને ! વાઘરણ કહે છે અરે પણ મેં તો તમારી સાથે તેની કિંમત નક્કી કર્યા પછીથીજ તમારી સાથે આપલે કરવાનો વ્યવહાર શરૂ કરેલો છે તો પછી તમે આવો અનુચિત અન્યાય કરો તે કેમ ચલાવી લેવાય ?

પેલો ગામડીયો ગમાર કહે છે કે તે વખતે જામફ્લ તારા ટોપલામાં હતાં. આજે તે જામફલ મારી પાસે છે. એટલે મારી ઇચ્છાનુસાર તારા હાથમાં પૈસા આપ્યા છે. તેમાં તારે વધારે સવા નવ અને પાંચ કરવાની જરૂર નથી. સમજીને ? વાઘરણ તો એકદમ ઉશ્કેરાઇ ગઈ અને બોલી ઉઠી, “મૂલ ચૂકવ્યા વિના બાપાનો માલ થઇ જતો નથી. અરે બાઈ તું બાપ સમાણી ન જા, હું કોણ છું ઓળખે છે ! ગામડીયાએ કરડાઇ ભર્યા અવાજે કહ્યું આજે બોલી તો ખેર તને જતી કરૂં છું. પરન્તુ હવે પછીથી ક્યારેય પણ બાપ સુધી ન પહોંચતી. આજસુધી તું મને

ઓળખી શકી નથી. વાઘરણ કહે નારે ભાઈ તમે કોણ છો. તે મને માલુમ નથી. ગામડીયા ગમારે કહ્યું હું કાદુ મકરાણી. અંતે ગામડીયાએ પોતાનો પરિચય આપ્યો. પરિચય પામતાંજ બાઇ વાઘરણ ખસીયાણી પડી ગઇ અને તેના ચરણોમાં ઢળી પડી હેં હેં શું બોલો છો ! તમેજ કાદુ મકરાણી. અરે ભાઇલા મારો ગુનો માફ કરો. મેં તમને ઓળખ્યા નહિ હતા. આ જામફલ ભાઇલા એમને એમ લઈ જાવ. મારે એનું કશું જ ન જોઇએ. કાદુ મકરાણી મંદ મંદ મરક મરક હસતાં હસતાં બોલી ઉઠયો. બહેન આ કાદુ મકરાણી તો અમીરોને જ લૂંટે છે ગરીબોને નહિ. ગરીબોનો તો કાદુ બેલી છે. તેમાંય સ્ત્રી માત્ર મારે મન મા બહેન સરીખી છે. તારા જામફલ એમને એમ હડપ કરી જાઉં તો મારા બહારવટાને ઝાંખપ લાગે. તું મારી બહેન થઇ ચૂકી અને હું તારો ભાઇ થયો ગણાઉં. લે આ સોનાની બે બંગડીઓ કાપડાની ભાઇની ભેટ તરીકે સ્વીકારી લે. અને મને તારા વીરાને વચન આપ કે ગમે તે નાનો મોટો તારી સામે આવી ચડે તો એક જ બોલ અને એકજ તોલ જોઇએ બસ. આટલી નીતિ જાળવજે વાઘરણની આંખોમાં હર્ષના આસુંઓ છલકાઇ ઉઠયાં. હવે તો કાદુ ભડવીરની બહેન ગણાઉં. માલ મુજબ દામ લઇશ અને સૌ કોઇને માટે એક સરખોજ ભાવ રહેશે. તત્પશ્ચાત મકરાણી કાદુ પોતાના ગુપ્ત સ્થાન ભણી જ્યાં પોતાના સાથીદારો વસે છે ત્યાં જવા લાગ્યો. આ સાથીદારોએ

પણ મકરાણી કાદુ વિના ત્રણ ત્રણ દિવસો સુધી અના-જનો દાણો સરીખો મુખમાં નાંખ્યો નહિ હતો એકે એક સાથીદારો સાથે મલીનેજ ભોજન લેતા. આવી સભ્યતા દૈત્ય ગણાતા લૂંટારૂઓમાં હતી. આજસુધી મકરાણી કાદુએ જામફલનો સ્વાદ લીધો ન હતો. જ્યારે તમામ સાથીદારો મલે છે પછી જ સૌની સાથે જામફલની જયાફત ઉડાવી. વિચારી લ્યો આવા દાનવોમાં પણ પારસ્પરિક કેવી અને કેટલી મર્યાદા છે ! તો પછી શાહુકાર તરીકે પંકાયેલા પ્રાણી-ઓમાં કેટલી જોઇએ ?

(૨૩)

પુણ્ય 'હંમેશાં ભવોની પરંપરાના પથમાં પ્રગતિ કરા-વનારૂં છે.

સંસાર ચક્રના ચગડોળે ચડાવીને ચૈતન્ય ઘન આત્માને ભવાટવીમાં ભટકાવનારૂં છે એ ભૂલાવું નહિ જોઈએ. પુણ્યની પથારી સુંવાળી છે. નિતાન્ત મુલાયમ છે. કોને તેમાં સૂવાનું મન ન થાય ? ભલભલેરા પણ એક વખત પટકાઈ મરે જ મરે. જન્મજાત જોગીઓને પણ પુણ્યદેવેજ સંસારમાં સુવડાવ્યા હતા. લબ્ધિ–લબ્ધ મુનિવર શ્રી નંદી-ષેણ પ્રભુ શ્રી મહાવીરની સમીપે સંયમની સ્વીકૃતિ કરવા ગયા હતા ત્યારે ભગવાને ઇશારો કર્યો હતો. કે ભાઈ તારઃ કર્મકાંડમાં સંસાર લખાયેલો છે. ભોગાવલી કર્મની કહાણી સાંભળવાની રહેશે. આ જાતની યોગ્ય ચેતવણી આપવા છતાં સંયમ સ્વીકારવાની તીવ્ર તમન્ના હતી તડપ

અને તલસ હતી ચારિત્ર લેવાની ભારેભાર ખૂમારી હતી એટલે હુઠ–બલાત્ સંયમનો સ્વીકાર કર્યો હતો. નંદિષેણ જેવા દૃઢ નિશ્ચયી જીવડાને પણ પુણ્યે પટકયા. કર્મના કીચ્ચડમાં રગદોળ્યા. अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् આમાં કોઇની પણ ખૂમારી કે લાગવગશાહી ચાલી શક્તી નથી. આખરે કુંવારી કન્યા સાથે નહિ પરન્તુ એક વેશ્યા સાથે સંસાર વ્યવહાર ચલાવ્યો. ખ્યાલ કરો ખરેખર પુણ્યની ફસામણીમાંજ ચારિત્રમાં ચીનગારી મૂકાઇ. છેવટે શક્તિના સૂત્રધાર સમો એ આત્મા તરી ગયો ધન્ય ધન્ય નંદિષેણ· મુનિવર તમને અગણિત વંદન.

(૨૪)

આચાર પ્રદીપના સંદેશા તરીકે કોઇ ગામમાં સારો એક નિષ્ણાત વૈદ્ય હતો. પૂરા નગરમાં સારી એવી નામના મેળવી હતી. લબ્ધ પ્રતિષ્ઠ તરીકે મનાતો. રામ બાણ તેની દવાએ સેંકડો દર્દીઓને માટે આશિર્વાદ રૂપ નીવડતી હતી. કિન્તુ આ દવાના ઉત્પાદનમાં જંગલની જડી બૂટીઓનું છેદન ભેદન વધુ કરવામાં આવતું હતું. તે સિવાય દવાનું ઉત્પાદન શકય નથી.

જંગલોમાં જઇને કંઈક વનવેલીઓનો વિનાશ કરવો પડતો. તેજ ગામમાં ગુરૂ ભગવંતની પધરામણી થઈ લોકો સત્સમાગમનો લાભ લેવા લાગ્યા. સાથે સાથે વૈદ્યપણ સંતના સંપર્કમાં આવવા લાગ્યા. ગુરૂ ભગવંતે યોગ્ય સમયોચિત ઉપદેશ આપ્યો. ગુરૂજીએ સરલ શબ્દોમાં સંબોધતાં

જણાવ્યું કે સાંભળો વૈદ્યરાજ તમારે તમારા ધંધાની પાછળ કેટલાયે વૃક્ષોના વેલાઓનાં છેદન ભેદન તોડ ફોડ કરવાની રહે છે. એક નાનીશી જીન્દગાની માટે આ બધું કેમ ! કરીને મેળવવાનું શુ ? આખરી અંજામ શું ? એક ક્ષણ ભંગૂર જેવી ગણાતી જીન્દગાનીના નિર્વાહ માટે આટલાં પાપના પડીકાં શા માટે તૈયાર કરવા પડે ?

વિગેરે વિગેરે ઉચિત ઉદ્બોધનના પરિણામે આ વૈદ્યરાજે વનસ્પતિઓના છેદન ભેદનની કારવાહી છોડી દીધી ગુરૂ ભગવંત અન્યત્ર વિહાર કરી ગયા કેટલાક સમય પછી આ વૈદ્યરાજે પોતાની કારવાહી શરૂ કરી દીધી અંતે મરીને તેજ જંગલમાં એક વાનર તરીકે ઉત્પન્ન થયો હતો.

તેનાજ સદ્ભાગ્યે આ જંગલમાંથી તેજ ગુરૂ ભગવંત પસાર થઈ રહ્યા હતા. રસ્તામાં કંટક વાગ્યો અને વિશ્રાંતીને માટે કોઈ સુંદર વૃક્ષની છાયામાં બેઠા. આ વાનર પણ તેજ વૃક્ષની ડાળીએ આવીને બેસી ગયો. આવેલા વાનર ને મુનિવરનાં દર્શન થતાની સાથે ઉહાપોહ કરતાં જાતિસ્મરણ થઈ આવ્યું. પરિણામે તેજ જંગલમાં દેશાવકાશિક વ્રતનું આરાધન કરીને દેવ થયો. વધુ પડતું વનસ્પતિઓનું છેદન ભેદન યોગ્ય નથી.

(૨૫)

સદ્ભાગ્યશાલી શેખર શ્રીમાન્ શાલિભદ્ર સ્વામીને પગલે પગલે પરમાનંદ શાથી, છાયાએ છાયાએ સંપત્તિના સાગરનો સાક્ષાત્કાર કેમ થયો ? પડછાયે પડછાયે પ્રેમ અને

પ્રીતિના પારાવારનું પ્રદર્શન કેમ થયું ? શ્વાસે શ્વાસે સુગંધ મહેકતી રહી. વિચારે વિચારે વિકાસની વાડી વિકસી ઉઠી. શબ્દે શબ્દે સ્નેહના સિન્ધુ સજ્જ થયા વાંચક મહાશય ! આ બધું કયા પુણ્યોદયે ! કેવો ગાઢ પુણ્યનો બંધ થયો હશે તે કલ્પી શકો છો ! સત્યમાં વિનિયોગ કરવાની કેવી વિનમ્ર અને વિશદ ભાવના ! ધન્ય ધન્ય તમને અને તમારા પુણ્યોદયને !

શ્રીમાન્ શાલિભદ્રના પૂર્વ ત્રીજા ભવે અર્થાત્ રબારીના પૂર્વભવના પ્રસંગમાં એક સદ્‌ગૃહસ્થ શેઠ હતા. ખરેખર કૃપણતાનો કોઠારજી સમજીલો. ચમડી તૂટે પણ દમડી ન જ છૂટે ત્યાં સુધીના કૃપણદાસ હતા. ચાર ચાર પુત્રોનાં કુલીન અને કમનીય કન્યાઓ સાથે તેઓનાં પાણિગ્રહણ થયાં હતાં. આ લોકોનો માન મરતબો અને વટ વ્યવહાર વિકસી ઉઠેલો હતો. સાથેસાથે આ નગરના આંગણે સદ્‌ગુરૂભગવંતોનો સત્સમાગમ મળતો રહેતો હતો. ભાગ્યે જ કોઇ વીર વાણીથી વંચિત રહેવા પામતું હતું. ખરેખર જનતામાં સદ્‌ગુરૂ દેવોનો સંપર્ક સાધવાની તીવ્ર તમન્ના હતી. તદ્‌નુસાર ચાર ચાર પુત્ર વધૂઓ સંમિલિત થઇને વ્યાખ્યાનમાં જઇ ચડી. સભા છલોછલ ભરાઇ ગઈ હતી. દૂર બરાબર સંભળાતું નહિ હોવાથી તેઓ આગળ જગ્યા શોધવાનો પ્રયાસ કરવા જાય છે. ત્યાં એક વૃદ્ધ ડોશીમાં એકાએક બોલી ઉઠયાં. અલી એય તારા ઘરે આજ લગી કોઇએ શું દાન પુણ્ય કર્યું છે. ! તારા ઘરે આજ સુધી

કોઇએ સાધર્મિક વાત્સલ્ય કર્યું છે શું ? તે આગળ બેસવા હાલી નીકલી છો ?

ખબરદાર આગળ આવીને બેસવા ગયાં છો તો ! યદિ આગળ વધ્યાં તો ટાંટીયો તોડી કાઢીશ ! જેવા આવ્યાં છો તેવાં જ ચૂપચાપ બેસી જાવ. આ કુલીન કન્યાઓ હતી ઉચ્ચ અને આદર્શ સંસ્કારોથી અલંકૃત હતી. પછી તેઓના જીવનના ઢંગરંગ કેવા હોઇ શકે તે વાંચક સહેજે સમજી શકે છે ?

દયાકુવર ડોશીમાના મેણાં ટોણાં સામે જરાય પણ સવા નવ અને પાંચ કર્યા વિના પોતાનું સ્થાન પકડી લીધું. મનમાં વિચારી રહી છે કે આ ડોશીમાની વાત વ્યવહારની છે એમ સમજીને જરાય પણ તણતણાટ કે છણછણાટ કર્યો નહિ. વ્યાખ્યાનની પૂર્ણાહૂતિ પશ્ચાત રસ્તા વચ્ચે કંઈપણ કચકચાટ કે કીકીયારી કર્યા વિના સીધી જ પોતાના ગૃહાંગણે આવી ચડી અને એક તરફ ચારે પુત્ર વધૂઓ રીસાઇને બેસી ગઈ. ઘરના માણસોએ પૂછ્યું અરે ક્યારેય નહિ અને આજે આવું સૂન મૂન હવામાન કેમ જાણે ઘરમાં કોઇ છેજ નહિ અરે બોલોને તમને શું ઓછું આવ્યું ? ઘરના માણસો પૂછી રહ્યા છે પણ બોલેજ કોણ ? ચારે પુત્રવધૂઓએ સંપ કરેલો છે કે બોલવું જ નહિ. મૌનમાંજ મજા છે. મૌનમાં જાદુઈ અસર છે. મૌન ભલ ભલાને પ્રભાવિત કરે છે.

બધાજ ઘરના મેમ્બરો મલીને અતિ આગ્રહ સાથે

પૂછી રહ્યા છે. અરે પણ આમ ક્યાં સુધી મૂંગા બેસી રહેશે. તમારી અન્તર્વેદના જે હોય તે કહો તો અમને ખબર પડે ને! માટે હઠ છોડીને જે હોય તે બોલી બતાવો. ત્યારે આ ચારે પુત્રવધૂઓમાં વડેરી છે તે નમ્ર ભાવે નિવેદન કરે છે કે અમને વાગ્દાન આપો કે અમારી માગણી મંજૂર કરવી. છેવટે ઘરના તમામ સભ્યો તેઓની માગણીની સ્વીકૃતિ કરે છે. પુત્રવધૂ બોલી રહી છે કે આપ મારા પૂ. વડીલો શ્રી સંઘની સામે જઇને સાધર્મિક વાત્સલ્યની રજા લઇ આવો ત્યાર પછીજ અમે અન્નપાણી લઇશું. એકદમ ધડાકો સાંભળીને આ લોકો સડક થઇ ગયા. અરે આટલું મોટું મહા ભારત કામ જલ્દીથી કેમ બને? સાથે સાથે બાપાજીની રજા સિવાય આ બીડું આપણાથી કેમ ઝડપી શકાય. ઘરના માણસોને "વ્યાઘ્ર તટીન્યાય"નો અગમ્ય કોયડો કઇ રીતિએ ઉકેલવો. ઘરના માણસો વિમાસણમાં પડી ગયા. બહુ વિચારના અંતે આ લોકોએ કંઇને કંઈ પ્લાન તૈયાર કર્યો. બાપુજી ઘરડા હતા. બહાર જયા ત્યાં ફરી શકે તેવી પરિસ્થિતિમાં નહિ હતા. બાપાજીને કહેવામાં આવ્યું તમે ઉપર બેસો ચોપડામાં હીસાબ બરાબર મલતો નથી. માટે આપ ઉપર બેસીને તપાસ કરો આ બહાને બાપુજીને મેડા ઉપર બેસાડીને પછા આ ભાઇઓએ પુત્રવધૂઓના વાગ્દાનને અમલી બનાવવા યોગ્ય કારવાહી કરી રહ્યા છે શ્રી સંઘની સમીપે જઈને વિનમ્ર ભાવે વિનંતિ કરી કે અમને સાધર્મિક વાત્સલ્યની રજા આપો બસ વિનવણી

કરતાંની સાથે વિના વિલંબે સાધર્મિક વાત્સલ્યની આજ્ઞા મલી ચૂકી. હંમેશાં શ્રી જૈન સંઘના અગ્રગણ્ય તરીકે મનાતા માનવો સહૃદયી સ્નેહાળ અને સરલાશયી હોય છે અને હોવા જરૂરી છે.

આ તરફ સાધર્મિક વાત્સલ્યની ચાંપતી તૈયારીઓ થવા લાગી સારામાં સારી શુદ્ધ ઘીની વિવિધ વેરાયટીઓ તૈયાર થઇ ચૂકી. સમસ્ત સંઘમાં નોંતરા અપાઇ ચૂકયાં. ભાઈઓ અને બહેનો પોતપોતાના પરિવાર સાથે સમયસર આવી પહોંચ્યા. પરસ્પરની મર્યાદા સચવાય તે રીતે લોકો પોતપોતાની જગ્યાએ બેસી ગયા. ખાદ્ય પદાર્થો માનભર પીરસાવ્યા લાગ્યા. પુત્રવધૂઓ તેમજ ઘરના માણસો યોગ્ય રીતિએ સેવા કરી રહ્યા છે એટલું જ નહિ કિન્તુ પુત્રવધૂઓ હર્ષભર્યા હૈયે ગૃહાંગણે આવેલા આમંત્રિત મહેમાનોને પંખા દ્વારા પવન આપી રહી છે. મેડા ઉપર બેસાડવામાં આવેલા બાપુજી ચોપડાના હિસાબ મેળવવામાં મશગૂલ છે તેઓને કશીજ ખબર નથી કે મારે આંગણે કોણ આવેલું છે અને કઈ કારવાહી ચાલી રહી છે. સાધર્મિક વાત્સલ્ય પરિપૂર્ણ થવા આવ્યું ત્યાં એકાએક બાપુજીની નજર આંગણામાં પડી. અરે આ શું મારા આંગણે મારૂં ગામ જમી રહ્યું છે બાપુજીના અંતરે એક સહજ આનંદની અનુભૂતિ કરી. ધન્ય ભાગ્ય ધન્ય ઘડી. દીકરાને બોલાવ્યો પૂછવામાં આવ્યું દીકરાએ યથાર્થ હકીક્ત કહી સંભળાવી. બાપુજીએ વળતો જવાબ આપ્યો બેટા હું કમ ભાગી છું

હું મારી જાતે મારા ભાઇ બહેનોને જમાડીને લાવો ન લઇ શકયો તેનો બાપુજીને ભારોભાર બળાપો છે બેટા ! મને નીચે લઈ ચાલો. હું મારા ભાઈ બહેનોને જાતે પીરસીને લાવો લઇ લઉં. આવી સોનેરી તક મને કયા મળવાની હતી કોણુ જાણે કાલે મારૂ શું થશે. માટે હાથે તે સાથે. જીવડા સુપાત્રમાં દાન આપીને લાવો લઈલે. એજ આવશે સાથે મોતની તલવાર લટકે માનવ તારા માથે. આ શાસ્રોક્ત ચેતવણીને સામે રાખીને મારે હવે સાધી લેવુ જોઇએ. બાપુજીના મનમાં ભવ્ય મનોરથોની હારમાલા ચાલી રહી છે. બાપુજીને મેડા ઉપરથી નીચે ઉતારવામાં આવે છે ત્યાં આંગણે વહોરવા માટે પધારેલા અને પ્રેમની પ્રતિમા સમા ગુરૂ ભગવંતને જોઈને હર્ષ વિભોર બન્યા. અરે હું શીઘ્રાતિશીઘ્ર જઈ પહોચું અને આ મુનિ ભગવંતને વહોરાવીને લાવો લઇ લઉં અને પુણ્ય ખજાનો ખડકી લઉં. બસ આ ભવ્ય ભાવનાના આવેશમાં ઉતરતાં ઉતરતાં એકાએક ગબડી પડયા અને ત્યાંને ત્યાં જ તેજ ભાવમાં પંચત્વ પામ્યા અને આવી સર્વોત્તમ ભાવનાની સાથે એક રબારીને ત્યાં અવતર્યા. કિશોરા વસ્થામાં આડોશી પાડોશીના ભૂલકાંને ખીર ખાતાં જોઇને આ બાળકને પણ ખીરનું ભોજન કરવાની ભાવના થાય છે. પોતાની માવડી પાસે હઠ લઇ બેસે છે. માડી કેમેય કરીને પાડોશીઓમાંથી માગી તાગીને મેળવેલી સામગ્રીમાંથી ખીરનું ભોજન બનાવે છે બાલકને ખીર આપીને મા બહાર ચાલી જાય છે. દરમ્યાન

માસોપવાસી મુનિવર ગૃહાંગણે પધારે છે આ બાળકના અંગેઅંગમાં ઉમંગ રેલાઇ જાય છે અને સુપાત્રદાનના દરિયામાં ગળાબુડ ડૂબેલા આ રબારીના બચ્ચાએ મુનિવરને તમામ ખીર વહોરાવી દીધી.

મુનિ ભગવંત પાછા ફર્યા. જ્યાં સુધી દૃષ્ટિપથમાં રહ્યા ત્યાં સુધી આ કિશોર દેખતો જ રહ્યો તત્પશ્ચાત પૂર્વ જનમથી ચાલી આવેલા દાનના દિવ્ય પ્રસંગથી પ્રમુદિત થયેલો આત્મા નાચી રહ્યો છે. પછીથી મૈયા આવી ચડે છે કિન્તુ સઘળી ખીર વહોરાવી દીધાની વાત વ્યક્ત કરતો નથી. હંમેશાં શાસ્ત્રીય નિયમાનુસાર દીધેલું દાન અને મળેલું માન ભૂલી જવું જોઇએ. આ તરફ આ બાલક વાસણને ચોટેલી ખીર ચાટી રહ્યો છે. ધન્ય ભાગ્ય મારા આ ખીર નથી પણ અમૃતથી પણ અધિક પવિત્ર પરમાન્ના પરમાણુંઓ મારા ભાગ્યમાં કયાંથી ? એમ માનીને તે ખુદ ચાટી રહ્યો છે. માતા બીજું જ કંઇ સમજી બેસે છે બીજી વખત ખીર પીરસે છે તે આરોગી જાય છે. માતાના મનમાં ઓછું આવી જાય છે કે આટલી ખીર આપી છતાં મારો બેટો હજી ધરાતો નથી. માતાની મીઠી નજર લાગીને દાનની અનુમોદના કરતો કરતો એકા એક અવસાન પામ્યો અને રાજગૃહી નગરીમાં માનવંતુ સ્થાન મેળવનારો શાલિભદ્ર થયો હતો. રબારીના ભવમા એક દિવસની ભૂખ સહન કરી લેવાની તૈયારીના કારણે તેઓ શાલીભદ્રના ભવમાં સંયમધર બન્યા પછી વૈભાર ગિરિની ધગધગતી શિલા ઉપર એક મહિનાનું અનશન કરવાની અમોલ શક્તિ સાંપડી હતી.

(૨૬)

ધર્મો રક્ષતિ રક્ષિતઃ એ સૂત્ર સનાતન છે તેટલું જ આવકારદાયક છે જ. આ સૂત્રની શરણાગતિની સ્વીકૃતિ કરનાર સજ્જન ગમે તેવી આપત્તિમાંથી ઉગરી શકે છે. ખરેખર ધર્મ એ શરણ્ય છે. આપણે તેના શરણે જવું જ જોઇએ. તેમાં આશ્ચર્ય શું! ધર્મ મહારાજાએ લાખોના પ્રાણ બચાવ્યા છે. મોતના ડાચામાં ધકેલાતા લાખો પ્રાણી. ઓને નવજીવન આપ્યું છે. તો આપણે ધર્મના ઉપદેશને ભૂલવો નહિ જોઇએ. જુગ જૂની વાત છે. વર્ષો પહેલાં ઉજ્જૈન નગરીના શેઠશ્રી સંઘ કાઢીને ગિરનારની યાત્રાર્થે જઈ રહ્યા છે. અનેક જાતની સાધન સામગ્રી સાથે લોકોનો જથ્થો તદુપરાંત એક પોટલામાં માત્ર સોનામહોરોજ ભરેલી હતી. તે સુવર્ણમહોરો ગિરનારની તળેટીમાં ચઢાવવાની હતી. સંઘ આગેકૂચ કરી રહ્યો છે. શેઠશ્રી મનમાં નમસ્કાર મહામંત્રનો જાપ કરી રહ્યા છે. આજે લગભગ છ વાગ્યાના સુમારે ગિરનારના જંગલમાં પ્રવેશ કરી રહ્યા છે. તે એરીયામાં ડાકુ લોકોનો ભયંકર ભય હતો. તેજ જંગલમાં ખુમાનસિંહ નામનો ડાકુ રહેતો હતો. તેના સાંભળવામાં આવેલું કે ઉજ્જૈન નગરીના શેઠશ્રી ઘણીજ માલ મીલ્કત સાથે પ્રસારિત થઈ રહ્યા છે. તેને લૂંટી લેવાના નિર્ણયપર આવીને સંઘને ઘેરો ઘાલ્યો ચારે બાજુ માણસો ગોઠવાઇ ગયા. બંદૂકોના અવાજો થવા લાગ્યા. શેઠશ્રી ગભરાઇ ગયા. ખૂમાન સિંહ સામે આવીને ઉભો રહ્યો. ધન

દોલત જે હોય તે સોંપી દેવા જોશીલો પડકાર કર્યો શેઠશ્રીએ ધાર્મિક શબ્દોમાં ઘણું જ ઘણું કહ્યું પરન્તુ પેલો ડાકુ જરાય પીછેહઠ કરવા તૈયાર ન થયો. પરિણામે સઘળી સુવર્ણ મહોરો લઈને નાશી છૂટયો. હવે ઉપાય શો ? કશીજ હાય હાય કર્યા વિના કેવલ ધર્મના સહારેજ આપણો ઉદ્ધાર છે. ધર્મના સહારે શેઠશ્રીના જીગરમાં જોમ આવ્યું ધર્મના પ્રતાપે રોમ રોમમા જોમ જામ્યું. તેમની પાસે વીંટીમાં અમુલખ હીરો હતો તેને ગીરવે મૂકીને પણ સંઘની વ્યવસ્થાને આંચકો નહિ આવવા દીધો. ગિરનારની તળેટીમાં આવી પહોંચવા જીવાલયમાં મૂકવા માટે એક પણ સોનામહોર તેમની પાસે ન હતી. શેઠશ્રી પોતાના સ્થાનપર સ્નાન કરી શુદ્ધકપડા પહેરીને નમસ્કાર મહામંત્રની પ્રાણવંતી સાધનામાં લાગી ગયા. સાધનામાં એટલા ઊંડા ઉતરતા ગયા કે સિદ્ધિ સમીપે આવીને ઉભી રહી છે. સોનામહોરો લઈને નાશી જનારા ડાકુના અંતરમાં ભયંકર ભારે આંચકો લાગ્યો ધન દોલત લઈને ભાગી ગયેલા ડાકુને ચેન પડતું નથી. રેન જતી નથી અંગે અંગમાં અગન ઉઠી રહી છે.

હંમેશાં પ્રચંડ પાપોનાં પૂર પ્રલયકાલની પળોનું જ પ્રદર્શન કરતું હોય છે.

ગિરનારની ગરિમામાં વધારો કરનાર વિશ્વેશ્વરના દર્શનાર્થે જઈ રહેલા શ્રી સંઘપતિને રંજાડવો એ કેટલુ અતિ

ઉગ્ર પાપ છે. યાદરાખો 'अत्युग्र पुण्य पापानां इहैव फल मस्नुते આ સનાતન સૂત્રે આ ડાકૂના કાળજામાં કાંઇક ધોક-વાનું કામ શરૂ કર્યું પરિણામે ખૂમાનસિંહ સોના મહોરો સાથે ઘોડા પર સવાર થઇને સંઘની છાવણીમાં આવીને સંઘપતિના ચરણોમાં ઢળી પડયો અને સોના મહોરોનો તેઓની સામે ઢગલો કર્યો અન્તે શેઠની પ્રેરણાથી પ્રતિજ્ઞા લઇ રહ્યો છે કે હવે પછી યાત્રાર્થે જતા સંઘને લૂંટવો નહિ.

(૨૭)

યાદ રાખો વધુ પડતો વ્યામોહ એ વિનાશને નોંતરે છે. મોહ એ દાવાનળ છે જ્યારે વ્યામોહ એ વડવાનલ છે. વાસ્તવિક મોહ એજ આપણને મુંઝવે છે. તમને ભયંકર રીતિએ મુઝવણમાં મૂકનાર બૂરી રીતિએ સતાવનાર તમારી આંખોમાંથી બોર બોર જેવડાં આસુડાં પડાવાનાર જો કોઈ પણ હોય તો એક માત્ર મોહ છે.

ભાન શાન ભૂલાવી ભલભલાને પણ ભુમંડલમાં ભટ-કાવનાર મોહ છે. સીતેર કોડા કોડી આગરોપમ સુધી તમારૂં રક્ત પીવા છતાં તે પરિતૃપ્ત થયો નહિ. માટેજ મોહમલ્લને મહાત કરવા માટે એ મહાવીરનું શાસન છે. શાસનનો સિદ્ધાન્ત છે. કે પ્રેમી બનો પણ પાગલ ન બનો. વિશાલા નગરીનાં રાજા નંદને પોતાની પટ્ટરાણી ભાનુમતીપર એટલો વ્યામોહ હતો. કે તે રાજસભામાં પણ મહારાણીને પોતાની પાસેજ બેસાડે ત્યારેજ તેને ચેન પડે ચન્દ્ર ચાંદનીની જેમ કાયા છાયાની જેમ આ શહેનશાહ

અપની સીમન્તિની ને પાસેજ બેસાડે ત્યારેજ તેનો શ્વાસ ચાલે આવો અનુચિત પ્રસંગ તેમના પ્રધાનને તેમજ શારદાનંદન નામના ગુરૂજીને ખટકયા કરે! આ અનિચ્છનીય સંયોગથી રાજા અને પ્રજા બંનેનું ગૌરવ હણાય છે. પરન્તુ રાજાને કહેવાની હિંમત કોણ કરે અંતે મુખ્ય પ્રધાન કાળજાને કઠોર બનાવી નગ્ન સત્ય સંભળાવી દે છે. આપ મહારાજાધિરાજ આ રીતે ભરસભામાં બેસો એમાં અમને શરમ આવે છે. આપ અપારી શરમની ખાતર પણ આમાં સુધારો અવશ્ય કરશો એવી અમને આશા છે. અમારો પ્લાન અગર આપના હૈયામાં જચે તો રાણી સાહેબની પ્રતિકૃતિ આપની સામેજ ગોઠવી દેવામાં આવે તો કેમ! આ પ્લાનું રાજાને ગમી ગયો કેમ કે બંધ બેસતી પાઘડી હતી. સબબ તરીકે રાણી મારા પડખે બેસે ત્યારે તેણીને જોવા માટે મારે વારે વારે જોવું પડે છે. તેનીજ પ્રતિકૃતિ સામે જ રાખવામાં આવે તો મારે ઈતસપ્ત જોવાની જરૂર રહી નહિ. આ વાત રાજાના હ્રદયમાં ઉઠી ખરેખર **मोहस्य गतिरीदृशा** મોહમલ્લની વિષમતાનો ખ્યાલ કરીને, જગતના વ્યવહારોમાં ઉંડા ઉતરો જેથી ઉતરોત્તર તમારૂં શ્રેય થશે.

(૨૮)

માનવતાની મહત્તા સમજનારે હંમેશાં કર્તવ્ય નિષ્ઠ બનવું જોઇએ.

માનવતાનું મૂલ્યાંકન સમજનાર સજ્જન હંમેશાં પોતાની

ફરજ એ એક જાતનું કરજ છે એમ માનીને પોતાના કર્તવ્યના કિનારા તરફ જીવનનૈયાને લઈ જતો હોય છે. તેને બીજાનું જોવાની પડી નથી હોતી. બીજાઓ કરે કે ન કરે તેની તમા તેને હોતી નથી અને ન હોવી જોઇએ. આજની આંખો એ જ જોવાને ટેવાયેલી હોય છે કે બીજા શું કરે છે. પરિણામે પોતે પોતાના જીવનમાં વિનાશને જ નોંતરી રહ્યો હોય છે કોઈ એક નગરનો રાજા ચોરે ચૌટે ને ચકલે ઢંઢેરો પીટાવે છે કે આવતી કાલે સવારના સાત વાગ્યાના સુમારે કચેરીની બહાર તૈયાર કરાવવાયાં આવેલા હોજમાં એક એક લોટો દૂધ રેડી જવું. રાજા તરફથી ફરમાન એટલે સૌ કોઈ માન્ય કરે જ કરે. સવારના સાત વાગ્યાથી સુમારો દુધનો લોટો ભરીને જવાની અણી ઉપર આવીને ઊભેલા છે ત્યાંજ તેઓના જીવનમાં એક માનસિક સંકલ્પ ઉદ્‌ભવ્યો કે સેંકડો દુધથી ભરેલા લોટાઓથી હોજ ભરાઇ જશે ત્યાં આપણો એક પાણીથી ભરેલો લોટો શું નહિ ચાલે ? આવી વિચારધારાને વધુ વજન આપીને આ ભાઇ પાણીથી ભરેલો લોટો લઇને ચાલતા થયા તદનુસાર દરેકના અંતરમાં આવાજ વિચાર ધારાનો આવિભાવ થયો પરિણામે હોજ દુધને બદલે પાણીથી ભરાઇ જાય છે. હકીકતમાં માનને વિચારવું ઘટે કે બીજા કરે કે ન કરે તેની સાથે મારે શું નીસબત છે ? મારૂ કર્તવ્ય છે કે મારા ભાગે આવેલુ કામ પૂરી નિષ્ઠાથી પૂરા ખતથી મારે કરવુ જ જોઇએ. આ જાતની વિચાર શ્રેણીને માનવમય અપનાવે અમલી બનાવે તો હોજ પાણીને બદલે દુધથી છલકાઇ જાય.

કિન્તુ અંતરની મલીનતાના કારણે આપણા જીવનનો હોજ માપ પાણીથીજ છલકાતો રહે છે પછી આપને દૂધને માટે પાય બૂમો પાડવા રહી જઈએ છીએ, સાચેજ માનવતા એ જ માનવની મતા છે આવું જ્યાં સુધી સમજાય નહિ ત્યાં સુધી દાંપ ડોળ કે દમામ દિમાગમાંથી જાય નહિ અતઃ માનવ માનવતાનો પુજારી બને તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતરી આવે અને ઘર ઘરના મંગલ દ્વારે સત્યયુગની છાયા છવાઇ જાય કેમ આ વાત બરાબર સમજાય છે ને ?

(૨૯)

માનવ જાતમાં એક મોટામાં મોટી અને ખતરનાક એબ હોય તો એ કે એને સમયની કિંમત જ નથી. સમય કે પળ શું કામ કરે છે? એક પળમાં માનવના પ્રાણ જાય છે જ્યારે એક પળ માનવને નવજીવન આપે છે એક પળ માણુસને મોત આપે છે જ્યારે એક પળ માનવને જ્યોત આપે છે. એટલે આપણે એમ જ માનતા હોઈએ છીએ કે કંઈ નહિ. કલાક પછી કરીશું, કલાક પછી જઈશું, કાલે કરીશું, શું ઉતાવળ છે? કંઈ ગાડી ઉપડી જવાની છે! વગેરે વગેરે લૂલા ને પાંગળા બચાવો ઊભા કરીને સમયની ઉપેક્ષા કરતા થઈ જાય છે. પરંતુ માનવ ભયંકર ભૂલ કરી રહ્યો હોય છે. વહેલામાં અને મોડામાં કેટલો ફરક પડે છે તેનો આ પ્રત્યક્ષ પૂરાવો વાંચીને પર્યાલોચના કરો! કોઈ રાજાને બે રાણીઓ હતી. મોટી રાણીને પુત્ર

જન્મ્યો છે તેની શુભ વધામણી લઈને દાસી દોડી આવી હતી. કિન્તુ તેજ ટાઈમે રાજા શયનારૂઢ હતો એટલે દાસી એક તરફ મહારાજા જાગી ઉઠે તેની પ્રતિક્ષામાં ઊભી રહી હતી. જ્યારે એક તરફ બીજી રાણીને એટલે નાની રાણીને પણ પુત્ર જન્મ્યો હતો. તેની મંગલ વધામણી લઈને દાસી શીઘ્ર આવી પહોંચી હતી. રાજા શયનાગારમાં સૂતા હતા. પાછળથી આવી પહોંચેલી દાસી ખરેખર કાર્યદક્ષા હતી, વિચક્ષણા હતી. તુરત જ રાજાને જગાડી પુત્ર જન્મની વધામણીનો શુભ સંદેશો શીઘ્રાતિશીઘ્ર સંભળાવી દીધો. પરિણામે પહેલી વધામણી સંભળાવનાર દાસીને સારી એવી બક્ષિસ આપવામાં આવી. આખરે રાજ્યનો અધિકારી પણ તે જ બને છે. આ રીતિથી વહેલામાં અને મોડામાં આટલો ફરક પડી જાય છે, જ્યારે પ્રાયશઃ લોકો વહેલા મોડામાં શું રહસ્ય છે, શું ફલ છે તે ભાગ્યે જ સમજતા હોય છે.

(૩૦)

બાદશાહ અને બિરબલના જીવનનો આ પ્રસંગ છે. લોકોમાં કેટલું નૈતિક પતન છે તેનો આ પૂરાવો છે. નૈતિક ધોરણ કેટલું નિમ્નગામી બનતું જાય છે તેનું આ જ્વલંત દૃષ્ટાંત છે, બાદશાહને એક વાર એવી ઇચ્છા થઈ આવી કે મારી પ્રજાનાં માનસ કેટલાં ઉદાર છે તેની મારે ચોકસાઈ કરવી જોઈએ. બાદશાહે જાહેર કરાવ્યું કે બાદશાહની તંદુરસ્તી હમણાં સારી રહેતી નથી એથી સ્વર્ગીય વૈદ્યોએ પલીને નિદાન કરેલું છે કે બાદશાહ અગર દૂધના ભરેલા

હોજમાં સ્નાન કરે તો તનમાં એકદમ તાજગી આવી જાય. બાદશાહ તરફથી સીધું જ ફરમાન છોડવામાં આવ્યું કે આ નગરમાં વસતા દરેક નગરવાસીઓએ આવતી કાલે વહેલી સવારે રાજમહેલના આંગણામાં આવેલા હોજમાં એક એક લોટો દૂધથી ભરેલો રેડી જાય. બિરબલે અગાઉથી જ બાદશાહને કહી રાખેલું કે લોકો દૂધના બદલે પાણીથી જ હોજ ભરી કાઢશે પરિણામે બન્યું પણ એવું જ. પરંતુ બાદશાહને બિરબલની વાત પર વિશ્વાસ નહિ. બીજા દિવસની વહેલી સવારે એક પછી એક બધા જ લોકો લોટો લોટો દૂધ રેડી ગયા. સવાર સુધીમાં હોજ ચિકકાર ભરાઈ ગયો. પછીથી બાદશાહ અને બિરબલે મળીને જોયું તો આખા હોજમાં સોગન ખાવા પૂરતુંય દૂધનું એક ટીપું પણ ન હતું. પાણી રેડી જનાર પ્રત્યેક વ્યકિતના અંતરમાં એવો વિચાર ઉદ્ભવ્યો કે બીજા બધા દૂધ રેડી જશે. એક હું દૂધ નહિ રેડું તો શું ફરક પડી જવાનો છે અને એવા બધા દૂધમાં મારું એક લોટો પાણી તો કયાંય જોવા નહિ મળે. બસ સમસ્ત લોકોના અંતરમાં આ જાતનો વિચાર આવતો રહ્યો. આખરે તમામ પાણીજ રેડી ગયા. આજે આપણી ચારો ઓર આવું જ હવામાન ઊભું થતું જાય છે. એક હું નહિ કરું તો તેથી શું બગડી જવાનું છે? આ રીતે આજના લગભગ લોકોનાં માનસ આ રીતે ઘડાતાં જાય છે.

(૩૧)

આજના રોકેટ યુગમાં જ્યાં જુઓ ત્યાં સ્વાર્થની માત્રામાં વધારો થતો જાય છે. "વર મરો કે કન્યા મરો પણ અમારું ભાણું ભરો" બસ યત્રતત્ર આ કહેવત મૂર્તિમંત બની ચૂકી છે. પોતાના એક નજીવા અને ક્ષણજીવી સ્વાર્થની ખાતર બીજાઓ ભલે ભીખ માગતા ફરે તેનો વિચાર સરખોયે કરવાનો અવકાશ ક્યાં છે? એક વિધવા બહેનનો એક પુત્ર તેનો જીવનાધાર હતો. પુત્રમાં જ સર્વસ્વ માની બેસનાર વિધવા બહેન પુત્રનું ખૂબ જ વધારા પડતું લાલનપાલન કર્યા કરતી. ઘણાં માબાપો પુત્રનું જરા માથું દુઃખે તો માથેથી મીઠું ઉતારીને ચૂલામાં નાખે. આ વિધવાએ પોતાના છોકરાને હૈયાના હાર સમો કાળજડાની કોર જેવો માનેલો હતો. જે માડીએ મોંઢામાંથી કોળીયા કાઢીને દીધા છે. પોતે લૂખું સૂકું ખાઈને પણ પુત્રને માટે ઘી-દૂધ રાખો છે. માતા મજૂરી કરીને પણ પૈસા ઊભા કરે છે. છોકરાને ભણાવે છે, દિકરો મેટ્રિકમાં પાસ થાય છે. આગળ ઉપર ડૉકટરની ડીગ્રી મેળવી લીધી. પછીથી સદ્ગૃહસ્થ શ્રીમંતોનાં ઘરોની કન્યાઓના ઉપરાંઉપરી કહેણાં આવવા લાગ્યાં પરિણામે શકુન્તલા નામની એક કન્યા સાથે સગપણ કરવામાં આવ્યું. માતાના હૈયામાં હર્ષનો પાર નથી. સમયપર પુત્રનાં લગ્ન ધામધૂમથી કરવામાં આવ્યાં. માતાના અંતરમાં આશાનો પાર નથી. માતાના મનમાં મનોરથ છે કે સારા અને ખાનદાન ઘરની પુત્રવધૂનાં પનોતાં પગલાં પડયાં છે તો

હવે મારા માથા પરથી ભાર હળવો થશે. અને હવે નિત્યની નિરાંત મળશે. એ ઘડી શાન્તિનો શ્વાસ ખીંચવા મલશે અને હવે આરામથી પ્રભુનું ભજન કરવાનો મને અવકાશ મળશે. બસ હવે તો મારે કોઈ જાતની મહેનત કે મજૂરી કરવાની નહિ રહે. આરામથી ખાઈશ, પીશ અને લહેર કરીશ. ભલે ભલે મારા દીકરા, તું આવી કુલીન ખાનદાન નવલી નાર લઈ આવ્યો. મારો સઘળો ભાર ઉતર્યો સમજો. વિગેરે માતાના મન મેદાનમા તોતીંગ હવાઈ કિલ્લાઓ ચણાતા જાય છે. માતા અજ્ઞાત છે. ભોળી ગાવડી જેવી માવડીને શું માલૂમ કે આ બાયડી શાયડીનું કામ કરશે. વહુબાની પધરામણી ગૃહાંગણે થતાંની સાથે જ તેણીએ અણુધડાકો કર્યો. આ ઘરમાં અપના રાજ. તેમાં ત્રીજું જોઈએ જ નહિ. આવતાંની સાથે ડોશીમા અકારી લાગી. આ ડોશી અહીંથી ટળે નહિ ત્યાં સુધી મારાથી આ ઘરમાં રહી શકાશે નહિ, સીધો જ બોંબ–ધડાકો થવા લાગ્યો. માડીના અંતરમાં ભારે આંચકો આવ્યો, મનના મીનારા ભાંગીને ભુકકો થઈ ગયા. ભયંકર અપમાનની આગ વચ્ચે પણ ડોશીમાએ મગજનું બેલેન્સ ગૂમાવ્યું નથી. ધન્ય માતા–ધન્ય સાસુ. સાસુની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં છતાં છણછણાટ કરી રહેલી છેલછબીલીનું દિલ જરાય દ્રવતું નથી. આવી કઠોર કાળજાવાળી કામિની કોના અંતરને આરામ આપી શકશે ? ડોશીમાના દિલમાં હતું કે હવે મારે આંગણે નિત્ય દિવાળી દેખાશે તેના બદલે ફાલ્ગુન શુકલ પૂર્ણિમાનું સવાર ઊગે. ખ્યાલ કરો માનવજાત ધારે

છે શું અને કુદરત કરે છે શું ? કેવી દુર્દશાના દરિયામાં ડૂબી મરવું પડે છે તે આ ડોશીમાના દૃષ્ટાંતથી સમજી શકાશે. બસ વહુબાએ તો પોતાની સાસુ ઉપર જોહુકમી ચલાવવી શરૂ કરી. નોકરડીની માફક કામ કરાવે. તે લોકો જમી રહ્યા પછીથી ડોશીમા ખાવાનું પામે. ડોશીમા પોતાના કર્મનો દોષ સમજી બેઠી છે. જરાય પણ રોષ કરતી નથી. કિન્તુ સમતાની પણ અવધિ હોય છે એક દિવસે મહાભારત મંડાણું. ભયંકર ઝઘડો જામ્યો. વહુબા તો રીસાઈને લપાઈ બેઠાં દીકરો ઘેર આવી પહોંચ્યો. દીકરો માનુનીને મનાવી રહ્યો છે પણ માને જ કોણ ? હંમેશાં કુદરતી કાનૂન છે કે "મોઢર અને માનુની, કયારે અટકે તે કહેવાય નહિ. કામ હોય અગત્યનું તેહને ભરોંશે રહેવાય નહિ" અરે નામદારો ! તમે નારી જાતિનો અર્થ સમજો છો ? શબ્દ યથાર્થ છે "ના, રીજાતી" ગમે તેટલું તે માયાદેવીને નૈવેદ્ય ધરવામાં આવે તો પણ તેની આંખોમાં હંમેશાં કમી હોય છે કેમ કે તેની આંખોમાં અમી નથી. શાસ્ત્રીય ધારા પ્રમાણે જેની આંખોમાં અમી તેને કોઈ ન વાતની કમી. આ સનાતન સૂત્રને તમારી સામે રાખીને ચાલો જુઓ. પછી તમારા જીવનની રૂપરેખા ! હજારો માણુસોને આશીર્વાદરૂપ જ થશે. થશે જ. આ ડાકિણી જેવી દયિતાએ દરોડો પાડયો કે આ ઘરમાં તે નહિ યા તો હું નહિ પણ એક જગ્યાએ તો નહિ જ રહું. હું ખાનદાન ઘરની છું એટલે બધું જ સહન કરતી આવી છું નહિ તો મા-દીકરાને ધોળા દિવસે તારા દેખાડી દેત !

બોલો હવે શું કહેવા માગો છો ! દિકરો અવાક્ થઈને બધું જ સાંભળી રહ્યો છે. ખરેખર મીનકી અને મૂષક જેવી આ દંપતીની દુર્દશા છે. વાંચો, આગળ શું પરિણામ આવે છે. શકુન્તલા પોતાના સ્વામીને સનસનાટી ભર્યું સંભળાવી રહી છે. સાંભળો ! હું આ કાયમનો કકળાટ ચલાવી લેવાની નથી. માટે જલ્દી તેનો રસ્તો લાવો. અંતે આ દીકરાએ પોતાની જનેતા સામું ન જોયું. ભામાનો ભરમાવ્યો ભરમાઈ ગયો અને એકાએક પોતાની માને ચોકખું પરખાવી દીધું કે " તું આ ઘરમાંથી નીકળી જા. તું અહીં નહિ જોઈએ, મારે તારું કંઈજ કામ નથી. બિચારી માડી-નિસાસા છોડતી દીનવચન ઉચ્ચારી રહી છે કે અરે બેટા ! હું તને મૂકીને ક્યાં જાઉં દીકરા. જો સાંભળ ! હું તો હમણાં ચાલી નીકળીશ પણ બેટા, તારા જશમાં ઝાંખપ આવશે. તારું ખરાબ દેખાશે. બેટા હું તો હવે બે દિવસની મહેમાન છું. આજે છું, કાલે નથી. બેટા લાડીની લાલચમાં માડીની મમતાને ન વીસારાય. દીકરા ! તું ડાહ્યો છું, ડમરો છું ચાલાક અને ચતુર છું. લોકોનાં દળણાં દળી મહેનત મજૂરી કરી પૈસા ઊભા કરીને તને ભણાવ્યો છે તારા ભણતરમાં શું નથી આવ્યું ? કે मातृ देवो भव, पितृ देवो भव, गुरु देवो भव. ખરેખર માતા પિતા અને ગુરૂ એ દેવ તરીકે પૂજાય છે અને પૂજવા જ જોઈએ, હું જુદી રહીશ તો મારા છોકરાનું ખરાબ દેખાશે. દીકરા તું કહીશ તેમ કરીશ પણ મને ઘરમાં શાન્તિથી રહેવા દે, આજથી તારી વહુને હું કંઇ જ નહિ કહું. લાખ લાખ વાતોના

અંતે પણ દીકરો માતાના હૃદયને સમજી શક્યો નહિ, પરિણામે તિરસ્કાર કરીને માડીને કાઢી મૂકી. ગામમાં એક નાનીશી ઝૂંપડી ભાડે રાખીને રહેવા લાગી. દીકરાને ખ્યાલ સરખોય નથી કે મારી માવડી ક્યાં વસે છે? માનસિક પીડા, શારીરિક પીડા થઈ આવી, તબિયત એકદમ બગડવા લાગી. જ્વરની માત્રા વધી જતાં સન્નિપાત જેવું થઈ પડયું. બેભાન જેવી દશામા જોઈને પડોશીઓ સામાન્ય ફરજ સમજીને આ ડોશીમાને તેના જ પુત્રના દવાખાને ખસેડી ગયા. આ માડીનો દીકરો જ M.B.B.S. હતો સારી પ્રેકટીશ હતી પેશેન્ટોની પડાપડી હતી, ધીકતી કમાણી હતી, દીકરાને માલૂમ છે કે મારી મા બિમાર છે લોકો અહિં ખસેડી લાવ્યા છે. ડોકટર પોતાની માને જોઇ રહ્યો છે છતાં પૂછવાની પડી નથી કે મા કેમ છે? જે રીતિએ સામાન્ય દર્દીઓના કેસ ક્રમશઃ લેવામાં આવે છે તે રીતે પોતાની માડીનો કેસ છેલ્લો લેવામાં આવે છે. તપાસીને દવા આપે છે. વાચક અવશ્ય સમજી લે કે માતાનાં આંતરડાં અકળાવી કાળજાં કકળાવી કોઈ સુખી થવા માગતો હોય તો તે માત્ર ખાંડ જ ફાકી રહેલો છે. એક પખવાડીયામાં માતાની તબિયત સુધરવા લાગી. દવા બંધ કરવામાં આવી ત્યાર પછીથી ડોકટર દીકરાએ દવાનું બીલ બનાવીને પોતાની માતાના હાથમાં મૂકયું. માતા આ બધા નખરાં જોઈને નિશ્ચેષ્ટ બની ગઇ. જાણે અંતરની આરસી પર ધરતીકંપનો ધડાકો થયો હોય તે રીતિએ બેબાકડી બની ગઇ. માડી પણ કાચી માટીની ન હતી. માડી પોતાના ડોકટર

દીકરાના બીલનો જવાબ આપે છે. આ માડીએ પોતાનું બીલ બનાવીને ડોકટરના ટેબલ પર મૂકીને ચાલતી થઈ. બીલમાં આ જાતનું કરારનામું લખેલું કે બેટા! નવ નવ મહિના સુધી તને પેટમાં રાખ્યો. તેના રૂ. દશ હજાર જન્મ વખતના રૂ. ૫ હજાર, તને ઉછેરીને મોટો કર્યો તેના રૂ. પાંચ હજાર, ભણાવ્યો, ગણાવ્યો ને પરણાવ્યો તેના રૂ. પાંચ હજાર. કુલ રૂ. પચીશ હજાર થયા. આટલી આટલી રકમમાંથી તારું જે બીલ થયું હોય તે કાપીને બાકીના પૈસા મોકલી આપજે. ટેબલ પર પડેલો પત્ર ડોકટરના હાથમાં આવ્યો અને વાંચવા લાગ્યો, પરિણામે વાંચતા વાંચતા ડોકટરનું દીલ દ્રવી ઉઠયું. પારાવાર પશ્ચાત્તાપ થવા લાગ્યો. પોતાની માડી તરફ થયેલો અણગમો અને બેદરકારી પ્રત્યે તેને ભારોભાર નફરત થઈ આવી. અરે મારી માડીને જ મેં ધક્કો માર્યો. ધિક્કાર છે મને! મેં મારી માડીના જ પેટ પર પાટુ મૂકી. જે માડીએ મારી પાછળ રક્ત રેડયું. મારી ખાતર આ જીવન કષ્ટોને જ સહન કરતી રહી. માડીના અગણિત ઉપકાર સામે મેં નરી નફટાઈ કરી, અંતર વલોવાઇ જાય છે. કાળજુ કપાઈ જાય છે, દિલની દિવાલ ઉપર ચિરાડ પડે છે. જ્યાં માડી છે ત્યાં દોડી જાય છે. માડીના ચરણોમાં ઢળી પડે છે, માડીને માનભર સ્વસ્થાને લઇ જાય છે. દંપતી સેવા કરીને સુખી થાય છે.

(૩૨)

માનવ ! પોસ્ટ મારફત આવેલ પત્રને વાંચવા માટે કેટલો આતુર હોય છે. પત્ર પર પોતાના મનને કેન્દ્રિત કરીને જ પત્ર વાંચતો હોય છે. ભલે ચારે બાજુ ગમે તેવાં દશ્યો હોય, ગમે તેટલો શોર બકોર હોય. તથાપિ પોતાનો પત્ર વાંચવામાં કે બીજાનો પત્ર સાંભળવામાં જેટલી તડપ, તમન્ના કે તલસાટ હોય છે તેવી તમન્ના ભાગ્યે જ વીતરાગવાણી સાંભળવામાં હોય છે. યદિ આર્ષ દૃષ્ટાઓની વાણી અતિ આતુરતા સાથે સાંભળવમાં આવે તો શ્રેય અને સિદ્ધિ તમારી સામે જ છે એમ વિના વિલંબે માની જ લો. પોતાના ગામમાં પોતાના પરિવારની આજીવિકા ચલાવવા પૂરતી કંઈ પણ સાધન સામગ્રી નહિ મળતી હોવાના કારણે એક ભાઈને ફરજીયાત દેશાવર જવું પડે છે. પત્નીને કહેતો જાય છે કે હું છ મહિને પરદેશથી પાછો ફરીશ. થોડી ઘણી મહેનત–મજૂરી કરીને તારો નિર્વાહ ચલાવજે. માત્ર આજીવિકા પૂરતું મેળવીને આ બહેન દિવસો નિર્ગમન કરવા લાગી. આ રીતે છ માસ વીતી જાય છે. પછીથી પતિની પ્રતિક્ષામાં દિવસો ગણવા લાગી. એક વર્ષ, બે વર્ષ, ચાર વર્ષ, છ વર્ષ એમ કરતાં બાર બાર વર્ષનાં વાણાં વીતવા આવ્યાં. હજુ સુધી કંઈ જ સત્તાવાર સમાચાર નથી. પત્ની ઘણી જ વિહ્વલ બનતી ગઈ. મનમાં મૂંઝાય છે. અંતરમાં અકળાય છે. દિલમાં દૂભાય છે, શરીરમાં સૂકાય છે. પ્રતિદિન પોસ્ટમેનને પત્રની

પૂછતાછ કરી રહી છે. ટપાલી તરફથી પણ સારા વાવડ નથી. હવે તો આ કોકીલા કંટાળી ગઈ. અંતે નિર્ણય લે છે કે આ રીતિએ અસહ્ય વ્યથામાં કેટલા વર્ષો વીતાવવાં. સાથે સાથે પતિ વિહોણું જીવન પણ એક ઝેર સમાન છે. મારા માટે મૃત્યુ એ જ સર્વોત્તમ છે. છેલ્લા દિવસે તેનો નિર્ણય અફર છે કે યદિ આવતી કાલે કાગળ નહિ આવશે તો ગળે ફાંસો ખાઇને મોતને ભેટવું સલામતી ભરેલું છે. બસ બીજા જ દિવસે તેના દ્વારે પોસ્ટમેન આવી પહોંચ્યો અને કોકીલાના હાથમાં પત્ર આપ્યો. જીવન-પ્રાણ સમો પત્ર હાથમાં આવતાંની સાથે તેમના હૈયામાં કેટલો હર્ષ થયો હશે, કેટલો અવર્ણનીય આનંદ ઉછળી રહ્યો હશે. પત્રને ખૂબખૂબ છાતી સરસો ચાંપીને ધીમેધીમે ફાડે છે. કિન્તુ પત્ર વાંચવા જેટલું શિક્ષણ મેળવ્યું નથી. નજીકમાં જ એક સજ્જન તરીકેની નામના મેળવનાર ભાઈની સામે પહોંચી જાય છે. આ ભાઇ પત્ર વાંચી સભળાવે છે. વિચારી લો આ કોકીલાબેન કેટલી અતુરતાથી પત્ર સાંભળી રહી હશે. બસ આટલી જ આતુરતાથી અગર વીતરાગવાણી સાંભળવામાં આવે તો આત્મિક ઐશ્વર્ય કંઇ જ દૂર નથી.

(૩૩)

માનવ! જ્યાં સુધી અજ્ઞાત હશે ત્યાં સુધી અટવાયા કરશે જ. ખોટાને સાચું અને સાચાને ખોટું માની લેવાની ધૃષ્ટતા ત્યાં સુધી જ કરે છે જ્યાં સુધી યથાર્થ જ્ઞાન નથી.

ભેગાં હંમેશાં "वद्वति तत्प्रकारको अनुभव स यथार्थः" આ સૂત્ર આવે છે. शुकतो इदं रजतम् આ મિથ્યાજ્ઞાનનો ઉપરોકત સૂત્ર વિલય કરે છે. એક ઝવેરી મોતના પથારે પટકાયેલો છે. તે ટાઈમે તેની પત્ની ઝવેરીને સંભળાવી રહી છે કે મારા માટે કંઈ વ્યવસ્થા કરી છે કે કેમ, અંતિમ ઘડી એ નમસ્કાર મહામંત્ર સંભળાવનાર કે સમાધિની છાયામાં સૂવડાવી મિથ્યા પાયાના પાશમાંથી મુક્ત કરાવનાર કોઇ સદ્દભાગ્યે જ મળે છે. સિવાય પોતાની પારાયણ સંભળાવનાર આપવીતીનો અન્તર્નાદ સંભળાવનાર સહેજે મલી રહે છે. 'બીલ કેટલુ' છે, ચેક કેટલા છે.' આવું આવું પૂછનાર ઘણા મળી આવે છે. મરણ પથારે પડેલો ઝવેરી. પોતાની પત્નીનો સવાલ સાંભળી મનમાં મૂંઝાય છે. હકીકતમાં આ ઝવેરી પાસે કંઈ જ ન હતું. બિલકુલ દીન હીન જેવી દશામાં ડૂબેલો હતો. હવે તો માત્ર પત્નીને સહારો આપવા માટે કહ્યું કે પટારાની પેટીમાં એક નાનકડા રૂમાલમાં વીંટેલા થોડા કિંમતી હીરાઓ છે જ્યારે પૈસાની અતિ આવશ્યકતા ઊભી થાય ત્યારે જ મારા મિત્ર માણેકચંદ શેઠને ત્યાં જઈને વેચજો. સિવાય કોઈની પાસે જશો નહિ પત્ની પ્રમુદિત થઈ કે જીવનનિર્વાહ માટે આપણી પાસે થોડું ઝવેરાત છે. ચાલો ચિન્તા નહિ. શેઠ મૃત્યુ પામ્યા પોતાના એક છોકરો છે ને તેણીયે ખૂબ જ કાળજીપૂર્વક મેટ્રીક સુધી અભ્યાસ કરાવ્યો. હંમેશાં સામાન્ય નિયમાનુસાર ગરીબના છોકરાઓ અભ્યાસમાં આગેકૂચ કરતા હોય છે. ગરીબાઈમાંથી માણસો

સારી એવી પ્રગતિના પંથે પડતા હોય છે. આ સિદ્ધાંત અનુસાર આ છોકરો ચાલાક અને ચતુર થયો. જતે દિવસે આ છોકરાનું સગપણ કરવામાં આવ્યું. હવે મોભા પ્રમાણે આભૂષણ અલંકારોની આવશ્યકતા ઊભી થઇ એટલે આ છોકરાની માતાએ કહ્યું બેટા તારા બાપુજી આ હીરાઓ મૂકી ગયા છે. તો તું આ હીરા લઈને માણેકચંદ શેઠની પાસે જઈને વટાવી આવ. છોકરો હીરાની બચકી લઈને શેઠની દુકાને જઇ પહોંચ્યો. પોતાના લંગોટીયા મિત્રના છોકરાને આવતો જોઈને મીઠો આવકાર આપ્યો અને સાથે સાથે એકાએક આવી પહોંચવાનું કારણ પૂછવામાં આવ્યું. છોકરાએ વિવેકભર્યા શબ્દોમાં કહ્યું "શેઠ સાબ" મારા બાપુજીએ કહ્યું હતું કે કટોકટીના વખતે આ હીરાઓ આપણા કાકાશ્રીને ત્યાં જ વેચજો. છોકરાના હાથમાં રહેલા હીરાઓ શેઠશ્રીએ જોયા. પોતાના ભાઇબંધની દીર્ઘદૃષ્ટિ અને બુદ્ધિમતાને પામી ગયા. બીજાઓની દૃષ્ટિમાં હીરાઓ દેખાય છે. જ્યારે આ ઝવેરીની દૃષ્ટિમાં કાચ છે. હંમેશાં અસલી અને નકલીનો નિર્ણય ઝવેરી જ લઈ શકે છે. શેઠે કહ્યું ભાઈ મદન આ હીરાઓ આજે તુ પાછા લઈ જા. તેનો ગ્રાહક આવશે ત્યારે તે મંગાવીશું, હાલમાં તારે જેટલા પૈસાની જરૂર હોય તેટલા મારી પાસેથી લઈ જા. મારા મિત્રનો પુત્ર તે મારો જ છે. બેટા તું આવતી કાલથી આપણી દુકાનમાં આવતો જા. બેટા સાંભળ, તારો

બાપ ઝવેરી હતો અને તેનો દીકરો પણ ઝવેરી બનવો જ જોઈએ માટે તું આપણી દુકાને રહીને ધંધો શીખી જા. હું તને સારી રીતિએ શીખવી દઈશ. બેટા તું જરાય મુંઝાઈ ન મરીશ. બોલો તમારામાં આ વિવેક છે ? કયારે શું કરવું, શું બોલવું તેનું તમને ભાન ખરું ? બોલો આ માણેકચંદ શેઠે સમયોચિત કેવો વિવેક જાળવ્યો. પોતાના મિત્રની જતી ઇજ્જત બચાવી લેવાની કેવી સુંદર આવડત છે ? આ મદન નિયમિત શેઠ માણેકચંદ ઝવેરીની દુકાને આવવા લાગ્યો. દિવસે દિવસે ઝવેરાત પરખવાની વિદ્યામાં વિચક્ષણ થતો ગયો. હવે હીરા પરખવાની સાચી દૃષ્ટિ ખીલી ઉઠી. એક વાર રાજાને ત્યાં હીરા પારખવા ઘણા ખરા ઝવેરીઓ એકત્રિત થયા. તેમાં આ મદન પણ જઈ પહોંચ્યો હતો. ત્યાં જમા થયેલા ઝવેરીઓ હીરા પારખી ન શકયા ત્યારે આ તૈયાર થયેલા મદન ઝવેરીએ હીરા પારખી બતાવ્યા અને પારિતોષિક મેળવ્યું હતું. શેઠ માણેકચંદ ઝવેરીએ જોયું કે આ મદન હવે બરાબર હીરાઓ પારખી શકે છે એટલે મદનને કહેવામાં આવ્યું કે ભાઈ તારા ઘરે પડેલા હીરાઓ હવે લઈ આવ. બસ શેઠની આજ્ઞાનુસાર મદન ઘર ભણી પહોંચ્યો અને પોતાની જનેતાને હીરાઓ આપવા સૂચના કરી માડીએ હાથમાં આપ્યા. મદનના હાથમાં આવતાંની સાથે જ કહ્યું કે માડી આ હીરા નથી પરન્તુ કાચના પીસ છે. જયાં સુધી કોઈ પણ પદાર્થનું મૂલ્યાંકન આંકવાની બુદ્ધિ જાગી નથી ત્યાં

સુધી જ માણસ કાચને પણ હીરા સમજી બેસે છે કિન્તુ કિંમત સમજાયા પછીથી વર્ષોથી સંગ્રહિત કાચના ટુકડાઓ ફેંકી દેવામાં આવે છે.

(૩૪)

એક સમયે ધર્મપાલની કેટલી મહત્તા હતી. રાજા, પ્રધાન આદિ મહાશયો ધર્મલાભની શુભાશિષ સાંભળવા માટે કેટલા તડપી રહ્યા હતા. ધર્મલાભ એ શબ્દમાં કેટલો વીલપાવર હતો, એ શબ્દમાં કેટલી તાજગી હતી. કેટલું ચૈતન્ય હતું જે સાંભળતાંની સાથે જ માનવના અંગે-અંગમાં કેટલો ઉમંગ રેલાઈ જતો. એકસ્મિન્ સમયે ધર્મ-લાભની પવિત્ર આશીષ સાંભળવા માટે લોકોની પડાપડી થતી. એ શબ્દ સાંભળતાં જ જીવનની ક્ષણેક્ષણમાં શાન્તિ છવાઈ જતી હતી. મેતાર્ય વિષયમાં કાષ્ટતારાના અવાજથી કૌચપંખી એકાએક ઝબકી ઉઠયું અને સોનાના જવલા બહાર કાઢયા. એક રૂષિ હત્યાના હીચકારા કાર્યે કાળામાં કરવતનું કામણ કર્યું. સોની ભયભીત થઈ જાય છે. અંતર ત્રાહિમાં ત્રાહિમાં પોકારી રહ્યું છે. સમ્રાટ શ્રેણીકના અવશેષો જાણવામાં મને અને મારા સઘળા પરિવારને અવળી ઘાણીએ પીલી નાંખશે. ભયંકર હત્યા થઈ ગઈ છે. હવે બચવાનો કોઈ ઉપાય ખરો. મનમાં મંથન ચાલી રહ્યું છે આપણી નગરીના મહારાજાના મનમાં મુનિવર પ્રતિ કેટલો પારાવાર પ્રેમ છે એ પ્રેમનું પાણી આપણાથી માપી ન શકાય. આ તરફ હત્યાકાંડના કુંડમાં પડેલો સોનાર સમસમી ઉઠયો. હવે જીવવું

કેમ તે એક સમસ્યા છે. શહેનશાહને ગંધ આવી તો આપણા માટે સીધી ફાંસી જ છે. આવા અનેક ભયત્રસ્ત વિચારોની આંધીમાં અટવાયેલા સોનીના બંધ બારણાની બહાર રાજાના કર્મચારીઓ સોનાના જવલા લેવા માટે આવી ચડયા છે. જે સોનાના જવલા લેવા માટે સોનીના દ્વારે સીપાઇઓ આવી ચડયા છે. હમેશાં સામાન્ય નિયમ છે કે "पापा सर्वत्र शंकिताः" પાપીઓનું હૃદય સદાને માટે શંકિત જ રહેલું હોય છે. પ્રચંડ પાપીઓના પગો હાથીપગા જેવા થઈ જાય છે જે સ્વેચ્છાનુસાર ચાલી શકતા નથી. સોનીનું હૈયું હચમચી રહ્યું છે. દિલના તાર ઝણઝણી રહ્યા છે. પગ પછડાટ ખાઈ રહ્યા છે. મુનિહત્યાનું પાપ પ્રત્યક્ષ પોકારી રહ્યું છે. બહાર ઉભેલા રાજદૂતો બારણાં ખખડાવી રહ્યા છે. दवस्त ही इतः व्याघ्रः જેવી દુર્ઘટના દૂર કરવાનો પ્રાણવંતો પુરૂષાર્થ કરી રહ્યો છે. કોઈ ઉપાય સૂઝતો નથી છેવટે મનોમંથનના અંતે એક જ બચવાનો માર્ગ મળી આવ્યો અને તે તુરત જ અમલમાં મૂકયો. મુનિવરનો વેષ પહેરી લીધો અને ધર્મલાભ ધર્મલાભ ધર્મલાભની શુભાશિષોની વર્ષા વરસાવવા લાગ્યો. સીપાઇઓએ તુરત જ આ સંદેશો રાજાને સંભળાવ્યો. ધર્મલાભનો લોલુપ રાજા સ્વયં ત્યાં આવી પહોંચ્યો હતો. સોની બારણું ખોલીને મુનિવરના વેષમાં બહાર આવે છે. તમામ વાતો કરે છે અંતે રાજાએ ચોકખું પરખાવી દીધું કે અગર તું જો આ મુનિવરનો વેષ મૂકી દઇશ તો ઉકળતી તેલની કડાઈમાં

તળી નાંખવામાં આવશે. પહેલાં ધર્મલાભ એ શબ્દનું કેટલું વજન હતું, વર્ચસ્વ હતું તે આ દૃષ્ટાંત ઉપરથી સમજી શકાશે.

(૩૫)

વધુ પડતી આસક્તિ રાખનાર જીવડો તીવ્રગાઢ બંધનો ઉભાં કરે છે. તે ગાઢ બંધનોમાં જ જકડાઈ મરે છે. પછી રક્ત રેડે પણ તેમાંથી મુક્તિ મેળવી શકાતી નથી. હમેશાં યાદ રાખો આસક્તિમાંથી જ અશક્તિ જન્મે છે. આસક્તિ મોહ રાજાની મસ્તીમાં વધારો કરાવે છે. મોહ એ દાવાનળ છે જયારે વ્યામોહ એ વડવાવળ છે વડવાવળ પાણીનું પણ શોષણ કરે છે જે દરિયામાં રહે છે. વીતરાગ શાયનનો વિરક્તિ તાવ વ્યામોહ ઉપર વિજય મેળવી શકે છે એ વિરક્તિ ભાવ લાવવા માટે સંતોનો સંપર્ક સાધવો વધુ જરૂરી છે. સંસારમાં રહેવું અને રમવું એ બેઉમાં આકાશ–અવની જેટલું અંતર છે. રહેવામાં જેટલું બંધન નથી તેટલું રમવામાં છે. એક નાનકડું ગામ છે. મીયાંભાઈની વસતી પ્રમાણમાં વધુ હતી. માત્ર ત્રણથી ચાર ઘરો જ હિન્દુ ભાઈઓનાં હતાં. એક દિવસ તાજીયા નીકળ્યા. તાજીયાનું સરઘસ ગામ વચ્ચેથી પ્રસારિત થઈ રહ્યું હતું. મીયાં લોકો મોટા બુલંદ અવાજે "યા હુસેન–યા હુસેન" એમ બોલતા ચાલી રહ્યા હતા. એક વાણીયો રસ્તા ઉપર તટસ્થ ભાવે ચાલતું સરઘસ નિહાળી રહ્યો હતો. એક મુસલમાને હાથ

પકડીને વાણીયાભાઈને ખેંચી લીધા અને ટોળામાં ભેળવી દેવામાં આવ્યા. આ વાણીયાભાઈ સરઘસમાં જોડાઈ ગયા. નીકળી જવું હાથમાં ન હતું. મુસલમાનો જોરશોરથી યા હુસેન યા હુસેન બોલતા જાય તેમ વાણીયા ભાઇ પણ જોર શોરથી બોલતા જાય. આવી ભરાયા રે ભાઈ આવી ભરાયા. આ પ્રમાણે બોલતો જાય અને કુટતો જાય. આ પ્રસંગમાંથી પકડવા જેવું પકડો કે આ વાણીયો માત્ર અલિપ્ત ભાવે કુટતો જાય છે. તદનુસાર આ સંસારમાં જે નિરાસકત ભાવે રહી શકે તે ઘણા તીવ્ર બંધનોમાં જકડાઈ ન મરે.

(૩૬)

ધર્મ મહારાજાની કિંમત કરવાની હૈયામાં હિંમત જોઇએ. પુણ્યાંકુર પ્રગટી ઉઠેલો પ્રાણી જ ધર્મની મહત્તા સમજી શકે છે. ક્રોધમાં કૂટાતો, માનમાં મરડાતો, માયામાં મુંઝાતો. અને લોભમાં લપટાઈ રહેલો, લેભાગુ જીવડો ભાગ્યે જ ધર્મ મહારાજાનું મહત્ત્વ સમજી શકે. આજે કેટલાક અજ્ઞાત જીવડાઓ ધર્મના ભોગે ધનજીભાઇની પાછળ જ ધમપછાડા-ધમાધમ અને ધમાલો મચાવી રહ્યા હોય છે. કિન્તુ ધર્મને ધક્કો મારીને કેવલ ધનની પાછળ ધસમસી રહેલા ભાગ્યે જ સમ્પૂર્ણ સફળતા મેળવી શકે છે. એક ગોવિન્દ નામનો બ્રાહ્મણ પોતાની પત્ની બ્રાહ્મણીના એકા-એક વૈરાગ્ય રંગ પ્રસંગમાં એના અણનમ ઉપદેશથી વૈરાગ્ય પામી ઉભય સંયમ સ્વીકારીને તેજ ભવમાં મોક્ષ-

ગામી બને છે. સુલભ બોધિતા કઈ રીતિએ પ્રાપ્ત થઇ ! તેના અનુસંધાનમાં બ્રાહ્મણી પૂર્વભવે એક રાજાની પુત્રી છે. રૂકમી નામ છે. યોગ્ય વયે એક રાજકુંવર સાથે પરણાવવામાં આવે છે. પરન્તુ આક્રન્દ કર્મના હુલ્લા સામે ભલભલાઓ હાથ ખંખેરી નાંખીને એક તરફ ખસી જાય છે. દૈવયોગે અણધારી દુઃખદ ઘટના પર આલા આલા ઈન્સાનો પણ ત્રાહિમામ પોકારી ઉઠે છે. લગ્ન પછી તુરત તે રાજપુત્રનું પંચત્વ નીપજે છે. પરિણામે રાજપુત્રી રૂકમી વિધવા બને છે. આ રાજપુત્રી પોતાના પિતાને કહે છે કે બાપાજી મને વધુ કહેતાં નથી આવડતું. આપ જલ્દી માણસો મોકલીને કાષ્ઠની ચિતા તૈયાર કરી આપવાનો હુકમ છોડો. મારા માટે અગ્નિશરણુ જ શ્રેયસ્કર છે. બાપુજી તો આ સાંભળીને કંપી ઉઠે છે. અરે બેટી આ તું શું બકવાસ કરી રહી છું. હું સમજી શકું છું તું ભયંકર દુઃખની ગર્તામાં ગબડી પડી છું. પરન્તુ એ દુઃખથી મુક્તિ મેળવવા માટે આ રસ્તો હિતાવહ નથી જ. બાપુજીને રૂકમી સુંદર સંભાષણ કરી રહી છે કે પિતાજી મારૂ સૌભાગ્ય નંદવાઇ ગયું છે માટે આ રસ્તો નથી લેવા માગતી. પિતાજી ! એ તો ભૌતિક અને ક્ષણિક સુખો છે. એક ક્ષણભરનું સુખ દુઃખની દીવાલો ઉભી કરે છે. પિતાજી આત્મહત્યા કરવાની પાછળનો આશય અનેરો છે. રૂકમી તત્વજ્ઞા છે. વીતરાગ શાસન પ્રત્યેની સમ્પૂર્ણ વફાદારી અદા કરનારી અબલા છે. પિતાજી ! ખરી વાત આપ કહેવરાવવા માગતા હો તો તે એ છે કે વિષય કષાયોનો કાટ મને ન લાગી જાય તેની

ભારોભાર ચિન્તા મારા કાળજડાને કોતરી રહી છે. ખીલી રહેલી નવયુવાની અને બાદશાહી વૈભવો વચ્ચે મારો આત્મિક ધર્મ જોખમાય છે. આત્માની ભયંકર બરબાદીની સામે આત્મિક આબાદીનું સંરક્ષણ કઈ રીતે કરવું એ એક કૂડી સમસ્યા છે. માટે જ હું આત્મહત્યા કરવા માગું છું. બાપુજી સમજાવી રહ્યા છે પરિણામે આત્મહત્યામાંથી તે બચવા પામે છે. થોડા સમય પછી રાજા મરણ પામે છે. મંત્રીવર્ગ મળીને રૂકમીને રાજ્ય પર નિયુક્ત કરે છે. ક્યારેક કોઈ પ્રસંગપામીને એક રાજકુમાર પ્રત્યે દૃષ્ટિરાગ થઈ આવે છે.

(૩૭)

આજના યુગમાં તીર્થાટન કરવાની ભાવના વેગવતી બનતી જાય છે તેમાં બેમત નહિ કિન્તુ તીર્થાટન કરવાની પાછળ કંઈ આપણા જીવનમાં શુભાશય હોવો જોઈએ. અને તીર્થાટન કરી રહ્યા પછીથી પણ આપણું શું કર્તવ્ય છે તે સમજવું જરૂરી છે. યદિ તીર્થની સ્પર્શના કરી આવ્યા છતાંય મનનો મેલ થોડા ઘણા અંશે પણ ન કપાય તો તીર્થનાં ચરણસ્પર્શ કરવાની તમારી તીવ્ર તમન્ના તિમિરમાં પલટાઈ જાય છે. ભગો અને ભલો બંને ભાઈઓ જાતના કોળી હતા. ધંધો માછીમારનો હતો. ઘણા વર્ષો સુધી પાપનો ધંધો ચાલુ રાખવામાં આવ્યો. અંતે તેમનાં હૈયામાં દ્વારકાધીશનાં દર્શન કરવાનાં કોડ જાગી ઉઠયા કે ચાલો આપણે બંને ભાઈઓ દ્વારકાધીશના દર્શન કરવા

દોડીએ. હવે આપણે આ જગતમાંથી થોડા જ ટાઇમમાં ચાલ્યા જવું પડશે. આપણે અમર તો નથી જ. માટે હવે विलंबो न व कर्त्तव्यः । ધર્મ કર્મ કે તીર્થનાં દર્શને જવામાં વાયદો કરવાનો કાયદો નથી જ. કેમ કે તેમાં ફાયદો નથી, નથી ને નથી જ. આ બંને ભાઈઓએ કેડ બાંધી કાઢી અને હાથમાં લીધી લાઠી ને એકાએક ચાલી નીકળ્યા. પરસ્પર માંહોમાંહે વાર્તાલાપ આપી રહ્યા છે કે જીંદગીભરનાં પાપો એવં પાતકો દૂર કેમ કરાય. આ બંને ભાઈઓ દ્વારકાધીશના મંગલ દ્વારે આવી પહોંચ્યા. ખૂબ મજાથી પેટભરી ભરીને આંખો ધરાઇ રહે તે રીતે દર્શન કર્યાં. યાત્રા કરીને પાછા ફરતાં ગામની બહાર આ સરોવર કીનારે મુકામ કર્યો. ત્યાં તેઓએ જોયું કે સરોવરમાં માછલાંનો પાર નથી. એટલાં વધી ગયાં છે આ જોઈને આ લોકો નીસાસો ખાવા લાગ્યા કે ખરેખર આપણા છોકરાઓ બીલકુલ આળસુ થઈ ગયા લાગે છે જો કે આપણે તે પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા કરી છે. પણ આપણા પરિવારની રોજીરોટીનું શું? ચિન્તાતુર બન્યા. હૈયાની ધરતી પર ધ્રાસકો પડયો. બસ અહિં જ તીર્થ યાત્રા કરીને મેળવેલા ફળને ફગાવી દે છે. હમેશાં ફલને મેળવવામાં જ ભગીરથ પ્રયત્ન કરવો પડે છે. પરન્તુ પ્રાપ્ત થયેલા ફલને વિલીન કરવામાં વાર લાગતી નથી. અમારા દિકરાઓની રોજીરોટીનું શું. આ ચિન્તામાં ને ચિન્તામાં ભાનશાન ભૂલી ગયા. કયાં જઈને આવ્યા શું કરીને આવ્યા વિગેરેની શુધબુધ ન રહી. સરોવરીયાની પાળેથી પાણીનો લીટો કાઢતા કાઢતા ગામ-

ભણી આવી રહ્યા છે. ગ્રામ્યજનો યોગ્ય સ્વાગત કરે છે. આજે પણ આ પ્રથા વૈષ્ણવ સંપ્રદાયમાં ચાલુ છે. ખરેખર એક રીતિએ આ રીવાજ આદરણીય છે. ભગો અને ભલો પાણીનો લીટો કાઢતા કાઢતા ઘર આંગણે આવી પહોંચ્યા. દિકરાઓને કહે છે કે અલ્યા મૂર્ખાઓ તમને તમારા બાપ દાદાના ધંધાનો ખ્યાલ ખરો? જે ધંધો પરંપરાથી ચાલ્યો આવે છે તેનો તો તમારે ખ્યાલ રાખવો જોઈએ ને?

તમે લોકો આમ અંહીની માફક ઘરમાં જ પડયા રહેશો તો કેમ ચાલશે? યાદ રાખો એદી એક જાતનો ભયંકર કેદી છે. હરામખોરો તમે આમને આમ નિષ્ક્રિય બનીને ઘરમાં જ ગોંધાઈ મર્યા. અરે રામ રામ રામ ધિક્કાર છે તમારા અવતારને! આ રીતિએ આ બંનેભાઇઓ ઘરમાં દાખલ થતાંની સાથે જ અણુબોંબ ધડાકો કરવા લાગ્યા. અલ્યા તમને કંઈ ભાન છે કે સરોવરમાં માછલાં તો ઉભરાઈ ગયાં છે. અમે તો દ્વારકાધીશની સામે પ્રતિજ્ઞા લઇને આવ્યા છીએ. પણ તમે તો લીધી નથી! તમારે તમારા પરંપરાથી ચાલ્યા આવતા ધંધામાં ધ્યાન આપવું જોઈતું હતું. પોતાના પુત્રોને ઈશારામાં સમજાવી રહ્યા છે. આ લીટે લીટે ચાલતા થાવ. સરોવરના ખાડામાં માછલા ઉભરાઈ આવ્યાં તો તમે લઈ આવો અને તમારો ધંધો ચાલુ રાખો. હંમેશાં માણુસ જાત કરે છે ઘણું, પણ કરેલા ઉપર પાણી ફેરવતાં વાર નથી કરતા. એટલે આપણા કોઈ પણ પુણ્ય-કાર્યની પાછળ ભારોભાર વિવેક જોઇએ. વિવેક વિવિધ અનુષ્ઠાનોની આરાધના આખરે પ્રાણવંતી નીવડી શકતી નથી એ વાત ભૂલાવી નહિ જોઇએ.

(૩૮)

**સનાતન સિદ્ધાન્ત છે કે** श्रद्धावान लभतेफलम् **સકલ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે. શ્રદ્ધા વ્યાપક છે. શ્રદ્ધાએ સર્વત્રએ પોતાનું વર્ચસ્ત્ર જાળવી રાખ્યું છે. શ્રદ્ધાએ સંજીવની ઔષધી છે.** એક જાતનું અણમોલ રસાયણ છે એક રાજાનો મંત્રી જૈન કુળમાં જન્મેલો હતો. વીતરાગનો વારસદાર હતો એટલું જ નહિ કિન્તુ વીતરાગ શાસનને તેટલો જ વફાદાર હતો. સંયમ, સભ્યતા અને શિસ્તનું સમ્પૂર્ણ પાલન કરનાર હતો. કોઈનું પણ ભલું કરવામાં તેટલો જ ઉત્સાહી હતો. રાજાની પરિસ્થિતિ તદ્દન જ વિપરીત હતી રાજાને ધર્મ પર પ્રીતિ ન હતી. સદ્ભાવ નહિ હતો તેટલો જ ભારોભાર દ્વેષીલો હતો. આ ચંપીશ્વરનું ધર્મમય જીવન આ રાજવીને પસંદ નહિ હતું. કિન્તુ મંત્રીશ્વર ધર્મ કર્મમાં લીન રહેતો. ગુન્હામાં ન આવે ત્યાં સુધી રાજા પણ તેને શું કરી શકે શું કહી શકે ? મંત્રીશ્વર સહી લે. મંત્રીશ્વર સમતાનો સાગર છે. ધર્મના રંગે રંગાયેલો છે. પછી તેનામાં શાન્તિ, સમતા અને સંતોષ હોય તેમાં આશ્ચર્ય શું ?

એક વાર ચૌદશની પર્વતિથિ આવી ચડી. ગુરૂદેવનો સહયોગ મળ્યો. પછી મંત્રીશ્વરે પૌષધ ઉચ્ચાર્યા વિના કેમ ચાલે ? પૌષધોપવાસ કરીને પોતાનો સમય ધર્મ કર્મમાં નિર્ગમન કરે છે આ તરફ તે જ દિવસે રાજકીય કોઈ કાર્ય વિશેષ હોવાથી મંત્રીશ્વરની અતિ આવશ્યકતા જણાઈ.

કિન્તુ મંત્રીશ્વર ઉપાશ્રયમાં ગુરૂ સમીપે પૌષધ ઉચ્ચારીને બેઠા હતા. રાજાએ મંત્રીને બોલાવવા સીપાઈ લોકોને મોકલ્યા. ઘેર નહિ હોવાથી સતાવાર સમાચાર મુજબ સીપાઇ લોકો ઉપાશ્રયે જઇ પહોંચ્યા. સંદેશો સંભળાવ્યો કે મહારાજા આપને શીઘ્રાતિશીઘ્ર બોલાવી રહ્યા છે. સામાન્ય માણસો રાજાની આજ્ઞાને કોઈપણ સંજોગોમાં અવગણે નહિ. પૌષધ છોડીને પણ દોડી જાય. મનમાં એમ જ સમજી બેસે કે પૌષધ હવે પછીની પર્વતિથિએ લઇશું પણ રાજાના વટ-હુકમનો અનાદર કેમ થાય ? યદિ મહારાજાના હુકમને તાબે નહિ થઈએ તો દેહાંત દંડની સજા ભોગવવાનો વખત આવે. કેમ કે મહારાજા અને યમરાજા આ બંનેમાં સામ્ય હોય છે. માટે રાજાના વટહૂકમને તાબે થવા માટે કદાચ ધર્મ જોખમાય તો પરવા નહિ. આવા તુચ્છ વિચારોની આંધીમાં સાધારણ જન અટવાઇ મરે. પરન્તુ આ મંત્રીશ્વર નિજધર્મના પાલન માટે પ્રાણની પણ પરવા કરે તેવો નથી. ભલેને દુનિયાનો સાર્વભૌમ સત્તાધીશ કેમ ન હોય ! પરન્તુ ધર્મ મહારાજાનું હનન કોઈપણ સંયોગોમાં નહિ જ કરૂં નહિ જ કરૂં નહિ જ કરૂં. મંત્રીશ્વરે વિવેકભર્યા સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે આજે મારે પૌષધવ્રત છે માટે આજે તો નહિ જ આવી શકું. બસ આ સંદેશો લઈને આવી પહોંચેલા સીપાઈએ એ રાજાને સંદેશો આપ્યો કે આજે મંત્રીશ્વરને પૌષધવ્રત છે એટલે નહિ જ આવી શકે. આ સાંભળીને રાજા એકાએક સમસમી ઉઠયો. અરે મારી આજ્ઞાનું ઉલ્લંઘન અને તે પણ મંત્રીશ્વર મારા વટહૂકમને

તાબે ન થાય તો દેશનીકાલની સજા ફટકારી દો. એ નીમક-હરામી મારા રાજ્યમાં ન જોઈએ. શું સમજે છે એ મંત્રીશ્વર ? ખાય છે મારૂં અને ગાય છે એના ધર્મનું ? ચાલો આવો હરામી હીચકારો મારા દેશમાં ન જોઈએ. રાજા ક્રોધથી ધમધમી ઉઠ્યો છે. ખ્યાલ કરો ક્રોધ એ કાતિલ ઝેર છે. એ ઝેર રગેરગમાં પ્રસરીને તમારો જ નાશ કરે છે, માટે વધુ ક્રોધમાં પૂરાઓ નહિ. દરેકની અવધિ હોય છે. રાજા પોતાના અંગરક્ષક તરીકેનું કામ કરનાર એક વિશ્વસનીય નાપિત મારફત છેલ્લો સંદેશો મોકલે છે. રાજદરબારમાં ચાલો નહિ તો મંત્રીમુદ્રા સોંપી દો. હજામ-ભાઈની હામ એટલે પૂછવાનું જ શુ ? પોતાનો નારદપાઠ ભજવ્યા વિના હજામભાઈને ચેન પડે ખરૂં ! મંત્રીશ્વર માટે આ પળ ખરેખર કસોટીની હતી. મુદ્રા પાછી સોંપવામાં આવે છે. આજીવિકા જાય સાથે સાથે ઈજ્જત પર પાણી ફરી વળે. તથાપિ પોતાના ઐહિક સ્વાર્થ કે માન મરતબાની કે ખાનપાનની પરવા કર્યા વિના કેવલ ધર્મની રક્ષા કાજે મંત્રી મુદ્રા વિનાવિલંબે સોંપી દે છે. ધર્મના વટની ખાતર કયાં સુધીનો ભોગ. 'ખરેખર આવા મંત્રીશ્વરનો સર્વત્ર સદા વિજય થાય છે. મંત્રીમુદ્રાના ભોગે પણ પૌષધવ્રતનું પરિપાલન કર્યું હતું. ગુરૂદેવ પણ આશ્ચર્ય પામ્યા. મંત્રી-શ્વરને પૂછવામાં આવ્યું. જવાબમાં મુદ્રા ગઈ તો ગઈ ઉપાધિ ટળી. ધર્મનો ધ્વંસ થાય પછી એ મંત્રીમુદ્રા શા કામની ? ખેર હવે ધર્મની આરાધના આરામથી થશે. આવા શબ્દો ક્યારે બોલાય ! રગરગમાં ધર્મનો રંગ લાગ્યો હોય

ત્યારે જ અંતરમાંથી આવો અવાજ નીકળે. આ તરફ પેલો અંગરક્ષક, હજામ મંત્રીમુદ્રા પહેરીને મંત્રીશ્વર બનવાની અનધિકાર ચેષ્ટા કરી રહ્યો છે. વિચારે છે કે મારા પર રાજાની પૂર્ણ મહેરબાની છે. હમણાં બે ઘડીની મોજ લુંટી લઉં. રસ્તામાં આવતી દુકાનોમાં બેસીને મજા માણી રહ્યો. હંમેશાં આવા ધર્મી મંત્રીઓ અને પ્રજાના કેટલાક અગ્રગણ્ય માણસો વચ્ચે વિરોધોના વાદળો ઘેરાયેલાં જ રહેતાં હોય છે. પ્રજાજનો અને પ્રધાનામાત્ય વચ્ચે કેટલીક બાબતોમાં ઘર્ષણો ચાલી જ રહેલાં હોય તે સ્વાભાવિક છે. કેટલાક ખટપટીયા માણસોએ મંત્રીશ્વરનું કાસળ કાઢવા માટે મારાઓ તૈયાર કરાવ્યા હતા. હાથમાં છુરી લઈને પાછળ પડયા અને હજામ મંત્રીશ્વરને ઉડાવી દેવામાં આવ્યા. આ રીતિએ ખોટા ડોળ દમામ અને દોષ કરનારની કેવી દુર્દશા સર્જાય છે. જ્યારે ધર્મની રક્ષા કરનાર કેવો આબાદ રીતિએ બચી જાય છે તેનું આ જ્વલંત દૃષ્ટાંત છે. યાદ રાખો. धर्मो रक्षति रक्षित: । અગર તમે ગમે તે ભોગે પણ ધર્મનું પરિપાલન કરશો તો ધર્મ તમારૂં અવશ્ય રક્ષણ કરશે કરશે ને કરશે જ. ધર્મના રંગે રંગાવી નાંખવામાં શ્રદ્ધા અગ્રભાગ લેતી હોય છે. એટલે પ્રત્યેક શાસ્ત્રોમાં શ્રદ્ધા ઉપર વજન આપવામાં આવેલું હોય છે.

(૩૯)

એક કુંભકારની પત્ની કેટલી શીલવતી છે જેની સીમા નથી. નથી તે વીતરાગ શાસનને પામી ચૂકેલી. નથી કોઈ સદ્ગુરૂના સંગમાં. તેના જીવનમાં આવો દિવ્ય રંગ આવ્યો

ક્યાંથી ? ખ્યાલ કરો. જનમ જનમના સુસંસ્કારોની કેવી શીતળછાયા છે જે સંસારની આસુરી માયાને પણ ભૂલાવી દે છે. કોઈ નાનકડા ગામમાં એક કુંભારભાઈ દુઃસંગદોષાત્ જુગારના ઝેરી માર્ગપર ઘસડાઈ ગયા. તેની પત્ની સમયે સમયે ઠંડા અને મીઠા શબ્દોમાં સમજાવે કે ભલા થઈને મારૂં કહેવું માન્ય કરો. ધર્મરાજ યુધિષ્ઠર જેવા પણ ફસાઈ મૂઆ તો આપ જુગારમાં જીત ક્યાંથી મેળવવાના છો. પરિણામે કાતીલ ઝેર છે પોતે મરે છે અને પરિવારને પણ મારતો જાય છે, માટે સ્વામિન આ માર્ગને છોડી દો. જે ભગવાને આપણને ખડતલ શરીર આપ્યું છે. સાચી મહેનત અને સેવાનો સુંદર ધંધો આપેલો છે. પછી ખોટા ધંધામાં શામાટે ખૂંવાર થવું જોઇએ? પત્ની પોકાર કરી રહી છે પણ સાંભળે છે કોણ. એકવાર રવાડે ચડયા પછીથી પાછું ફરવું દુઃશકય છે. કયારેક પોતાની પત્નીના અનુરોધથી જુગાર નહિ ખેલવાનો સંકલ્પ કરે. પણ પરિણામે પટકાય. પાલન કરી ન શકે. દિવસો મહીનાઓ વર્ષો વીતવા આવ્યા. હમેશાં એક વ્યસન બીજા વ્યસનને ખેંચી લાવે. ઉતરોતર વ્યસનો વળગતાં જ રહે. ધીરે ધીરે દારૂ માંસ અને બીજી ખરાબ ટેવો પણ લાગુ પડી ગઇ. પછી તો રાત્રીઓ બહાર વીતાવવા લાગ્યો. આવી કર્મની કહાણી ગૃહકોકીલા કોની પાસે કહે? બધું જ સમભાવે સહી રહી છે. એક રાત્રિએ બાર બાર જુગારીઆઓ મળીને જુગાર ખેલવા લાગ્યા. પરિણામે બધા જુગારીયાઓનાં નાણાં કુંભારભાઈના પલ્લે આવી પડયા. એકવીસ રૂપિયા કુભારભાઇના પલ્લે પડેલા જોઈને આ જુગારીઆઓના મનમાં થયું

અધધધ........આ લઈને હમણાં ચાલ્યો જશે. બસ પછી તુરત જ આ જુગારીઆઓએ સમ્મિલિત થઈને કાવતરું રચ્યું. આજે જ ખતમ કરીને પૈસા છીનવી લેવાના નિર્ણય ઉપર આવી ગયા. શરૂઆતમાં ખુબ જ દારુ પીવડાવવામાં આવ્યો. પછી આ લોકોએ તીક્ષ્ણ તલવાર જેવા તીખા ધારીયાથી માથું અને ધડ જુદાં કરી કાઢયા. કયાં માથું અને કયાં ધડ બંનેને અલગ અલગ દાટી દેવામાં આવ્યાં. સમય ઘણો જ વીતી ગયો. મધ્યરાત્રી જવા આવી તોપણ આ કુંભાર ઘરમાં નહિ આવ્યો. ચોતરફ શોધાશોધ થવા માંડી. પોલીસ સ્ટેશન પર ખબર આપવામાં આવી. પોલીસપાર્ટીએ ચાંપતી તપાસ કરવા માંડી. પરિણામે ધડ તો શોધી કાઢયું પણ માથાનો પત્તો નહિ. કાર્યકરો એવં નાગરિક જનો પણ તપાસમાં લાગી ગયા. કુંભારની પત્નીનું રૂદન પત્થર સરીખા પાષાણ હૃદયને પણ રડાવી મૂકે એટલી ભયંકર રીતે આક્રન્દ કરવા લાગી. આ બાઈનું રૂદન દરેકને સ્પર્શી ગયું હતું. આ બાઇ પ્રત્યે સૌને લાગણી થઇ આવી હતી. પેલા પ્રચંડ પાપાત્માઓ વિમાસણમાં પડયા કે આ બાઇનુંય કાટલું કાઢી નાંખીએ તો જ. નહિ તો આપણે બચવાના નથી જ. પરન્તુ આ કાવતરાની બાઈને ખબર પડી ગઈ. બાઇએ જાહેર કર્યું કે જ્યાં લગી મારા પતિનું માથું નહિ મલશે ત્યાં લગી મારે ખાવું પીવું હરામ છે. આવા સત્યાગ્રહ ઉપર ઉતરી ગઇ. પરિણામે ચોથે દહાડે પતિનું મસ્તક મળી ગયું. આ રીતે ધડ ચાર દિવસો અગાઉ મળી આવ્યું હતું અને માથું ચાર દિવસ

પછી બાળવામાં આવ્યું હતું. એક દુરાચારી પતિ પ્રત્યેનો આ સદાચારિણી સીમન્તીનીનો સ્નેહ આદર્શ હતો. આ બાઇ પેલા ખૂનીઓનું શું થાય છે તે જોતી રહી. બીજી તરફ અદાલતના ધક્કા ધુબાપા. બાઈની ગેરહાજરીનો ખોટો લાભ લઈને ઘરમાંથી નજીકમાં લેખાતા સગા સ્નેહીઓએ મળીને બેચાર હજારનું આભૂષણ હતું તે ઉપાડી ગયા હતા. આ રીતે આ કુંભાર પત્નીને માટે ઉપર આભ અને નીચે ધરતી હતી. છતાં બાઈ માની બેઠી હતી કે દુનિયા કદર કરશે જ. એટલામાં બીજી કમનશીબી ઘેરાણી. આ બાઇના જેઠ અને સસરા તો શું પણ તેણીના મોટાભાઈ પણ ભંયકર દબાણ કરવા લાગ્યા કે તારે બીજે ઠામ બેસવું જ પડશે. એટલે કે પુનર્લગ્ન કરવાં જ પડશે. આટલી નાની ઉંમરમાં આખી જીંદગી કેમ જાય. જવાબમાં આ બાઈ જણાવી રહી છે કે મારા પતિ ગયા તેનું તમે લોકો કંઈજ વિચારતા નથી. આ મારા નાનકડા બે પુત્રોની કોઈ સંભાળ લેતું નથી અને ઉપરથી બીજે ઠેકાણે બેસાડવાનો દુરાગ્રહ કરી રહ્યા છો એ કેટલું બેહુદું છે ? પણ આ બિચારી અનાથ અબલાનું સાંભળે છે કોણ ? ઉપરથી વધુ કડક દબાણ થવા લાગ્યું. ત્યારે આ બાઇ અબલા હોવા છતાં સબલા બનીને સનસનાટી ભરેલું સંભવાવી દીધું આ બાઇએ પોતાનો પરચો આપી દીધો કે તમે લોકો મને કહેવાવાલા કોણ છો ? મારા માલીક માત્ર બે જ છે. એક નાથ ઉપરવાળા

અને બીજો તમે જાણો છો. ખબરદાર તમે મને વધુ સતાવી છે તો તેનું પરિણામ ઘણું જ ભયંકર આવશે. હું જીવતી બળી મરીશ. હું મારા પ્રાણુની આહૂતિ આપીશ. પરંતુ મારે એક ભવમાં બે ભવ નથી જ કરવા સમજ્યા ને ? તમે મને જોર જૂલમથી પર ઘરે બેસાડવાવાળા કોણ ? હા જરૂર તમે લોકો મારા વર્તનમાં દોષ જુઓ તો મને ત્યાં ને ત્યાં ઠાક કરજો કિન્તુ અન્યત્ર બેસવાનાના કારમાં શબ્દો મને કયારેય પણ નહિ સંભળાવતા ! એક કુંભાર જાતિની ગામડીયા ગમાર જેવી ગૌરી નથી ભણી એની સામે કોઇ ચોપડી બુક કે પુસ્તક ધરવામાં આવે તો તેણીની દુનિયામાં તે ચોપડી ધોળું ખેતર અને કાળા ચણા જેવી જ જણાય. બીલકુલ નિરક્ષર હોવા છતાં પોતાના સતીત્વ ધર્મની કેટલી ખૂમારી છે ? કોઈપણ સંયોગોમાં મારા સતમાં સડો નહિ લાગવો જોઇએ. આવી સંકલ્પ સિદ્ધિમાં સફળતા મેળવનારી એક આર્ય મહિલાની વારે રામ આવે જ આવે. આખરે આ બાઈ બહુ સુખી થાય છે અને તેનીના બે બાળકો પણ તેવા જ ખાનદાન ખમીરવાળા બનીને જનેતાને માટે એક આશિર્વાદરૂપ બને છે.

(૪૦)

હંમેશા माध्यम फलति सर्वत्र કોઈ અલૌકિક પદાર્થ મળી આવ્યો હોય પરંતુ સદ્ભાગ્યના સહયોગ વિના તે પદાર્થ ટકી શકતો નથી જ. નિર્જન જંગલમાં આવેલા એક સુંદર આશ્રમમાં એક સિદ્ધપુરુષ બિરાજમાન છે.

દૂરથી એક મુસાફર ત્યાં આવી ચડે છે. એક છે અને બીજા આપણે. જંગલમાં બે એટલે બાવીશ. આવી ચડેલો મુસાફર એક તરફ સૂઈ જાય છે. કિન્તુ તંદ્રામાં છે તંદ્રામાં પોઢેલા માણસને શાન શુદ્ધિ લગભગ હોય છે. સમયસર સિદ્ધ પુરુષ એક ઘડો અભિમંત્રિત કરે છે. પછી તે ઘડાની પાસે યાચના કરે છે. સાત માળનો મહેલ થાવ વિના વિલંબે તૈયાર. જોત જોતામાં સાત માળનો મહેલ તૈયાર મૂર્તિમંત દેખાવા લાગ્યો. સ્પીચો થાવો પલંગ થાવો ખાવાપીવાની સાહિત્ય સામગ્રી થાવ. આ બધું જ લીલા માત્રમાં તૈયાર થતું જગચું. ચાર કલાકના અંતે ઘડાની સામે જઈને કહ્યું કે બધા જ ચાલ્યા જાય. બસ બધું જ ચાલ્યું ગયું. આ તમામ લીલા એક તરફ સૂતેલો મુસાફર જોઈ સડકની માફક સજ્જડ થઈ ગયો. મનમાં જ પલકાઈ રહ્યો છે. વાહ આ સિદ્ધ પુરુષની અજબ લીલા છે. બસ આજથી જ તેઓશ્રીની સેવામાં લાગી જઈએ. હવે દેશાવર જવાની કઈ જરૂર છે ! આ બધી મહેનત મજૂરી હવે મને ન ગમે. ચાલો આપણા માટે તો આ સ્વર્ગનું ધામ છે. હવે હામ બીડીને આ સિદ્ધ પુરુષનું કામ કરવું જરૂરી છે. અંતે સેવાના ફલરૂપે આ સિદ્ધ પુરૂષ પ્રસન્ન થઈને પૂછે છે બોલ તારે કઈ પ્રસાદી જોઈએ છે ? વિદ્યા આપું કે આ ઘડો આપું ? મુસાફર વિચારી રહયો છે. વિદ્યા લઈશ તો પછી સાધવાની મહેનત કરવી પડે તેના કરતાં આ અભિમંત્રિત ઘડો જ માંગી લઉં.

બસ પછી જાપ જપ કે તપ કશી જ માથાકૂટ નહિ. આ મુસાફરે ઘડાની માગણી કરી ત્યારે લાગણી વિવશ સિદ્ધ પુરુષે અભિમંત્રિત ઘડો અર્પણ કર્યો. ઘડો લઈને મુસાફર આવ્યો તેવો જ પોતાના ગામ ભણી ચાલી રહેલો છે. નગર આવી પહોંચે છે કિન્તુ નગરના દરવાજા બંધ છે. એટલે બહારના ભાગમાં યોગ્ય જગ્યાએ ઘડાની સંસ્થાપના કરીને તેની સામે ઉભો રહીને માગણી કરે છે. તદાનુસાર મહેલ મહિલા વગેરે મળી જાય છે. તેના હર્ષમાં અને અતિ ઉન્માદમાં આવી જાય છે. ઘડાને પોતાના મસ્તક પર લઈ ને નાચવા જ લાગ્યો. પરિણામે નાચતાં નાચતાં માથા પરથી ઘડો પડી જાય છે. ભાંગીને ભૂકકો થઈ જાય છે અને આશાની અસ્થિર વેલડીનું છેદન ભેદન થઈ જાય છે. આનંદ એ અમૃત છે જ્યારે ઉન્માદ એ ઉત્કટ વિષ છે. ક્યારેય પક્ષઘાત અને આનંદ આવી જાય છે એ સહજ છે. પરંતુ ઉન્માદ નહિ આવવો જોઈએ. આ મુસાફરને અલભ્ય આઈટમ મલી આવી કિન્તુ ભાગ્યનો સહયોગ નહિ હોવાથી પરમ પુણ્યોદયે પ્રાપ્ત થયેલા પદાર્થનો પરમાત પામી શક્યો નહિ. હંમેશાં યાદ રાખો. જેવું તમારું ભાગ્ય હશે તદાનુસાર સૌભાગ્ય સાંપડશે. આ અટલ અને અકાટ્ય સિદ્ધાંતને સામે રાખીને ચાલો. બસ પછી સિદ્ધ તમારી સમીપે છે.

(૪૧)

બકરી જેવી પશુ જાતિને માટે સામાન્ય નિયમ છે. કે ગમે તેટલું થાય છતાં ધરાય નહિ આ વાતને તમે બરાબર સમજવા માગશો તો સમજી શકશો તદનુસાર બકરીની માફક તમારી ઇન્દ્રિયો પણ વકરી જાય છે ક્યારેક બાદશાહ બીરબલને પૂછી રહ્યા છે. કે આ દુનિયામાં કયું પ્રાણી એવું છે. કે તેને ગમે તેટલું અનાજ આપો ગમે તેટલું ઘાસ આપો તો પણ તે ધરાય જ નહિ બીરબલ કહે માલીક બકરી એ એવું પ્રાણી છે. કે ગમે તેટલો લીલો ચારો ચરીને આવે તો પણ જ્યાં જ્યાં અનાજ કે ઘાસ દેખે ત્યાં તુરત મોઢું નાંખે જ નાખે બાદશાહ કહે યદિ ખોટું કરશે તો સજા થશે કબૂલ કબૂલ કબૂલ એકવાર નહિ પણ સાડા સત્તર વાર કબૂલ આ તરફ રાજાએ ઢંઢેરો પીટાવ્યો જેની બકરી ધરાયેલી હશે અને પછીથી કયાંય પણ મોઢું નહિ નાખશે તો તેને સારૂં ઈનામ મલશે તે દિવસે દરેક બકરી વાળાઓ જાહેર કરેલા દિવસે પોતપોતાની બકરીઓને ખુબ જ સુંદર લીલું ઘાસ પેટ પૂરતું ખવડાવીને રાજાની તહેનાતમાં દાખલ થવા લાગ્યા આ તરફ બીરબલે પણ કુંડામાં સુંદર અને સ્વચ્છ અનાજ અને ઘાસના પૂળા તૈયાર રાખેલા હતા. બાદશાહનો હુકમ થયા બાદ લોકો એક પછી એક પછી એક પોતાની બકરી લઇને કુંડ પાસેથી પસાર થવા લાગ્યા. જ્યાં કુંડામાં આનાજ અને લીલું ઘાસ જોયું કે દરેક

બકરીઓએ તેમાં મોઢું નાંખ્યું ત્યારપછી બાદશાહને ખાતરી થઈ કે ખરેખર બકરી ગમે તેટલું ખાય તોય ધરાતી જ નથી. એ નિર્વિવાદ છે. આની સામે એક ચાલાક ચતુર માણસે બંડ ઉઠાવ્યો કે મારે કંઇ અવનવી કલા બતાવીને પણ પારિતોષિક મેળવવું આ ચતુર માણસે પુનઃ એકવાર આવી તક મેળવવાની આજ્ઞા માગી. રાજાએ અનુમતિ આપી આ ચાલાક માણસે એક તરકીબ કરી કે બકરીના મ્હોપર બરાબર સોટી લઇનેજ ઊભો રહ્યો ડરની મારી બકરીઓએ અનાજ કે ઘાસમાં મ્હોં નહિ ઘાલ્યું પરિણામે ચતુર માણસે સારૂં એવું ઇનામ મેળવ્યુ હતું. તમે વિચારો તો તમારી ઈન્દ્રયો પણ બકરી જેવી જ છે. અનેક જાતના ખાન પાન ઉડાવ્યાં છતાં જયારે ને ત્યારે ખાઉં ખાઉં કરતી હોય છે. આજસુધી અનેકાનેક રૂપ સુંદરીઓના રૂપનું પાન કરવામાં આવ્યું છતાં તમારી આંખો રૂપ માધુરીની પ્યાસીજ હોય છે. અનેક સૂરીલા સંગીતોનું શ્રવણ અને પ્રશંસાત્મક શબ્દોની સૂનવણી થઈ છતાં કાનો હમેંશાં અતૃપ્ત જ છે. નિત્ય નવાં અને મધમધતાં સ્વાદીષ્ટ ચાનકીઓ ખાતીજ રહી છતાં જીભ ભૂખારવી જ છે. ને ? એના ચોપડામાં જમે પાંસુજ ન મલે એની ખાતાવહીમાં ઉધાર રકમો, બધાજ રસોની ઉઘરાણી સતત ચાલુ જ હોય છે. એની દુકાને મૌનનું મોઘું તાળું ખાવાના પ્રકરણની પ્રક્રિયાનું તાળું માત્ર ઉંઘ વખતે જ લાગેલું રહે છે. તે શિવાય તમારી જીભ ખાવાનું અને

ગાવાનું કામ કરી રહીજ હોય છે. આવી જબાન ઉપર લગામ રાખ્યા વિના કેમ ચાલે ? વારૂ નાકના પણ એવાજ નખરા છે. જરા પસંદગીની પરિમલ આવી કે નાક નાચી ઉઠે. આ રીતિએ આપણી સ્પર્શનેન્દ્રિયની સ્પર્શના કોઈ અનોખી જ છે. સુંવાળા કે મખમલ જેવા મુલાયમ જેવા પદાર્થોની પાછળ પાગલ બની જાય છે. અર્થાત્ આપણી પ્રત્યેક ઈન્દ્રિયો બકરીની જેમ એમાં મ્હોં ઘાલ્યા શિવાય રહેતી નથી. યદિ તમે બાદશાહ પાસે ઈનામ મેળવનાર પેલા ચાલાક માણસની જેમ ઇન્દ્રિયોની સામે સમ્યગ્ જ્ઞાનની સોટી ધરશો તોજ ઇન્દ્રિઓની ચોટી પકડી શકશો કેમકે વિષયો તરફ કૂદી પડવાની કાળજૂની કુટેવ એકાએક દૂર થવી શકય નથી જ ચાલો હવે આજથીજ સંકલ્પ કરો કે ઇન્દ્રિયોના ગુલામ નહિ બનતાં ઇન્દ્રિઓનેજ તમારી ગુલામડી બનાવો જીવનમાં આવો પ્રાણવાન સંકલ્પ થશે તોજ તમે તમારા જીવનને આદર્શ બનાવી શકશો

(૪૨)

આજે લગભગ માણસોનો અવાજ છે. કે આપણાથી આ નજ બની શકે કયારેક તદ્દન અશકય બાબત પણ કયારેક સુશકય બને છે. જ્યારે તમારી સામે જીવન મરણની સમસ્યા ઉભી થાય છે. ત્યારે માણસ અશકયને પણ સુશકયમાં પલટાવી શકે છે.

યુદ્ધના એક પ્રસંગમાં ચાર અમેરિકન સૈનિકો જીપગાડીમાં બેસીને જંગલના એક સાંકડા રસ્તાપરથી પસાર થઈ રહ્યા હતા. દરમ્યાન ઓચીંતા સમાચાર મલ્યા કે

એજ રસ્તા ઉપર થોડે દૂર દુશ્મનોનો પડાવ છે. આ સૈનિકો તરતજ પાછા ફરે છે. ત્યાંથી જ પલાયન થઈ જવાય તો જરૂર બચી શકાય તેમ છે. પરન્તુ ગાડી ફેરવવા માટે સાંકડા રસ્તામાં જગ્યા હતી. અને રિવર્સમાં લેતો ધીરેથીજ ચલાવી શકાય એટલે એ રીતે પણ બચી શકાય તેમ હતું. આવી વિષમ પરિસ્થિતિમાં આવી પડેલા ચાર સૈનિકોએ પળમાત્રમાં નિર્ણય લીધો ચારે સૈનિકો બહાર કૂદી પડયા ગાડી ચારે ખૂણેથી પકડી ઉંચી કરી અદ્ધર ઉંચી કરીને ગાડીનું મુખ ફેરવી કાઢયું પછી નીચે મૂકીને અંદર ચડી બેઠા પૂરા વેગ સાથે ત્યાંથી નાશી છૂટયા પોતાના સાથીદારો હતા. ત્યાં સહી સલામત પહોંચી ગયા પછાથી પોતાના પરાક્રમની વાતો લોકોની સામે રજુ કરે છે. કિન્તુ એ વાત માનવાને કોઇ તૈયાર નહિ હતું. જીપગાડી તો ભારે છે. ચાર માણસો અદ્ધર ઉપાડીને ફેરવીજ ન શકે માટે આ ખોટી વાત છે. ઉપજાવી કાઢેલી જણાય છે. ગપ્પું જણાય છે. હયો ત્યારે તમારી વાત સાચી હોય તો કરી બતાવો. જીપ અહિંયા જ ઉભેલી છે. અને તમે લોકો ચારે જણાઓ પણ અહિંયાંજ છો ! તમે લોકોએ કલાક પહેલાં જ જીપને અદ્ધર ઉપાડી હતી તો હવે તેજ જીપ અમારાં દેખતાં ઉંચકીને બતાવો એટલે તમારી વાત માન્ય કરીએ વાત વ્યવહારની હતી એટલે ખુશીથી કરી બતાવવા તૈયારી બતાવી ગાડીની પાસે ગયા. ચારે જણા ચારે કોણાપર ગોઠવાઈ ગયા. ઉચકવા ઘણીજ કોશીષ કરી

જોઈ અને જુસ્સો ચલાવ્યો પરન્તુ એક ઇંચ પણ ઉંચી કરી ન શકયા. થોડા ટાઈમ પહેલા આ સૈનિકોએ આ ગાડીને ઉચકી લીધી હતી અને એમ કરવામાં ન આવ્યું હોત તો કદાચ જીવવું મુશ્કેલી ભરેલું હતું.

હંમેશાં એકવાર કરવામાં આવેલું પરાક્રમ બીજી વાર કરી બતાવી ન પણ શકાય પહેલી વાર સહેજમાં ઉપાડી શકયા હતા. અને હવે પછી નાશીપાંશ કેમ થયા ! કારણમાં પહેલી વારના તબકકે જીવન મરણનો પ્રશ્ન હતો માટે એ વખતે વિક્રમ તોડયો હતો. અને હવે માત્ર સામાન્ય પ્રશ્ન હતો. તદનુસાર તમારી જીવન ગાડીનું મ્હોં ફેરવવાનું છે. પ્રવાસની દિશા બદલાવવાની છે. સ્વાર્થની દિશા તરફ નિવૃત્ત થઇને પરમાર્થ તરફ કરવાની છે.

મોહ તરફ છે. તે મોક્ષ તરફ લઇ જવાની છે. તમારા નિજ બાહુમાં તાકાત છે. તો તમે તમારી જીવન ગાડીને અદ્ધર કરીને તેનું મ્હોં ફેરવી કાઢો યાદ રાખો આગળ દુશ્મનો ઊભા છે. તમને ખબર પડે તો આ રસ્તો સર્વ નાશ તરફ ઘસડી જનારો છે. એની ચોકસાઇ થયા પછીથી તમે તમારા રસ્તાની દિશા બદલો તેમાંજ તમારા જીવનને ધન્ય ધન્ય બનાવો.

(૪૩)

હંમેશાં કાળજું કુણું થયા વિના પ્રચંડ પાપના પૂરમાંથી ઉગરી શકાતું નથી. 'દીકરો અને મા' આ પ્રસંગ રંગ સાંભળવા જેવો છે. ખરેખર ધડો લેવા લાયક જ છે.

સેવાઇ ગયેલા પાપને મારે કેટલો ડંખ છે. તેનો આ પ્રત્યક્ષ પૂરાવો છે. સહજ છે. કે તીવ્ર પાપોદયે પ્રાણી પ્રાજ્ઞ હોવા છતાં પટકાઈ જાય આખરે તાન શાન અને શુદ્ધિ આવતાં બુદ્ધિનો સદ્વ્યય ન કરે તે શું માનવતા મંચપર બેસવાને લાયક છે ? અરે માનવ ! તારામાં બુદ્ધિ છે. શુદ્ધિ છે. શક્તિ છે. શૌર્ય છે. તો પછી તેનો ઉપયોગ કાં ન કરે ! આખરે બુદ્ધિ એવં સુમતિ પોતાનું કર્તવ્ય કરે જ જતી હોય છે. પ્રચંડ પાપાત્માઓની પણ શાન ઘડી ભરને માટે ઠેકાણે લાવી મૂકે છે. તે વખતે સમજીને શાણા અને સુજ્ઞ માણસે પોતાના પ્રચંડ પાપોનું પ્રાયશ્ચિત લેવાને માટે તૈયાર થઈ જવું જોઇએ. એક ગૌતમ નગરમાં જૈનો સારી સંખ્યામાં વસે છે. અવાર નવાર સદ્ગુરૂ મહારાજાઓનો સત્સમાગમ ચાલતો રહે છે. લગભગ ગામના નાગરિકો પ્રવચનનું પાન કરવા માટે સત્પુરૂષોનો સંપર્ક સાધતા હોય છે. ગુરૂભગવંત પણ પાણીનો ધોધ વહેવડાવી રહ્યા હોય છે. અને જનતા પણ સમ્યકરીત્યા બોધની શોધ કરી રહી હોય છે. એક ભાઇ પ્રતિદિન પ્રવચનનું પાન ખુબજ આતુરતાથી કરે સવારના સમયસર અપાતા આર્હત આખ્યાનમાં આવ્યા શિવાય ભાગ્યેજ કોઈ બજારમાં ધંધા-ર્થીય નિકળી પડે ઉપાશ્રયમાં જનતા જામેલી છે. આખ્યા-નનો એક અંક પરિપૂર્ણ થાય છે. ગુરૂભગવંત પોરિસી ભણાવે છે. શ્રીમતી સરલા બહેન કોકીલ કંઠે ગહૂંલી

જાય છે. આ બધો કાર્યક્રમ પૂર્ણ થતાં ગુરુરાજ પચ્ચક્ખાણ આપે છે. નગરમાં કેટલીયે બહેનો શ્રી વર્ધમાન તપની ઉજ્વલ આરાધના કરી રહી છે. એટલું જ નહિ. કિન્તુ લગભગ ઘરોમાં મા અને દિકરી, સાસુ અને વહુ દેરાણી અને જેઠાણી, આરાધનામાં જોડાયેલાં છે. ધન્ય ધન્ય જીવન કોઇપણ નગર કે ગામમાં અવિરત આયંબિલ તપની નિર્મલ આરાધના થતી રહે તે ગામ કે નગરમાં રોગ શોક કે દુઃખ દારિદ્ર આવે જ કયાંથી? ગુરૂભગવંત ઉપવાસ આયંબિલનાં પચ્ચક્ખાણ કરાવીને પ્રવચનના બીજા અંકમાં પ્રવેશ કરે છે. ત્યાં એકાએક એક પુરૂષ અને એક સ્ત્રી ઉભી થાય છે. હૈયા હળવાં કરીને વેધક વાણીમાં પાપોની પાછળ રાખવામાં આવતા પડદાઓને ચીરીને થઈ ગયેલા અત્યાચારની આલોચના લેવા માટે ગુરૂભગવંતને વિનવણી કરી રહ્યાં છે. ભગવન અમને પ્રાયશ્ચિત આપો! અમારા અધમ જીવનમાં એક ઘોર પાપ સેવાઈ ગયું છે. પરસ્ત્રી ગમન કર્યું છે. અને તે નજીકના જ સંબંધમાં છે! ગુરૂ ભગવંત પૂછી રહ્યા છે! શું મામી છે, માસી છે? કાકી છે! કે ભાભી છે! નહિ નહિ ગુરૂરાજ કલ્પાન્ત કાળ જેવું કાળજું બનાવીને બોલી રહ્યા છે! ભગવન્ જેના ઉદરમાં હું નવ નવ મહિના આળોટેલો છું જેના ઉદરથી હું જન્મ લઈ ચૂકયો છું તે આ મારી જનેતા છે. જેનું મેં સ્તનપાન કર્યું છે. તેજ આ માતા સાથે મારાથી વ્યભિચાર સેવાઇ ગયો છે. કકળતા કાળજે અને

અશ્રુભીની આંખો એ ગુરૂજી સામે પાપોની ક્ષમા યાચી રહ્યો છે. અરે વાંચક આ કરૂણ કહાણી તું વાંચી રહ્યો છું તો જરા વાંચીને વિચાર કર, ઉંડું ઉંડું ચિંતન કર તું પગલે પગલે પાપના પડીકા બાંધી રહ્યો છું કર્મના કોથળા ભરી રહ્યો છું તો તેનો તારા દિલમાં દર્દ છે. ડંખ છે! યદિ છે. તો તારૂં બધું જ કાર્ય છોડીને તૈયાર થા અને ચાલ્યો જા ગુરૂભગવંતની સામે પોતાના પાપોનું પ્રાયશ્ચિત લઈને જીવનનું સંશોધન કર કેમ બરાબર ને! આ વાત તને ગમે છે. શું! યદિ ગમે છે. તો તારો ઉદ્ધાર તારી સામે છે. ગુરૂભગવંત આ ઘોર પાપનું છે. કંઈ પ્રાયશ્ચિત આવે તે કૃપયા ફરમાવે જોઇ લ્યો દિલમાં પાપ કેવું જંખી રહ્યું છે. તેનો આ પ્રત્યક્ષ પૂરાવો છે. આજે કેટલાક માણસો પોતાના પાપને છૂંપાવવા માટે એક પછી એક પડદાઓ પાડી રહ્યા હોય છે. પાપ થઇ જવું એ જુદી વાત છે. અને પાપ કરીને છૂપાવવું એ ભયંકર ગૂન્હો છે. વિષને વધારવા જેવું જાલીમ કૃત્ય છે. આખી દુનિયાની વસતી સવા બે અજબની છે. તે તમામ તમારા પાપને જોવાના કે સાંભળવાના નથી જ કદાચ પાંચ પચાસ પાંચસો નીકળી આવવાની શકયતા કહી શકાય અને તેનાથી પણ પાપ છૂપાવવાની સાઠમારી શા માટે જોઇએ. તમારા દિલમા એકજ દુર્ભાવના છે કે મારા પાપને કોઇ ન જાણે એવી મેલી રમતોની રમઝટમાંજ મસ્ત બનેલા માનવીઓની કેવી અવદશા હોય છે. એવી યોજનાઓ કે

ચાલાકી કરવામાં આવે છે. પરન્તુ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વીશ ક્રોડ કેવલીઓ તમારું પાપ જોઈ જ રહ્યા છે. તેનું કેમ માટે કરવામાં આંવતા પાપોને છૂપાવવા માટેના પડદાઓ નહિ જોઇએ. આ લોકોને ગુરૂજી યોગ્ય પ્રાયશ્ચિત આપે છે. માત્ર ભરસભામાં ઉભા ઉભાજ માત્ર એક એક નમસ્કાર મહામંત્રની માલાએ ગણવાનું સૂચન કરવામાં આવે છે. અને આ લોકો હળવા હૈયાથી અને કોયલ ભર્યા કાળજાથી આપવામાં આવેલી આલોચનાને આવકારી લે છે. ખરે પશ્ચાત્તાપ તેનું નામ છે. કે પાછળથી તાપ ઉત્પન્ન થાય છે. અને તેમાં કર્મ કાષ્ટને જલાવી દેવામા આવે છે.

(૪૪)

ચાર નહિ કરતાં બે કર્યા, કર્યા નહિ લાંબા કાન
પૂંછ નહિ કરતાં મૂછ કરી ભૂલી ગયો છે ભગવાન

ખરેખર આ તીક્ષ્ણ કટાર માનવ જાત માટે પર્યાપ્ત છે. ક્યારેક પશુની દૃષ્ટિએ માનવ ઘણી વખત અધમતાની અવદશા ઉપર જાય છે. એ કેટલું બેહૂંદું છે. માટે જ ઉપરના સાદા અને સરલ દોહરામાં જે કથન કરવામાં આવ્યું છે. તે તદ્દન અસત્યથી વેગળું છે જ. સાથે જ અધપતાની અવધિને ઉલ્લંઘન કરનારા માનવનો કોઈ કલાસ ખરો ? અવધિ કે મર્યાદાની માવજત નીચે રહીને કંઈ પણ કદાચ કરવામાં આવે તો સહ્ય કહી શકાય ! કિન્તુ મર્યાદા કે અવધિની આત્યંતિક અવગણના કરનારા કલ્પાન્ત કાળના કોળિયા બને તેમાં આશ્ચર્ય શું ?

કોઇ એક દેશની એવી કાલ્પનિક દંત કથા ચાલી રહી હતી. કે પરમાત્માએ જાતજાતના પ્રાણીઓને અલગ અલગ આકૃતિ આપીને પૃથ્વીપર છોડી મૂકયાં હતા રસ્તામાં મનુષ્ય બળદ શ્વાન, બગલો અને ઉંટ આકસ્મિક એકત્રિત થઇ ગયાં અને તેઓ પરસ્પર વાતો કરવા લાગ્યાં. વચ્ચે આયુષ્ય વિષે ચર્ચા થવા લગી પહેલાં મનુષ્ય પ્રાણી બોલી ઉઠયું. અરેરે ! મારી આવરદા માત્ર વીસ જ વર્ષની છે. શિવાયના પશુઓએ પોતપોતાની આવરદા ૪૦ વર્ષ બતાવી રહ્યા છે આ સાંભળીને મનુષ્ય પ્રાણીના અંતરમાં આગ લાગી અરે અરે ઇશ્વરને ત્યાં આવો અન્યાય ! મનુષ્ય પ્રાણી કરતાં પણ પશુઓની આવરદા બમણી આ કેવો ઘોર અન્યાય ! ભગવાને કેવી ભૂલ કરી છે ! માનવ જ્યારે પારાવાર ખેદ કરી રહ્યા છે. ત્યારે એક પછી એક પશુઓ બોલી ઉઠયાં હે માનવ તું ચિંતા ન કરીશ. અમારી આવદામાંથી અડધી અડધી જિંદગી અમે તને સહર્ષ સમપર્ણ કરીએ છીએ. અમારા માટે તો વીશ વીશ વર્ષો ઘણાંજ છે. ખરેખર અમારા વીશ વીશ વર્ષો મલતાં તારૂં આયુષ્ય સો વર્ષનું પરિપૂર્ણ થશે. બસ માનવ પ્રાણીને આટલુંજ જોઇતું હતું. આ સાંભળીને માનવના હયામાં હર્ષ ઉભ. રાઈ આવે છે. આ તરફ પશુઓ પણ પોતાનાં દુઃખોથી ભરેલા વર્ષોની વહેંચણી કરીને રાજીનાં રેડ થઇ ગયાં. બસ આં પ્રયોગના પરિણામે માનવ પોતાનો પાઠ મૂકીને દાનવનોજ પાઠ કરવા લાગ્યો. પહેલાનાં વીશ વર્ષો સુધી

માનવ માનવતા તરીકેનો પાઠ કરતો જ રહ્યો. માનવ જન્મને સફલ બનાવનારી સાધક ક્રિયાઓમાંજ સાવધાન રહ્યો કિન્તુ બરબાદ કરનારી બાધક પ્રવૃત્તિઓની સામે પીછેહઠ કરી માનવતાને ઉજવલ બનાવી જનતાને માટે આશીર્વાદરૂપ નીવડયો. વીશ વર્ષ પછી પરણીને ગૃહસંસારનું સંચાલન શરૂ કર્યું. ત્યારે દ્વિપાદમાંથી ચતુષ્પાદ બન્યો. એટલે કે બીજા વીશ વર્ષો સુધી બળદની માફક રાતદિવસ કાળી અને કડક મજૂરી કરીને બળદનો પાઠ કરતો રહ્યો. તત્પશ્ચાત્ ચાલીશ વર્ષો પછીથી બાલ બચ્ચાઓ અને સગા સ્નેહીઓની વણઝાર વધતી ચાલી એટલે માનવ હવે પછીથી કુતરા તરીકેનું જીવન વીતાવવા લાગ્યો. કયારેક પોતાની પત્ની ઉપર ગુસ્સો ઉતારે. કયારેક પુત્ર ઉપર, કયારેક આડોશી-પાડોશી સાથે ભસવા માંડે. અરે માનવ તું ભસવાનું છોડી દે અગર કરવું જ છે. તો ભાષણ કર અને તે પણ જોઇતું જ કિન્તુ આજના કેટલાક માનીઓ વધુ પડતું બોલવામાંજ હોંશિયારી સમજતા હોય છે. બીનજરૂરી વધુ પડતું બોલવું તેજ ભસવું કહેવાય છે. મૌન જેવું મૌલિક તત્વ કેવલ માનવને માટેજ છે. સમજી શોચીને મૌન તત્વનું આસેવન કરવું. એકાન્તે હિતાવહ છે. શ્વાન તરફથી મળેલી અનુપમ ભેટને ભોગવવાનાં વર્ષો વીતી રહ્યા છે. ત્યારે મનુષ્ય પ્રાણી પોતાના પરિવારને કરડવા દોડતો હોય છે. સાઠ વર્ષ પછી મનુષ્ય પ્રાણી બગલાના પાઠની પારાયણ શરૂ કરતો હોય છે.

એક હાથમાં માળા હોય છે અને હૈયામાં લાળા હોય છે. બગલાનું ધ્યાન કેવલ માછલા ઉપરજ કેન્દ્રિત થયેલું હોય છે. તેમ આ વયે માનવનું મન આળપંપાળમા લાગેલું રહે છે. અને એંશી વર્ષની વય પૂર્ણ થતાં જ માનવ પ્રાણી, ઊંટના જેવી દશામાં ડૂબતો હોય છે. તેમાં પ્રત્યેક અંગોપાંગ વાંકા ચૂકા હોય છે. આ રીતે માનવનો સર્વોત્તમ અવતાર પામેલો હોવા છતાં માનવ પ્રાણી પશુઓના જેવી પાશવી વૃત્તિની પાછળ વિનાશ પામે છે. પરિણામે મોતનો ઘંટ વાગતાંની સાથે વિશ્વમાંથી વિદાય લે છે.

(૪૫)

રાજસ્થાનમાં ભીનમાલ એ પ્રાચીન નગરી મનાય છે. જે પુણ્ય ભૂમિમાં મહાન જ્યોતિ ધરો એવં પ્રકાંન્ડ પંડિતોનો પાક થયેલો હતો. એટલું જ નહિ કિન્તુ અનંત લબ્ધિના વિધાન ગૌતમ ગોપી ઇન્દ્રભૂમિ જેવા ગણધરની તપોભૂમિ, ભીનમાલ નગરી મનાતી હતી. આજે પણ, ભીનમાલમાં ગૌતમી તલાવ જે ગોલાણી નામથી સુપ્રસિદ્ધ છે. સિવાય આધ્યાત્મિક, ઉપન્યાસકાર 'ઉપનિતિ તવપ્રપંચા જેવા ગૌરવાન્વિત ગ્રન્થના નિર્માતા શ્રી સિદ્ધર્ષિ ગણી એવં કવિવર માઘ જેવા સાહિત્યકારોએ ભીનમાલ જેવી ભવ્ય ભૂમિની ગોદમાં જ જન્મ ધારણ કર્યો હતો. ઉપરોક્ત બંને કાકાના દીકરા ભાઈ થતા હતા. કવિવર માઘે, પોતાની અજોડ વિદ્વત્તાથી લાખોની સંપત્તિ સંપ્રાપ્ત કરી હતી. આ સઘળી સંપત્તિ દરિદ્ર નારાયણોની સેવામાં

ખર્ચી એક અજોડ દાનવીર તરીકેની નામનાથી અલંકૃત થયા હતા. કવિવર માઘની રીત રસમ કોઈ અદ્ભૂત અને અનોખી હતી. તેઓના વિચાર વાણી અને વર્તનમાં અપૂર્વંજાદુ હતું. તેમના આંગણે આવી ચડેલો અભ્યાગત ભાગ્યેજ પાછો જતો. તેઓના ગૃહાંગણે અવિરત દાનની ગંગા વહી રહી હતી. જ્યારે તેજ પુણ્યભૂમિ સિદ્ધર્ષિગણી પેદા થયા હતા. જેઓ જૂગાર જેવા ઝેરી વ્યસનોને વિવશ થયેલા હતા. આવા વિદ્ધજજનો જ્યારે ભૂલ કરી બેસે છે. ત્યારે વચ્ચે ઉભી કરવામાં આવેલી દીવાલને પણ તોડી પાડે છે. અને સમયનો પરિપાક થાય છે ત્યારે જ્ઞાન અને ક્રિયાની પાંખો પ્રસારીને અનંત ગગનમાં ઉડ્ડયન પણ કરી શકે છે. હર હંમેશાં આ પ્રમાણેનો કાર્યક્રમ ચાલતો હોવાથી મોડી રાતનાં ઘરે આવે તેઓની ધર્મપત્ની આ બધું સહી રહી છે. ગમે તેવી પ્રતિકૂલતાને પચાવી દે તેવી પ્રેમદા હતી. ખરેખર આવી પ્રેમાળ પ્રેમદાઓથી જ પૃથ્વી પુણ્યવતી મનાય છે. દુર્બલા થતી દયિતાને જોઇને ડોશી મા પોતાની સ્નેહાળ સુત સિમન્તનીને પૂછીને પત્તો મેળવે છે.

ત્યારપછીથી ડોશીમા નિર્ણય લે છે કે આજસુધી હું અંધારામાં રહી. પરન્તુ હવે મારે મારા પુત્રની ખબર લેવી જ પડશે. એકવાર ઘોર અંધારી કાળી કાળજડી રાતલડીના બાર વાગે બહાર આવીને દરવાજા ખખડાવે

જાય છે. કિન્તુ તેમની માતાજીએ નિર્ણય લીધો છે. કે આજે મારા દીકરાની બરાબર ખબર લઈ લઉં. બરાબર સાલમ પાકનો સ્વાદ ચખાડી દઉં મારા પેટમા આળોટેલા અપત્યની આવી અવદશા મારાથી કેમ સહી જાય. :જનની જણજે ભક્તજન, કાં દાતા કાં શૂર, નહિ તો રહેજે વાંઝણી મત ગૂચાવીશ નૂર' આમાં ખોટુ શું છે! આપણા દીકરાઓ દયાલુ અને દાતા ન બને તો વ્યર્થ જન્મ છે. તે નાક કટાઓનો, આપણાંજ સંતાનો અગર જનતાને માટે આશિર્વાદ રૂપ ન બને તો ખરેખર ભારતમાં એક ભારરૂપ છે. તેવા નાદાનોથી આ પૃથ્વી ભારવતી છે. વિરાટ પર્વતો અને સાગરોનો ભાર પૃથ્વીમાતાને નથી. કિન્તુ આવા હરામી હીચકારા અને હલકટ માણસોના ભારથી ભારત ભૂમિ દબાતી જાય છે. માતા મનમાં મંથન કરી રહી છે. કે 'દયાલુ ને દાતા તે પામે સુખશાતા' આ સનાતન સૂત્ર શો ટચના સોના સરીખું છે. મારા આંગણાંને ઉજવલ બનાવે તેવો પુત્ર જોઇએ. આવા દુર્વ્યસનોના દરિયામાં ડૂબેલો દીકરો મારે ન જોઇએ. ન જોઇએ. વાંચક જરા ઉંડું ચિંતન કરવાની તકલીફ લે. માતા આવી હોવી જોઇએ. હંમેશાં આવી. માતાંઓથીજ આયાર્વત ઉજવલ છે. ભારતની ભવ્યતામાં વધારો થાય છે. માતાઓ હો તો આવી હો જે પોતાના પુત્રોને સુંદર સંસ્કારોની સજાવટથી સુશોભિત બનાવવા માગતી હોય, આ ભાઈ 'સાબ' બહાર ઉભા ઉભા બારણા ઠોકી રહ્યા છે. પોષ મહિનાની

કડકડતી ઠંડીમાં કાયા કંપી રહી છે. છતાં માતાજી બારણાં ખોલવા તૈયાર નથી. આ હતી વીરાંગના ખરેખર વીરાંગનાઓ પોતાના પુત્રને વૈરાગ્યના રંગે રંગી નાંખવા હરપળે તૈયાર હોય છે. આજે તો માતાજીનો સંપૂર્ણ નિર્ણય હતો. કે કદિ પણ સંયોગોમાં ઘરનાં દ્વાર નહિ જ ખોલવામાં આવે એ નાદાનને પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવા દો છેવટે માતાજીએ સનસનારી ભરેલું રોકડું પરખાવી દીધું કે જયાં ખૂલ્લાં દ્વાર હોય ત્યાં ચાલ્યો જા. બસ આ શબ્દોએ ભાઈસાબના અંતરમાં જાદુઈ અસર ઉપજાવી કોઇ અપ્રતિમ પુણ્ય પળે પાછાં પગલા ભર્યાં કે તેને પોતાનાં ઘરના દ્વાર સામે નજર સરખી પણ નાખી નહિ એટલે કે પાછું વાળીને જોયું નહિ મહાન તરીકેની ખ્યાતી મેળવનાર માનવ ત્યાજય કરવામાં આવેલી માયા તરફ પાછી નજર ફેંકતો નથી. જ પ્રભુ પંથે પગલા ભર્યાં તે ભર્યાં તેને પાછું વાળીને જોવાની જરૂર શી ! કાળ જડી મેઘલી શી રાતનાં ઇતસ્તતઃ રોન મારી રહ્યો છે, પરિણામે જૈન ઉપાશ્રયના મંગલ દ્વાર ખૂલ્લાં હતાં, ત્યાં હર્ષ ભર્યાં હૈયે એકાએક જઇ પહોંચે છે.

ત્યાં ગુરૂદેવ આચાર્ય ગર્ગરૂષીશ્વરનાં શ્રી ચરણોમાં પોતાનું જીવન પુષ્પ ધરી દે છે ઉછળતા ઉમંગે આર્હંત દીક્ષાની શહર્ષ સ્વીકૃતિ કરે છે.

વિદ્વજજનોની પરિષદમાં અગ્રગણ્ય તરીકે ગણાતા આ સિદ્ધર્ષિ ગણીએ ઉપમિતિ વ્યવ પ્રપંચા કથા ૧૬૦૦૦ શ્લોક પ્રમાણ જનતાને અર્પણ કરી છે.

(૪૬)

ભૌતિક વૈભવનો વિનાશ થતો અટકાવવા માટે માનવ જાત કેટલાં વલખાં મારી રહ્યો હોય છે કેમકે તમારી નજરમાં ભૌતિક વૈભવનો જ વાસ છે દુન્યવી માયાની છાયા તમારા નયનોમાં પડેલી છે દુન્યવી માયાનું જ મહત્વ સમજાય છે તેમજ વધુ વજન આપી બેઠેલા છે. તેજ માયાનાં મૂલ્યાંકન અંકાઈ રહયાં છે, પછી વીતરાગની માયાના મૂલ્યાંકન તેમાંથી અંકાય. અનિત્ય અસ્થિર અને ક્ષણ વિનાશી રતનનું જતન કરવા માટે માનવી કેટ કેટલા પ્રયાસો કરી રહયો હોય છે કોઈ એક ગ્રામીણ માણસ ધંધાકીય દષ્ટિએ દેશાવર ગયેલો હતો. સદભાગ્ય યોગે સારી એવી સમૃદ્ધિ સંપ્રાપ્ત કરી. જયારે જવાનો સમય થાય છે ત્યારે કિંમતી રત્નો લઈને પોતાના ગામ ભણી નિકળી પડયો છે વચ્ચે ભયંકર ઘોર જંગલનું ઉલ્લંઘન કરવું ખતરનાક હતું. ડકૈતી કરનારા ડાકૂઓનો અધિકાધિક ભય હતો

આ ગામડીયો ચાલાક અને ચતુર હતો સાથે લીધેલાં રતનનું જતન કઈ રીતિએ કરવું તેની શોધખોળ કરવા લાગ્યો એક મજાનો પ્લાન મલી ગયો શરૂઆતમાં પોતાનાં અસલી રત્નોને એક સુન્દર વૃક્ષના મૂળમાં ખાડો ખોદીને મૂકી દેવામાં આવ્યાં એવી સુંદર જગ્યા શોધી કાઢી હતી. કે ત્યાં કોઈ પહોચી શકે નહિ તત્પશ્ચાત્ વાંસળીમાં નાના પત્થરના પીસ ભરી કમ્મરે બાંધીને ચાલવા લાગ્યો હું

રત્નો લઈને જઈ રહ્યો છું આ પ્રમાણે બૂમો પાડતો જાય અને પાછો ફરે રસ્તામાં ડાકુઓ મલ્યા ચેકીંગ કરવામાં આવ્યું તો વાંસળીમાં પત્થરના પીસ જોવામાં આવ્યા ડાકુઓએ નકકી કર્યું કે આ માણસ પાગલ છે. પાગલને જવા દો એને રસ્તે બસ આ રીતિએ આ વ્યાપારી શરૂઆતમાં ગાંડો બનીને પણ પોતાના ધ્યેય પાર પાડયું મહામહેનતે મેળવેલાં અસલી રત્નોને લઇને પોતાને ગામ સહીસલામત, પહોંચી ગયો. આવી રીતે પોતાની જાતને ગાંડી કરી ગાંડામાં ફૂટાઇ જનાર મૂર્ખ કે ડાહ્યો કહેવાય. બોલો મહાશય! તમારી દૃષ્ટિએ આ માણસ તમને ગાંડો લાગે કે ડાહ્યો લાગે? તમે વિચારશો તો જરૂર લાગશે કે આવી ભયાનક અટવીમાંથી એકાએક પસાર થવા માટેનો કેવો સુંદર કીમીયો છે. વાહ વ્યાપારી વાહ આ વ્યાપારી પણ વણિક છે. અને વણિકની બુદ્ધિ અગમ્ય કોયડાનો પણ ઉકેલ કરી શકે છે. માટેજ વણિક ચાલાક અને ચતુર મનાય છે.

આ એક સામાન્ય વાર્તા પણ લોકોને સુંદર સંદેશો આપતી જાય છે. વ્યાપારીએ મહા મહેનતે મેળવેલાં અમૂલ્ય રત્નોને લઈને પોતાના મૂળ સ્થાને પહોંચવા માટે કઈ રીતિએ કેવી પ્રયુક્તિઓનો પ્રયોગ કર્યો છે. તેવી રીતે તમને જનમ જનમના પૂણ્યોદયે મળેલા ધર્મરાજાનું ચેન કેન સંરક્ષણ કરીને પણ પોતાના મૂળ સ્થાનમાં જઇ પહોચવા માટે પ્રાણવંતા પુરૂષાર્થની જરૂર છે. આ વ્યાપારી

ઘોર ભયાનક અટવીમાં આંટા ફેરા કરી રહ્યા છે. પોતાની જાતને ગાંડી ઘેલી બનાવે છે. આ રીતિએ મુશ્કેલીઓ વચ્ચેથી પણ કેવો સુગમ માર્ગ શોધી કાઢે છે. તેમ તમે લોકો પણ ધર્મ રાજાની મહત્તા મૌલિક્તા અને મહર્ધતા સમજતા હોતો કોઇ પણ સંયોગોમાં ધર્મરાજાનું સંરક્ષણ કરવું અતિ આવશ્યક છે. કિન્તુ તમે તમારા જીવનની નેયા કેવલ દુન્યવી પદાર્થોની પાછળ વહેતી મૂકી છે. ભલે ભાંગીને ભૂકકો થઇ જાય તેની પરવા નહિ પરન્તુ તમારા જીવનનું સમ્પૂર્ણ વલણ વિશ્વંભરના વિવિધ પદાર્થો તરફ તડપી રહેલું હોય છે. ત્યાં પછી ધર્મ મહારાજાની મૌલિક્તા સમજવી સહજ નથી.

(૪૭)

તમે તમારા ઘરને સ્વર્ગનું સદન બનાવી શકો છો અને નરકાગાર પણ બનાવાં શકો છો. પરસ્પરના ઘર્ષણો અને દુરાગ્રહો દ્વારા તમે તમારા ઘરને કલેશનું કેન્દ્ર બનાવી મૂકો છો. પરસ્પરના દુરાગ્રહે હઠ અને જીદની જવાલામાં ઝડપાઇને પોતાનો દુરાગ્રહ છોડતા નથી પરિણામે જીવન નીરસ નિષ્કર્મ અને નીગમ જેવું થતું જાય છે, કવચિત કોઈ નગરમા પતિ પત્ની વચ્ચે વિસંવાદ ચાલ્યો જેની સીમા નહિ પતિનું સૂચન છે કે આજકાલ ધંધાકીય મુશ્કેલીઓનો પાંર નથી, રાજકીય રમતોની રમઝટમાં કઇ વ્યાપારીઓના રામ રમી જતા હોય છે. એટલે આપણે તો પુત્રને વકીલની ડીગ્રી પાસ કરાવીશું

સામે પત્ની પોતાનું પ્રાક્કથન શરૂ કરી રહી છે કે નહિ નહિ એ નહિ જ અને મારે તો દીકરાને ડોકટર બનાવવો છે. કેમ કે હું લગભગ કાંયમને માટે બીમાર રહેલી હોઉં છું એટલે હંમેશ ડોકટરની પાછળ પૈસા ખરચવા- માંથી ઉંચાજ નથી. આવતા માટે આ બધું જ ખોટું ખર્ચ બચાવવા માટે મારે તો મારા દીકરાને ડોકટર જ બનાવવો છે. આ રીતે એ દંપતી વચ્ચે દંતકલહ રોજ બરોજ ચાલતો જ રહે. બહુ લાંબા સમયના અંતે એઓના આંગણે એક શ્રીમાન ઇન્સાન આવી ચડયો આ લોકોએ આગણે આવી ચડેલા ભાઈને તટસ્થ માનીને ઝઘડાનો અંત લાવવા વિનવણી કરી. આ ભાઈએ ઝઘડાનું કારણ પૂછયું ત્યારે આ ભાઇને સત્ય હકીકત જાણવા મલી. પછી આ ભાઈ કહે છે કે તમે બંને જણ ઘડી ભર થોભો હું તમારા દીકરાનેજ પૂછી જોઉં એટલામાં આ લોકોના મોંમાંથી હાસ્ય વેરાઇ ગયું કેમકે તે બંનેની આશાના આધાર સમા સુતરામનો જન્મ જ થયો હતો. તેઓના આંગણે અદ્યાવધિ કુલ દીપક દિનકરનો ઉદયજ થયો નહિ હતો. 'છાશ છાગોળે ભેંસ ભાગોળે અને ઘરમાં ધમાધમ' આ રીતિએ દુનિયાના કેટલાયે આવા અઘોરપંથી માણસો નિષ્કારણ તણુતણાટ અને છણુછણાટની પાછળ જીંદગી બરબાદ કરી રહ્યા હોય છે. કેટલાયે નામદારો કાલ્પનિક કલહમાંજ કૂટાઈ રહ્યા હોય છે.

(૪૯)

માંનવના મંચ ઉપર આવીને જમા થઈ ગયા છે તો પોતાના ઉચ્ચ અને ઉચ્ચતર અધિકાઓ ખ્યાલ કરતાં શીખો એકાએક માનવની ખુરશી પર બેસીને પોતાને મળેલા માનવંતા સ્થાન શોભાવવા પૂરતો પ્રાણવંતો પુરૂષાર્થ કરો જનમ જનમના પુણ્યોદયે માનવતાનું સુકાન તમારા હાથમાં સોંપાયું છે. તો તે સુકાનની શાન ન ગૂમાવો કેટલીક વખત માનવ પોતાના પુત્ર પરિવારની પાછળ પાગલ બનીને કેવળ આશાને અમર રાખવા માટે કેટલાયે તમાશા કરી રહ્યો હોય છે. કોઇ એક પિતા પુત્રની પાછળ કઈક અવનવી આશાઓમાં અટવાઇ મરે છે. તેનું આ જવલંત દૃષ્ટાંત છે. તે જરા વિવેક પુરસ્સર વાંચો અને વિચારો સાથે સાથે તમારી કંપનીના માણસોને સંભળાવો કોઇ એક ચાલાક અને ચતુર બાળકની માતા અવસાન પામે છે. તત્પશ્ચાત તેનો પિતા કડક અને કાળી મજુરી અને મહેનત કરીને પોતાનું અને પુત્રનું માંડ માંડ પોષણ કરતો હોય છે. બાળક જયારે ભણવાને લાયક બને છે. ત્યારે પિતાના અંતરમાં એક હળવો આચકો આવે છે. કિન્તુ આવા કપરા સંયોગોમાં પોતાના પુત્ર ને ભણાવવો કઇ રીતિએ તે એક સળગતી શમસ્યાને હલ કરવા માટેનો પ્લાન તૈયાર કરી રહ્યો છે. તેવામાં જ નગરના કેટલાક દિલદાર નાગરિકો વિચારી રહ્યા છે. કે આપણા ગામના પ્રેમચંદ શેઠનો પુત્ર બુદ્ધિમાન છે. અગર તેને

યોગ્ય સહારો અને સહકાર આપવામાં આવે તો તે બાલક જરૂર તૈયાર થાય ગામના સજ્જનો યોગ્ય સહકાર આપે છે. આ તરફ પરની આશા ઉપર નહિ જીવનાર આ જનક પણ પ્રબલ પુરૂષાર્થ કરી રહ્યો છે. તેની મહેનત અને મજુરી ચાલુ છે. બાળક ભણવામાં પાવરધો હતો ટૂંક ટાઇમમાં પ્રગતિનો પારો ઉંચો ચઢે છે. અને આગળ અભ્યાસ માટે આ યુવકને વિલાયત મોકલવામાં આવે છે.

વર્ષો પછી સ્વદેશ તરફ આવવાની તૈયારી કરે છે. અગાઉથી સર્વત્ર સમાચાર પ્રસરી જાય છે. બાપુજી પણ પોતાના ડીગ્રીધર દીકરાને લાયક તમામ તૈયારીઓ કરી રહ્યા છે. ડીગ્રીધરાવનારો દીકરો નીચે તો નજ બેસી શકે માટે આડોશી પાડોશીમાંથી માગી તાગીને પણ ખુરશીઓ ટેબલ વિગેરે લાવી મૂકે છે. આ નેક નામદાર નયન ભાઈ ગૃહાગણે આવી ચઢે છે. સમવયસ્ક મિત્રો મલવા આવે છે. મિત્રોની વચ્ચે આ નામદાર પોતાની ડીગ્રીનું ડીંડીમ વગાડી રહ્યા છે. ચીંથરેહાલ જેવી પરિસ્થિતિમાં પટકાયેલો તેનો પિતા ઘરની સફાઇ કરી રહ્યો છે. નયનના મિત્રો પરસ્પર મલે છે. મલતાંની સાથે હસ્ત ધૂનન (HAND SHAKE) વિગેરે કરે છે. તપશ્ચાત નયનના મિત્રો પૂછી રહ્યા છે. કે WHO IS THIS MAN આના જવાબમાં નયને બોલી ઉઠયો કે THIS MAN ISMY SERVANT વિચારી લ્યો આ દીકરો કે દીપડો કહેવાય. જે પિતાએ પોતાના પુત્રની પાછળ કેટલા અસહય કષ્ટો સહયાં એટલુંજ નહિ પુત્રને પ્રગતિના પંથે પાડવા માટે રક્ત રેડી

દીધું છતાં પુત્રને જરાય પડી નથી. બાપને બાપાજી તરીકે ઓળખાવવામાં લાજ આવે છે. આ અસર છે. માત્ર સંસ્કાર વિહોણા શિક્ષણની આજના ભણેલાઓ શાતિલાલ h, Shah, પ્રવીણચન્દ્ર, P, Shah, વિગેરે પોતાની જાતને ઓળખાવે છે.

(૪૯)

ઉપરોક્ત વાર્તાના અનુસંધાનમાં બનેલી એક સત્ય ઘટના, એક એજ્યુકેટેડ મુંબઇમાં એક ઓફિસમાં ડીગ્રી પાસ કર્યા પછી સર્વિસમાં જોડાયેલો હતો. એના વૃદ્ધ પિતાશ્રીને અથવા દીકરાની કમાણી જોવાના કોડ જાગ્યા આ ભાઇના પિતાજી મુંબઇમાં આવ્યા અને દીકરાની ઓફિસમાં મીલન માટે જઈ ચઢયો આ ભાઇ ગામડાના ગમાર જેવો જુની પદ્ધતિ મુજબ જુનો પોશાક પહેરેલો હતો. ઓફિસ સરે આ ભાઇને પૂછયું ભાઈ આ વૃદ્ધ કોણ છે ? પેલા ઉદ્ધંડ છોકરાએ જવાબ આપ્યો કે ThIS MAN IS MY COOK આ મારો રસોડાદાર છે. હર્ષ ભર્યા હૈયે બાપુજી પોતાના પુત્રને મલવા માટે મુંબઇ સુધી આવી ચઢયો બાપ અંગ્રેજીમાં અજ્ઞાત હતો. પણ અનુભવી જરૂર હતો. દરેકના મુખપર પથરાયેલા ભાવને પકડી શક્તો હતો. ઘણી વખત ભણતર કરતાં ગણતર વધી જતું હોય છે. પોતાના પુત્રના રંગ ઢંગ ને ધીંગાણો જોઇને મનમાં બધું જ સમજી જાય છે. છેવટે બાપાના હૈયામાં હિંમત આવી અને એકાએક બોલી ઉઠયો સાહેબ હું

તમારી ફારસી ભાષામાં કંઇજ જાણતો નથી. પરન્તુ એટલું સાંભળી લેજો કે હું એનો રસોડદાર નથી. પરન્તુ તેની માનો માંટી છું. ખરેખર આવા તોછડાઈ ભરેલા વર્તનથી ઓફિસસરને આ ભાઇ ઉપર નફરત આવી પરિણામે સાહેબે આ ભાઇને બરતરફ કરવામાં આવ્યા. વાંચક વિચારી શકે છે. કે કેવલ સંસ્કાર વિનાનું શિક્ષણ જીવનને કેવું સ્વાર્થનિષ્ઠ બનાવી મૂકે છે.

(૫૦)

એક સામાન્ય સાહજિક નિયમાનુસાર પોતાના ઇષ્ટના દર્શન પૂજન અને અર્ચનની પાછળ મુખ્યત્વેન તમારૂં મન અગ્રભાગ ભજવતું હોય છે. તન ભલે માંદુ પડેલું હોય તો પણ તે ભક્તજન તનની પરવાહ કરવા ઊભો નથી. રહેતો હંમેશાં મન ઉપર વિજય મેળવવો તેમાંજ ખરી મહત્તા છે. મનના મારેલા માણસો માયકાંગલા અને મડદાલ માનવો કયારેય પણ હોંશથી હર્ષથી ઉત્સાહથી કે ઉલ્લાસથી કંઈપણ કારવાહી કરી શક્તા નથી જ કોઇપણ નાનું મોટું કાર્ય અંતરનો ઉમળકો પહેલોજ માગી લે છે. આ વિષય છે. મનની તાજગીનો મન જેના તાજા તે હંમેશના સાજા અને રાજા, આ બાબતની દરેકને અહર્નિંશ અનુભૂતિ થતી હોય છે. એક સદ્‌ગૃહસ્થ શ્રીમાન અપના ગૃહાંગણે વ્યવસ્થિત રાખવામાં આવેલી મૂર્તિની પૂજા કરવાની તૈયારી કરી રહ્યો છે. શરદીની ઋતુ છે. તેજ સમયે એકાએક તેને શરદી થઇ આવે છે. છાતી વિગેરેમાં બામનુ

માલીસ કરી રહ્યા છે. તેજ વખતે આ શ્રીમાન ને અંતરમાં એક વિચારધારા ઉદ્‌ભવી કે મને શરદી થઇ આવી તેમ મારા ભગવાનને શું શરદી ન થઈ હશે તુરત જ વિના વિલંબે મૂર્તિ ઉપર બામ ઘસવું શરૂ કર્યું મૂર્તિમાંથી હુંકારવાદ જેવો અવ્યક્ત અવાજ સાંભળવામાં આવ્યો ક્યારેક પણ નહિ અને આજે મૂર્તિમાંથી અવાજ ઉઠેલો સાંભળીને હર્ષોલ્લાસમાં નાચવા લાગ્યો, પ્રભો આજે મારી ભક્તિ ફલવતી બની. પરન્તુ મને અશ્ચર્ય થાય છે કે પ્રતિદિન હું ચંદન કેશર અને અત્તરથી અહર્નિશ માલીશ કરતો જ રહું છું છતાં પણ કયારેય આ મૂર્તિમાંથી અવાજ સાંભળવામાં આવ્યો નથી. અને આજે એકાએક અવાજ આવવાનું કારણ શું ? મૂર્તિમાંથી પુનઃ અવાજ આવ્યો, ભક્તરાજ તમારું દુઃખ હું કયારે જાણી શકું ? તમે મારૂં દુઃખ જાણી શકો ત્યારેજ ને ? આ જાતની ભાવના તમારામાં આજે પ્રગટ થતી જોઈ અને તેથી જ મારામાં ચૈતન્યવંતો ચમત્કાર જોવામાં આવ્યો. એક દૃષ્ટિએ ઉપરોક્ત પ્રસંગ કાલ્પનિક ગણી શકાય. પરન્તુ તમારે આ ઉપનયમાંથી એ તારવાનું છે કે સામાસામી આવી ઉચ્ચ ભાવના કેળવવાની જરૂર છે અને આવી ઉદાત્ત ભાવના જ પરસ્પરનો સહકાર મેળવી શકે છે. સહકાર હંમેશાં બે હાથનો ગણાય છે. જયારે એક હાથનો તો ફક્ત તમાચોજ ગણાય છે. સારાંશમાં તમે લોકો તમારા દુઃખનેજ રડી રહ્યા છો. પરંન્તુ સામી વ્યક્તિની વેદનાને વાંચી શક્તા નથી. ત્યાં સુધી તમે દુઃખમાંથી મુક્તિ ક્યાંથી મેળવી શકશો ? અતઃ પરસ્પર સાથ સહકાર ને સંતોષ આપતા

ચાલો તો જરૂર તમારી નૈયા પેલે પર અવશ્ય પહોંચશે તેમાં કોઈ શક નહિં.

(૫૧)

તમારાજ આત્માની અંદર અચિન્ત્ય અગમ્ય અને અમાપ. શક્તિ ભરેલી પડેલી છે. તમારાજ આત્મામાંથી અનંત શક્તિના સ્રોત વહી શકે છે. એટલું જ નહિ પરન્તુ તમારો આત્મા અનંત શક્તિનો સ્વામી છે. તેમ જ જીવમાંથી શિવ બનવાની શક્તિ સંપાદન કરી શકો નરમાંથી નારાયણ બની શકો છો. તમે જ પામરમાંથી પરમ બની શકો છો. તમે જ જનમાંથી જનાર્દનનું રૂપ ધારણ કરી શકો છો. અને તમે સ્વયં પરમાણુમાંથી પર્વત જેવડું વિરાટ સ્વરૂપ ધારણ કરી શકો છો. કિન્તુ એ તમામ સુષુપ્ત શક્તિઓને સજાગ કરવાની પ્રક્રિયાએ તમારે જાતે જ કરવાની રહે છે. એક ભક્ત શિરોમણિ ભગવાનદાસ એને ગણપતિની પ્રતિમા ઉપર પ્રકૃષ્ટ પ્યાર હતો. નિઃસીમ સ્નેહ હતો. અસાધારણ આકર્ષણ હતું. પ્રતિદિન પ્રાતઃકાલમાં દર્શન પૂજન અને અર્ચન કરે જ કરે. એક દિવસ એવો ન જાય કે તેણે દર્શન, પૂજન અર્ચન કર્યાં ન હોય. એક સામાન્ય રીતિએ વિચારીએ તો પ્રાયશઃ પ્રતિદિન પૂજનાદિ કરનારનું સ્વાસ્થ્ય સુરક્ષિત રહેતું હોય છે. તેનું આરોગ્ય અવિરત એક સરખું જ ચાલી રહેલું હોય છે.

આ ભક્ત, હર હંમેશાં ગણપતિજીની મૂર્તિ સામે

નૈવેદ્યમાં લાડુ ધરે. કયારેક તે લાડુનો લાવો લેવા માટે એક ઉંદરભાઇ હંમેશાં રોન મારતા જ ફરે કયારેક તો સમયાનુસાર મૂર્તિના મસ્તક પર પણ ચડી બેસે છે. આ દૃશ્ય જોઇને ભક્તના અંતરમાં એક હળવો આંચકો આવી જાય છે. કે ગણપતિજી એક ઉંદર જેવા ક્ષુદ્ર પ્રાણીને પણ ભગાડી શક્તા નથી. માટે ગણપતિ કરતાં તો આ મૂષક મહાન લાગે છે. ચાલો આપણે આજથી તેનું પૂજન શરૂ કરીએ. આ ભક્તરાજ પૂજાની તૈયારી કરી રહ્યા છે. પરન્તુ ઉંદરભાઇ તો ભાગા ભાગ અને નાસા-નાસ કરે. થોડા જ ઉંદરભાઇ સામે આવીને બેસે, પછી આ ભાઇએ ઉંદર ભાઇની પૂંછડીએ દોરી બાંધીને લટ-કાવ્યો. આ પ્રમાણે પૂજનનો પ્રોગ્રામ ચાલી રહેલો હોય છે. તેવામાં કયારેક પૂજાના રૂમમાં મ્યાઉં મીયાઉં કરતી એક બિલાડી આવી ચડી. આ ઉંદરભાઈ તો પોતાને શમશેર બહાદુર તરીકે ગણાતી બિલાડીને દેખીને છૂપાઇ જાય છે, લપાઈ જાય છે. આ દૃશ્ય જોઇને ભક્ત વિચારે છે કે આનો પણ ગુરુ આ છે. ચાલો આપણે તેની પૂજા શરૂ કરીએ. ખાસું મજાનું રબડી જેવું તાજુ દૂધ તેણીની સામે ધરવામાં આવે છે. પછી આ માર્જારીને જોઇએ શું ? માર્જારીને તો મજા પડી. પણ સામે સજા આવી રહી છે. તેનું શું ? એક દિવસે પોતાના ઘરની ડેલીનાં દ્વાર ખૂલ્લાં રહી ગયેલાં હતાં. એકાએક શ્વાન ધસી આવ્યો તેને આમંત્રણ મોકલવાની થોડી જરૂર પડે છે ? તમે લોકો

આમંત્રણ વિના ક્યાંય જઈ આવી શકો નહિ. કેમ ખરૂં ને ? અરે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી પાર્શ્વનાથ પદ્માવતી મહાપૂજન અને શ્રી ભક્તામર મહાપૂજનના પવિત્રતમ પ્રોગ્રામોમાં પણ તમે લોકો આમંત્રણ પત્રિકાની આશા રાખીને બેસી રહો. કદાચ ન મલે તો તમે બોલી પણ નાંખો કે આપણને આમંત્રણ પત્રિકા ક્યાં આવી છે ? માટે આપ ! આપણાથી તમે જવાયજ નહિ. આ અવદશા આજે આપણે ત્યાં છે ? પ્રત્યેક પ્રસંગ પરત્વે આમંત્રણની આવશ્યક્તા માનીને બેસી રહેવું એ નરિ અજ્ઞાનતા છે. દાખલા તરીકે કાણમાં આમંત્રણની આવશ્યક્તા ન હોઈ શકે. કદાચ જાનમાં આમંત્રણની આવશ્યક્તા રાખીને બેસી રહો એ વાત જુદી છે. તદનુસાર કોઇપણ ધાર્મિક મંગલમય પ્રસંગ રંગમાં રંગાઈ જવું એ પ્રત્યેક જીવડાની ફરજ છે. વાસ્તવિક એમાં આમંત્રણની આવશ્યક્તા ન માનવી જોઇએ. નિરંકુશ સારમેય, સીધાં આવીને ઉભા રહ્યા ત્યાં તો આ બિલી બાઇ ક્યાંય છૂ થઇ ગઇ. આ ભક્તરાજને અવનવું અલૌકિક માર્ગદર્શન મલતું જાય છે. ભગવાનદાસે નિર્ણય લીધો કે બસ હવે પછીથી આપણે આ શ્વાનની પૂજા કરવી. આ શ્વાનને બીજું જોઇએ જ શું ? રોજીની રોટી ચાલુ થઇ ગઇ. પછી તો આ શ્વજનને સ્વજન મલી ગયા. આ ભક્તરાજ હંમેશાં કૂતરાની પૂજા કરી રહ્યાં છે. માનપાન મલતું હોવાથી કૂતરો હળી ગયો. એટલે રસોડામાં પણ ઘૂસી જાય. એટલે બનાવેલો

તાજો માલ ખાઇ જાય અને ખરાબ કરે. ત્યારે ભક્તની સ્ત્રીએ તેના પર જોર જોરથી લાકડીનો પ્રહાર કર્યો. પરિણામે કૂતરો ત્યાંથી પોબારા ગણી ગયો. આ અમાનુષી દૃશ્ય જોઇને ભક્તરાજ વિતર્ક તર્કમાં તરફડીયાં મારી રહ્યો છે. કે હું નાહકનો બહાર ફાંફાં મારી રહ્યો છું. સૌથી સર્વોત્તમ શક્તિશાલી મારા ગૃહાંગણે બીરાજે છે. પછી મારે શા માટે વિમાસણમાં પડવું જોઇએ? બસ હવે પછી આજથીજ મારી પત્નીની પૂજાના શ્રી ગણેશાય નમઃ કરવા. પત્ની પૂજાવા લાગી. પત્ની તો રાજીની રેડ થઇ ગઇ. અહિ એક વાત વિચારણા માગી લે છે. તે એ કે અબલાનું અર્ચન અબલાને આકાશમાં અદ્ધર ચલાવે છે. જ્યારે પ્રબલાનું પૂજન પરસ્પરના પ્રભુત્વમાં વધારો કરે છે. અર્થાત પોતાની થતી પૂજા પચાવવી એ સહજ નથી. યાદ રાખો પૂજાવા કરતા પૂજા કરવી સર્વોત્તમ છે. જુગ જુગથી પુષ્પો પત્થરની પ્રતિમાની પૂજા કરતા હતા. ક્યારેક પુષ્પોને એવા કાલ ચોઘડિયે અંતરમાં હળવો આંચકો આવ્યો કે આપણે જુગ જુગથી પત્થરની પૂજા કરી રહ્યાં છીએ. ક્યારેક પત્થર આપણી પૂજા શા માટે ન કરે. હવે વિચારો પત્થરાઓ જ્યારે પુષ્પોની પૂજા કરતા થઇ જશે. ત્યારે પુષ્પોની કેવી પરિસ્થિતિ ઉભી થશે. કેવી દયવીય દશામાં ડૂબી મર્યાં હશે તેની કલ્પના કરવાનું કાપ વાંચન વૃન્દના હાથમાં સોંપવામાં આવે છે. આખરે પુષ્પોએ પત્થરની પ્રતિમાઓનીજ પૂજા કરવાનું પસંદ કર્યું. એક દિવસ

ભક્ત ભગવાનદાસ જમવા માટે બેઠેલા હતા. ખાદ્યપદાર્થમાં કયાંય કાંકરો આવી ગયો. તેજ વખતે આ ભક્તરાજનું મગજ ગયું. મગજનું બેલેન્સ ગૂમાવી બેઠા. પરિણામે ભોજનનો થાળ અને જમવાનું ત્યાંનું ત્યાંજ મૂકી હાથમાં લાકડી લઇને પત્નીના બરડામાં એવી ફટકારી કે ઘડીભર બૂમો પાડતીજ રહી. થોડા સમય પછી જયારે ક્રોધાનલ શાન્ત થયો ત્યારે ભકતરાજને ભાન આવ્યું કે આ બધાજ કરતાં વધારે બલવાન તો હું પોતે જ છું. તત્પશ્ચાત આ ભક્તરાજે અપના આત્માની પૂજા શરૂ કરી હતી અને આત્માની શોધખોળની પાછળ સમય વીતાવવા લાગ્યો.

સારાંશ તરીકે માનવ જે વસ્તુને મેળવવા માટે બહાર દોડાદોડી કરી મૂકે છે. પરન્તુ તેજ વસ્તુ પોતાના આત્માંમાંજ પડેલી હોય છે. માનવ જયારે આત્માને સાચા સ્વરૂપે ઓળખતો થશે ત્યારેજ તેનું શ્રેય સિદ્ધિ થશે.

અનંત શક્તિનો સ્વામી થઇને બની ગયો બીચારો. તમારા આત્મામાં અનંત શક્તિ સૂતેલી છે. તેને સજાગ કરવામાંજ તમારી બુદ્ધિમત્તા છે. બસ હવે સવાર થયું. ઉઠો અને તમે તમારી શક્તિના ઉપર સવાર થાવ. બીચાશમાંથી બહાદૂર બનો. રાંકડામાંથી ફાંકડા થાવ. મુરદાનગીરીમાંથી મરદાનગીરી વાળા બનો. ચાલો આજનું સુકાન સંભાળીને ચાલો તમારો જય જયકાર.

(૫૨)

આર્યાવર્તની એક નર્તકીના મગજમાં પણ પોતાના સતીત્વના સંરક્ષણની કેટલી ખુમારી પડેલી છે અને તે ખુમારીને આ જીવન ટકાવી રાખવાની કેટલી તમન્ના છે. પોતાની આજીવિકાની જેટલી તડપ નથી તેના કરતાં પણ અધિકાધિક પોતાના સતને અકાટય રાખવાની અભિલાષા હતી. મહારાજા સિદ્ધરાજ જયસિંહના પિતા રાજા કર્ણ-દેવની પટ્ટરાણી મીનલદેવી રૂપ રંગે શ્યામલ શી હતી. તેથી કર્ણદેવ રાજા સંતુષ્ટ રહેતો નહિ હતો. કર્ણદેવ રાજા પોતાની પટ્ટરાણીને કયારેય બોલાવતા નહિ હતા. રાજા હંમેશાં ચિન્તિત રહેતો હતો. અનંગ દેવની વધુ પ્રમાણમાં સતામણી ચાલુ હતી.

રાજાની સમીપે અભિનય સાથે નૃત્ય કરનારી રાજ-નર્તકી નમુંજલા ઉપર રાજવી મોહમુગ્ધ બનેલો હતો. કિન્તુ અન્તરની વ્યથાની કથા કોઇને કહી શકતા નહિ. પરિણામે શારીરિક પરિસ્થિતિ બીલકુલ કથળતી ગઈ, કામ-જવર અત્યંત પીડવા લાગ્યો. મંત્રીશ્વર મહાન બુદ્ધિશાલી હતો. રાજા દિન પ્રતિદિન દુર્બલ થતો હોવાનું કારણ સમજી ગયેલો હોવા છતાં મંત્રીએ વિવેક ભર્યા શબ્દોમાં પૂછયું કે નેક નામદાર મહારાજાધિરાજ ! સત્ય કહો. શ્રીમાન દિન પ્રતિદિન ક્ષીણ કેમ થતા જાવ છો ? મંત્રી-શ્વરના અતિ આગ્રહને વશ થઇને રાજાએ પોતાના મનની

પીડા મંત્રીશ્વરની પાસે વ્યક્ત કરી હતી. મંત્રીશ્વરે અચકાતા અવાજે વિનવણી કરી કે રાજનર્તકી પોતાનો દેહ સોંપવા તૈયાર થાય એ નિતાંત દુઃશકય જણાય છે. અતઃ એ વાતને જતી કરવી આપણા ઊભયના હિતાવહમાં છે. રાજન એ સિવાય કાંઈપણ આજ્ઞા ફરમાવો. સેવક હરપળે તૈયાર જ છે. રાજા અન્તિમ ફરમાન છોડે છે. જાવ જલ્દી જાવ અને મારા માટે ચિતા તૈયાર કરાવો. તેના વિના હું હવે એક દિવસ પણ વીતાવી શકું તેમ નથી. રાજાનું છેલ્લું જજમેન્ટ સાંભળીને મંત્રીશ્વરના અંતરમાં ભારે આંચકો આવ્યો. જાણે આભલું જ તૂટી પડયું ન હોય મંત્રીશ્વરને માટે આ એક કસોટીની પળ છે. જાણે ભયંકર શમસ્યા સળગી રહી હોય. મંત્રીશ્વર તો મહાન મુંઝવણમાં મૂકાઇ ગયા. ચેન ન પડે રેન ન જાય. કરવું કેમ! મંત્રીશ્વર બુદ્ધિશાલી હોય છે. ગમે તેવી મુશ્કેલીઓની વચ્ચેથી માર્ગદર્શન મેળવવું એ બુદ્ધિમાનોનું કામ છે. મંત્રીશ્વર રાત્રીએ નર્તકી પાસે જઇ પહોંચે છે. રાજા માટે દેહની યાચના કરવામાં આવે છે. તું માંગે તેટલું આપવા માટે રાજા તૈયાર છે. બસ આટલા અશ્રાવ્ય શબ્દો કર્ણ ગોચર થતાંની સાથે નર્તકીના અંગે અંગમાં આગ લાગી. રગે રગમાં રાડ ઉઠી. એટલુંજ નહિ કિન્તુ દીલની દીવાલો ઉપર ભયંકર ચીરાડ પડી. રાજનર્તકીએ સણસણતો જવાબ આપ્યો કે મંત્રીશ્વર મારા મડદાને તમે ગમે તેમ કરી શકો છો કે બાકી આ નમુંજલાને જીવતા દેહે ટચ કરવાની વાત તો કદાપિ નહિજ બની શકે.

રાજેશ્વરને કાનમાં કહી દેજો કે નમુંજલા એક રાજનર્તકી છે. વેશ્યા કે વારાંગના નથી. પણ વિશ્વમાં વિખ્યાતિ પામેલી એક વીરાંગના છે. મંત્રીશ્વરની કલ્પના પણ આ પ્રમાણે જ હતી કે નમુંજલા નર્તકી તરફથી મને આવોજ જવાબ સાંભળવા મલશે. હવે મંત્રીશ્વરને માટે ચાલુ કાળ બહુજ કપરો હતો. કાલ ખાવા ધાતો હતો. રાજા કર્ણદેવના કદાગ્રહને કોણ છોડાવી શકે ? જીવતા બળી મરવાની તૈયારી પર આવી ચડેલા અવનિપતિને કોણ સમજાવી શકે ?

મંત્રીશ્વર કાર્યદક્ષ હતા. મનમાં એક અદ્ભુત પ્લાન તૈયાર કરીને જ નર્તકીની નજીકમાં જઈ પહોચેલા હતા. મંત્રીશ્વર નમુંજલાના નાચગાન સમયનાં વસ્ત્રાલંકારો લઈને મહારાણી મીનળદેવી પાસે જઇ પહોંચ્યા અને નમૂંજલાના શણગારો સજીને સંધ્યા સમયે મહારાજાની સમીપે હાજર થવાની સૂચના કરીને વિના વિલંબે પ્રજાપતિ પાસે પહોંચી ગયા અને કર્ણદેવના કાનમાં કહ્યું કે ઘણી સમજાવટ અને પતાવટના પરિણામે નમુજલાએ આપની વાત સ્વીકારી છે અને સાથે સાથે એ શરતો મૂકવામાં આવી છે. તે એ છે કે નમૂંજલા સંધ્યા સમયેજ પ્રવેશ લેશે અને આવતાંની સાથેજ દીવડાઓ બુઝાવી દેવા પડશે. મહારાજાએ આ બંને શરતોનો સહર્ષ સ્વીકાર કર્યો હતો. કરવામાં આવેલાં સંકેત અનુસાર નમુંજલાના લેબાસમાં મહારાણી મીનલદેવીએ પ્રવેશ કર્યો. અને મંત્રીશ્વરની

સૂચના મુજબ વિલાસી હવાની હેલીમાં મીનલદેવીએ રાજાની વીંટી સરકાવી લીધી હતી. સમય થતાં આ બેઉ પોત પોતાના સ્થાને ગોઠવાઇ ગયાં હતાં. સવાર થયું. વાસના શાન્ત થતાંની સાથેજ પ્રજાપાલકના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. મારાથી ઘોર અને ભયંકર પ્રચંડ પાપ સેવાઈ ગયું. હવે પછીની મારી પ્રજા મારી બદચાલનું અનુકરણ કરશે. પ્રત્યેક પળે પ્રાણ પછડાટ ખાઈ રહ્યો છે. મંત્રીશ્વરને બોલાવીને સીધુંજ સનસનાટી ભરેલું સંભળાવી દીધું કે વિના વિલંબે મારા માટે અતિ ઉગ્ર પાપની સજા ભોગવવા માટે ચિતા તૈયાર કરાવ. હવે જગતમાં જીવવાને હું લાયક નથી. ચાણાક્ય બુદ્ધિનો આદર્શ રજુ કરનાર મંત્રીશ્વર રાજાનો હાર્દિક પશ્ચાતાપ જાણીને રાજાના હૃદયમાં સળગી રહેલા પશ્ચાતાપના પાવકને શાન્ત કરવા માટે સહી અને સત્ય વાત રજુ કરે છે. અને મહારાણી મીનળદેવીની પાસેથી વીંટી પણ સાક્ષી પૂરતી હાજર કરે છે. રાજાને નવજીવન મળ્યું. રાજાના જીવનમાં અપૂર્વ ચૈતન્ય રેડાયું. એટલું જ નહિ. કિન્તુ રાજાના વદન અને બદન ઉપર ચાર ચાર ચાંદનું તેજ ચમકવા લાગ્યું. વાહ મંત્રીશ્વર તમારી કુશાગ્ર બુદ્ધિને અને ઔચિત્યાચરણને લાખ લાખ વાર ધન્યવાદ. મંત્રીશ્વરની અથાગ બુદ્ધિ અને જહેમતના પરિણામે રાજા રાણી બંનેનાં કાર્યો સિદ્ધ થયાં અને તેજ રાત્રીએ મહારાણી મીનલદેવી સગર્ભા થઇ હતી. તેજ રાજા સિદ્ધરાજ જયસિંહ થયા હતા.

(૫૩)

બનાસકાંઠા ઉતર ગુજરાત દુનિયાના સર્વોત્તમ ગણાતા એરીયાઓ પૈકી બનાસકાઠાં (ઉ. ગુ.) એરીયો આલા દરજ્જાનો માની લેવામાં તમારી મહત્તામાં આંચકો નહિ જ આવે. ખરેખર ભોરલ, ભીલડીયાજી, ઢીમાં, રામસેન, કુવા, મેત્રાણા વિગેરે પવિત્ર તીર્થધામોથી બનાસકાંઠાની ધરતી તરતી રહે છે. તદુપરાંત પાલનપુર રાધનપુર, ડીસા કેમ્પ જુનાડીસા ધરાદ વાવ તાતર, થરા, ધાનેરા, ખીપત નેનાવા વિગેરે વિગેરે નગરોથી બનાસકાંઠાની ભૂમિ ભવ્ય અને સમૃદ્ધ છે. ઉપરોક્ત નગરો પૈકી રાધનપુર એક જમાનામાં દયા અને દાનનો દરિયો કહેવાતો હતો. ધર્મનું ધામ અને લોકોનું કામ પણ ઉજવલ સો વર્ષની અંદરની બની ચૂકેલી આ એક આદર્શ ઘટના છે.

રાધનપુર જૈનપુરી કહેવાતી તે જમાનામાં નવાબી શાસન ચાલી રહ્યું હતું. રાધનપુરના વિરાટ તળાવમાં માછલીઓ ઘણીજ પેદા થતી હતી. પરન્તુ રાધનપુરની બજારોમાથી પણ કોઇ માછલાની ગાડી પ્રસારિત થઇ શકતી ન હતી.

ત્યાંના નગરશેઠ પણ કટ્ટર જૈન હતા. ધર્મના રંગે રંગાયેલા હતા. કયારેક એક મુસલમાન જૈનોના લતામાંથી માછલાની ભરેલી ગાડી હંકારી આગળ દોડી રહ્યો છે. ત્યાં નગરશેઠના કાન પર અવાજ આવતાની સાથે રોમ રોમમા જોમ વ્યાપી ગયું અને ગાડી ઉભી રખાવવામાં

આવી. મુસલમાનને નીચે ઉતારી સીધા જ ત્રણ તમાચા રોકડા પરખાવ્યા. મુસલમાને માછલાની ગાડી નામદાર નવાબ સાહેબના હૂકમથી પ્રસારિત કરી હતી. એટલે એક રીતિએ મુસલમાન ગૂન્હેગાર નહિ હતો. કેમકે ઉપરથી હૂકમ હતો. તથાપિ કંઇ પણ પરવા કર્યા સિવાય આ નગરશેઠે વિના વિલંબે સીધાજ ત્રણ તમાચા ફટકારી દીધા. વિચારી લ્યો હવે મામલો બીચક્યા વિના રહે ખરો ? એક તો નવાબ સાહેબનો છે. વટ હૂકમ અને સ્વયં જાતે મુસલમાન. બોલો પછી બાકી શું રહે ? કિન્તુ આ નામાંકિત નગરમાં વસનારા જૈનોનું વર્ચસ્ય એટલું જામેલું હતું કે કોઇપણ શક્તિ જૈનોની સામે વિજયી નહિ નીવડી શકે. જૈનોનું એટલું પ્રભુત્વ પથરાયેલું કે કોઇ અંગુલી નિર્દેશ ન કરી શકે. રાજમાં કે કાજમાં એટલો જ વટ વ્યવહાર ખીલી ઉઠેલો કે જેનો મુકાબલો કોઇ કરી ન શકે. તેટલો જ ભારોભાર માન મરતબો કે જૈનોનું કોઇ માન ભંગ ન કરી શકે. આ હતી. રાધનપુર નગરમાં વસનારા જૈન બંધુઓની રૂપરેખા. રાધનપુરમાં એ કાયદો હતો કે ત્યા વિશાટકાય તળાવ આગળ કોઇ માછલી મારી શકતું નહિ. વર્ષોથી ઉપરોક્ત મુજબની શિસ્તનું વ્યવસ્થિત રીતિએ પરિપાલન ચાલતું આવતું હતું. એટલું જ નહિ કિન્તુ જૈનોની પાસે પૂર્વથી ચાલ્યા આવતા ઠરાવો પૂરાવા રૂપે મોજુદ હતા. તો પણ ઘડી-ભરને માટે નવાબ ગરમાગરમ થઇ જાય છે. અરે પણ

તમે લોકો મારી ગાડીને રોકનાર કોણ ? નવાબ કહે એ નહિ ચાલે ? શું તારા બાપનું રાજ છે ? પોલીસોને હૂકમ કર્યો કે જાવ આ નગરશેઠને જેલના સળીયા પાછળ ધકેલી દો. પગમાં બેડીઓ પડે છે અને કારાવાસના કેદી થવું પડે છે. પરન્તુ આ નગરશેઠનો નિયમ હતો કે ધર્મની ખાતર એટલે કે દયા દાનની ખાતર કદાચ પ્રાણની આહુતિ આપવી પડે તો પણ હું તૈયાર છું. આવા કડક નિયમનું પાલન કરનારની સામે નહિ યમ નિયમ આવે ખરો. કારાવાસમાંજ અઠ્ઠમ કરે છે. સંખેશ્વર પાર્શ્વનાથનું ધ્યાન ધરે છે. પરિણામે અધિષ્ઠાયક ઘોડા પર સવાર થઇને સામે આવે છે અને સંકટમાંથી મુક્ત કરે છે. હંમેશાં યાદ રાખો. પ્રભુ છે પાંશરો જેને, શત્રુથી શું થાય પત્થરા ફેંકે પાપી જે, ફૂલ થઇને ફેલાય ? આ નાનકડું કાવ્ય તમને સંદેશો આપતું જાય છે કે અગર તમારી પાસે પુણ્યનું પરમીશન છે, તમે સંપૂર્ણ શ્રદ્ધાવાન છો, તમારા શ્રદ્ધાના પાયા બરાબર મજબૂત છે, તો તમારાજ દુશ્મન દોસ્ત બની જાય છે. તમારાજ શત્રુ સ્વજન બની જાય છે. અંગારા ઉછળતી આંખોમાં અમૃત ઉભરાય છે. આ બધોજ પ્રતાપ છે તમારા પરમપ્રિય દેવગુરૂના શુભાશિર્વાદનો, દેવગુરૂ અને ધર્મની મહેરનો. જેને દેવગુરુ અને ધર્મની મહેર તેને સદાય લીલા લહેર. બસ આ સોનેરી સૂત્રને કયારેય પણ નહિ વીસારતા. કોઇપણ કાર્ય કરતાં પહેલાં આ સૂત્રને પહેલાંજ સંભાળી લેશો. કેમ બરાબરને ?

(૫૪)

આજના કલિકાલમાં કલ્પ વૃક્ષ સમા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નો પ્રભાવ અચિન્ત્ય છે, અગમ્ય છે, અદમ્ય છે. એ પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથનો મહિમા માનવ પ્રાણી કેમ વર્ણવી શકે? સાક્ષાત બૃહસ્પતિ પણ અવનિપર ઉતરી પડે તોય હે પ્રાણપ્યારા પ્રિયતમ તમારી પ્રતિભાને ન માપી શકે.

કિન્તુ હે પ્રભો. તારા ઉપર અકાટય અને અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ જોઈએ. હમેશાં श्रद्धावान् लमते फलम् શ્રદ્ધા ફલવતી બને છે.

રાજસ્થાનમાં સુપ્રસિદ્ધ જોધપુરનગર નિવાસી એક સદ્દગૃહસ્થ ધંધાકીય ગ્વાલીયરમાં જઇ પહોંચ્યા અને ત્યાં તેમને સર્વીસ મળી. થોડા જ સમયમાં તેઓ ઈન્કમટેક્સના ઓફિસર બન્યા. આ ભાઈમાં રાજસ્થાનનું ખમીર હતું. સાથે સાથે સંયમ અને શ્રદ્ધા પર્યાપ્ત હતી. એકદા તેઓ પોતાના પાંચ મિત્રો સાથે કારમાં બેસીને ફરવા નિકળી પડયા. આગળ જતાં રસ્તામાં કલ્લા નામના લૂંટારૂઓ મળ્યા અને કારને રોકી કાઢી. રીવોલ્વરની જરીયે પાંચને એક બાજુપર લઇ જવામાં આવ્યા. પાંચેને પૂછવામાં આવ્યું તમે લોકો શું ધંધો કરી રહ્યા છો. કઈ કઈ જ્ઞાતીના છો વગેરે પૂછી રહ્યા છે. તે પૈકી બેઉની સ્થિતિ સામાન્ય હતી. તેઓને છોડી મૂકવામાં આવ્યા. બાકી ત્રણ રહ્યા. તે પૈકી એક જુઠું બોલ્યો કે હું મોટર ડ્રાઇવર છું. તેને પણ છોડી મૂકવામાં આવ્યો. બાકીના બે રહ્યા. એક જૈન એક અગ્રવાલ. આ બંનેને પકડીને દૂર સુન્દર ડુંગરાઓ ના દુર્ગમ માર્ગોમાં લઇ જાય છે. રસ્તો બહુજ વિકટ છે. અતિ

અસહ્ય હતો. આ તરફ છૂટા થયેલા ત્રણ મિત્ર પણ શીઘ્રાતિ શીઘ્ર પોલીસ સ્ટેશને જઇ પહોચ્યા. પકડાયેલા બે મિત્રોના ફોટાઓ આપી સઘળી બાતમી આપી. પોલીસોએ પણ યોગ્ય કાર્યવાહી શરૂ કરી તેજ માર્ગ તરફ દોડ શરૂ કરી પણ ક્યાંય પતો ન લાગ્યો. છેવટે ઇનામ જાહેર કરવામાં આવ્યું તો પણ સફળતા ન મળી. ભયંયકર સંકટમાં સપડાયેલા કૈલાસભાઈ એક એક શ્રી શંખેશ્વર પ્રાર્શ્વનાથનો સાથ અને સહારો માગી રહ્યા છેકે પ્રાણપ્યારા પ્રાણેશ્વર! તારો ભકત આજે મહા મુશ્કેલીમાં મૂકાઇ ગયેલો છે. તું તારા ભકતની ખબર નહિ લે તો કેમ ચાલશે? તારા જ બાલુડાં આ રીતે આપણાં દુઃખમાં થઈ ને આવા વિકટ પંથમાં ચાલી રહ્યાં છે. તે તારાથી કેમ જોયું જાય છે. અરે દીન દયાલ દીનાનાથ આવ. આવ? જલ્દી આવ અને આ અટૂલાં પડેલાં તારા ભૂલકાં ની સંભાળ લઇ લે. બસ આ પ્રમાણે કૈલાસભાઈ પાશ્ર્વનાથ સ્વામીની પ્રતિમાની સમીપે બેસી ગયા છે અને આપ્રમાણે સ્વામીજીની સાથે સંભાષણ કરી રહ્યા છે.

પ્રાણવલ્લભ પાશ્ર્વનાથ તેની પ્રાર્થના સાંભળે છે. ખરેખર અંતરનો અવાજ ઝડપથી જગદીશ્વરની પાસે જઈ પહોંચે છે. તેમાં કોઇ શક નહિ. પરન્તુ અંતરનો આર્તનાદ ઉઠવો જોઇએ. ઘડી બે ઘડી પછી પણ અન્તર્યામી ભક્તનો અવાજ અવશ્ય સાંભળે જ સાંભળે. ડાકુઓ એક રાતમાં ચાલીશ માઇલ ચલાવે છે. કેવું ભયંકર કષ્ટ! જીન્દગીમાં આવો પિરીયડ પહેલ પહેલો જ હતો. આવા

કપરા કાળમાં કૈલાસભાઇ જીવનજીન પાર્શ્વનાથનું ધ્યાન ધરી રહ્યા છે. રસ્તામાં ગુંડાઓ કંઇને કંઇ પૂછી રહ્યા છે. પરન્તુ કૈલાસ લોખંડી જીગરનો હતો. સીધું સંભળાવી દીધું. આ ટાઇમે હું મારા પરમાત્માના ધ્યાનમાં છું. માટે આ ટાઇમે તમને જવાબ નહિ જ મલે. આ વાકયથી ગુંડાઓ પ્રભાવિત થયા.

કૈલાસને પૂર્ણ વિશ્વાસ છે કે હું મારા પ્રાણેશ્વરના પ્રભાવથી મુક્ત થઇ શકીશ. સવાર થયું. ડાકૂઓએ પૂછયું તમારી મૂડી કેટલી? હું ઇન્કમટેકસ ખાતામા સર્વિસ કરું છું. તેથી મારી પાસે કોઇ ખાસ મૂડી નથી. પરન્તુ ડાકુઓને આ વાત ઉપર વિશ્વાસ આવ્યો નહિ. ગુંડાઓએ કહ્યું તું તારા બાપ ઉપર રૂા. ૨૫ હજારની ચીઠ્ઠી લખી આપે તો અમે લઇ આવીએ અને પછી તને છોડી મૂકીએ. કૈલાસભાઇ દુનિયા ભૂલીને માત્ર ઇષ્ટના ધ્યાનમાંજ નિમગ્ન થયા. પરિણામે ગુંડાઓ પ્રભાવિત થયા અને આ લોકોને મુક્ત કર્યા. એટલું જ નહિ પરન્તુ ઉપરથી આ લોકોને રૂા. પાંચ હજારનું પારિતોષિક આપવા માંડયું. પરન્તુ કૈલાસ ભાઇએ લેવા માટે ઇન્કાર કર્યો. અરે આપણે લોહી નીતરતો પૈસો અમારે ન ચાલે. અમારી પણ બુદ્ધિ બગડે તમારો માલ તમને જ મુબારક. અમને તે માલ ન પચે. આવા કસોટી ભરેલા કપરા કાલમાં ભાઇશ્રી કૈલાસ અઠમ તપની આરાધના કરી રહ્યા છે. કેવલ વાંચો નહિ. સાથે સાથે વિચારો. એક રાતનાં ૪૦ માઇલોનું પર્યટન. આવા

ટાઇમે અઠ્ઠમ તપની ઉપાસના કરવી એ સહજ નથી. અન્તે આ ્લાસભાઇ પ્રભુ પાર્શ્વનાથ ભગવાનની અમાપ શ્રદ્ધાના કારણે કષ્ટમાંથી મુક્ત થયા. આ ભાઈની અતૂટ શ્રદ્ધાના બલે ડાકુઓ એવા પ્રભાવિત થયા કે ડાકુઓ સ્વયં આ લોકોને યથાસ્થાને છોડી જવાની ફરજ પડી.

ધન્ય શ્રદ્ધા ધન્ય ઉપાસના. ધન્ય ધીરજ કૈલાસભાઈના અઠ્ઠમ દરમ્યાન એક ભયંકર ફુંફાડા મારી રહેલાં ફણીધરે દર્શન આપેલાં. જાણે પ્રભુ પાર્શ્વનાથ સ્વામીના અધિષ્ઠાયક હોય આ પ્રસંગરંગથી ગુંડાઓ વધુ પ્રભાવિત થયા હતા. અને કંઇપણ કમીશન વિના જેમ બને તેમ શીઘ્રાતિ શીઘ્ર કૈલાસભાઇને સ્વસ્થાને મૂકવા ચાલ્યા જાય છે. વિચારી લ્યો શ્રદ્ધા, સંયમ અને તપનું કેટલું પ્રાબલ્ય છે. તેનું આ જવલંત દૃષ્ટાંત છે. બીજી તરફ કૈલાસ સમપર ગૃહાંગણે નહિ આવવાથી હાય વોય નહિ કરતાં તેની માતાજીએ તુરત જ આયંબિલ શરૂ કર્યાં હતા. જ્યારે કેટલીક અજ્ઞાત મહિલાઓ આંખોમાંથી આંસુઓ સારે ખાવું પીવાનું બંધ કરે, આર્ત રૌદ્રની પાછળ પોતાની કિંમતી પળો વીતાવે કિન્તુ તપ જપ કરવો ન ગમે. બે ઘડીનું સામાયિક કરીને. સ્વાધ્યાય કરવો. ન ગમે જ્યારે કૈલાસભાઈની માતાજી તપ જપની પાછળ કલાકો વીતાવી રહી છે. અન્તિમમાં આ ડાકુઓ કૈલાસને કહી રહ્યા છે કે તું અમને ઈન્કમટેક્સની નોંધ બુકમાંથી કેટલાંક શ્રીમંતોનાં નામ આપે તો તું કહેતે મુજબ તને કમીશન

મળશે. આની સામે કૈલાસે સનસનતો જવાબ આપી દીધો કે મારા પ્રર્વપાપોદયે વર્તમાનમાં દુઃખી થઇ રહ્યો છું અને આવા અઘોર પાપનાં પોટલાં બાંધીને જવું ક્યાં?

(૫૫)

'માણુસે માણુસે અંતર કોઇ હીરો ને કોઈ કંકર' આ કહેવત યથાર્થ છે. કંઈ એવા પુણ્યશાળીઓનાં હૈયાં એટલાં હળવાં હોય છે. પૂછો જ નહિ. કઇક સદ્‌ભાગ્ય શાળીઓનાં કાળજાં કૂમળાં હોય છે. જે સાધારણ જનથી સમજી ન શકાય. કંઈકનાં સજ્જનોનાં દિલ ધ્યાર્દ્ર હોય છે કે તમે તેની કલ્પના ન કરી શકો. કોઇ સ્થળે ધણી ધણીયાણી સમયસર ભોજન કરી રહ્યાં છે. ગરીબ હીન હીનને ભાગ્યેજ ઘી ખાવા મલે. એક દિવસ ઘી કમ હતું તે માટે ભાણામાં પહેલી રોટલી લેવામાં આવી હતી તેમાં ઘી લીધું નહિ હતું. પછીની રોટલીમાં લઇશું એમ આશામાં એક પછી એક રોટલી ખાધે જતાં હતાં તેવામાં એક કૂતરું આવી ચડયું અને બાજુમાં પડેલી રોટલી મોંમા લીધી. કોઇપણ વસ્તુને ઝડપી લેતાં કૂતરાને વાર કેટલી? ખાવાનું પડતું મૂકીને આ લોકોએ કૂતરાનું મ્હોં પકડીને પણ રોટલી છોડાવી. કેમ શા માટે? ઓછી પડતી હતી માટે? નહિ નહિ અમારે આંગણે આવી ચડેલું કૂતરૂં પણ રૂક્ષ રોટલી શા માટે ખાય? ભલે અમે રૂક્ષ રોટલી ખાઈ લઇશું. પણ અમ આંગણે આવેલું કેમ ખાય. વાંચક વિચાર કર કેવી ઉચ્ચ અને ઉદાત્ત મનોવૃત્તિ! આવી વૃત્તિવાળા માનવ

માટે શું ન કરે? અરે સજ્જનો આવા ધણી ધણીયાણી અન્યને માટે પ્રાણ પણ પાથરી દે. વાહ ધન્ય ધન્ય ધણી ધણીયાણી, કૂતરાના મ્હોંમાંથી મૂકાવવામાં આવેલી રોટલીને ઘી ચોપડીને તેજ કૂતરાને ખવડાવે છે. આ લોકોએ વિચાર્યું કે અમને લુખું ખાવાથી પેટમાં નહિ દુઃખે અને કદાચ દુઃખશે તો તેનો ઉપાય યોજાશે. પણ આ બીચારા અનાથનું શું? વાંચક સમજી શકે છે કે લુખું ખાવાથી પેટમાં દુઃખવા ન આવે. તો પણ આ દંપતી કૂતરાને પેટમાં દુઃખવાની કલ્પના કરી રહ્યાં છે તે તેઓનાં વધુ પડતા કોમલ કાળજાના પ્રતીક રૂપે છે એમ સમજીને આગળ વધો.

આ કૂતરાએ આજસુધી જ્યાં ત્યાં લાકડી લેનાર જ જોયા હતા. પરન્તુ મોંમાંથી રોટલી પડાવી પુનઃ ઘી ચોપડીને ખવડાવનાર તો સદ્ભાગ્યોદયે આજેજ જોયા હશે. કેવું હૃદય કેવી કુણી લાગણી કેટલો કરૂણારસ નસેનસમાંથી નીતરી રહ્યો હશે તેની કલ્પના સ્વયં વાંચક વર્ગ કરી લે. 'આ શ્વાનને તો સ્વરાજ્ય મલી ગયું. કૂતરું ત્યાં જ રહ્યું. કાયમનો પગ દંડો જમાવ્યો, કિન્તુ કૂતરું હંમેશાં ખાય તેનું ગાય, રાત દિવસ ચોકી કરે. એક રોટલાના ટૂકડામાં સંતોષ માનીને બેસનારું કૂતરું માલીકને વફાદાર રહે છે. ખરેખર કૂતરા જેવું વફાદાર પ્રાણી ભાગ્યે જ બીજું હોઇ શકે. નાનકડા ગામડાઓમાં ઘરની પાછળના ભાગમાં મોટા મોટા વાડાઓ છૂટી જગ્યારૂપે રોકેલા

હોય છે. આ ભાઈના ઘરની પાછળ વાડામાં એક મોટું ઝાડ છે. આ કૂતરાએ તે ઝાડના મૂળમાં ખોદવા માંડયું. ઘરના માલીકને સંકેતના બલે ઝાડની પાસે લઇ જાય છે. આ ભાઇએ, ત્યાં બરાબર ખોદયું તો તો તુરત સોના મહોરો મલી આવી હતી. આ લોકો ભલા હતા, એટલે મલી આવેલી સોનામહોરો પૈકીની કેટલીક સોનામહોરોનો સત્કાર્યમાં સદ્વ્યય કરવામાં આવ્યો હતો. 'કર ભલા હોગા ભલા નેકીકા બદલા નેક હૈ' જે ભાઇને સોનામહોરો મલી હતી તેઓ ઘણાજ દિલાવર દાની અને દયાલું હતા. તેથી જ તે સોનામહોરોમાંથી વ્યવહારોચિત આડોશી પાડોશીઓના ઘર સુધી પ્રેમથી પહોંચતી કરી હતી. વિચારો, તમે કયાં ઉભેલા છો ? આજે તમારા ઘરમાં દવા વિગેરે સામાન્ય અને જીવન જરૂરીયાતની આઇટમો હોય તો પણ કોઇને જરૂર જણાય તો આપી શકીએ નહિ. ઉપરથી અસત્ય બોલવા તૈયાર થઈએ. કે નારેના....અમારે ઘેર તે આઇટેમ છે જ નહિ. વિચાર કરો. કયાં સુધીનું નૈતિક પતન છે ? આપણા ઘરોમાં ચીજ ભાવ હોવા છતાં ઘસીને સાફ શબ્દોમાં ના કહી બેસતાં તમને શરમ આવવી જોઇએ. જયારે આ ભાઇ સોનામહોરો જેવી મૂલ્યાંકન વસ્તુઓ આડોશી પાડોશીને અતિ આગ્રહ પૂર્વક આપી રહ્યા છે. 'દયાલુને દાતા તે પામે સુખ શાતા' આ સોનેરી સૂત્રને સદૈવ સમીપે રાખીને ચાલો. પછી તમારો ઉદ્ધાર માત્ર એક વેંતજ દૂર છે. પાડોશી પૈકી એક માણસ ઘણોજ

ઇર્ષ્યાલુ અને કિન્નાખોર હતો, તેને સોનામહોરો મળેલી હોવા છતાં વધુ લેવાની આશાએ તેનું મન વધુને વધુ લાલચિત રહેતું હતું. ઇર્ષ્યા એ એવી વસ્તુ છે કે તમારાથી બીજા પાસે વધુ હોય તો તે સહી શકાતું નથી. આ બંડખોર માણસ મનમાં વિચારી રહ્યો છે કે માત્ર બે દિવસ પૂરતો આ કૂતરો આપણા ઘરમા લાવીએ તો રંગ રહી જાય. આ બંડખોરને માલુમ નથી કે કૂતરાનું તો માત્ર નિમિત્ત છે. બાકી એ પરિણામ તો પૂણ્યના પૂતળાનું જ છે.

આ ઈર્ષ્યાળુ માણસ પેલા ભલામાણસની પાસે જઇ પહોંચે છે અને માત્ર બે દિવસને માટે કૂતરાની માગણી કરે છે. કૂતરાનો માલીક ઘણોજ શાન્ત, સજ્જન અને શાણો હતો. પરન્તુ આ બંડખોર માણસનાં કાળજાની કાળાશની કલ્પના પણ કયાંથી આવે. 'ભલામાણસે કહ્યું કે ભલે મારા સાધર્મિક સ્નેહી બે દિવસ માટે શ્વાનને લઇ જાવ. તમે પણ બે દિવસ શ્વાનનું પરિપાલન કરો. માલીકની આજ્ઞા થયેથી કૂતરું તે ભાઈના ગૃહાંગણે ચાલી નિકળ્યું. આ ભાઇ હવે એજ જોયા કરે છે કે કૂતરું કયા જાય છે.

કયાં ખોદે છે? તેનોજ અભ્યાસ આ ભાઈ કરી રહ્યો છે. કયારેક તો સહેજ ખોધ્યું તો નિકળી ધૂળ અને કાંકરા. પાણા અને પત્થરાઓજ નિકળ્યા. બસ આ બંડખોરના અંગે અંગમાં આગની અંગીઠી ઉઠી. તેના અંતરમાં ભારે આંચકો આવ્યો. ગૂસ્સો ખૂબજ વધી ગયો. બસ

જે પાણાઓ અને પત્થરાઓ નિકળી આવ્યા તેજ પત્થરોના પ્રહારથી કૂતરાના રામ રમાડી દીધા અને ત્યાંજ ડાટી દેવામાં આવ્યો. આ કિસ્સાએ તો ભલ–ભલાનાં કાળજાં કંપાવી મૂકર્યા. આ ગોઝારો કિસ્સો સાંભળીને ભલા ભાઈને પારાવાર ખેદ થયો. એટલું જ નહિ કિન્તુ આ ભાઈને રાત્રે સ્વપ્નમાં આવ્યું કે અમુક ઝાડના કાષ્ટની ખાંડણી બનાવજે અને તેમાં ચોખા ખાંડજે તે ચોખાના દાણાઓ સોનાના થઈ જશે. હંમેશાં આ પ્રમાણે થયું. આ ભલાભાઈ તો સમૃદ્ધ શાલી થઈ ગયા. પેલા બંડખોર ઇર્ષ્યાલુને ખબર પડી કે આ રીતિએ ચોખાના દાણા સોનાના થઇ જાય છે. પછી આ ઇર્ષ્યાલુ માણસ પેલા ભલાભાઇની પાસેથી ખાંડણીયો લઇ આવ્યા. ચોખાના દાણા નાંખીને ખાંડવા માંડયા પણ શું થાય ? ઉલટાં આ બંડખોરની આંગળીઓ તુટીને ખાંડણીયામાં પડે અને ખંડાઇ જાય. આ રીતિએ આ ભાઈ સાબ હાથે ઠુંઠા થઇ ગયા.

જેવી કરે છે કરણી તેવી તુરત ફલે છે
બદલો ભલા બૂરાનો અહિંને અહિં મલે છે.

(૫૬)

આહીરમાથી જવાહીર બનાવનાર કર્મની લીલાઈ અરેખર કર્મની રુપરેખાનું આલેખન કરવું એ નિતાંત કઠીન છે. કર્મની રેખાનું આલેખન કે આવેદન ઊભય કડક છે, કઠોર છે, કપરું છે. તથાપિ આપણે આપણી સહજ બુદ્ધિ બલના સહારે વિચારીએ તો સમજી શકાશે કે

કર્મની ગતિ ગહન છે. કવિ કાલીદાસ એક જમાનામાં જંગલી ભરવાડ હતો. કિન્તુ પુણ્યરેખા અજબ-ગજબની હતી. પરિણામે રાજા વિક્રમના જામાતા બનવાનું સૌભાગ્ય સાંપડશે. તેનું પ્રારબ્ધ અને પુરૂષાર્થ મહાકવિ તરીકેની પૃથ્વીપીઠપર પ્રસિદ્ધિ કરાવશે. વિક્રમને પ્રિયંગુમંજરી રાજપુત્રી હતી. સાથે સાથે મૈયા સરસ્વતીની મહેર પામી ચૂકી હતી. વેદગર્ભ નામના પ્રકાંડ પંડિત પાસે તે શિક્ષણ લઇ રહી હતી.

થોડા જ સમયમાં તે શાસ્ત્ર વિશારદા બની ગઇ હતી. આટલી મહાન વિદુષી બનવા છતાં તે ઉદ્ધંડ ન હતી. બલ્કે વિનયાદિ ગુણગણા લંકૃતા હતી. ક્યારેક વસંતઋતુના રળિયામણા અને રઢિયામળા દિવસોમાં રાજમહેલમાં આનંદ વિભોર બની સ્વર્ગીય આનંદ લૂટતી કયારેક કયારેક આનંદ ભુવનની અટારીમાં આંટા ફેરા કર્યા કરતી હતી. બહાર ડોકીયું કરે છે. તેવામાંજ એક પંડિત પ્રવર શ્રી ત્યાં આવી પહોંચે છે. રાજમહેલમાં તળે રહેલા સુંદર એક વૃક્ષની શીતલ છાયામાં વિશ્રામ લેવા માટે થોડી વાર થોભી જાય છે. પંડિતજી રાજમહેલમાં ફ્લોથી લચી પડેલા સહકાર સામે આશાભરી આંખે જોઇ રહ્યા છે. રાજકુમારી આ બધું દશ્ય કોડ ભરેલા કાળજે જોઈ રહી છે. આ રાજકુંવરી રસથી ઉભરાઇ જતાં આમ્રફલની સામે ધ્યાન ખીંચાવતી એકાએક બોલી ઉઠે છે કે બોલો પંડિતજી ઠંડા અને મીઠાં ફલ ખાવા છે કે ગરમ? પંડિતજી

તેણીના વ્યંગ અને ભ્રૂભંગને તુરત સમજી શકયા નહિ અને બોલ્યા આજ ઉષ્ણુ ફલ આપ. 'રાજકુમારી બોલી પંડિતજી વસ્ત્રનો છેડો પકડો. પંડિતજીએ ખોબો ધર્યો. પોતાની ચાલાકીનું દિગદર્શન કરાવવા માટે રાજકુંવરીએ પકવ આમ્રફલો તેમના ખોળામાં નહિ. નાખવાને બદલે ધૂળવાળી ભૂમિપર ફેંકયા. પંડિતજી હળવા હાથે તે ફલને લઇને ફૂંક મારી મારીને ફલને લાગેલી ધૂળ દૂર કરે છે. આ જોઇને. પુનઃ રાજકુમારી બોલી રહી છે કે અરે પંડિતજી આ ફૂલો શું ગરમ છે કે શું વારંવાર ફૂંક મારી રહ્યા છે ?

રાજપુત્રીના આવા મશ્કરી ભરેલાં વચનો સાંભળીને વેદગર્ભ શાસ્ત્રી ગુસ્સામાં આવીને એકાએક બબડી ઉઠયા. રાજપુત્રી ! તું ખરેખર દુઃખી થઇશ અને વધુમાં તને ભરવાડ પતિ મલજો. શાસ્ત્રી વેદગર્ભનાં વીરૂઆં વેણ સાંભળીને તેજ વખતે રાજપુત્રી ચોંકીને બોલી ઉઠી કે સર્વ વિદ્યા વિશારદ પતિને જ પરણીશ. યદિ મારી આ પ્રતિજ્ઞા પૂર્ણ નહિ થશે તો અંતે અગ્નિનું જ શરણ સ્વીકારીશ. સમય ઝડપથી વીતી રહ્યો છે. રાજા રાજપુત્રી માટે વરની શોધખોળ કરી રહ્યા છે.

પરન્તુ યોગ્ય વર શોધ્યોય મલતો નથી. તેથી રાજાના અંતરમાં ભારે હળવા આંચકા આવ્યા કરે છે. પ્રસંગ–વશાત પંડિતજી પ્રજાપાલને ચિન્તાનું કારણ પૂછે છે. અરે નામદાર મહારાજા આટલી ગંભીર ચિન્તા શા માટે ?

રાજા ચિન્તાનું મુખ્ય કારણ દર્શાવી રહ્યા છે. આ બધા-
ઓની મિટીંગ મલે છે. તે પૈકી મંત્રી નમ્રભાવે નિવેદન
કરી રહ્યા છે કે આપ રાજાધિરાજ ચિન્તા નહિ કરો.
થોડાજ સમયમાં યોગ્ય વર શોધી કાઢીશ.

આપ નિશ્ચિન્ત રહો. એક તરફ પંડિતજી પણ રાજાને
શાંતવન આપી વરની શોધમાં નિકળી પડયા છે. પંડિ-
તજી પર્યટન કરતાં કરતાં એક જંગલમાં જઇ ચઢયા.
એકાએક પંડિતજીને તૃષા લાગી તેવામાં એક પશુપાલક
મલી આવ્યો. પંડિતજીએ પાણી માગ્યું. ભરવાડે વળતો
જવાબ આપ્યો, અહિં પાણી નથી. પરન્તુ કરચંડી કરીને
દુગ્ધપાન કરો. આ પંડિતજી તો કરચંડી શબ્દ સાંભળ-
તાંજ સ્તબ્ધ થઇ ગયા. સંસ્કૃત શબ્દકોષ શબ્દાનુશાસન
વિચારી ગયા. પરન્તુ કયાંય કરચંડી શબ્દ નહિ મલ્યો.
પછી જેમ તેમ બે હાથો ભેગા કરીને લલાટ તરફ લઇ
જાય છે. ત્યારે આ જંગલી ભરવાડ કહે છે. અરે મુર્ખ
કરચંડી તને આવડતી નથી, શું ? તે વખતે આ જંગલી
ગોવાલીયાએ તેને કરચંડી કરાવીને દુગ્ધપાન કરાવરાવ્યું.
ધન્ય ગોવાલીયા તારી આત્મીયતાને જંગલમાં રખડપટી
કરનારાઓમાં પણ કેટલો આત્મીયભાવ છે ? જે સાક્ષર
વર્ગમાં જોવા ન મલે.

આપણે ત્યાં દુગ્ધપાનની વાત એક બાજુપર રહી.
પરન્તુ પાણી પીવડાવવા પૂરતી પણ આપણી તૈયારી નથી.
'આવો બેસોને પીવો પાણી ત્રણે વસ્તુ મફતની આણી.

આટલો શબ્દ પ્રયોગ કરવાની ઉદારતા પણ તમે દાખવી શક્તા નથી. પછીના પિરીયડની વાત તો દૂર રહી. એક ભજનમાં કાગ કવિ પોતાનો સંદેશો આપી રહ્યા છે કે ‘તારાં આંગણીયાં પૂછીને જે કોઈ આવે રે, આવકારો-મીઠો આપજે રે, તારે કાને રે કોઇ સંકટ સંભળાય રે બને તો થોડું કાપજે રે’ કેટલા શુભ સમાચાર છે. અહિ દુગ્ધપાન કરનારા પંડિતજી વિચારી રહ્યા છે, કે આપણી રાજપુત્રી માટે આ વર યોગ્ય છે, એમ માનીને તેને ગૃહાંગણે બાંધવામાં આવે છે. પછીથી સ્નાન સપાટા ભોજન આદિ કરાવીને છ માસ સુધી તેને શિક્ષણ આપે છે. છ મહિના જેટલા લાંબા ગાળામાં માત્ર ‘સ્વસ્તિ’ એટલી આશિષજ તે ગોવાલીયાને શીખવવમાં આવી હતી. આખરે પંડિતજી આ નવલ રત્નને સ્નાન ભોજન વિગેરે કરાવીને શુભ દિવસે ‘સ્વસ્તિ’ એવી શુભાશિષ કયારે કોની પાસે ઉચ્ચારવી વિગેરેનું સમ્પૂર્ણ ભાન શાન શુદ્ધિ કરાવીને રાજસભામાં લઇ આવ્યા. બરાબર વ્યવસ્થિત રીતિએ શીખવાડવામાં આવ્યું હતું. તથાપિ મંગલ આશિર્વાદ આપતી વખતે સ્વસ્તિને બદલે મૂઢતાના કારણે ગોવાલીયો ‘ઉશરટ’ એમ બોલી ઉઠયો.

આ કોઈ અવનવો જ શબ્દ પ્રયોગ સાંભળીને રાજા એકાએક ચોંકી ઉઠયો. તેવામાં મુખ્ય પંડિતજી સમજી ગયા કે આજની ઘડીએ હવામાન ગરમા ગરમ છે. રાજાના મુખ્ય ઉપર એકાએક શોક છવાઇ ગયેલો જણાય છે.

હવામાનમાં પલટો કઇ રીતિએ લાવવો તે પંડિત પ્રાજ્ઞજનો સમજતા હોય છે. એટલે તુરત જ વિનાવિલંબે પંડિતજીએ પોતાનું વક્તવ્ય રજુ કર્યું. મહારાજા આપ શ્રીમાનને મારી નમ્ર વિનંતિ છે કે અમારા એક નવા સાહિત્યાચાર્ય પંડિતજી પધાર્યા છે. તેઓએ પોતાની આગવી ભાષામાં આમને સુંદર શુભાશિર્વાદ પાઠવ્યો છે.

उमया सहितो रुद्रः शंकरः शूलपाणि शुग् ।
रक्षतु तव राजेन्द्र टणत्कारकरं यशः ॥

તત્પશ્ચાત્ રાજા પંડિતજીને પૂછી રહ્યા છે કે આ નવા પંડિજીને કેમ લઇ, આવ્યા છે ? જવાબમાં પંડિતજી કહે છે કે રાજન જુઓ સાંભળો. મેં સ્વયં સરસ્વતીજી માતાની ઉપાસના કરીને જ રાજપુત્રીને માટે જ આ અલૌકિક પંડિતજીને પ્રાપ્ત કર્યા છે. આ સાંભળીને રાજા રાજીનો રેડ થઇ ગયો. અને આ નવા પ્રાપ્ત કરેલા પંડિતજીની સાથે સોત્સવ રાજપુત્રીને પરણાવે છે. વધુમાં વેદગર્ભ શાસ્ત્રી આ નવા પંડિતજીને ખાનગીમાં સમજાવી રહ્યા છે કે હે ગોપાલ તમારે મન જ રહેવું સલામતી ભરેલું છે. એટલે નવા શાસ્ત્રી સંભાષણ કરવાનું બંધ કરેલું છે. કિન્તુ તેની સાથે નવ પરિણીતા રાજપુત્રી તેની પંડિતાઈનું પાણી માપવા માટે અતિ ઉત્સુક છે. પરન્તુ પંડિતજીએ મૌન વ્રત લીધેલું એટલે બોલી શકાય નહિ. જનતામાં તે નવા પંડિતજીની વાહ વાહ બોલાવા લાગી. દાંભિક મૌનની પણ આટલી અસર છે. તો પછી વાસ્તવિક

મૌનની કેટલી અસર આલમમાં પ્રસરે તે સ્વયં વાચક સમજી શકશે.

જનતામાં તો નવા પંડિતજીની ઘેર ઘેર ઘેરી અસર ફેલાવા લાગી, પરંતુ પ્રિયંગુમંજરી સંતુષ્ટ નથી. માટે જ રાજપુત્રી અભિનવ હસ્તલિખિત શાસ્ત્ર લાવીને પોતાના પરિણિત પ્રિયતમ પતિને સંશોધન કરવા આપ્યું હતું. આ ભાઈ સાબ તો બીલકુલ નિરક્ષર હોવાથી નખ મારફત માત્રા બિન્દુઓ દુર કર્યાં પછીથી તો પુસ્તક રાજપુત્રીના હસ્તતલમાં આવે છે. હસ્તતલમાં આવેલા પુસ્તકની આવી અવદશા જોઇને નિર્ણય લે છે કે આ પંડિત નથી શાસ્ત્રી નથી સિદ્ધાંતવાદી નથી કિનતુ ગોવાલીયો છે. વધુ ચોકસાઇ કરવા માટે ચિત્રશાલાની ભીંતમાં ભેંસો ચીતરાવી. ત્યાર પછીથી તે એકાંતયાં ઊભી રહીને ચોકસાઈ કરે છે કે વાસ્તવિક આ પાત્ર કોણ છે! તેવામાંજ આ અલૌકિક પંડિતજી (ગોપાલ) ત્યાં આવી ચડયો અને ચિત્રશાલાની દિવાલ ઉપર આલેખાયેલી ભેંસોને જોઇને આ ગોવાલીયો કીયુંડીયું એવો અવ્યકત અવાજ કરવા લાગ્યો. આ બધાજ ભેદ જાણીને રાજકુમારિકા. ખેદ પામે છે. આ તમામ અમ નરક જેવી પરિસ્થિતિનું પાણી માપીને આ ગોવાલીયો મહાકાલીની ઉપાસના કરે છે મહાકાલીના ચરણોમાં આળોટે છે. અંતે મહાકાલીનું વરદાન મેળવે છે. ત્યારથી કાલીદાસ એવુ નામ જાહેર થાય છે. આજે જગતમાં એવી કહેવત રહી ગઈ કે "कविसु कालिदासः प्रथमोऽस्ति" કાલિદાસ એક સમર્થ સાહિત્યકાર હતા.

(૫૭)

'પ્રયોજન મનુદ્દિશ્ય મન્દોઽપિ ન પ્રવર્તતે'। હંમેશાં નાના મોટા સારા કે ખોટા કોઇપણ કાર્યની પાછળ કંઇને કંઈ ઉદ્દેશ ધ્યેય કે મુદ્દો રહેતો જ હોય છે. તે વિના મૂર્ખ ગમાર કે ગાંડો માણસ પણ પ્રવૃત્તિ તરફ પગલાં ભરતો નથી જ. તમે શા માટે જીવી રહ્યા છો ? શું સંપ્રાપ્ત કરવા જહેમત ઉઠાવી રહ્યા છો ? કઈ સિદ્ધિ મેળવવા માટે દોડા દોડ કરી રહ્યા છો ? આજસુધી કરવામાં આવેલી દોડાદોડના પરિણામે શું મેળવ્યું. કેવું મેળવ્યું ? અને કેટલું મેળવ્યું વિગેરેનો કંઈ સરવાળો કર્યો છે ખરો ?

મોટે ભાગે તમારું જીવન માત્ર ભૌતિક સુખોનો ભોગ લેવા માટે જંગ ખેલતું હોય છે. કિન્તુ તમે તમારા અંતરપટ ઉપર લખી રાખજો કે ભૌતિક સુખોનો ભોગ તમે નથી લેતા કિન્તુ તેજ ભૌતિક સુખો તમારો જ ભોગ લઇ રહ્યાં હોય છે. આ વાત તો કયારેય પણ ભૂલાવી ન જોઇએ, તેમાંજ તમારી મહત્તા અને માનવતા મહેકી રહી હોય છે. સદ્ભાગ્યશાલી હાસ્ય અને લાસ્યથી ભરેલાં ભૌતિક સુખોની સંપ્રાપ્તિ માટે તમને જેટલી તડપ તમન્ના અને તલસ છે. કિન્તુ એ વિધ્વંસ અને વિનશ્વર વિલાસી સુખો આવતી કાલે વર્ષાઋતુની વાદળી માફક વીખરાઇ જશે. તેનું શું ? આજે હાથમાં છે. પણ કાલેજ તમારો સાથ છોડી દેશે તેનો વિચાર સરખોય તમને કેમ આવતો નથી. તેજ સુખોની સોબત કરવા માટે તમે તમારી તમામ

તાકાત ખરચી રહ્યા હો છો. પણ તેના લાખમાં ભાગની તાકાત આત્મિક અને આધ્યાત્મિક સુખોના સહવાસ માટે ખર્ચવા તમે તૈયાર નથી. તો પછી પામરમાંથી પરમ કેમ થઇ શકશે. નરમાંથી નારાયણ કેમ બની શકશો અને જનમાંથી જનાર્દન કેમ થઈ શકશો.અતઃ વિચારો અને જીવનના વહેતા વહેણમાં કંઇક સુધારો કરવાના શ્રી ગણેશ શરુ કરો. જીવન વિરામ પામશે તે પહેલાં વિરાગની કોઇ પુણ્ય પળ પ્રાપ્ત કરો. ભોગ, વૈભવ અને વિલાસો એજ એ માનવ જીવનની અન્તિમ સિદ્ધિ હોત તો જગતના તખ્તાપર કોહીનૂર કીરિટો રઝળતા ન પડયા હોત. ધન અને દોલત એજ અગર માનવ પ્રાણીની ઉચ્ચતર સંપત્તિ મનાતી હોત તો એક જડવત્ જર (લક્ષ્મી) ચરણોની દાસી બની ગઈ હતી. અતઃ માનવ જીવનની અસિમ કે ચરમ સિદ્ધિ કે સમૃદ્ધિ, કોઇ અનોખી જ છે. અને તે મેળવવા માટે દુન્યવી ભોગોને ત્યાગી અલૌકિક આલમના અશ્વર્યને અપનાવવું પડે જ પડે. જરા આગળ વધો.

આપણા ઋષિ મુનિઓના સંદેશાને એક વખત પણ અવશ્ય વાંચો.

> લાખ ચોરાશી કેરું લકડું માથે માગી લીધું રે
> પેટના અર્થે પાપ કરતાં પાછું ફરી નવ જોયું રે
> આત્મા છે નિર્ગ્રન્થ નીરાલો ઉડી જતાં નવ લાગે વાર
> એને ખપતું નથી કશું યે લક્ષ્મી કે વૈભવનો ભાર

તમારી માતૃભાષામાં ઉપરનું કાવ્ય કેવો સુંદર સંદેશો આપતું જાય છે.

(૫૮)

અગર પ્રજાપાલક થઇને પ્રજાનો પરમાનંદ નહિ સહી શકે તો પૃથ્વી પાતાલમાં પ્રવેશી જશે. રાજા બનીને રૈયતની રતિ નહિ જોઇ શકે. તો ઉભયની આબાદી અસ્ત થતાં સમય નહિ લાગે.

મહીપતિ યા માલીક કહેવડાવીને મહીમાં મ્હાલતાં બાલુડાંની મજા નિરખીને નયનોમાં નેહ ન ઉભરાય તો એ નરપતિ કેમ કહેવાશે ? પિતા થઇને પોતાના પુત્રની પુષ્ટિનું પોષણ કરવાને બદલે શોષણ કરવાની કૂટ નીતિ-માનજ કહેવાયને ? ગુરુપદે બીરાજમાન થઇને સ્વશિષ્યની સંપદાને સહન ન કરી શકે એ ગુરુ ગૌરવને લાયક ન ગણી શકાય ! કોઇપણ એક નગરમાં રામના સદ્દભાગ્યનો સૂર્ય સદા ઉગતો જ રહેતો હતો. જ્યાં સુધી પૂણ્યનું પરમીશન હાથમાં હોય ત્યાં સુધી સદ્દભાગ્યનો સૂર્ય સદા ઉગતો જ રહે એ સ્વાભાવિક છે. આ શહેનશાહને સુંદરી, સમૃદ્ધિ, સત્તા, સાહયબી અને સેનાને આવરી લેતું આ નગર સુશોભિત હતું. પ્રજા પ્રભાવશાલી અને પરમાનંદી હતી. તેટલું જ નહિ કિન્તુ આ ધરતી પર કાચું સોનું પાકતું હતું. આ ભૂપતિનો ભંડાર ભરપૂર હતો. કયારેક રાજા પોતાના રસાલા સાથે શિકારે નિકળી પડતો હતો. ઘોડો દબડાવતાં રાજા રસાલાથી સુદૂર નિકળી પડયો. ઘોર અને ભયંકર અટવીમાં એકાએક ભૂલો પડયો. આમ તેમ આથડતો અવનિપતિના અંતરમાંથી આર્તનાદનો

અવાજ આવી રહ્યો છે, પરન્તુ સાંભળનારા ઘણાજ દૂર રહી ગયા છે. છેક હતાશ અને પરેશાન થઇને પૃથ્વીપર પટકાય છે. છેવટે તેના જીવનમાં નવા પ્રાણ પૂરાય છે અને હૈયામાં હિંમત રાખીને ઘોડાને દક્ષિણ દિશા તરફ દોડાવતો જાય છે. સંધ્યા સમયે એક નાનકડા ગામડા પાસે જઇ પહોંચ્યો. ત્યાં બે પાંચ જણા ઊભેલા જોયા રાજાએ પૂછતાછ કરી તો ગામડું પોતાની સત્તામાં રહેલું નીકળ્યું.

ગામડું નાનકડું હોવા છતાં ત્યાં એક સમૃદ્ધશાલી વ્યાપારી વસતો હતો. રાજાએ પોતાનો પરિચય આપ્યો. લોકો અપનાં ગામના માલીકને જોઇને. ઘણાંજ હર્ષ પામ્યા. લોકો એકદમ આનંદમાં આવી ગયા કે આપણા ગામનો ધણી અહિં કયાંથી આવી ચડે આપણું અને આપણા ગામનું અહોભાગ્ય સમજો કે આપણો રાજા આપણા આંગણે આવી ચડે. ખરેખર આજે તો સોનાનો સૂર્ય ઉગ્યો માની શકાય. આપણા ગામની ભાગ્ય રેખામાં અમૃત ચોઘડીયુ ચાલી રહ્યું હશે. તે સિવાય આવો સૌભાગ્યવંતો સુભગ સંયોગ સાંપડે જ કયાંથી ? આનંદમાં ઉછળતા લોકો ગામમાં પૂછાતા આ સમૃદ્ધશાલી શેઠને આંગણે લઈ ગયા. થોડી વારમાં તો ગામની સમસ્ત જનતા ત્યાં જમા થઇ ગઈ હતી. શ્રમિત થએલા રાજાને ગરમ પાણીથી સ્નાન વિગેરે કરાવવામાં આવ્યું હતુ પછી રાજાનેયોગ્ય ભોજનની સામગ્રી તૈયાર થવા લાગી. ખરેખર ચાંદીના બાજોઠ અને સોનાની થાળીઓ ગોઠવાઇ ગઇ. પછી વિધવિધ વૈરાટીઓનું પૂછવું જ શું ? રાજા ખુબજ આસક્તિની સાથે

જમી રહ્યો છે. ભોજન લઈ રહયા પછીથી આરામને માટે મખમલથી પણ મુલાયમ સુંવાળી શૈયા પર પડે છે. શ્રમિત થઇ ગયેલો હોવા છતાં રાજાને જરાય પણ નીંદ આવતી નથી. એના દિલમાં દ્વેષનો દાવાનલ સળગી રહ્યો છે. ઈર્ષાની અગ્નિ ભભૂકી રહી છે. અંતરમાં અસૂયાનો ઉદધી ઉછળી રહ્યો છે. પછી આરામ હરામ જ થાય ને? એના મનમાં મોંકાણ મંડાણી હતી કે અરે મારા જ ગામડામાં રહેનારો એક વ્યાપારી આટલો સુખી સાહ્યબી અને સંપતિ વાલો ! અરે આ મારાથી કેમ જોયું જાય ? મારી આંખોમાં કેમેય ન સમાય.

અરે હું સમ્રાટ શહેનશાહ સત્તાધીશ અને મારી નીચે મારી તહેનાતમાં રહેનારો એક સામાન્ય માનવ આટલો વિપુલ વૈભવશાલી ન હોઇ શકે ! ચાલો હું તેની ખબર લઇ લઊં છું. રાજા વહેલી સવારે ચાલી નીકળ્યો. રાજગઢમાં જઇ પહોંચ્યો. તત્પશ્રાત રાજાએ શીઘ્રાતિશીઘ્ર પ્રધાનામાત્યને વિગેરે કર્મચારીઓને બોલાવ્યા અને પોતાના પ્રવાસની સઘળીય સ્વાનુભૂતિ કહી સંભળાવી અને સાથે સાથે મંત્રીશ્વરને કહ્યું કે આ શેઠ આટલો સમૃદ્ધ કેમ ? આ વ્યાપાર આપણે જ હસ્તગત કરી લઇએ તો કેમ ? પ્રધાન પણ કાકલૂદી કરવાવાળો હતો. એટલે સહમત થઈ ગયો. બીજા પણ કર્મચારીઓ હા જી હા જેવા હતા. બીજાએ પણ મણકો મૂકયો. આપ ધણી છો, માલીક છો, રાજેશ્વર છો આપ મનમાં જે ધારો તે કરી શકો છો.

બસ વ્યાપારી તંત્રની લગામ રાજયના હાથમાંજ હોવી જોઇએ. જેથી રાજ્યનો ખજાનો ઉભરાતોજ રહે. ગ્રામના નગરશેઠ પણ બેઠેલા હતા. ચાલી રહેલી વાટાઘાટ માટે તેઓનો વિરોધ હતો. પ્રસંગવશાત તેઓએ પણ ચોખા મૂકયા કે વ્યાપારી તંત્રની ચાવી રાજ્યના હાથમાં આવેતો રાજભંડાર જરૂર ભરપૂર થાય. પરન્તુ સાથે સાથે પ્રજાજનોને ભીડ ભોગવવી પડે જ પડે.

સામાન્યતયા કહેવત પણ છે કે 'જેનો રાજા વેપારી ત્યાંની પ્રજા ભિખારી' આ કહેવત બીલકુલ સાચી છે. રાજ વેપારનું સુકાન સંભાળી લેશે તો પ્રજા કયાં જશે? શું કરશે? આપણે કેવલ આપણો જ સ્વાર્થ સાધતા ફરીશું તો જનતાના પેટનું શું ? તેના પરિવારનું શું ! આ અંગે એક પછી એક પ્રશ્ન સદાને માટે સળગતો જ રહેશે. આ તમામ વાતોનું હાર્દ રાજાથી સમજી શકાતું નથી. ઉપ-રથી રાજા પોતાનું વક્તવ્ય રજુ કરે છે કે રાજયની સમૃદ્ધિ છે તેજ પ્રજાની સમૃદ્ધિમાની શકાય. રાજાના આ વક્તવ્યની સામે એક ભાઈ શ્રી જડબાતોડ જવાબ આપે છે. રાજન આપ શ્રીમાન એમ માની બેઠેલા છો કે રાજાની સમૃદ્ધિ એ પ્રજાની છે. કિન્તુ તેના બદલે એમજ માની લો કે હંમેશાં પ્રજાની લક્ષ્મી છે તે રાજાનીજ છે. અર્થાત પ્રજા સુખી છે તો રાજા પણ સુખી જ હોઇ શકે છે. પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી રહેતો હોય તેજ વાસ્તવિક રાજા માની શકાય. આ તરફ રાજાના આદેશ

અનુસાર પ્રધાનોએ મલીને યોજના ઘડી કાઢી અને તે રાજાની સમક્ષ રજુ કરવામાં આવી. રાજા વાંચીને સંતુષ્ટ થયો અને સમસ્ત નગરમાં આજ્ઞાનું પરિપાલન પણ થવા લાગ્યું. જીવન જરૂરીયાતની મુખ્ય મુખ્ય આઇટેમો મારી પ્રજાને મલી શકતી નથી અને નફાખોર વેપારીઓ મન માન્યા ભાવ લઇને ગરીબ-જનોને લૂંટી રહ્યા છે. આ માટે મુખ્ય મુખ્ય આઇટેમોના વ્યાપારનું સંચાલન હવે પછી રાજયના હાથમાં રહેશે. બસ આ મુજબ આજ્ઞાનો અમલ શરૂ થઇ ગયો. આ તરફ વેપારીઓ પરેશાન ને પરાસ્ત થઇ ગયા.

સાધારણ જનોમાં પણ, અસંતોષ વધવા માંડયો. લાંચ રુશ્વત લીધા વિના રજા ચીઠી આપતા નહિ હતા. આ રીતિએ અન્ધાધૂન્ધીમા સાત વર્ષો વીતી ગયાં. ધંધા રોજગારનો વ્યવહાર તદ્દન ખોરવાઇ ગયો હતો.

રાજકીય નોકરો પણ બેફામપણે વર્તવા લાગ્યા. લોકોએ ઘણી ઘણી ફરિયાદો કરી. કિન્તુ સાંભળે જ છે કોણ ? છેવટે લોકોએ એક સમયજ્ઞ કવીશ્વરને વાત કરીને રાજા પાસે આવ્યો. કવિવર નમસ્કાર કરીને નમ્ર નિવેદનના રુપમાં મોકલવામાં એક કવિતા સંભળાવી રહ્યા છે.

અન્ન વસ્ત્રને આશરો આજ બને બેહાલ
કરે રાજય વ્યપાર ત્યાં પ્રજા બને કંગાલ

આ એક નાનકડા કાવ્યે રાજાના અંતરમાં ઉંડી અસર ઉપજાવી હતી, ત્યારથી રાજાએ પોતાની દિશા પલટાવી હતી. પરિણામે પ્રજા પૂર્વવત પ્રમોદ કરવા લાગી.

(૫૮)

સ્વાર્થને સિદ્ધ કરવા ખાતર માનવ શું નથી કરતો એજ પ્રશ્ન છે. જનમ જનમથી કેવલ ભંગાર જેવાં ભૌતિક પદાર્થોના સંરક્ષણ માટે ધર્મની સાધના કરવા તૈયાર થઈ જાય છે પરંતું ધર્મને ધર્મરૂપે સમજીને આરાધના કરનાર આલમમાં ભગ્યેજ મલશે. આત્માની આબાદીઅર્થે ઉપાસના કરનારા ઈન્સાનો અવનિમાં ઓછા મલશે. ખરેખર આપણી આત્મિક ફરજ શું છે તે તમારે સમજવું જરૂરી છે. તે વિના આત્મશ્રેયના સૂર્યનો ઉદય કયાંથી હોય ? કોઈ એક રાજા શૂરવીર સાથે એટલોજ શ્રદ્ધાલુ હતો. સદ્‌ભાગ્યોદયે પરમ ત્યાગી વિરાગી ગુરૂજી મલી આવ્યા. એક દિવસ ગુરૂજીએ ચાર ચાર ધામની યાત્રાર્થે ઉપડી જવાનો અંતરભાવ અભિવ્યકત કર્યા ત્યારે રાજા ગુરૂજીને વિનવી રહ્યો છે કે આપશ્રી બહાર યાત્રાર્થે પધારશો તો મને સત્સમાગમ કોણ આપશે? સત્સંગ એ તો મારા જીવનનો પ્રાણ છે. ગુરૂદેવ પોતાની મીઠી અને મધુરી વાણીમાં સમજાવી રહ્યા છે કે રાજન અમે તો સાધુ પુરૂષ રહ્યા. એક જ સ્થાને અવિરત આવાસ અમારા માટે અનુચિત છે. અતઃ અમારે જવું જોઇએ. ગુરૂજીની દલીલ આગળ રાજા વધુ બોલી શકયો નહિ. હવે છેલ્લી વિનવણી કરે છે. આપ મારા યોગ્ય આજ્ઞા ફરમાવતા જાવ જેથી હું સત્કર્ય કરતો રહું અને આપનું નિત્ય સ્મરણ રહે. ગુરૂજીએ કહ્યું રાજન તારા રાજકોષમાં કોઇપણ ભકતજનોનો પૈસો નહિ આવવો જોઇએ. એટલેકે

જે ભક્તજન હોય તેને તારે કરવેરથી મુક્ત કરવો જરૂરી છે. રાજાએ ગુરૂજીની વાતને સહર્ષ વધાવી લીધી સાથે સાથે ગુરૂજીના ચરણોમાં ઢળી પડયો. ગુરૂજીએ ખૂબ ખૂબ શુભાશિર્વાદ પાઠવ્યાં. વહેલી સવારે ગુરૂદેવ યાત્રાર્થે ઉપડી ગયા. તત્પશ્ચાત રાજાએ અપના ગામમાં ઢંઢેરો પીટાવ્યો. હવે પછીથી મારાં રાજયમાં કોઇપણ ભકતજનનો કરવેરો યા ટેકસ લેવામાં નહિ આવે. આ રાજાના રાજયમાં એક જ ભક્તજન હતો કાયદેસર તેનો કરવેરો મુકત કરવામાં આવ્યો સાથે સાથે ગામની લગભગ જનતા ભકત તરીકેની ઓથ નીચે કરવેરામાંથી મુકત થવા તૈયાર થઈ ગઈ. ટીલાં ટપકાં અને મંત્રમાલાઓનો પ્રચાર જોરશોરથી વધવા લાગ્યો દિનપ્રતિદિન દ્વારે દ્વારે ભકતજનો ઉભરવા લાગ્યા અને રાજાએ પીટાવેલા ઢંઢેરાનો ગેરલાભ લેવા લાગ્યા કોઈપણ જાતની છૂટછાટનો ગેરલાભ લેવા માટેનું માર્ગદર્શન આજની જનતાને શીખવવું પડે તેમ નથી. જનતા રાજાના કરવેરા માંથી છૂટકવા એકાદ વર્ષ દરમ્યાન સમસ્ત જનતા ભકત બનીગયા રાજયના સંચાલનમાં આંચકો આવવા લાગ્યો. રાજકોષમાં ઇન્કમ સદંતર બંધ થઇ ગઇ. એક રીતિએ આવક વગર મોટાં મોટાં સરોવરો પણ સૂકાઇ જાય તે સ્વાભાવિક છે. બે વર્ષમાં તો રાજકોષ તળીયા ઝાટક થઇ ગયો તોપણ ગુરૂજીની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ થઇ શકે. રાજ્યના સંચાલન માટે રાજાએ ઝવેરાત વેચવા માંડ્યું તોપણ પહોંચી વળાતું નથી.

અંતે દેવાદારના બોજા નીચે આવવાનો સમય આવી પહોંચ્યો આ અઢી વર્ષના સમય દરમ્યાન રાજા મુશ્કેલી. ઓમાં મૂકાઇ ગયો. મુશ્કેલીઓની પાછળ હંમેશાં મુંઝવણ ડોકીયું જ કરતી રહે છે. આ તરફ અઢી વર્ષના અંતે ગુરૂદેવ ચાર ચાર ધામની યાત્રા કરીને પુનઃ પદાર્પણ કરી રહ્યા છે. પ્રજા પ્રમુદિત છે. રૈયત રાજી છે. લેભાગુ લોકોના આનંદનું પૂછવું જ શું ? પ્રભાવિત થયેલો પ્રજાપાલક સમ્પૂર્ણ શ્રદ્ધા સાથે સંતના શ્રી ચરણોમાં નમી પડયો હતો. રાજાનું શુષ્ક વદન અને બદન જોઇને, મહાત્માએ પૂછ્યું. રાજન્ ! તારી આ જાતની અવદશા કેમ ! જવાબમાં જણાવ્યું કે રાજ્યમાં ભક્ત વર્ગ વધી ગયેલો હોવાથી, રાજકોષની આવક સદંતર બંધ થતી ગઇ. પરિણામે આ દુર્દશા થવા પામી છે. બોલો ગુરુજી ! હવે શું કરવું ? રાજન ! તું ચિન્તા ન કરીશ. હંમેશાં દરેક કાર્યોની પાછળ ચાણાકય બુદ્ધિનો ઉપયોગ કરવો જોઇએ. એ તું સમજે છે ? જો ત્યારે આજથી તને પાઠ શીખવવામાં આવે છે તે બરાબર શીખી લે, બહુ મીઠા ન થવું તેમ બહુ કડવા પણ નહિ બનવું. કેમ કે બહુ મીઠા બનવાથી લોકો આપણને ખાઇ જાય. અને વધુ પડતા કડવા બનવાથી જનતા થૂકી દે. આ પાઠ પ્રતિદિન યાદ કરતો રહેજે. બસ આજથી તું ચિન્તા છોડી દે. બધુંજ સારૂં થશે. પૂર્વવત પરિસ્થિતિ પથરાઇ જશે.

જો સાંભળ ! આવતી કાલથીજ રાજ સભામાં ભક્ત વર્ગને એકત્રિત કરો, પછી શું કારવાહી કરવી તે પછીથી કહીશ. રાજાએ વિના વિલંબે ઢંઢેરો પીટાવ્યો. કંઈક મલવાની આશાએ સમસ્ત જનતા, ટીલાં ટપકાં અને હાથમાં માલાઓ લઈને રાજ સભામાં આવવા લાગી. જોતા જોતામાં રાજ સભા ભરાઈ ગઈ. હવે ગુરૂજીએ રાજાને શીખવ્યું તું તારી પ્રજાની સામે જઈને પડકાર કર કે મારા માટે ભક્ત તેલની અતિ આવશ્યક્તા છે. માટે આવતી કાલે તમામ ભક્ત જનોને ઘાણીમાં ઘાલીને પીલવામાં આવશે માટે દરેક ભક્તજને તૈયાર રહેવું જોઈશે. બસ આ સાંભળતાની સાથે સભામાં સનસનાટી ફેલાઈ ગઈ. લોકોના અંતરમાં આંચકો આવવા લાગ્યો. ચોરી છૂપીથી ટીલાં ટપકાં ભૂંસાવા લાગ્યાં. માલાઓ જ્યાં ત્યાં છૂપાવા લાગી. ચોતરફથી અવાજ આવવા લાગ્યો. અમે ભક્ત નથી. અમે ભક્ત નથી. વિગેરે શબ્દોના પોકારો થવા લાગ્યા. અમે તો માત્ર કરવેરામાંથી મુક્ત થવા માટે જ ભક્ત તરીકેનો દેખાવ કરી રહ્યા હતા. અંતે એક પછી એક લોકો વીખરાવા લાગ્યા. આખરે એક અસલી ભક્તજન બેસી રહ્યો હતો. તેને પૂછવામાં આવ્યું. ભાઈ! બધાં જ ગયા અને તું કેમ બેસી રહ્યો છે? જવાબમાં પોતાનાં અંતરની દિવ્ય ભાવનાની રજુઆત કરે છે. મહારાજાધિરાજ ! મને જણાવતાં અતિ આનંદ થાય છે કે અગર આ મારી કાયા કોઈનાય ઉપકાર માટે કામ લાગી જાય. તો હું ઘાણીમાં પીલાવા તૈયાર છું. એક દિવસ આ કાયા અગન ભડકે બળી જશે.

ઋષિ મુનિઓ પણ સંદેશો આપતા આવ્યા છે કે

યમરાજ તારા મસ્તકે  ફરકાવશે ધોળી ધજા
દાંત તોડી નાખવાની  તે પછી કરશે સજા  ૧

o o o o o o

માટી ભેગી માટી મલશે  પાણી ભેગું પાણી
કાચી કાયા તારી કામ ન આવે  અંતે થાશે ધૂળધાણી

o o o o o o

કુંચન વરણી કાયા તારી  પીપલ વરણી પાની
મૂઆ પછી તને સળગાવી દેશે ઉંડી જાશે તારી વાની

o o o o o o

આ વાર્તામાંથી એજ તારવી શકાય છે કે અસલી તે અસલીજ રહે છે અને નકલી તે નકલી જ રહેવા માગતો હોય છે. છપ્પન ઈંચના ડગલા વાળા સફેદ ઠગભક્તો સ્વાર્થની સોબત વધુ કરતા હોય છે. જ્યારે અસલી ભક્તો પરોપકાર પરાયણ હોય છે. એટલું જ નહિ પરન્તુ પરોપકારના નામે પ્રાણ પટકતા હોય છે. પૂર્વવત પ્રજા-પાલકની રાજ્ય વ્યવસ્થા ચાલવા લાગી. સાથે સાથે શ્રીમાન સંતના અગણિત આશિર્વાદનો આભારી બન્યો.

(૫૯)

એક દરિદ્ર નારાયણ બ્રાહ્મણના ઘરમાં હાંડલાં કૂસ્તી કરે છે. છયાં છોકરાના પેટમાં ઓરવા પુરતુંય નથી. ત્યાં પછી આતિથ્ય સત્કારની વાત કેવી ? અરે કૂતરું પણ

ભાગ્યેજ ટૂંકડો પામે. આવી દુર્દશામાં ડૂબેલા ભૂદેવને ભામા ભ્રમતકાર અને ટણત્કાર કરી રહી છે. અરે તમે અહિંથી ટળો યા મરો પરન્તુ અહિંથી દૂર ખસી જાઓ બહાર, અને ભીખ માગો. આ બિચારો દીન હીન બ્રાહ્મણ અબલાનો આક્રન્દ ભરેલો આક્રોશ સહી નહિ શકવાથી એકાએક અટૂલો બહાર નીકળી પડયો. શ્રીમાન શેઠીયાઓની ગૂલામી કરી. અનેક જનોની ખુશામતો કરી કંઇકની સામે દીનતા દાખવી. પરન્તુ પરિણામે કંઈજ નહિ. કેમકે 'પુણ્ય વિના સઘળું શૂન્ય' છેવટે આ બ્રાહ્મણ હતાશાભર્યા હૃદયે દદળતા દિલે પોતાના ગામ ભણી જવા ઉપડયો. ભીષણ અરણ્યની વાટે જઇ રહ્યો છે. રસ્તામાં એક આશ્રમ જોવામાં આવ્યો.

એક સિદ્ધ યોગીના દર્શન મલ્યાં યોગીશ્વરના દર્શન માત્રથી આ બ્રાહ્મણ પ્રભાવિત થયો સાથે સાથે આ સંતની સેવા કરવાના કોડ જાગ્યા. ત્યાં રહીને સેવાના મેવા મેળવવા લાગ્યો. સેવા યજ્ઞમાં અચલ ઉપાસના કરનાર આ બ્રાહ્મણને નિરખીને યોગીશ્વર તુષ્ટમાન થયા. ભક્તજનના દુઃખ દર્દને દફનાવવા તરફ યોગીની દૃષ્ટિ ગઇ. આ યોગીશ્વરે ભક્તજનના હાથમાં દક્ષિણાવર્ત શંખ મૂકયો અને સૂચના કરી કે આ શંખની તું સદૈવ સેવા કરજે. તને હંમેશાં એક સુવર્ણમુદ્રા અર્પણ કરશે. આ બ્રાહ્મણ શંખ લઇને ચાલ્યો. પોતાના ગામ તરફ ચાલ્યો જાય છે. સ્વગ્રામ સુદૂર છે. દરમ્યાન રસ્તામાં આવતા એક નાનકડા ગામમાં

એક વ્યાપારીની દુકાન આવી. પાસે જ શિવાલય હતું. ત્યાં જઇને શંખનું સાદર પૂજન કરવા લાગ્યો પશ્ચાત પૂજાના ફલ સ્વરૂપે શંખની પાસે એક સુવર્ણ મુદ્રાની માગણી કરી હતી. તુરતજ વિના વિલંબે તેના હાથમાં સુવર્ણ મુદ્દા આવી ચૂકી હતી.

આ નિરાધાર બ્રાહ્મણના અંતરે અમાપ આનંદ હતો. સામેનો વ્યાપારી આ દૃશ્ય જોઇને દિગમૂઢ બની ગયો. તેજ ટાઇમે આ વેપારીએ મનમાં જ નિર્ણય લીધો કે કોઈપણ ભોગે આ શંખ સ્વાયત્ત કરવો જ જોઇએ. જ્યારે આ બ્રાહ્મણ જ્યાં આગળ જવા તૈયાર થયો ત્યારે આ વ્યાપારી આવી ચડયો અને આ બ્રાહ્મણને કાલાવાલા કરવા લાગ્યો.

અરે ઓ! મારા મોંઘેરા માનવંતા મહેમાન! આમ ભૂખે પેટે કયા ચાલ્યા? ચાલો ચાલો આપણે ઘેર. ભૂદેવના અમારી ભૂમિપર પનોતા પગલાં કયાંથી? આજે તો મારાં આંગણિયા પાવન કરવા પડશે. અરે ભાઇ! अतिथि देवो भव। આપ જેવા અભ્યાગત મારે ત્યાં કયાંથી? ધન્ય ભાગ્ય અમારાં કે આપ સદભાગ્યશાળીનાં પનોતાં પગલાં પડે. ખરેખર આજે તોસોનાનો સૂર્ય ઉગ્યો હોય એમ માની શકાય!

બીચારો આ બ્રાહ્મણ સીધો સાદો અને સરલાશયી! આ વ્યાપારીની મુરાદને કયાંથી પકડી શકે? આ ભૂદેવે ભોજનનું નોતરું માન્ય કર્યું.

આ વેપારીએ ભોજનમાં લચપચતા લાડું બનાવ-
રાવેલા. બ્રાહ્મણે આકંઠ ભોજન કર્યું ગ્રીષ્મ ઋતુનો સમય
હતો. ઠંડો અને મીઠો પવન પાલવ પાથરીને આ ભૂદેવના
સ્વાગત કરી રહ્યો હતો. આ બ્રાહ્મણ ભાઈ શયનારૂઢ થયા.
નિદ્રાદેવીનું શુભાગમન થયું. નાશિકાની નોબત વાગવા
લાગી. દરમ્યાન આ વ્યાપારીએ અસલી શંખને કવર
કરીને તેવોજ નકલી શંખ તેજ સ્થાને ગોઠવી દીધો.
સમયપર બ્રાહ્મણ નિદ્રામાંથી નિવૃત્ત થયો. તૈયાર
થઈને ચાલવા લાગ્યો. યોગ્ય સ્થાને પૂજા સત્કારાદિ કરવા
લાગ્યો. પછીથી માગણી કરી. કિન્તુ વ્યર્થ. કંઇજ ન મલે.
ત્રણ ત્રણ વખત પ્રયોગ કરી ચૂકયો, કિન્તુ આપવાના
રામ રામ. આ બ્રાહ્મણ પુનઃ પહોંચ્યો યોગીશ્વરના શુભ
સાનિધ્યમાં. અથ ઇતિ કહી સંભળાવી હતી. યોગીશ્વરે
દીલાસો આપ્યો, હિંમત આપી. તું ચિન્તા ન કર, આ
બધોજ તે વ્યાપારીનાં જ કામણ છે. તું ત્યાંજ જઇ પહોંચ.
શિવાલયમાં તે વ્યાપારીની હાજરીમાજ પૂજનનો પ્રારંભ
કરજે અને બે સોનામહોરની માંગણી કરજે. આ શંખ
બોલશે. આવતી કાલે ચાર આપીશ. બસ આ તમામ
પ્રક્રિયા તે વ્યાપારીની હાજરીમાંજ કરવામાં આવી હતી.
આ દશ્ય જોઈને વ્યાપારી લલચાયો અને અસલી શંખ
મૂકીને નકલી શંખ ઉપાડી ગયો. બસ આ બ્રાહ્મણ ભાઈનું
કામ થયું. બ્રાહ્મણ નિજી સ્થાને સહી સલામત જઈ પહોચ્યો.
પછીથી વ્યાપારીએ આ શંખની પૂજા કરીને બે સુવર્ણ

મુદ્રા માંગી. સામેથી શંખમાંથી અવાજ આવ્યો કે આવતી કાલે ચાર આપીશ. રોજ આ પ્રમાણે પૂજન અને માગણીનો કાર્યક્રમ ચાલતો રહ્યો. પરન્તુ આપવાની વાત જ નહિ. અંતે આ નકલી શંખે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે
अहं डफोल शंखोस्मि न ददामि वदाम्यहं ।

(૬૦)

સંસારમાં સોયનું સ્થાન ઉચ્ચ છે. તે ઘણું ઘણું કામ કરતી રહે છે. સોય સાંધે છે, સીવે છે. જોડે છે. જીવનમાં સોય એ મહત્વનો ભાગ ભજવે છે. અતિ ઉપયોગી વસ્તુ હોવા છતાંયે તે સોય યોગ્ય જગ્યાએજ રહેવી જોઈએ. તે ગમે ત્યાં રખડતી રઝળતી મૂકવામાં આવે તો કયારેક વિનાશને નોંતરે છે. અતઃ સોયની પાછળ સતત ઉપયોગની આવશ્યક્તા ઉભી રહે છે.

સોય તમારી ઇજ્જત, આબરું અને એબને આબાદ રાખે છે. સોય એ ગરીબોની જીવનાધાર છે. કિંમતમાં અકિંચન છે. નહિવત્ છે. તથાપિ હિંમત રાખીને કામ અનોખું આપે છે. ખરેખર સોયનું સામ્રાજ્ય સમસ્ત સૃષ્ટિમાં વ્યાપક છે. કિન્તુ તેની પાછળ ભારોભાર કાળજી કદરદાન કે સંભાળ રાખવી જ પડે છે.

પગમાં કાંટો વાગે તો સોયને પગમાં ઘૂસાડવામાં આવે છે. કિન્તુ વિધિપૂર્વક ઘૂસાડવાની રીતિએ ઘૂસાડાય છે. પરન્તુ એમને એમ અવિધિએ ઘૂસી જાય તો પગમાં ઓપરેશન કરીને કાઢવી પડે છે. એટલે કે વિધિનું

વિધાન સર્વત્ર છે. પ્રત્યેક વ્યવહારમાં વિધિ વિધાન અગ્રભાગ ભજવતું હોય છે. તો પછી ધાર્મિક ક્રિયાઓમાં વિધિ વિધાન માટે સંદેહને સ્થાન જ કયાં છે ?

આ લેખનો મુખ્ય વિષય છે સોયની ઉપયોગીતા. ચાલો તે અંગે કેટલુંક જાણવા જેવું જાણી લઈએ. મુખ્યત્વેના સોયની પાછળ સમ્પૂર્ણ જાગૃતિ જોઈએ. ઉપયોગ શૂન્યતાના સબબે તે સોય ગળામાં પેસી જાય તો પરિણામ કેવું ભયંકર આવે ! તે વાંચક સ્વયં સમજી શકે છે. ભાવનગર સૌરાષ્ટ્રનું એક સમૃદ્ધશાલી શહેર મનાય છે. ત્યાંનું એક અમીર ઉમરાવ કુટુંબ. અડધી રાતનો સમય. લગ્નની મહેફીલ જામી હતી. એ કુટુંબ પણ લગ્નમાંથી જ આવી રહ્યું હતું. સંયોગ વશાત તે કુટુંબની એક દશથી બાર વયસ્ક બાલાનું નવું ને નવું ફ્રાક ફાટી ગયું હતું. તેણીની માતાની ભયંકર ધાક હતી. વાત વાતમાં આ બાલા માર ખાઈ બેસતી. પછી ફ્રાકના પ્રકરણનું પૂછવું જ શું ? છોકરીનું આવી જ બનેને ? માડીનો ખૂબ જ ભય. પોતાની માડીને ખ્યાલ ન આવે તે માટે ફ્રાકને સાંધવા માટે સોયની શોધખોળ કરી રહી છે. કબાટમાંથી સોય મલી આવે છે. સોયને બે દાંત વચ્ચે દબાવે છે. દોરો શોધી રહી છે. આ પ્રમાણે સોયને મોંમાં મૂકીને બે દાંતો વચ્ચે દબાવી રાખવાની ઘણાઓને આદત હોય છે. એક તરફ તેણીની માડી બૂમ મારી રહી છે. અરે અલી ! સોનલ પાછી કયાં મરી ગઈ ? કિકીયારી

ભરેલો અવાજ સાંભળીને છોકરી એકાએક ગભરાઇ ગઈ અને બે દાંતો વચ્ચે દબાયેલી સોય ગળામાં ચાલી ગઇ. ઘણી વખત તનતનાટ અને છનછનાટ ભરેલો અવાજ પણ ચાર જેટલી તાકાત ધરાવે છે. આ છોકરીના. વાંસામાં જાણે ધબ્બો પડયો હોય. છોકરી ગભરાઇ ગઈ અને દાંતો વચ્ચે દબાવવામાં આવેલી સોય સીધીજ ગળામાં ચાલી ગઈ જુઓ હવે પરિણામ શું આવે છે ?

કયાં ગઇ કયાં ગઇ એમ બૂમ બરાડા પાડતી માતા નીચે આવી. ધૂઆં ફૂંઆં થઈને આવતી માતાને જોઇને આ છોકરી કિં કર્તવ્ય વિમૂઢ બની ગઈ. છોકરીના હોશ કોષ ઉડી ગયા છે. આર્જવતા ભર્યું નમ્ર નિવેદન કરી રહી છે. કે મા મને મારતી નહિ. મારા ગળામાં....બોલતી અચકાઇ જાય છે. બોલી પણ શકાતું નથી. છેવટે તૂટયા ફૂટયા શબ્દોમાં કંઇક બોલી બતાવે છે. મા જાણતી થઇ ગઇ કે આ છોકરીના ગળામાં સોય ચાલી ગઇ છે. મામલો ગંભીર હતો. ગળામાં ગયેલી સોય રક્ત નલીમાં ઘૂસી ગઇ. રક્ત નલીમાંથી લોહી પ્રવાહિત થઇને મુખમાંથી બહાર આવવા લાગ્યું. લોકોમાં સન્નાટો ફેલાઇ ગયો કે હમણાં છોકરીનો જીવ જશે. એક અનુભવી ડોકટરને ત્યાં લઇ જવામાં આવી. ત્યાં પરખાવી દીધું. કેસ ગંભીર છે. બચવાની શકયતા કમ છે. બીજા ડોકટરની પાસે લઈ જવામાં આવી. ત્યા પણ એજ જવાબ મલ્યો અંતે ગળાના સ્પેશીયાલીસ્ટની પાસે લઇ જવામાં આવી. કિન્તુ કર્મની લીલા

સામે કોઇનુંય ન ચાલે છેલ્લામાં છેલ્લો ફેંસલો કર્મ મહારાજાની પાસેથી મેળવવાનો રહે છે. અન્તે આ માસુમ બાલા એકાએક મોતના ડાચામાં ધકેલાઇ ગઈ. વાંચી લ્યો નાની શી ભૂલનું કેવું ભયંકર પરિણામ આવે છે. માનવ જીવનનું મૂલ્યાંકન સમજી જવાય તો વિચાર, વાણીમાં અને વર્તનમાં વીતરાગ શાસનની સુવાસ મહેકી ઉઠે. તેનું જીવન હજારો જીવાત્માઓને માટે આદર્શ અને આશિર્વાદ રૂપ બને જ બને ! માનવ પ્રાણીમાં એક કાલ જૂની બદી છે, કે તે તમામ ભૌતિક પદાર્થોની કિંમત હૈયામાં રમતી રાખે છે. અને તે પ્રાણીઓને વધુને વધુ ગમતી હોય છે. કિન્તુ માનવ પોતાના જીવનની કિંમત કરવાની હિંમત આંકી શકતો નથી જે જીવન મોંઘરૂં માનવન્તુ અને મૌલિક મનાય છે.

માનવ ! પહેલા જ પાઠમાં માનવ જીવનનાં મૂલ્યાંકન સમજતો થઇ જાય તો તેને પતનના માર્ગે પગ મૂકવાની પળ સરખીયે ન મલે.

પરન્તુ જન્મ ધારણ કર્યા પછીથી બૌદ્ધિક વિકાસની વિપળમાંજ કાયા માયા અને છાયાને જ વધુ વજન આપતો હોય છે. જે અનિત્ય છે, ચલિત છે. ક્ષણ ભંગૂર છે અને દુઃખ પરંપરક છે.

એક માછીમારને મહામૂલ્યવન્તુ ઝવેરાત મલી આવ્યું પરન્તુ તેને નહિવત સમજીને ફેંકી દે છે. ક્યારેક માછીમારને પોતાની જાળમાં માછલાને બદલે એક પોટલી

આવી હતી. સાંજનો સમય થઈ જવાથી બીજી વાર સાગરમાં જાળ નાખવાનો ચાન્સ ન રહ્યો. માટે પોતાની હોડી, કીનારા તરફ હંકારી, હોડી સડસડાટ ચાલી જાય છે. પેલા જીજ્ઞાસુ માછીમારે સામાન્ય નિયમાનુસારે માણસના હસ્તતલમાં કંઇક અવનવું આવી ચડે છે. ત્યારે તેને જોઇ લેવાનું મન કોને નથી થતું ? આ માછીમાર જાળમાં આવેલી પોટલીને છોડીને જોવા જાય છે, ત્યાં માત્ર પત્થરા ઓજ જોવામાં આવ્યા. અંતરમાં થોડા સમય માટે પણ ભારે આંચકો અનુભવ્યો.

ત્યાર પછીથી તેણે, સાગરની સફર શરુ કરી દીધી હતી. પોટલીમાં રહેલાં એક એક પત્થરાઓ સાગરમાં ફેંકતો ગયો. માત્ર એકજ પત્થર તેના હાથમાં રહી ગયેલો હતો. પુનઃ સાગરના કીનારે આવી પહોંચ્યો ત્યાં સામે કીનારે ઉભા રહેલા તેના છોકરાએ પપ્પાના હાથમાં રહી ગયેલા પત્થરને છીનવી લીધો. છોકરો તે પત્થર લઇને અન્ય છોકરાઓ સાથે રમવા લાગ્યો. દૈવ યોગે ત્યાંથી પસાર થતા એક ઝવેરીના જોવામાં આવ્યો અને એકાએક ચોંકી ઉઠયો. વાહ પૂછો ન પૂછો કિન્તુ આ નંગ લાખોનું છે. ઝવેરી ન્યાયી હતો. તે માછીમારને મલ્યો અને મણીનાં મૂલ્યાંકન અંકાયાં. માછીમારના મનમાં કરંટ લાગ્યો.

પારાવાર પશ્ચાતાપ થયો. પોતાની જાત ઉપર સમ્પૂર્ણ નફરત થઈ આવી. લાખોની કિંમતનાં ઝવેરાત જલશરણ કર્યાની પાછળ પાગલવત્ જેવી દુર્દશા થઇ આવી. હવે

તે પોતાની નરિ પાશવતાની પાછળ થૂ થૂકાર કરી રહ્યો છે. માછીમારને જયારે નંગની કિંમત સમજાય છે ત્યારે તેના વ્યર્થ વિનાશની પાછળ વલોપાત કરી રહ્યો છે. તથૈવ માનવને જયારે માનવતાના મૂલ્યાંકન સમજાશે ત્યારે તેના જીવનમાં જયોત ઝગમગતી હશે.

માનવ જીવન એ આપણા આધ્યાત્મિક જીવનની મહામૂલ્યવંતી મૂડી છે. આ ખ્યાલ સતત રહે તો માનવ-માંથી મહા માનવ બની જતાં વાર નહિ લાગે. અને ત્યાર પછી મહા ચૈતન્યની ચીનગારી ચમકી ઉઠી. સમજો, વસ્તુતઃ આપણે વિભાવ દશામાંથી વિરમીને સ્વભાવ દશામાં સ્થિતિપ્રજ્ઞ થઇએ તોજ ચાર ચાર ચાંદની સાથે માનવતા મહેકી ઉઠે. હંમેશાં સામાન્ય નિયમાનુસાર સગર્ભાવસ્થામાં જ શિશુ શિક્ષણનું મહત્વ હોય છે. સંગર્ભાવસ્થામાં બાળક અને માતાને જેટલો ઘનીષ્ઠ સંબંધ હોય છે. તેટલો સમસ્ત સંસારની કોઇપણ ઉભય વસ્તુઓમાં હોતો નથી. જે બાળક પોતાની માતાના ઉદરમાં ઔરસ નવ નવ મહિનાઓ વીતાવે છે. સગર્ભાવસ્થામાં માતા અને બાળ-કની વચ્ચે એક અતિ સૂક્ષ્મ અને કોમલ નલી મારફત માતાના શ્વાસ સાથે શ્વાસ અને ભોજનની સાથે ભોજન બાળકને મલતું રહે છે. અતઃ માતાનું જેવું માનસ હશે તેવું જ પ્રતિબિંબ ગર્ભસ્થ બાલકમાં ઊતરશે જ અભિ-મન્યું જયારે ગર્ભમાં હતો તે સમયે તેની માતાને અર્જુને યુદ્ધમાં દાખલ થવાની યુક્તિ કહી સંભળાવી હતી.

પ્રતિભા પૂર્ણ અભિમન્યુ ઉપર આ વિવરણનો એટલો પ્રભાવ પડયો કે તેને કોઠા યુદ્ધમાં દાખલ થવાની યુક્તિ જન્મ ધારણ કર્યા પછી પણ યાદ રહી ગઇ અને જ્યારે મહાભારતનું ભયંકર યુદ્ધ થયું ત્યારે અભિમન્યુ ગર્ભાવ-વસ્થામાં જાણેલી વિદ્યાનો ઉપયોગ કરીને આવા વિકટ કોઠા યુદ્ધમાં દાખલ થયો કે જેમાં દાખલ થવાનું જ્ઞાન અર્જુન શિવાય બીજા કોઈ પણ યોદ્ધાને નહિ હતું. અતઃ તેમના-માંથી કોઈપણ કોઠા યુદ્ધમાં પ્રવેશ લઇ શકતું નહિ હતું.

વિદૂષી મહાલસાએ પણ પોતાના ઔરસ બાલકને હાલરડા દ્વારા સંસ્કાર આપીને વીર અને બ્રહ્મજ્ઞાની બનાવ્યો હતો. રાક્ષસોના રાજા હિરણ્યકશ્યપનો પુત્ર પ્રહલાદ આટલો મહાન ઇશ્વર ભક્ત હતો. તેની પાછળનું મુખ્ય કારણ એ હતું. પ્રહલાદ તેની માતાની કુક્ષીમા હતો તે વખતે નારદ મુનિએ તેની માતાને જ્ઞાન ભક્તિ અને વૈરાગ્યનો વિરલ ઉપદેશ આપ્યો હતો. આ અત્યુતમ ઉપદેશની અસર તેણીના હૃદયમાં સદાને માટે રમતી રહી. ધીમે ધીમે તેની અસર પ્રહલાદના જીવનમાં પ્રસરતી રહી માટે જ તે પરમાત્માનો પરમ ભક્ત બન્યો હતો. અને જન્મ્યો ત્યારે, તે સાત્વિક ભાવ સાથે જન્મ્યો હતો. જ્યારે તેનો પિતા ઇશ્વરનો ભારો ભાર દ્રોહી હતો. એટલું જ નહિ. કિન્તુ તે કીરતારનું નામ સાંભળીને પણ તેને તિરસ્કાર અને ક્રોધ ઉપજતો હતો. જ્યારે તેણે પ્રહલાદમાં પરમાત્મા પ્રતિ પૂર્ણ પ્રેમ જોયો ત્યારે તેને ફેરવવાનો ઘણો પ્રયાસ

કર્યો. એટલું જ નહિ કિન્તુ પ્રહલાદને ઘણીજ ધમકી આપવામાં આવી હતી. કિન્તુ તેના સંસ્કારો એટલા સુંગીન ને રંગીન હતા કે તેને પિતાની ધમકીની કંઇ જ અસર થઈ નહિ. પિતા તરફથી ઘણી જ સતામણી કરવામાં આવી. છતાં તે ઇશ્વર ભક્તિના માર્ગથી જરાય પણ ચલિત થયો નહિ, કયારેક અપ્સરાઓ સરોવરમાં સ્નાન કરી રહી હતી. તેજ વખતે હિરણ્યકશ્યપ પાસેથી પસાર થાય છે. ત્યારે તે અપ્સરાઓ પોતાના નગ્ન શરીર ઉપર વસ્ત્રો ઢાંકી દે છે અને જયારે પ્રહલાદ ત્યાંથી, પ્રસારિત, થાય છે ત્યારે અપ્સરાઓ નગ્ન અવસ્થામાં નિઃશંક અને નિઃસંકોચ સ્નાન કરી રહી છે.

હંમેશા સામાન્ય નિયમાનુસાર તમારા અંતરમાં પાપનું પ્રતિબિંબ પડતું હશે તો તેજ પાપનું પ્રતિબિંબ સામેની વ્યક્તિ ઉપર પડેલું જ હશે. એમ વિના વિલંબે વધાવી લેવાનું રહે છે. આ સાહજીક સિદ્ધાંતનો અપલાપ કોઈથી થઇ શકે જ નહિ. અગર તમારું કાલજું કોમલ છે તો સમીપની વ્યક્તિનું કાલજું પણ કોમલ જ હશે. કાલજું કોમલ રાખવું કે કઠોર રાખવું એ તમારા વ્યક્તિત્વ ઉપર નિર્ધારિત છે. સાથે સાથે એ પણ ખ્યાલ રાખો કે કાલ ખરાબ નથી. પરન્તુ કાલજું ખરાબ છે. કાલને કયારેય પણ દોષ દેતા નહિ. વાસ્તવિક સમજી શકો છો. કે ચાલુ કાલ પાસેથી કામ લેતાં આવડે તો આ કાલ તમને ન્યાલ કરી શકે છે.

કેટલીક વખત સાહસ, પોતાને માટે જીવલેણ બની જાય છે. ઘણી વખત અધીરા માણસો માત્ર અધીરાઈના સબબે જ સાહસિક પગલું ભરી બેસે છે. પરિણામે ભયંકર ખત્તાં ખાઈ આખરે અવનીમાં ઉલ્લૂ તરીકે જ ટીચાતો રહે છે. જનતાની આંખોમાંથી તે ઉતરી જાય છે. અરે માનવ! તારા મસ્તિષ્કમાં બુદ્ધિ છે, બલ છે, શક્તિ છે, શૌર્ય છે. તો પછી તેનો ઉપયોગ શા માટે નથી કરતો

'ઉતાવળો થઈ વિના વિચારે, આગલ પગલાં ભરતો
સાહસિક એવો મૂર્ખ માનવી, પછી પસ્તાવો કરતો'

ખ્યાલ કરો! અક્કલનો ઉપયોગ કરો. અક્કલનું અથાણું નહિ કરો. માનવના મંચપર બેસી. દૈત્ય તરીકેની દાનવતા નહિ દાખવો! સજ્જન શિરોમણી ન બની શકો તો મૂર્ખ શિરોમણી તો ન જ બનો. 'બસ' માત્ર આટલો જ નિર્ણય લેવામાં તમારી અક્કલનો ઉપયોગ કરશો. કોઇ એક બ્રાહ્મણને બે દીકરાઓ છે. મોટો જડવત્ છે. જ્યારે નાનો વાગીશ્વરીનું વરદાન લઇ ચૂકેલો છે. આ બ્રાહ્મણે પોતાની આખર સ્થિતિમાં બંને દીકરા પોતાના પગપર ઉભા રહી શકે. તે માટેનું એક સુન્દર આયોજન કર્યું. મોટા દીકરાને જે હતી તે મીલ્કત મતા સોંપવામાં આવી. જ્યારે નાના દીકરાને એક સર્વોત્તમ, શ્લોક અર્પણ કરીને બરાબર ભલામણ કરી કે જો બેટા! સાંભળ! આ શ્લોકની કિંમત એક લાખ સોનામહોરો છે. કોઇ બી આ શ્લોકનાં બરાબર મૂલ્યાંકન કરે તેને જ આ શ્લોક આપજે.

પહેલા દામ અને પછી કામ નાનો દીકરો પિતાશ્રીની સૂચનાનુસાર શહેરમાં સફર કરી રહ્યો છે. આ ભાઈનો સંદેશ સાંભળતાંની સાથે કંઈક માણસો હાંસી મશ્કરી કરી રહ્યા છે. કેઈક જનો પાગલ માની રહ્યા છે. ચારે બાજુ આટાં ફેરા મારી રહ્યો છે. રાજમહેલના ઝરૂખડામાં બેઠેલા બાદશાહના કાને આ અવાજ આવ્યો. અને તરત જ પોતાના માણસ મારફત શ્લોક વાળાને બોલાવવામાં આવ્યો. બસ વિના વિલંબે સંજીવની બુટી સમા પ્રાણ રક્ષક આ શ્લોકને ખરીદી લીધો. અને એક લાખ સોનામહોરો આપી દેવા માટે ખજાનચીને હૂકમ કર્યો ખજાનચી પણ સડક થઈ ગયો. પ્રજાજનો મનમાં બબડવા લાગ્યા. પરન્તુ પ્રજાપાલની સામે કોઈ અવાજ કરી શકયા નહિ, બ્રાહ્મણનો છોકરો એક લાખ સોનામહોરો લઈને રસ્તે પડયો. હૈયામાં હરખાય છે. મનમાં મલકાય છે. અંતરમાં અમાપ આનંદ ઉછળે છે. પોતાના પિતાશ્રીનો અગણિત ઉપકાર માનતો માનતો ગૃહાંગણે પહોંચી જાય છે. આ તરફ રાજાએ પોતાની સોનેરી તલવાર ઉપર આ શ્લોકને કોતરાવી દીધો હતો.

યોગાનુયોગ આ રાજવીને વંશ વારસામાં માત્ર એક પુત્રીજ હતી. અને તે રાજારાણીને પ્રાણ પ્રિય હતી. રાણી તો તેને પુત્રવત સમજી પુત્ર તરીકેનાં સોનલાં સફલ બનાવતી હતી. પુત્રની ઝાંખી કરાવે તે માટે આ પુત્રીને નાની વયથીજ પુરુષનો પોશાક પહેરાવવામાં આવતો હતો. નિજ પુત્રીને પુરુષના પોશાકમાં પેખીને રાજા રાણી રમુજી

થતાં હતાં. એક દિવસ રાજા સ્વયં શિકાર અર્થે નિકલી પડયો છે. અડવાડીયું વતી જવા આવ્યું હતું. સંયોગ વશાત બે ચાર દિવસો વધુ લંબાઈ ગયા હતા. રાણી, ચિન્તાતુર બની ગઈ હતી. કેમેય દિન પ્રસારિત થતો નહિ હતો. ચેન ન પડે રેન ન જાય. પરિણામે પુરૂષના પોશાકમાં રહેતી પોતાની પુત્રી સથિ આમોદ પ્રમોદમાં વખત વીતા-વતી હતી. તેણીની સાંથે જાત જાતની વિવિધ રમતો રમી બેચેની દૂર કરતી. છેલ્લી રામીએ આ જાતની રમતો રમાઈ રહી છે. મધ્ય રાત્રી જાવા આવી છે. એકજ પલંગમાં બંને મા દીકરી સૂઈ જાય છે. તાજીજ ઊંઘ છે. તેજ ટાઇમે શિકારે ગયેલોં રાજા ત્યાં આવી ચડે છે. રાજાની દૃષ્ટિ એકાએક પલંગ તરફ જાય છે. પુરુષના કપડામાં યુવાનને જોતાં જ રાજા ચોંકી ઉઠે છે. અરે જૂલમ થઇ ગયો. મારી રાણી રાક્ષસીનું કામ કરી રહી છે. તે કેમ ચલાવી લેવાય !

નારી નથી તે રાક્ષસી, જે શિયલ સાચવતી નથી.
નારી નથી તે રાક્ષસી, જે પાપથી ડરતી નથી.

ચાલો ખેલ ખતમ આવી રાક્ષસીને તો આ તલ-વારથી ઉડાવી દેવી જોઇએ. મારા રાજમહેલમાં આ રમણી ન શોભે. હું એ રંડીનું મોઢું જોવા નથી માગતો. આ રહી તલવાર પ્રતીક્ષા કોની કરવાની ! આવા ટાઇમે વિલંબ નહિ કરવો જોઇએ. વખત નહિ વીતાવવો જોઇએ.

રાજાનો ગૂસ્સો સાત ગગન સુધી ઊંચો ઉછળે છે. હંમેશાં શાસ્ત્રીય કહેવત છે કે આવેશને આંખો હોઈ શકતી નથી. રાજા મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢે છે અને જ્યાં મારવાને માટે દોડે છે ત્યાં એકાએક પોતાની જ તલવાર ઉપર કોતરાવેલો શ્લોક વાંચવામાં આવ્યો.

'सहसा विदधीत न क्रिया-मविवेकः परमापदां पदम्'
वृणुते हि विमृश्य कारिण गुण लुब्धाः स्वयमे व संपदः ।।

ક્યારેય ગમે તેવા સંયોગો વચ્ચે વસીને પણ ઉતાવળીયું પગલું નહિ જ ભરવું જોઇએ. સામાન્ય નિયમાનુસાર ઉતાવળીયો એકાન્તરીયો અકાન્તરીયો અને અધીરો માણસ આખરે ભયંકર આપત્તિમાં અટવાઈ મરે છે. અતઃ મૂર્ખાઇ ભરેલું સાહસ ક્યારેય પણ નહિ ખેડવુ જોઇએ?

(૬૪)

અરે! ભાઈ! તમે ભૂલો છો શા માટે! હંમેશાં પૂર્વોપાર્જીત પુણ્ય પોતાનો પ્રભાવ રેલાવતુંજ રહે છે. હા! જરૂર ક્યારેક અટકી પડે છે. ક્યારેક ઉભું રહે છે. ક્યારેક સૂતું રહે છે. માટેજ તેને સહકારી અને સમૃદ્ધ સાધનોની અનિવાર્ય આવશ્યક્તા જરૂર છે.

દેવ, ગુરૂ અને ધર્મ માટે મખમલથી પણ મુલાયમ અને કુસુમથી પણ કોમલ ભાવનાની પહેલાજ તબકકે જરૂર રહે છે પરમાત્માના શાસન કાજે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરવાની તૈયારી દેવગુરૂ અને ધર્મની ભક્તિ ભાવના એવં સેવાની પાછળ કમ્મર કસીને કૂદી પડવાની

તૈયારી. ધાર્મિક કર્મકાંડ એવં ક્રિયા કલાપના માન સન્માનમાં તન મન અને ધનનો જરૂરી ભોગ દુઃખ દરિયામાં ડૂબેલા પોતાના સાધર્મિક બંધુ એવં બેનડીઓને સમોવડીયા બનાવવાની ઉદાત્ત અને આદર્શ ભાવના આ અને શિવાયના અનેક સહકારી સાધનો તમારા અટકી ગયેલા પુણ્યમાં નવો પ્રાણ પૂરે છે. નવું ચૈતન્ય રેડે છે. અવનવી તાજગી આપે છે. આ તમામ સુંદર સમૃદ્ધ સાધનોને જીવનમાં અપનાવતા થાવ પછી જોઇ લ્યો તમારા જીવનની લીલા.

તમારા જનમ જનમના પુણ્યના યંત્રાલયના એકે એક મશીનો ગતિમાન થશે જ થશે. મહાનુભાવો આપ હવે સહેલાઇથી સમજી શકો છો કે 'પુણ્ય વિના સઘળું શૂન્ય'. આ શાસ્ત્રીય કહેવત સો ટકા સાચી હોવા છતાંય દેવ ગુરૂ અને ધર્મની સમ્પૂર્ણ શુભાશિષ જોઇએ અહર્નિશ તમારૂ પુણ્ય અને પરમ ગુરૂઓનો શુભાશિર્વાદ ઘણી વખત કામ કરી જાય છે. તેમાં શંકાને સ્થાન નથી.

આ માટે આભડશાની અથ ઇતિ વાંચવા જેવી તમને જરૂર જણાશે તો ચિત્તાર્પણ આપીને વાંચો યા સાંભળો. પાટણ ખાતે કાજળશી કાલી રાત્રીને સમયે એક તરફની ઝુંપડીમાં લપાઇને બીલકુલ ઉદાસીન વદને બેઠેલા હતો. દિવસભર કંસારાની દુકાને ઘુઘરા ઘસી ઘસીને મારો દમ નીકલી જાય છે.

અરે! હવે આવી ભયંકર અને ભેંકાર ગરીબી ક્યાં સુધી સહન કરવાની રહેશે ? બસ આવી ગરીબાઇની ગર્તામાં ગબડી પડવા કરતાં મોતના મુખમાં ધકેલાઈ મરવું સર્વોત્તમ છે ધિક ધિક અવતાર! હે આત્મન તું એવા કેવા પાપના પોટલા બાંધીને અવતર્યો છું કે તારી આવી દુઃખદ અવદશા આવા કંઇક સંકલ્પોની સાંકળોથી બદ્ધ આભડશા એકાએક અવનિપર ઢળી પડે છે. તેટલામાંજ તેની ધર્મપત્ની હિલોજાન દ્વારા ત્યાં દોડી આવી અને બોલવા લાગી અરે! સ્વામિન ! તમને આ શું થયું ? અરે પણ ! તમે આટલા ઉદાસીન કેમ છો ? તમારા મોઢાના મોતીયા મરી ગયા છે. મુખપર મસ્તી નથી. તન પર તેજી નથી. અંતરમાં આંરામ નથી. હ્યામાં હર્ષ નથી. અરે પણ ! આ બધું શા માટે ? તમને એવું તે, શું દુઃખ આવી પડ્યું છે ! વ્યર્થ દુઃખના ડૂંગરા નીચે રીબાઈ રીબાઇને શા માટે મરી જવું જોઇએ આટલા મુંઝાઈ કેમ જાવ છો ?

આપણી જીવન ગાડીમાં પુણ્યનું પેટ્રોલ પૂરાયેલું હશે તો આપણી જીવન ગાડી સુખની સડકપર સીધીજ ચાલી જશે તેમાં આટલા બળાપા શાને લઈ રહ્યા છો ! હિંમત હારી ગયેલા અને દુઃખીયારા પતિદેવને પ્રેમના અને પ્રેરણાનાં પીયૂષ પીવડાવે તે જ વાસ્તવિક પ્રેમદા કહી શકાય પતિના સુખે સુખી અને દુઃખે દુઃખીયારી દારાનેજ દયિતા કહેવાય છે.

ચોતરફી વિપત્તિની વાદળીઓ ઘેરાયેલી હોવા છતાં

પણ જેના નયનોમાં ભારો ભાર નેહ નીતરી રહ્યો હોય તેજ નારી ખરેખર આપણે વિચારીએ તો આપણને જાણવા મલશે કે આપત્તીની અણિ વખતે પણ અસલી નારી ક્યારેય પણ દુશ્મનાવટ કરતી નથી. કેમ કે તેનું નામજ નારિ જે અરિ. ન હોય તે જ નારી કહેવાય છે. બસ પોતાની પત્નીનો પ્રેમ ભર્યો અને પ્રાણવંતો પડકાર પર્યાપ્ત છે. પત્નીના આ પડકારથી આભડશાના અંતરે આનંદ ઉછળવા લાગ્યો મનપર મલકાર અને તન પર તાજગી આવવા લાગી. પરિણામે આભડ શાના ભાલમાં એક તેજસ્વી તારલા જેવી રેખા ચમકવા લાગી. જે આ ભાગ્યશાલીને ન્યાલ કરી દે.

આર્ય સંસ્કૃતિના ઉચ્ચ સંસ્કારોથી સુશોભિત સન્નારી પોતાના પ્રિયતમને વિવેક ભર્યો શબ્દોમાં સૂચન કરે છે કે સ્વામીનાથ ! જાઓને ! આપણા નગરમાં મહાન જૈનાચાર્યના પનોતાં પગલાં થયાં છે. સેંકડો માણસો તેઓશ્રીના દર્શનાર્થે દોડી રહ્યા છે તો તમે પણ જાવ અને તેઓશ્રીનાં મુખમાંથી ગંગાના પ્રવાહ રૂપે વહેતી વાણીની લાણી. લ્યો જેથી ભવોભવ તમને ઉજાણી કરવા મલશે.

પત્નીથી પ્રેરિત પતિ એકાએક ગુરૂદેવની શીતલ છાયામાં જઇ ચઢે છે વંદન કરીને દેશના સાંભળે છે. જનતા પોત પોતાના સ્થાને પહોંચી જાય છે. માત્ર એક આભડશા ત્યાં બેસી રહે છે. ગુરૂદેવ તેની પરિસ્થિતિને પકડી લે છે. આ અંગે બંને વચ્ચે કેટલોક જરૂરી વાર્તા

લાપ થાય છે. પૂ. ગુરૂદેવ તરફથી જોઈતું અને પૂરતું આશ્વાસન મલ્યું. હંમેશાં આશ્વાસન નવજીવન આપે છે. નવી તાજગી આપે છે. અવનવું ચૈતન્ય રેડે છે. ખરેખર આશ્વાસન એ એક જાતની સંજીવની ઔષધી છે. યાદ રાખો તમારા કાળજડાની કોર પર કોતરી રાખો તરસ્યાને પાણી ભૂખ્યાને ભોજન હારેલાને હિંમત અને દુઃખીયાને દીલાસો દેવો એ પ્રત્યેક માનવની સાધ્ય ફરજ છે.

ગુરૂદેવ શ્રી હેમચન્દ્રાચાર્ય વર્ય યત્કિંચિત ધર્મ કાર્ય કરી લેવા માટેનું ફરમાન છોડે છે આભડશા નમ્ર ભાવે નિવેદન કરે છે કે ગુરૂદેવ હાલમાં નોકરી કરૂં છું. તેની ગુલામીમાં ગબડી પડેલો છું. લાચાર છું. ગુરૂદેવ સમય બીલકુલ મલતો નથી પૂ. ગુરૂદેવ આ ભાઈની રૂપ રેખા જોઇને યોગ્ય માર્ગદર્શન આપે છે કે જો ભાઈ! થોડામાંથી પણ થોડો સમય નીકાળીને પણ તું નિયમીત વાંચનાલયમાં જા અને ત્યાં બેસીને યોગ્ય સાહિત્યનુ વાંચન કર જરૂર તેમાં તારો અભ્યુદય થશે આ ભાઇ ગુરૂદેવના નયનાનુસાર પુસ્તકાલયમાં નિયમીત જાય છે. અને યોગ્ય સાહિત્યનું વાંચન કરે છે. એક દિવસ 'રત્ન પરીક્ષા' નામનું એક પુસ્તક તેના જોવામાં આવ્યું અને વ્યવસ્થિત તેનો અભ્યાસ કરવા લાગ્યો.

ધીમે ધીમે આ વિષયમાં તેને સારો રસ પડવા લાગ્યો અને રત્નની પરીક્ષા સંબંધમાં સારો કંટ્રોલ કેળવ્યો હતો. એક દિવસ આચાર્યશ્રીએ પોતાના પ્રવચનમાં

પરિગ્રહ પરિણામ માટે અસરકારક ઉપદેશ આપ્યો જેથી લોકોનાં હૃદય પ્લાવિત થયા શ્રોતા જનોએ પોત પોતાની રીતિએ પરિગ્રહનાં પરિણામ કર્યાં ગુરૂદેવે વધુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું 'ધનવિના નિર્ધન દુઃખી, તૃષ્ણાવંત ધનવાન કોણ સુખી સંસારમાં. સબ જગ દેખ્યા છાન' અર્થાત્ સમૃદ્ધ-શાલી ધનાઢ્ય માણસ પણ તૃષ્ણાના પૂરમાં તણાતો હોય છે. તો સ્વપ્નમાં પણ તેને સુખ નથી જ અર્થાત્ 'मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः' યોગીશ્વર ભતૃહરિની ઉક્તિ અસ્થાને નથીજ. એટલે કે તમે તમારા જીવનમાં સંતોષની સીમા સર કરી પછી તમારી દુનિયાંમાં કોણ અમીર અને કોણ ફકીર વાહ ભાઈ વાહ પછી તો આ સદ્ભાગ્યશાળીને અમીર થવા માટેની અકલ્પ્ય અકળામણ કે ફકીર થઈ ગયા પછીની ફીકર કશું જ રહેવા ન પામે કિન્તુ સંતોષની સીમા સર કરવી સહજ નથી. શ્રેષ્ઠીવર્ય શ્રી આભડ પણ પરિગ્રહ વિરપણ વ્રત લેવા ઉજનાળ થયો મહાન જ્યોતિર્ધર જૈનાચાર્યે આભડની રૂપરેખાને સામે રાખીને પ્રત્યાખ્યાન કરાવ્યું હતું શાણી અને સુશીલ દરેકે દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં પરિગ્રહનું પરિણામ કરવું આવશ્યક છે. કેમ કે હંમેશાં પરિગ્રહમાંથી જ વિગ્રહ ઉદ્ભવે છે. અતઃ પરિગ્રહ એ દશમો ગ્રહ છે. જે ચોતર-ફથી તમારા જીવનને જકડી રાખે છે ખરેખર પરિગ્રહના પંજામાંથી, છટકવું સહેલું નથી જ ઘણી વખત તો ત્યાગી-પુરૂષોને પણ પોતાના ભીષણ ભરડામાં લઈ લે છે. અતઃ

શાસ્ત્રો આપણુને સાવધાનીનો સૂર આપી રહ્યા છે. કે પ્રત્યેક પળે સાબદા રહેજો કે આ જીવન અડ્ડો જમાવતી પરિગ્રહની પનોતી તમારા આત્મિક જીવનના ઓવારે ઘૂસવા ન પાંમે ગુરૂ ભગવંત અપના પરમ ભક્તને ત્રણુ લાખ સોનૈયા સુધીની પ્રતિજ્ઞા આપે છે સાથે સાથે એ પણુ સૂચન કરે છે. કે વધે તે શાસનની પ્રભાવના કાજે વાપરજો. જ તે દિવસે આભડને આંગણે એક પુત્રરત્નની પ્રાપ્તિ થાય છે.

ઘણી વખત સદ્‌ભાગ્યશાલી જીવડો જનમ જનમના પુણ્ય લઇને અવતરે છે. કે જેના જન્મ પછીથી રૂદ્ધિ સિદ્ધિ અને સમૃદ્ધિનો સૂર્યોદય થાય છે. વાહ કર્મરાજ ? તારી લીલા અપાર છે, અગમ્ય છે. અગોચર છે. અરે : તારા રૂપરંગનું કોઇ નિદર્શન કરી શકે! ખરા ! તારા રૂપરંગનું સમ્પૂર્ણ અધ્યયન ભાગ્યેજ કોઈ કરી શકે ?

એકના જન્મ વખતે જ્યોત ઝગમગે છે. જ્યારે એકના જન્મ સમયે મોતની મૌંકાણ મંડાય છે. આ છે. કર્મની લીલાના નખરા; માટેજ રૂષિ મુનિઓએ તને નવગજના નમસ્કાર કરેલા છે. 'આ પુત્રરત્નને દુગ્ધપાન કરવા માટે એક અજાયબી ભરેલી અજા મલી આવે છે. જેણીના કોમલ કંઠમાં એક કિંમતી રત્ન લટકી રહેલું હતું. રત્ન પણુ એવું હતું જે ઉડીને આંખે વળગે ભાવડશા રત્નની પરીક્ષામાં પાવરધા હતો. એકે એક રત્નન ' કિંમત કરવાની તેનામાં હિંમત હતી.

સદરહુ રત્નનાં મૂલ્યાંકન અન્ય અન્ય ઝવેરીઓ માર-ફત કરાવવામાં આવે છે. મૂલ્યાંકન એટલું છે કે કોઇ ઝવેરી તે રત્નની ખરીદી કરી શકે તેમ નથી.

આખરે ઝવેરીઓએ કહ્યું સમ્રાટ સિદ્ધરાજનો મુકુટ ઘડાઇ રહ્યો છે. તેમાં જડવાને માટે આવા અમૂલ્ય ઝવે-રાતની જરૂર પડશેજ તેથી તેઓ ખરીદી શકે, કિન્તુ રાજદરબારમાં ગતિમાન થવું કઇ રીતિએ ? તે એક કડી સમસ્યા છે. આભડશા ગુરૂ ભગવંત પાસે પહોંચે છે. પૂજ્ય ગુરૂ ભગવંત બધીજ વાત પામી જાય છે. પૂ. ગુરૂભગ-વંત દયાના સાગર છે. કૃપાના અવતાર છે. ગુરૂ ધીર વીર અને ગંભીર છે. જનતાને મીઠી નજરથી જોનારા છે કોઇ પણ વીતરાગનો વારસદાર દુઃખી કેમ રહે ? આ જાતની તેઓશ્રીના મગજમાં ખૂમારી ભરેલી હતી,

જૈનત્વ માટે ગૌરવ ભરેલો ગર્વ હતો મારા વીત-રાગનો વારસદાર દીન અને દુઃખી કેમ હોઇ શકે ? નિરા-ધાર અને નર્વંશ ન જ હોવો જોઈએ. સમૃદ્ધ અને શક્તિ-માન કેમ ન હોય. આ જાતનો ગર્વ તેઓશ્રીના જીવનમાં ભારોભાર હતો.

પછી પોતાની જનતા માટે કેટલું જોમ હોય ! કેટલો જુસ્સો હોય તે વાંચક વર્ગ સહેજે કલ્પી શકે છે. હંમેશાં જૈનાચાર્યોની એક ફરજ થઇ ચુકે છે કે સંઘ સમાજ પ્રત્યે સર્વતોમુખી દૃષ્ટિ દોડાવીને ઘટતું અને સમયો-ચિત કરતા થવું જોઇએ. સમાજ સમૃદ્ધ અને ધર્મકર્મમાં

રસ લેતો કેમ બને ? એ જાતની સૂઝ તો હોવી જરૂરી છે. સમયજ્ઞ સુકાનીઓ માટે આટલું પર્યાપ્ત છે.

પૂજ્ય ગુરૂ ભગવંતે નગરશેઠની મારફત સિદ્ધરાજની મુલાકાત કરાવી અમૂલ્ય ઝવેરાત અંગેની વાટાઘાટ સાંભળીને સમ્રાટ સંતુષ્ટ થયો સવાલાખ, સોનામહોરોના બદલામાં આ નંગ ખરીદી લેવામાં આવ્યું હતું તત્પશ્ચાત આભડને આંગણે અશ્વર્ય ઉભરાયું જ્યારે પુણ્યાંકુર પ્રગટે છે. પછી પલ્લવિત થતાં વાર લાગતી નથી. એક વખત નગરની બહાર વણજારાની પોઠો આવી ચડી તે તમામ અજીઠની પોઠો આભડ શાહે ખરીદી લીધી. તેમાંથી પણ સારૂં એવું સુવર્ણ સંપ્રાપ્ત કરવામાં આવ્યું હતું. સદ્‌ભાગ્યોદયે આ ભડ કોટીધ્વજ થયો પરિણામે આ શાસન રસિકે પોતાના જીવનમાં ૮૪ પૌષધશાલાએ ૨૪ જીનાલયો ઉભાં કરાવીને શાસનની પ્રભાવનામાં અભિવૃદ્ધિ કરી હતી પોતાના ધાર્મિક કર્તવ્યોની પાછળ સદ્ દ્રવ્યનો સદ્‌વ્યય કર્યા હતા.

(૬૫)

વાણીયો ધનાઢ્ય કેમ આ પ્રશ્ન ઘણાઓના અંતરને અકળાવી મૂક્તો હોય છે. કેમ કે સામાન્ય તથા લગભગ માણસોની આંખમાં ઈર્ષ્યાનું કણું ખૂંચી રહેલું હોય છે. જેના પરિણામે માનવ અન્યનો વૈભવ ભાગ્યેજ સહી શકે છે.

ઇર્ષ્યાનું કણું ભલ ભલાની આંખોમાં પડેલું હોય છે. મોતીયા જામરવા વિગેરે આંખોના દર્દો ઓપરેશન દ્વારાએ

દૂર થઈ શકે છે. પરન્તુ ઇર્ષ્યાનું કણું ઓપરેશન દ્વારાએ પણ દૂર થઇ શકતું નથી. ખરેખર માણસની આંખોમાં એબ હોય તો તે માત્ર એજ છે. જેના યોગે કોઇનું પણ સારૂં ભાગ્યેજ સહન કરી શકે ? પ્રગતિના પંથે પ્રયાણ કરતો માનવ પટકાતો હોય તો કેવલ ઇર્ષ્યાના કારણે ! ભલ ભલા સંત અને સજજન પુરૂષો પણ કયારેક ઇર્ષ્યાગ્નિમાં ભરખાઇ જતા હોય છે. ચાલો આટલું દિગ્ દર્શન કરીને આગળ વધીએ અહિં મુખ્ય પ્રશ્ન છે.

વાણીયો ધનાઢ્ય કેમ ? મથુરા નગરીમાં શ્રી કૃષ્ણ મહારાજાને વાણીયો અને બ્રાહ્મણ મલ્યા. આ લોકોએ શ્રી કૃષ્ણ બળદેવનાં પરાક્રમો સાંભળ્યા હતા કદાચ તેઓ મથુરા નગરીના રાજા બને તો આજથીજ તેઓનો યોગ્ય સત્કાર કરીએ એમ વિચારીને. અગમ બુદ્ધિ 'વાણીયાએ ભગવાનને બીજું કંઇજ આપ્યું નહિ પણ પાન સોપારી આપેલાં પાન અને ફુલની માલા અર્પણ કરવામાં આવ્યા ખુદ ભગવાન તેમના ઉપર સુપ્રસન્ન થયા એટલું જ નહિ કિન્તુ વરદાન માગવાનું કહ્યું ત્યારે વાણીયા ભાઇએ માંગ્યું કે મહાલક્ષ્મીજીની મહેર સદા રહે એટલે કે લક્ષ્મીજી હંમેશાં અમારા આંગણે નિવાસ કરે. તથાસ્તુ કહીને વાણીયા ભાઇના વરદાનને આવકારવામાં આવ્યું

બસ આ રીતિએ વાણીયા ભાઈના ઘરમાં સદા શ્રી નો વાસ નજરે પડે છે. ભગવાને વાણીયા ભાઇના વરદાનને આવકાર્યું. આ એક રૂપક છે. સામાન્ય તથા શાસ્ત્રોક્ત

રીતિએ વિચારવામાં આવે તો જે આપે છે. તેને મલે છે તમે તમારા સગા હાથે પ્રભુ બેન્કમાં તમારું નાણું જમા કરાવતા રહેશો તો જ્યારે ત્યારે રમા તમારી પાછળ રમતી રહેશે ખરેખર રૂમઝુમ કરતી રમા તમારા ઘરના દ્વારે પ્રવેશ લેશે 'અગર મતા ઉપર તમારી સત્તા હોય તો સત્કાર્યમાં સદ્વ્યય કરવા માટે વિલંબ કે વાયદો નહિ કરો બસ આટલોજ પાઠ તમે તૈયાર કરશો તો તમે તમારો ઠાઠ સ્વેચ્છાનુસાર જમાવી શકશો તેમાં બેમત નહિ.

(૬૬)

પહેલાંની મહારાણીઓ કેવી અને કેટલી સંયમશીલા હતી. પોતાના સતીત્વ ધર્મ પ્રત્યેની કેટલી ખૂમારી હતી. તેમના જીવનમાં જરાય નખરા કે નશો જોવા ન મલે આર્યસંસ્કૃતિના ઉચ્ચ અને આદર્શભર્યા સંસ્કારોનો શણગાર તેણીને બહુજ ગમતો.

પ્રાચીન સમયની વાત છે. ચાંપરાજ હાડાએ એક દિવસ રાજમહેલમાં જઇને મહારાણી સાથે કંઈક અડપલું કર્યું આ સમયે મહારાણીના ખોળામાં બાળક સ્તનપાન કરી રહ્યું હતું એકાએક મહારાણીના અંતરમાં ભારે આંચકો આવ્યો જાણે જીવન ઉપર વિદ્યુતપાત થયો હોય અરે સ્વામીનાથ? આપે આ અનવસરે શું કર્યું કોઇપણ કાર્ય અવસરેજ મીઠું લાગે. ગમે તેવો મિષ્ટ અને મધુર ખોરાક પણ સમયેજ સારો લાગે તે શિવાય ખાદ્ય પદાર્થ પણ વિષવત લાગે જ લાગે સ્વામિન આ અડપલાની માઠી

અસર મારા અંકમાં સ્તનપાન કરી રહેલા બાબા ઉપર કેવી ભયંકર ઝેરીલી અસર થાય તે આપ સમજો છો ? ભવિષ્યમાં તેની જનેતાની કૂખ લજવે પછી જીવવાથી સર્યું. એટલું જ નહિ કિન્તુ માતા તરીકેનું મહત્વ માટીમાં મલી જશે અતઃ જાતીય વાસના ઉપર વિજય મેળવનારજ વીરપુરૂષ કહેવાય છે. સમજયાને સ્વામિન ખરો મરદ તેજ છે. કે જે જાતીય વાસનાને વશવર્તી ન બને કિન્તુ જીવન ઉપર ચડી આવેલી વાસનાની વાદળીઓનાં વિનાશકારી વર્તુલોમાં રહેવાને ઇચ્છે જાતીય વાસના ઉપર વિજય મેળવવો સુદુષ્કર છે. વાસના હંમેશાં સામાન્ય રૂપે જીવનમાં પ્રવેશે છે. પ્રશ્ચાત શનૈઃ શનૈઃ તે ભયંકર રૂપ પકડતી જાય છે. જોતજોતામાં તે વિરાટ સ્વરૂપ ધારણ કરીને તમને સમૂલગા ભરખી જાય છે. મહારાણી પોતાના પ્રિયતમને મીઠો પડકાર કરી રહી છે. હંમેશાં સમયોચિતનો પડકાર પુરુષને પ્રભાવિત કરે છે 'अवसर पठिता वाणी सा वाणी फलदा स्मृता' હંમેશાં ખ્યાલ રાખો ! અવસરને ઓળખીને બોલવામાં આવતી વાણી, ફલવતી બને છે. અનવસરે મૌલિક વાણીની મહત્તા મારી જાય છે. યદિ અનવસરે બોલવામાં આવે છે. તો વક્તાની અને વાણીની ઉભયનું મહત્વ માર્યું જાય છે. અતઃ કયારે બોલવું, કયારે ન બોલવું કેવો શાબ્દિક પ્રયોગ કરવો વિગેરે માટે વિવેકની અનિવાર્ય આવશ્યક્તા છે.

મહારાજા આ બધું મૂંગે મોંએ સાંભળી રહ્યા છે. એટલુંજ નહિ પરન્તુ સ્વયં પોતાની થઇ ગયેલી ક્ષતિ માટે લાચારી ભોગવી રહ્યા છે. સાથે સાથે હવે પછી એવી ભૂલ ફરીથી થવા ન પામે તેનો તે નિર્ણય લે છે.

રાજપુત્ર મોટો થયો રણ સંગ્રામના મોરચે જીવન ઝંપલાવવાની જરુર પડી ત્યારે છટકી જવા માટે કોઇના સહારાની શોધમાં નિકળી પડયો. જ્યારે કોઇનોય સહારો અને સાથ ન મલ્યો ત્યારે પોતાની માતાના ચરણોમાં ઢળી પડયો કાયરતાના કારણે કૃશ બનેલા પોતાના પુત્રને ઉપાલંભ આપતી માતા કહી રહી છે કે બેટા ? ધિક્કાર છે. તારા જીવનને તારામાં ક્ષાત્ર તેજ નથી. નહિ તો તું રણમેદાનમાંથી મડદાલ થઇને પાછો કેમ પડે ? સાચો અને વફાદાર ક્ષત્રિય બચ્ચો સંગ્રામના મોરચે વિજય મેળવીને ગૃહાંગણે આવે યા તો આત્માનું બલિદાન આપી શહીદ બને ? પરન્તુ આ રીતિએ બાયલો બનીને માતાના પડખામાં લપાઇ ન જાય અરે મારી કુક્ષીમ પેદા થયેલું સંતાન સડેલું કેમ હોઇ શકે ? જે સંતાન ધર્મ સમાજ કે દેશની આબાદી ખાતર પ્રાણની આહૂતી ન આપી શકે તે સંતાન જીવંત હોવા છતાં મૃતપ્રાય છે. મારૂં સંતાન વીર્યવાન હોવું જોઇએ આવું મડદાલ ને માંયકાંગલું શાથી ? આ તકે મહારાણીને સંતાનની હયાતીમાં મહારાણાએ કરેલું અડપણું સાંભળી આવે છે. એની સાથે જ મહારાણીને અંતરમાં એક ભારે આંચકો આવી જાય છે. અને તેજ

વખતે પોતાના પ્રાણનો ત્યાગ કરે છે. વાંચી લ્યો ? આવી પણ મહારાણી મહેલમાં મહાલતી હતી જે પોતાના સતીત્વ ધર્મની ખાતર પ્રાણાર્પણ કરવા જ સર્જાયેલી હતી.

(૬૭)

ગુરૂ ગૌતમ સ્વામીના પાંચ ભવોનું સામાન્ય સ્વરૂપે વર્ણન વાંચીને વિચારજો જેના અંગુઠડામાંથી અમૃત સ્રાવી રહ્યું હતું. જે જીવન કેવલ જ્યોતિર્મય હતું ગગ્ગે કામ-ગવી તલી તત્તો સુરતરૂ વૃક્ષ મમ્મે મણિ ચિન્તામણિ ગૌતમ સ્વામી પ્રત્યક્ષ વાસ્તવિક ગ. એટલે કામધેનું ત. એટલે કલ્પવૃક્ષ અને ચ. એટલે ચિન્તાનો ચુરો કરનાર મણિ ગૌતમ એ નામ મહા મંગલકારી છે. જેના નામે મનની મુરાદો પૂરી પડે છે. અન્તરના અરમાન આકાર લે છે. તમારા જીવનની લીલા એકાએક ખીલી ઉઠે છે. ગૌતમ એ નામનું સંમ્પૂર્ણ તલસ્પર્શી સૂક્ષ્માતિ સૂક્ષ્મ વર્ણન વાગીશ્વરીજ કરી શકે એવા ગૌતમનું નામ તમને આરામ આવશે તમારા હૈયામાં હામ આપશે તમને અમર ધામમાં પહોંચતા કરશે.

એ ભગવાન ગુરૂ ગૌતમસ્વામીના પાંચ પાંચ ભવોનું વર્ણન વાંચી લ્યો સાથે સાથે અંતરનાં વહાલથી વધાવી લ્યો, પૂર્વ મહાવિદેહ ક્ષેત્રના પુષ્કલાવતી વિજયમાં બ્રહ્મ-પુરી નગરીમા મંગલશેઠ સુશીલ સન્નારી તરીકેનો અને-કોને માટે આદર્શરૂપ થતી સુમંગલા નામે ધર્મપત્ની

તેઓને મંગલાનંદ નામે સુપુત્ર હતો. સમયપર શેઠ સદ્‌ગુરૂ સંયોગે બાર વ્રતોનો સંહર્ષ સ્વીકાર કરીને તેનું યથાર્થ પરિપાલન કરે છે. પર્વ દિવસોમાં મંગલશેઠ પૌષધોપવાસ કરે જ કરે એક આદર્શ શ્રાવક છાજે તેવી પ્રક્રિયાઓ કરીને જીવનને ધન્ય તમ બનાવી રહ્યા છે આ શેઠને પરમપ્રિય મિત્ર હતો મિત્ર સામાન્ય સ્થિતિનો હોવાથી મંગલશેઠ તેના પ્રતિ સદ્‌ભાવ રાખતા હતા ધાર્મિક ક્રિયા અનુષ્ઠાનોમાં સહયોગ ચાલુ જ રાખતા કેટલાક સમય પછી કર્મોદયે શેઠ માંદગીના બીછાને પટકાયા યોગ્ય ઉપચારો કરવા છતાંય રોગ શમ્યો નહિ બલ્કે વૃદ્ધિ પામવા લાગ્યો પરિણામે ખોરાક નિંતાન્ત બંધ થયો.

તૃષા વધવા લાગી મંગલશેઠ ચાલાક ચતુર અને સમયજ્ઞ હતા સ્વ જીવનનો અંત સમય નજદીકમાં જ છે તેવો નિર્ણય લીધા પછીથી અનશન ઉચ્ચર્યું બાહ્ય ઉપચારો બંધ કરવામાં આવ્યા. અંતરમાં સમાધિની ધૂન લાગેલી છે. કુટુંબીજનો શેઠની ભાવનાને અનુરૂપ નમસ્કાર મહામંત્રનું એવં ચાર શરણનું શ્રવણ કરાવવા લાગ્યા અનશનવ્રત ઉચ્ચરી લેવામાં આવ્યું છે. તત્પશ્ચાત શેઠશ્રીને તૃષાની વેદના વધવા લાગી. અસહ્ય થઇ પડી છે. પરન્તુ અનશન વ્રતની વાડ ઉભી કરવામાં આવી છે. કોઈ રસ્તો રહ્યો નથી. અને તૃષા સહી શકાતી નથી શેઠનો આત્મા મુઝાઇ મરે છે. માનસિક નિયંત્રણ નષ્ટ થાય છે હવે અન્તિમ પળો ચાલી રહી છે. અસહ્ય વેદનામાં દુધ્યાંન ડોકીયું કરી

રહ્યું છે. મંગલશેઠ દુર્ધ્યાનમાં વિચારી રહ્યા છે. વાહ મારી દૃષ્ટિએ નિરંતર પાણીમાં રહેનારાં માછલાંઓ સુખી છે. માછલાંઓને તૃષાની વિષમ વેદનાને સહન કરવા જેવું હોતું નથી. આ જાતના દુર્ધ્યાનના દરિયામાં ડૂબી મરે છે. પરિણામે 'યથા મતિઃ તથા ગતિઃ' એ શાસ્ત્રીય સિદ્ધાન્તાનુસાર શેઠશ્રી મરીને શહેરની બહાર નદીમાં માછલા તરીકે ઉત્પન્ન થયા હતા. ખરેખર કર્મણાં ગહના ગતિઃ કર્મોની કેવી કૂટીલ ગતિ છે. વૈભવના ઢગલા ઉપર આળોટનાર અમીર ઈન્સાન પણ બાર બાર વ્રતોનું પરિપાલન કરવામાં કટીબદ્ધ રહેનાર સાથે સાથે ભાવીમાં પણ પરમાત્મા શ્રી મહાવીર ભગવાનના અગ્યાર ગણધરો પૈકી પ્રથમ ગણધર તરીકેનું ગૌરવવંતુ પદ પ્રાપ્ત કરનાર પરમ પુરુષ પણ કર્મની ગર્તામાં કેવા ગબડી પડે છે તેના માટે આ જ્વલંત દાખલો છે. માછલાના બીજા ભવમાં નાનાં નાનાં માછલાઓનો આહાર કરતો કરતો મોટો થવા લાગ્યો જૈન શાસ્ત્રીય માન્યતાનુસાર નળીયા અને વલયના આકાર શિવાયના દરેક આકારના મત્સ્યો મહાસાગરમાં હોય છે. અતઃ કયારેક જૈન મુનિના આકારને આવરી લેતા માછલાને જોતાં જોતાં જાતિ સ્મરણ જ્ઞાન થાય છે. માછલાના ભવમાં રહેલા મંગલશેઠે પોતાનો પૂર્વ ભવ જોયો. અને અંતરમાં આંચકો અનુભવ્યો પોતાની ભૂલનો ભોગ બન્યા બદલ તેઓને ભારો ભાર પશ્ચાતાપ

થવા લાગ્યો આ તરફ મંગલશેઠનો મિત્ર સુધર્મ ધંધાકીય દરિયાઇ સફર કરી રહ્યો હતો. તોફાની વંટોળીયાના લીધે નાવડું ડૂબવા લાગ્યું ત્યાં ગતભવના સાધર્મિક સ્નેહીને જોઇ સાધર્મિક ભક્તિના સંસ્કારો સ્ફૂરાયમાન થયા માત્ર એને બચાવવાના શુભ આશયથી મંગલ મત્સ્યે પોતાની પીઠ ઉપર લઇને કીનારે સહી સલામત પહોંચાડી દે છે. તત્પશ્ચાત મંગલ મત્સ્યે જાતિ સ્મરણના યોગે પંદર દિવસનુ અનશન કર્યું. સાગરમા રહેલો મંગલ મત્સ્ય સમતા સાગરમાં સ્નાન કરી ને આત્મિક જીવનને ઉજવલ બનાવે છે. પરિણામે મૃત્યુ પામીને પહેલા દેવ લોકમાં ઉત્પન્ન થાય છે. ત્રીજા ભવે સૌધર્મ દેવ લોકમાં એક વિમાનના અધીશ્વર જ્યોતિર્માલી નામે દેવ થયા. સુધર્મ મિત્ર પણ સમાધિ પૂર્વક અવસાન પામી. નજીકના વિમાનમાં દેવ થયા. અવધિજ્ઞાન દ્વારા પૂર્વજન્મનું ચિત્ર દેખે છે. અને બંને કલ્યાણ મિત્રો બને છે. અને સમયે સમયે નંદીશ્વર દ્વીપ વિગેરે શાશ્વત તીર્થોનાં દર્શન પુજન કરી કૃતકૃત્ય થાય છે. ચાર પલ્યોપત્રનું આયુષ્ય પરિ પૂર્ણ કરી મહા વિદેહની પુતુલાવતી વિજયના વૈતાઢય પર્વતની દક્ષિણ શ્રેણીમા આવેલી વેગવતી નગરીમાં વિદ્યાધર રાજાનો વેગવાન નામે પુત્ર થાય છે. યુવાન વયમાં વિદ્યાધરની કન્યાઓસાથે પાણિગ્રહણ કરે છે.

સુધર્મનો જીવ પશ્ચિમ મહા વિદેહમાં ધનદેવ શેઠની ચનમાલા નામે પુત્રી પણે ઉત્પન્ન થાય છે. એકદા વેગ.

વાન વિદ્યાધરને ગગનમાર્ગે જતી વખતે ધનમાલાને અવલોકતા અનુરાગ ઉત્પન્ન થાય છે. એટલું જ નહિ કિન્તુ તેણીને બળાત્કારે પોતાના સ્થાને ઉપાડી જાય છે. ધીસખા નામના મંત્રીએ વેગવાનને પડકાર કર્યો કે વાસ્તવિક રીતિએ અવિવાહિત કન્યા સાથે બળાત્કારે સંબંધ બાંધનારની સર્વ વિદ્યાઓ નષ્ટ થાય છે. આ પ્રકારથી પ્રભાવિત થયેલો વેગવાન બળાત્કાર એવં આક્રમણ નહિ કરતા તેણીને સમજાવે છે. પરિણામે એક મહિનાના અંતે લગ્ન કરે છે સુવેગ, વિદ્યાધર વેગવાનને રાજયાસનપર સ્થાપિત કરીને પ્રવ્રજ્યાના પૂનિત પંથે પ્રયાણ કરે છે.

એક વખત કોઇ વિદ્યાધર ધનમાલા ઉપર આસક્ત થતાં ઉપાડી જાય છે. વેગવાને પ્રજ્ઞપ્તિ વિદ્યાથી આ બધું જ જાણીને નફરત થઈ આવે છે અને તે વૈરાગ્ય વાસિત થઇને દીક્ષિત થઇને સર્વોત્તમ સાધના કરે છે. અને આઠમા દેવલોકે જાય છે. ત્યાંથી પાંચમા ભવમાં ગૌતમ ગણધર તરીકેનું મોંઘેરૂં અને માનવંતુ સ્થાન મેળવે છે. આ પ્રમાણે ગણધર શ્રી ગૌતમ સ્વામીજી મહારાજાના પાંચ ભવોની રૂપરેખા રૂડી અને રંગીલી છે. ખરેખર ગૌતમનુ નામ એવું નૌતમ છે એ મંગલમય નામોચ્ચારણ કરતાં યા શ્રવણ થતાં તનમાં તાજગી આવી જશે.

અંગે અંગમાં ઉમંગ રેલાઇ જશે એટલું જ નહિ પરન્તુ મન મોરલો આનંદ વિભોર બની જશે આપ સદ્‌ભાગ્યશાલીઓ અગર સ્વયં અનુભૂતિ કરવા માગતો હો

તો કરી શકો છો. પરન્તુ અનુભૂતિની રીતિએ અનુભૂતિ કરી શકાય છે. આ શાસ્ત્રીય વાત ભૂલાવી ન જોઇએ ગુરૂ ગૌતમના લયની પાછળ તમારો જય ઉભેલોજ છે. વધુમાં કોઈપણ કાર્યની શુભ શરૂઆતમાં જ ગુરૂ ગૌતમને આહ્વાન કરતાં શીખો પહેલાજ તબક્કે ગુરૂ ગૌતમને નોંતરો તમારી આસપાસ આંટા મારતી આપત્તિઓ અવશ્ય ઓસરાઇ જશે તમારી સામે આવતી વિઘ્નની વાદળીઓ વીખરાઈ જશે. આપણા ગુરૂ ભગવંતો પણ નગર પુર કે ગામમાં પ્રવેશ લેતી વખતે ગુરૂ ગૌતમના પ્રતીક સમા મૂલ્યવાન મંત્રોની મનમાં સ્મૃતિ કરતાં હોય છે. એટલુંજ નહિ કિન્તુ આહારાર્થે ગમનાગમન કરવાના સમયે પણ ગુરૂ ગૌતમના નામનું રટણ કરતા હોય છે. 'यस्याभिधानं मुनयोऽपि सर्वे गृह्णन्ति भिक्षाभ्रमणस्य काले मिष्टान्नपानाम्बरपूर्णकामा स गौतमो यच्छतु वाञ्छितं मे' આ શ્લોક ઉપરોક્ત બાબતોનું સમર્થન કરવા માટે પર્યાપ્ત છે. વધુમાં 'ગામતણે પઈસારણે ગુરૂ ગોયમ સમરંત, ઇચ્છા ભોજન માન લહંત લચ્છી લીલ કરંત' આ દોહરો પણ આપની દેશી ભાષામાં વધુ સ્પષ્ટીકરણ, કરતો જાય છે ઉપરોક્ત દોહરો પણ નગર ગ્રામ પ્રવેશ સમયે સાત વખત સ્મરી

(૬૮)

શકાય છે. ઘણી વખત વંદનને વ્યવહારરૂપ સમજી તેની અવગણના કરવામાં આવે છે. પરન્તુ વંદન એ વ્યવહાર નથી પરન્તુ આત્મિક ઉત્કર્ષક છે. ઉત્થાન છે ઉન્નતિ છે.

આ વાત નહિ ભૂલાવી જોઇએ. વંદન કરતાં કરતાં યા વંદનાર્થે આવી રહેલા સાધુ ભગવંતોને કેવલજ્ઞાન થયાના અનેક દાખલાઓ શાસ્ત્રોની તવારીખમાં નોંધાયેલા છે. હંમેશાં ચંદન એ દેહને શીતલ બનાવે છે. જ્યારે વંદન એ દીલને શીતલ બનાવે છે. અતઃ વંદન એ આધ્યાત્મિક પ્રગતિમાં પ્રેરકરૂપ બને છે. માટે વંદનને વ્યવહારના નામે ચડાવીને ચલતી પકડી લેવી એ ચતુરજનને ન ઘટે, વારૂ સંસારીપક્ષના મામા તરીકે મનાતા શ્રી શીતલાચાર્યને વંદનાર્થે તેમનાજ દીક્ષિત ચાર ચાર ભાગિનેય સાધુ ભગવંતો બહાર ગામથી આવી રહ્યા છે. સાંજે સમય વીતી જવાથી ગામની બહાર કોઈ ધર્મ શાલામાં રોકાઇ ગયેલા હતા. આ તરફ શીતલાચાર્ય વિચારી રહ્યા છે. હજુ ભાણેજ મુનિ ભગવંતો અહિં કેમ આવ્યા નહિ? રાત વીતી ગઇ બીજા દિવસે સમયપર જ્યાં પોતાના ભાગિનેય સાધુ ભગવંતો છે. ત્યાં સ્વયં જઇ ચડયા. કિન્તુ ભાણેજ સાધુ ભગવંતોને વેગવતી ભાવનાના સંપ્રયોગે રજની સમયે માત્ર સંવેગ રંગના રસીયાઓને કેવલજ્ઞાનની જ્યોતિ ઝગમગવા લાગી, આ કેવલી સાધુઓએ કંઇપણ ઓચિત્યા ચરણ નહિ કર્યું શ્રીમાન શીતલાચાર્ય અજ્ઞાત છે. એકાએક મનમાં માઠું લાગી આવ્યું એટલું જ નહિ કિન્તુ રોષમાં ને રોષમાં સામેથી તેઓશ્રી વંદન કરવા લાગ્યા.

આ જોઇને કેવલજ્ઞાની માર્મિક શબ્દોમાં બોલી ઉઠયા કે આ દ્રવ્ય વંદન થયું કહેવાય અને ભાવ વંદન

કરો. આચાર્યશ્રી પૂછે છે કે તમે શાથી જાણ્યુ કે આ દ્રવ્ય વંદન છે? જવાબમાં કહે છે. જ્ઞાનથી સામેથી પૂછાય છે. કેવા જ્ઞાનથી? પ્રતિપાતી કે અપ્રતિપાતી? જવાબમાં અપ્રતિપાતી આ સાભળી આચાર્યશ્રી સામેથી વિધિ પુરસ્સર હાર્દિક ક્ષમાપના કરે છે. બસ. આંતરિક ક્ષમાપના કરનાર શીતલાચાર્યને પણ કેવલજ્ઞાનનો દીવડો પ્રગટયો. વાંચી લ્યો વંદન શું કામ કરે છે? હાર્દિક ક્ષમાપના નિઃશલ્ય વંદન જીવને કઈ કક્ષામાં કઈ શ્રેણીના શિખરપર લાવી મૂકે છે તે આ એક શાસ્ત્રીય કથા કહી રહી છે.

(૬૯)

મહાત્મા મૂલદાસજીના જીવનમાં બની ચૂકેલી ઘટના જાણવા જેવી જણાશે લ્યો? ત્યારે વાંચી લ્યો! કોઇ ગામમાં મૂલદાસજી વિદ્યમાનતામાં કોઇ એક વિધવા બહેન દુષ્કર્મ યોગે કયાંય એકાએક ઝડપાઇ ગઈ પરિણામે તે સગર્ભા બની ચૂકી હતી.

તેણીને મુંઝવણની સીમા રહી નહિ હતી ચેન પડતું નથી રેન જતી નથી આત્મહત્યા કરવાની અણિ ઉપર આવી ગઈ મરણ શિવાય કોઇ શરણ ન હતું એટલે આપઘાત કરવાના નિર્ણય ઉપર આવીને મરવા માટેનું પ્લાનીંગ તૈયાર કરી રહી છે. મનમાં વિચારી રહી છે. દુન્યવી લોકોને મોઢું કેમ દેખાડી શકાય? જીવી પણ કેમ શકાય? સાથે સાથે પાપના પડદાને ખસેડી પણ શકાય! કોઇ ખાનદાનીના ખમીર વંતાને ઓપન પણ કેમ કરી શકાય! બસ

હવે નિર્ણય ફાઇનલ કરવામાં આવ્યો. મૂળદાસજી મહાત્માના મઠની નજીકમાંજ એક કામણગારો કૂવો હતો આખરે તેજ કૂવાના સહારા શિવાય કોઇ અન્ય ઇલાજ નહિ હતો તેણીને ફરજીયાત આ કૂપનો આધાર લેવાનો રહ્યો આ વિધવા બહેન ચૂપકીથી ધીમે ધીમે કૂવા ભણી આવી રહી છે.

તેજ ટાઇમે મહાત્મા મૂલદાસજીનું લક્ષ કૂવાની કાંઠી તરફ ગયું તેવામાં પાણીનાં બેડા વગર એકાએક લપાઇને ઊભેલી અબલા જોવામાં આવી. મહાત્માજી સમજી ગયા કે જરૂર કંઇક ગંભીર મામલો છે. આ બાઇ પનઘટપર એકાએક ખાલી હાથે જ કેમ આવી ચડી હશે વિના વિનંબે મહાત્માજી તે તરફ દોડી ગયા. કૂવામાં કૂદી પડવાની તૈયારી કરે છે ત્યાંજ મહાત્માજી તેણીનો હાથ પકડી પાડે છે. અબલાને એકાએક બચાવી લે છે અને આ બહેનને ઉષ્માભર્યું આશ્વાસન આપવામાં આવ્યું ખૂબજ ઠંડા અને મીઠા કલેજાએ બહેનને પૂછવામાં આવ્યું. આ બહેને તૂટયા-ફૂટયા શબ્દોમાં પોતાની અથ ઇતિ કહી સંભળાવી પરિણામે આ મહાત્માજીએ પોતાની જાત ઉપર એ કારચું કલંક ઓઢી લેવાનો નિર્ણય લઇ એકાએક એ અબલાને જીવિતદાન આપવામાં આવ્યું તારા દુષ્કૃત્યની તમામ જવાબદારી હું મારી જાત ઉપર લઉં છું જરૂર પડે તો મારૂ નામ લેજે બસ આજથીજ તું મારી સાથે રહે ખરેખર તું મારી બહેન છું.

આંપણે સાથે રહીશું જરૂર પડે તો મારૂ નામ લેજે તું જરાપણ સંકોચ રાખતી નહિ આજે મારૂ ધ્યેય માત્ર એટલુંજ છે કે કોઈપણ પ્રાણીનો બૂજાઇ જતો જીવન દીપક બચાવવો તેમાંય પણ અબલા જાતિ માટે મારો પ્રાણ પાથરીશ કિન્તુ આ રીતે મારી આંખ સામે થતી આત્મહત્યા હું સહી શકીશ નહિ.

થોડા સમય માટે લોકનીંદા થશે તે સાંભળી લેવાશે પણ બહેન તું આ રીતે આત્મ વિલોપન કરે તે નજ ચલાવી લેવાય ચાલો આખરે 'સત્યમેવ જયતે 'સત્યનોજ સદા જય છે. અને રહેશે આખરે લોકોએ સત્ય હકીકત જાણી પરિણામે મહાત્માની યશ કીર્તિ વધવા લાગી યદ્યપિ થોડા સમય માટે મહાત્માની બેફામ છડેચોક નિંદા થવા લાગી. કિન્તુ મહાત્માએ મૂંગે મોંએ સહી લીધી હતી વાસ્તવિક મહાત્મા તેજ છે કે નિન્દા સ્તૂતિને પચાવી શકે

(૭૦)

કોઇપણ વ્યસન હંમેશાં વિનાશનેજ નોંતરે છે માણસ જાત વ્યસનને વળગે છે. વ્યસન કોઇનેય વળગતું નથી. ઘણી વખત અજ્ઞાનથી અવરાયેલો આત્મા વ્યસનની પાછળ પોતાના નાશને નોંતરે છે. એવાં બે મત ન હોઇ શકે કલકત્તા ખાતે બનેલી એક સત્ય ઘટના સ્વરૂપચંદ ભાઇ નામે એક ધનાઢય અને સમૃદ્ધ શાલી માણસ હતો સંગ દોષના સબળે શરાબપાનના કુછંદમાં ભાગી ગયો જ્યારે ત્યારે તેના હાથમાં માત્ર મદિરાનીજ પ્યાલી પકડાયેલી હોય

ખરેખર મદિરાપાન એ તેના જીવનનો મુખ્ય વ્યવસાય થઈ પડેલો હતો. વ્યસનને વશ વર્તી માણસ એક રીતિએ પરાધીનતાના પીંજરામાં પૂરાયેલો જ રહે છે.

ક્યારેક સ્વયં વસવાટ કરતા બંગલામાં એકાએક ગાબડું પડ્યું અને શીઘ્રાતિશીઘ્ર એક કુશલ કારીગરને બોલાવવામાં આવ્યો, અને કહેવામાં આવ્યું કે તમારે આજે ને આજે આ ગાબડું પૂરવાનું છે. સમજયાને ? જવાબમાં કારીગરે કહ્યું કે આજે તો હું વચનથી બીજે બંધાયેલોછું માટે આવતી કાલે આવીશ સ્વરૂપચંદભાઈ કહે ખરેખર તું કાલે આવીશ ? ફેરફાર તો નહિ જ થાય ને ? તું ફરી જાય તો નહિ ચાલે કારીગરે વખતો સુંદર અને સચોટ જવાબ આપ્યો અરે શેઠ ! શું આપ મને દારુડીયો માની બેઠા છો ? હું દારૂ નથી પીતો કે બોલીને ફરી જાઉં કે ભૂલી જાઉં બસ આટલું બોલીને કારીગર તો રસ્તે પડયો પરન્તુ કારીગરના આ શબ્દોએ સ્વરુપ-ચંદના હૃદયને હચમચાવી નાંખ્યું અંતર વલોવાઇ ગયું કાળજું વીંધાઈ ગયું. સ્વરૂપચંદ વિચારી રહ્યો છે. કે અરે ! દારુડીયાની આટલી હલકી છાપ અરે શું કારીગ-રથી પણ હું ઉતરતી કક્ષાનો શું એક વ્યસનને કારણે માનવ આટલા નીચ દરજ્જાનો ગણાય છે. બસ સ્વરૂપચંદ ભાઇએ માનસિક નિર્ણય કરી લીધો. 'આજથીજ હરામ છે ! દારૂ પીવો કે કૂતરાનું મૂતર પીવું બેઉ બરાબર છે.

પોતાના ઘરમાં ગયો અને મદિરાની ઉંચામાં ઉંચી કિંમતી બાટલીઓ કબાટમાં ગોઠવાઇ ગઈ હતી તે તમામ બાટલીઓ ગટરમાં ફેંકી દેવામાં આવી. તેજ ક્ષણે તેના મનમાં ઘણોજ હર્ષિત થયો અંતરમાં અમાપ આનંદ થયો મુખપર પ્રસન્નતાની પ્રતિભા ઝલકી ઉઠી વ્યસન મુક્તિનો કેવો અવર્ણનીય ઉત્સાહ હશે તે વાચક સ્વયં કલ્પી શકશે.

મદિરા પાનની ટેવ આદત યા બદી ઘણીજ ભયંકર કહી શકાય. પરન્તુ નાની અને સામાન્ય આદત પણ ભવિષ્યમાં ભયંકર પરિણામ લાવતી હોય છે.

યાદ રાખો ! કોઈપણ નાની મોટી ટેવ પહેલા તમે પાડો છો અને તત્પશ્ચાત ટેવ તમને પાડે છે. આ વાત ઉપર વજન આપશો તો તમે તમારા જીવનને જ્યોતિ સ્વરૂપમાં પલટાવી શકો છો. તમે જ્યારે માનવીનું રૂપ ધારણ કરેલું છે. તો આ વાત તમારે માનવીજ જોઇશે. કેમ મહાનુભાવો ! આ વાત તમને ગમે છે ને ?

(૭૧)

કોઈપણ પ્રાણીનું ભાગ્ય કયારે પલટો લે છે તે કલ્પી શકાતું નથી. ખરેખર કર્મ મહારાજાના તાંડવનો તનતનાટ સમય સમય પરત્વે નીરાલો હોય છે પતિતોને પાવન કરે છે. ડાકૂને દયાશીલ બનાવે છે. ભયંકર ડામીશ ગણાતાને દાનવીર બનાવી મૂકે છે. સાચેજ તારી અગમ્ય લીલાનો પાર કોણ પામી શકે ? શકિરના સૂત્ર ધારો પણ તમને નવગજના નમસ્કાર કરીને આગળ ધપ્યા અરે વાહ

રે વાહ તમારા નખરા અને નામ નસ્સો અને ઠસ્સો રણકો અને ટણકો તમે નિરુપમેય ગણાવો. કર્મ મહારાજાધી-શ્વરને જેટલી ઉપમાઓ આપો તેટલી ઓછીજ છે ચાલો ત્યારે હવે મૂલ વાત ઉપર આવી જઇએ કેમ ઠીકજ છે ને ?

જે હાથે અનેકોની કરપીણ હત્યાઓ અને લાખોની લૂંટફાટ કરવામાં આવી હતી તેજ હાથે એક મહાકાવ્ય લખવાના મંગલાચરણ થાય છે. જે જીહ્વાથી અનેકોને તદ્દન હલકી કક્ષાની ગાળો આપી હતી તેજ જીભથી એક મહાકાવ્યના મંગલ ગીત ગવાય છે જે જીભથી અનેકોને અભિશાપ આપ્યા તેજ જીભ દ્વારા અનેકોને આશિર્વાદો અપાય છે. ખરેખર એક રૂષીશ્વરના વરદ હસ્તે સંસ્કુત ભાષાનું એક કાવ્ય કમલ મહીમાં મહેકી ઉઠયું તેજ કાવ્ય જે અનેકોને આદર્શ આપતી રામાયણના સર્જક સંત શિરોમણી વાલ્મીકિનો જન્મ એક અંગીરા ગોત્રના બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો શરૂમાં તેઓનું નામ રત્નાકર હતું અને તે રત્નાકરજ રહેશે. કિન્તુ કર્મવશાત થોડા સમયને માટે સંગ દોષથી ખરાબ આદતોમાં અટવાઈ ગયેલો હતો પછી પોતાના કુલાચારનું ભાન શાન ન રહ્યું બ્રાહ્મણ તરીકેનાં ષટ કર્મોથી પરાડ મુખ બની કહેવાતી એક ડાકૂઓની સોનેરી ટોળીમાં જોડાઈ ગયેલો અને લોહી તરસી તલવાર હાથમાં લઇને અનેક નિર્દોષ નર નારીઓની હત્યા અને લાખોની લૂંટ ચલાવવા લાગ્યો.

કેટલાક વર્ષોના અંતે તેના આત્મોદ્ધારનો ઉજવલ સમય સમીપે આવવા લાગ્યો સ્વયં શિકારની શોધમાં નીકળી પડેલો રત્નાકર ગીચ ઝાડીના જંગલમાં લપાઇને બેઠો હતો તેટલામાં નારાયણ નારાયણ એવા મંત્રોચ્ચાર કરતા નારદ ઋષી ત્યાંથી પ્રસારિત થતા હતા શરુઆતમાં આ ડાકૂએ અસહ્ય ધમકી આપી જે તારી પાસે હોય તે મને આપી જ દે નહિ તો હમણાજ તારો જાન ગૂમાવીશ વિગેરે વિગેરે ઘણી જ દમદમાટી આપી કિન્તુ આ રૂષી-શ્વરના લલાટમાં બ્રહ્મ અને ઔજસના ચાંદલા ચમકવા લાગ્યા. આવા ડાકૂઓને જોવા માત્રથી ભલભલાના છક્કા છૂટી જાય. કિન્તુ આ રુષીના મુખની રુપરેખા પણ એકજ સરીખી જોવામાં આવી. આ રુષીશ્વરના બ્રહ્મતેજથી ડાકૂ પ્રભાવિત થયો. અરે આજ સુધી મારી સામે અનેક ભડ-વીરો આવી ચડયા પરન્તુ આવી અનોખી આભાને વેરતો વીરનર વિશ્વમાં હું પહેલ પહેલોજ જોઉં છું તુરતજ આ ડાકૂ રુષીશ્વરનો ચરણોમાં ઢળી પડયો અને પોતાના અપ-રાધની ક્ષમા યાચવા લાગ્યો ત્યારે આ રુષીશ્વરે પોતાનો સિદ્ધ હસ્ત તેના શિરપર મૂકી તપશ્ચર્યાની દીક્ષા આપી હતી આવા જાલીમ ડાકૂઓ પણ સંતના માત્ર બેજ શબ્દોથી જીવનમાં પલટો લે છે રુષીના માત્ર બે શબ્દો શયતાન માંથી સંત બનાવે છે. જયારે કંઇક શ્રોતાજનો આ જીવન આખ્યાન સાંભળતા આવ્યા. છતાંયે તેમના કાળજાની કાલીયા ન ગઇ જીવનમાં કોઇનું પણ ભલું કરવાની

ભાવના ભાગ્યેજ જોવા મલે આવા શ્રોતા એ વાસ્તવિક શ્રોતા નથી ગણાતા કિન્તુ સોતા જ હોય છે અને પરિણામે ખોતા જ હોય છે એકાએક ડાકૂ ભયાનક જંગલમાં તપ કરી રહ્યો છે તેની ચોતરફ ઉધેઇના રાફડા રોપાઇ ગયા છે આ રાફડાને સંસ્કૃત ભાષામાં વાંલ્મીક કહે છે તે ઉપરથી આ રત્નાકરનું નામ વાલ્મીકિ તરીકે બહાર પડે છે બાલ્યકાલમાં તેમનું નામ રત્નાકર હતું તેજ નામ પર આ મહર્ષિ મહોર છાપ મારતા જાય છે.

આજના કહેવાતા ડાકૂઓ ડામીશો કે દૈત્યોને માટે આ કથા આશિર્વાદ રૂપ લેખાશે કોઇને જમાડવાની દૃષ્ટિએ જમાડવા એ પણ એક શિષ્ટાચાર છે કિન્તુ એ શિષ્ટાચારની પાછળ ભારો ભાર વિવેકની આવશ્યક્તા ઉભી રહે તે વાત ભૂલાવી નહિ જોઇએ કર્તવ્ય હંમેશાં વિવેક માગી લે છે વિવેક વગર ક્ર્તવ્ય પણ સ્મર્તવ્ય બની શકતું નથી. કોઇ એક ગામમાં વહોરાજી રહેતા હતા તેઓ સ્વભાવે ખૂબજ ભલા શાન્ત અને સજ્જન તરીકે માનતા હતા

લોકો તો તેમને એક ભગવાનના ઘરનું માણસ છે એમ માની બેઠેલા હતા સાથે સાથે આ મુસાભાઈ ભારો ભાર ભોળાનાથ હતા માનમરતબો તેમજ વટ વ્યવહાર ખીલી ઉઠેલો હતો ધંધાકીય જાહો જલાવી પણ સમયાનુસાર ઘણી જ સારી હતી. તેઓને જમાડવાનો શોખ વધુ પ્રિય થઈ પડેલો હતો અને જમવા કરતાં જમાડવામાં વધુ શ્રેય છે સિદ્ધિ છે તેઓ પ્રત્યેક વર્ષે પોતાની સમગ્ર

નાતને જમવાનું નોંતરૂં ફેરવતા હતા. પછી તો આ ક્રમ વર્ષો સુધી અવિરત ચાલતો રહ્યો. પરન્તુ સમય સમયની છાયા જુદી હોય છે આ મુસાભાઇની આર્થિક પરિસ્થિતિ પલટાતી ચાલી. લગભગ તીજોરીનું તળીયું દેખાવા લાગ્યુ હતું ભલે દામ ગયા પણ દિલ તેનું તેજ છે. હંમેશા દામ કરતાં વધુ મહત્વ ભર્યો ભાગ દીલનો હોય છે દામ હોય પણ દીલ ન હોય તો કામ ન જ થાય એ વાત નિઃશંકછે મુસાભાઈની દેખીતી અમીરી ભલે ગઈ પરન્તુ દિલ અમીર છે વાસ્તવિક દીલનો અમીર હોય છે તેજ ખરો અમીર છે ગમે તેમ કરીને પણ જ્ઞાતિ ભાઇઓને જમાડવા આ જાતનો તેઓને નેમ હતો આ વર્ષે જમણવાર કોઇપણ સંયોગોમાં શકય નહિ હતો કેમ કે આ વર્ષની ઈન્કમ નહિવત હતી પોતાના ઘરનો ચાલુ ખર્ચ પણ મુશ્કેલી ભર્યો હતો પછી જ્ઞાતિ જનોને જમાડવાની વાત તો એક સ્વપ્ન સરીખી હતી તથાપિ મુસાભાઈ તો જમાડવાના સ્વપ્નને સાકાર બનાવવા માગે છે બસ એકજ ધૂન એક જ લાગણી એકજ તમન્ના કે કોઈપણ સંયોગોમાં મારે મારા જ્ઞાતિ બંધુઓને જમાડવાજ જોઇશે મુસાભાઇએ તો સમસ્ત જ્ઞાતિમાં જમવા માટેનું નોંતરૂં ફેરવ્યું બાપ દાદાના વખતથી જે રીવાજ પળાતો આવ્યો છે તેમાં ગાબડું કેમ ચાલે? ચાલતા આવતા ક્રમનું ઉલ્લંઘન કેમ થાય?

નાત ન જમાડું તો મારૂં નામ મુસાભાઇ નહિ,

પરંતુ જમણુ કરવા માટેની આઇટમો જોઇતી સાહિત્ય સામગ્રી લાવવામાટે ખીસ્સામાં પૂરતા પૈસા નથી. હવે કરવું કેમ. નોંતરૂં ફેરવ્યું એટલે સમય પર ધીમે ધીમે લોકો આવવા લાગ્યા જોત જોતામાં જનતા જમા થઇ ગઈ સમગ્ર જ્ઞાતિ એકત્રિત થાય પછી સ્વાભાવિક લોકો એક બીજાની ખબર મેળવતા રહે જ્ઞાતિની ઉન્નતિ કે અવનતિ અંગે થોડી ઘણી વાટાઘાટ ચાલતી જ રહે તેમાં તો પૂછવું જ શું ?

નાત જમા થઇ ગઈ છે પારસ્પરિક વાતોની આપ લે ચાલી રહી છે. તેવામાં બરાબર અવસરને અવલોકીને મુસા ભાઇએ તમામ જ્ઞાતિ બંધુઓ એવં બેનડીઓનો બૂટ અને ચંપલો સ્લીપરો એકઠ્ઠા કરી લીધાં મોટા કપડામાં બાંધીને માથાં પર સહેલાઇથી રહી શકે તેવું એક વ્યવસ્થિત પોટકું બનાવ્યું અને શ્રી સંઘના ભાઇ બહેનાના પગના જોડાનું પોટકું સ્વયં માથા ઉપર લઇને એકાએક બજારમાં નિકળી પડયા તમામ બૂટ ચંપલો વિગેરે વહેંચીને માલની ખરીદી કરવા માટે જોઇતા પૈસા ઉભા કર્યા અને તે પૈસાથી જમવા માટેની યોગ્ય સાહિત્ય સામગ્રી લઇ આવ્યા હતા, ત્યાં સુધી જ્ઞાતિ જનો વાટાઘાટ કરી રહ્યા હતા દરમ્યાન ભોજન માટે ખાદ્ય પદાર્થો તૈયાર કરાવવામાં આવ્યા પશ્ચાત મુસાભાઈ જ્ઞાતિ બંધુઓને વિનંતિ કરી રહ્યા છે કે હવે પધારો જમવા માટે વિનવણી કરીને બધાઓને જમવા માટે બેસાડે છે જમવાનું પીરસાઈ ગયું પાણીના લોટા પ્યાલાઓ પણ એકે એકની

પાસે મૂકાવી દેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી મુસાભાઈ હાથમાં પંખો લઈને પવન નાંખવા લાગ્યા અને સાથે સાથે બોલવા લાગ્યા, 'જમો બાપલા ઘરનું જાણી, મુસાભાઈના વા અને પાણી' મુસાભાઈની વાણીમાં લોકો શંક્તિ થયા કિન્તુ લોકો તો નીચું જોઈને જમી રહ્યા છે આ વાત લોકો ન સમજી શક્યા ત્યારે મુસાભાઈએ સ્પષ્ટીકરણ કર્યું હતું.

(૭૩)

આ અખિલ બ્રહ્માન્ડમાં જન્મ જનક ભાવ પ્રત્યેક પદાર્થમાં પડેલો હોય છે એટલે કે દરેકની પાછળ જનક જેવું તત્વ છૂપાયેલું જ હોય છે તેમ પાપનો પણ બાપ હોય છે દાણાઓને કદાચ ખ્યાલ નહિ હશે કે પાપનો બાપ લોભ હોય છે ખરેખર લોભમાં લપટાયેલો લાલો શું નથી. કરવા તૈયાર થતો તેજ એક પ્રશ્ન છે ચાલો ત્યારે વાંચી લેજો કે લોભમાં લલચાયેલો એક બજાણીઓ કઇ રીતિએ પોતાનો પનોતો પ્રાણ ગૂમાવે છે. અને સાથે સાથે પોતાના પતિને વારે વારે આત્મહત્યા કરવાની ધમકી આપનાર ધનવતીની આંખો કયારે ખૂલે છે તે આ વાર્તા ઉપરથી વાંચક જાણી શકશે. સોક્રેટીસ એક તત્વવેતા સાથે કવિરત્ન મનાતો હતો દુર્ભાગ્ય વશાત તેને જન્મેથી નામની એક કર્કશા અને કૂટીલ કામિની મલી હતી તેવી રીતે એક ધનાઢય અને ગર્ભ શ્રીમંતને પણ તેવી જ તનતનાટ કરતી તરુણી મલી હતી સાથે સાથે આ શેઠાણીએ

એવી કાળ જુની કુટેલ પડી ગએલી કે તેણીને પાડોશી આડોશી સાથે કલેશ અને કંકાશ કર્યા શિવાય ભાગ્યેજ ચેન પડે સોક્રેટીસ ઘણી વખત શ્રોતાજનોને સંભળાવતા કે પુરૂષને જો સારી એટલે કે શાન્ત અને સુશીલ પત્ની મલે તો તેનો સંસાર સ્વર્ગીય બને અગર જો કલેશના કેન્દ્ર સરીખી કાન્તા મલે તો તેણીનો પતિ પ્રાય : તત્વ વેત્તા જોવા મલે છે. આ માથા ભારે ભામિની વાત વાતમાં કલેશનું મહાભારત માંડે અને શેઠને ધમકી આપ્યા કરે કે 'હું તો આ ચાલી' કૂવે પડવા' આ શબ્દો તેણીના જીવનમાં એક સૂત્ર સમા થઇ પડેલા જયારે ને ત્યારે કંઇક કારણ પડે કે તુરત લગ્યા કરે કે હું તો આ ચાલી કૂવે પડવા આ શ્રીમાન શેઠ તેટલા જ શાન્ત અને સુશીલ હતા પોતાની પત્નીને અનેક રીતે સમજાવે માત્ર શામ અને દામથીજ અપની દયિતાને સમજાવે પણ સમજે છે. કોણ ? શ્વાનને સો વેળા ગંગાજલથી સ્નાન કરાવે તો પણ તે પવિત્ર થોડો થવાનો છે ? તેમ આ માથા ભારે માનિનીને મહીપતિ પણ ભાગ્યેજ સમજાવી શકે ?

શેઠાણી તો માત્ર કૂવે પડવાનો જ પડકાર કર્યા કરે.

આખરે એક દિવસ શેઠે કંટાળીને મન મનાવ્યું કે સમજાવટથી આ સુન્દરી નહિ સમજે 'સુન્દરી કે છછુન્દરી' જયારે તેણીને કડવી અનુભૂતિ થશે ત્યારેજ તે પાછી પડશે એક દિવસ શેઠાણી એ પ્રવાસમાં જવાની પૂર્વ તૈયારી

કરી. અલંકાર આભૂષણો પહેરી બની ઠણીને તૈયાર થઇ ગયાં શેઠ દુકાનેથી ઘેર આવ્યા કે તુરત જ પ્રવાસનો પ્રસ્તાવ રજુ કર્યો શેઠે કહ્યું અત્યારે તો ધંધાકીય મોસમ ચાલુ છે. સીઝનમાંજ પૈસા ઉભા કરી શકાય છે માટે દિવાળી પછી પ્રવાસનો પ્રોગ્રામ જરૂર રાખીશું પરન્તુ આ શેઠાણી તો નનૈયો જ ભણતી રહી. શેઠ ખૂબજ સરલતાથી સમજાવી રહ્યા છે ત્યારે શેઠાણી તો તેજ પડકાર કરી રહી છે કે 'હું તો મારે આ ચાલી કૂવે પડવા' આ ધમકી શિવાય અન્ય કોઇ ચમકી તેણીની પાસે ન હતી. વારે વારે આ સૂત્રજ બબડયા કરે ત્યારે શેઠથી સહ્યું ન ગયું ત્યારે એકાએક શેઠ બોલી ઉઠયા કે જા ત્યારે તારી મરજી હોય તેમ કર. બસ આ શબ્દો એ શેઠાણીના અંતરમાં સનસનાટી ફેલાવી દીધી. જેના જીવનનાં વક્ર ચક્ર હોય તે કયારેય પણ હિતાવહ વાત ને સીધી ન જ સમજે શેઠાણીતો આભૂષણોના શણગાર સાથે એકાએક ઘરમાંથી બહાર નીકળી પડી. અને ગામની દક્ષિણ દિશામાં દૂર આવેલા એક ભમરીયા કૂવાના કાંઠે જઇ ચડી. આત્મહત્યા કરવાની અણી ઉપર આવીને ઉભી રહી તેવામાં જ ત્યાં એક બજાણીયો કે અજાણીયો આવી ચડયો અને બોલ્યો બહેન! તમારે કયાં જવું છે? અને શું કરવું છે? શેઠાણીએ વળતો જવાબ આપ્યો કે અરે ભાઇ! તું તારૂં કામ કર. હું તો મારે કૂવે પડવા આવી છું બજાણીયો કહે અરે શેઠાણી! બહેન તમે જો આપઘાત કરીને મરીજ

જવાનાં હોતો તમારાં આભૂષણો મને આપી દો તો કેમ તમારૂં નામ રહેશે મારૂં કામ થશે ખરેખર સોનાના દાનથી તમને સ્વર્ગ મલશે માટે બહેન મહેરબાની કરીને મારા જેવા નિરાધાર ને દુઃખીયારાને દાન દેતાં જાવ બહેન ભગવાન તમારૂં ભલું કરશે બસ શેઠાણી તો એક પછી એક આભૂષણો આપતી ગઇ પરન્તુ કર કંકણ અને નાકની નથણી ન આપી. બજાણીયાને તો ખરેખર લોભ લાગ્યો અને ગૂંદરીયો થઇને ચોંટી પડયો કે અરે બહેન આટલું બાકી શા માટે રાખો છો દાન દીધું છે તો પૂરૂં દઈ દો આ તમારી સાથે થોડું આવવાનું છે. કૂવામાંજ રહી જશે માટે હાથે તેજ સાથે શેઠાણી બોલી ઉઠયાં અરે ભાઇ તું ભોળો છું સમજતો નથી પતિની હયાતીમાં આ સૌભાગ્યના શણગાર સમા બે મુદ્દાઓ તો ન જ અપાય બજાણીઓ સમજી ગયો કે શેઠાણી આ બે દાગીના તો નહિ જ આપે અને હમણાંજ કૂવામાં પડશે. કૂવામાંથી મારાથી લઇ શકશો નહિ માટે આ શેઠાણીને આત્મહત્યાજ કરવી છે તો બીજો સરલ રસ્તો બતાવું.

આ બજાણીઓ સરલ માર્ગદર્શન આપી રહ્યો છે. કે ગળામાં ફાંસો નાખીને આપઘાત કરવો એ સરલ માર્ગ છે બજાણીયાને આ માર્ગદર્શન કેમ આપવું પડયું તે વાંચક સ્વયં સમજી શકશે ભૂખાળવાનું મન લચકે અને ચોરનું મન બચકે આ કહેવત અનુસાર બજાણીયાને કર કંકણ અને નાકની નથડી જોઇએ છે માટે જ તે

ગળે ફાંસો ખાવાનું માર્ગદર્શન આપી રહ્યો છે. એ તો સહેજે સમજી શકાય છે. શેઠાણીને પણ મરવા માટેનો સરળ રસ્તો હૃદયંગમ થઇ પડયો કેમ કે કૂવામાં પડવું સહેલું નથી જ અરે આપઘાત કરવો તે પણ અતિ સુદુર્લભ છે જ કિન્તુ હંમેશાં આવેશને આંખો હોઇ શકતી નથી એટલે દેખાય કયાંથી ! આત્મ હત્યા કરવાની કાર–વાહી આરંભ્યા પછી તે અપરંપાર સંતાપ કરતી હોય છે પણ પછી તેણીની માટે કોઇ ઉપાય અવનિમાં હોઇ શક્તો નથી જ અજાણીયાની સમયોચિત સૂચના શેઠાણીને ગમી ગઈ કિન્તુ શેઠાણી આ સરલ ફાંસો ખાવાની રીતિથી અજ્ઞાત હતી એટલે જ શેઠાણીએ કહ્યું કે ભાઇલા પહેલાં તું મને કરી બતાવ. પછી હું તદનુસાર કરી લઇશ આ અજાણીયા ભાઇ અપના ગળામાં ફ્રાંસો નાંખીને બતાવવા જાય છે. તેવામાં તેનાજ ગળામાં ફાંસો પડી જાય છે અને અજાણીયો મરી જાય છે પરિણામે આત્મ હત્યાનું આખરી અંજામ અવલોકી ને શેઠાણી તમામ પોતાના અલંકારો આભૂષણો લઇને ઉભી પૂંછડીયે ભાગી અને ઘર ભેગી થઇ ગઇ પ્રિયતમ પતિના પગમાં પડીને પોતાની ભૂલની ક્ષમા યાચવા લાગી નિયમ ટેક કે પ્રતિજ્ઞાનું પરિપાલન

(૭૪)

અતિ આવશ્યક છે. ઘણી વખત સામાન્ય કોટીનો માણસ પણ લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે કેટલો કટીબદ્ધ હોય છે. તો પછી. ઉચ્ચ કુટુંબમાં અવતરેલા ઇન્સાનોએ

વિચારવું પડે કે આપણે આપણી પ્રતિજ્ઞાનું પરિપાલન કેમ ન કરી શકીએ નિયમ એ એક જાતની મર્યાદા છે અને મર્યાદા એ એક જાતની માવડી છે એજ માવડી તમારા આત્મિક જીવનનું પોષણ કરી રહી હાય છે. ખરી માવડી તેજ છે કે તમારી જીવન નાવડીને પાપને પેલેપાર પહોં-ચતી કરે છે. આવી ઉચ્ચત્તર માવડીના ખોળામાં માથું મૂકનાર માનવ કેટલો મહાન બને છે આલમમાં તેની અમર નામના રહી જાય છે અતઃ લીધેલી પ્રતિજ્ઞાની કોઈ પણ સંયોગોમાં આવકાર આપવો અતિ આવશ્યક છે.

એક મહાત્માએ કોઇ જંગલી કઠીયારા ને ઉદ્બોધન કરેલું કે લીલી વનરાજી નહિ કાપવી એવી પ્રતિજ્ઞા લેવાનું સૂચન કર્યું અરે ગુરુજી 'ઘોડો ઘાસથી દોસ્તી કરે તો પછી ખાયશું'' બીજો કોઈ નિયમ આપો અરે ભાઈ! હમેંશને માટે ન પાલન થઇ શકે તો આજે પૂર્ણિમા છે. દર પૂર્ણિમાએ તારે લીલું ઘાસ કે ઝાડ નહિ કાપવું બસ આ કઠિયારાએ આ વાત વધાવી લીધી અને નિયમ ગ્રહણ કર્યો કે આજથી દર પૂર્ણિમાએ મારે લીલું ઘાસ કે ઝાડ નહિ જ કાપવાનું આ કઠીયારો વિચારે છે કે સદ્ભાગ્યેજ સદ્ગુરૂનો સુભગ સંયોગ સાંપડે છે. અતઃ તેમની યાદગિરીમાં યા તો તેમના માનની ખાતર પણ મારે કંઇને કંઇ પ્રતિજ્ઞા કરવી જોઇએ એક જંગલી માણસ પણ શિષ્ટાચારમાં કેટલું સમજે છે. ખાનદાન અને કુલીન માણસો એ આ જંગલી માણસનો આદર્શ અપનાવવો જોઇએ. કઠીયારો મનમાં સંકલ્પ કરીને

રવાના થાય છે કે દર પૂર્ણિમાએ લીલું ઘાસ કે વૃક્ષ નહિ જ કાપું વર્ષાઋતુમાં સાત સાત દિવસ સુધી વરસાદની હેલી મંડાણી આઠમા દિવસે વરસાદ જ્યારે થંભ્યો ત્યારે કૂહાડો લઈને જંગલમાં નિકળી પડયો કૂહાડો હાથમાં લઇને લીલા ઝાડ ઉપર જ્યાં પ્રહાર કરવા જાય છે ત્યાં તેને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી કે આજે પૂર્ણિમા છે. મેં મહાત્માજીના શ્રીમુખે નિયમ ગ્રહણ કરેલો છે. પૂર્ણિમાના દિવસે લીલું ઘાસ કે ઝાડ નહિ કાપવું આ નિયમનો ભંગ કેમ ? થઇ શકે ગુરૂજી પાસેથી લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કરનાર માણસ ઘણોજ દોષિત બને છે માટે આ પ્રતિજ્ઞાનું પાલન તો મારે અવશ્ય કરવું જ જોઇએ આજે પૂર્ણિમા છે લીલું ઘાસ કે ઝાડ હું નહિ કાપી શકું કૂહાડો જેવો ઝાડપર મારવા જાય છે તેવોજ પાછો લઈલે છે. કૂહાડો ખભાપર મૂકીને જેવો આવ્યો તેવો પાછો જઇ રહ્યો છે. રસ્તામાં નદી આવે છે. નદીના વહેતા પ્રવાહમાં એક તોતીંગ કાયકાષ્ઠ આવી રહ્યું હતું ખુબજ જહેમતના અંતે એકાકી જ તે કાષ્ઠને ઘસડીને કીનારે લાવ્યો તેને અમાપ આનંદ થયો કે પરિપાલન કરવામાં આવેલા નિયમનું શીઘ્ર ફલ મલ્યું વાહ ગુરૂજી વાહ ધન્ય ધન્ય તમ જીવન નિયમ. તારી લીલાનું પરિણામ કોઇ અણનમ અને ટેકીલો માણસ જ જોઇ શકે આજે પૂર્ણિમા છે. લીલું ઘાસ કે વૃક્ષ નહિ કાપવાની પ્રતિજ્ઞાના પાલનનું ફલ મને તુરત જ મલી ગયુ

ખરેખર આ નિયમનો ભંગ કોઈપણ સંયોગોમાં નહિ જ થવા દઉં એવો મનમાં દઢ નિશ્ચય કરે છે નિયમ પાલનનું ફલ મને વિના વિલંબે મળ્યું આ તો ઉસ હાથસે દે, અને ઉસ હાથસે લે. જેવી ઘટના બની. બજારમાં જાય છે. આ હતું બાવના ચંદન ગ્રાહકો લેવા માટે પડાપડી કરે છે. હમેંશાં કમાણી થતી તેનાથી દશ ગુણી કમાણી આજે થાય છે. ગ્રાહકો નીતિ પરાયણ હતા વસ્તુનાં મૂલ્યાંકન સમજીને કિંમત આપે છે.

તેજ ખાનદાન વેપારી ગણાય કે જે પરાઇ પીડને પીછાણે તો અધર્મી માનવ પણ ધર્માત્મા બને એટલો પ્રભાવ નીતિમત્તાનો હોય છે. આ સામાન્ય કાષ્ઠ નથી કિન્તુ બાવના ચંદનના કાષ્ઠ છે. અસહ્ય દાહજવર એ રામબાણ ઔષધ છે. તે કાષ્ઠના બદલામાં તેને સોનૈયા ભરેલી થેલી મલી આવી પરિણામે તેના જીવનને ભરખી રહેલું દુઃખ દારિદ્ર દૂર થયું.

(૭૫)

કણાદ નામના એક મહાત્મા હતા. માત્ર દેહને ન ભાવનાની ખાતર તેઓ કણ કણને વીણીને ખાતા એટલેજ તેમનું નામ કણાદ રાખવામાં આવ્યું હતું તેઓ હમેંશાં સ્વાધ્યાય અને સાધનમાં નિમગ્ન રહેતા.

લોકોના મગજમાં એ હવા હતી કે એમની પાસે સુવર્ણ સિદ્ધિ છે. આ વાત વાયુ વેગે રાજાના કાન સુધી

પહોંચી રાજા ચોંકી ઉઠયો. એને એમ થયું કે આ સુવર્ણ સિદ્ધિનો હું લાભ લઉં રાજા સ્વયં ભોજનની સર્વોત્તમ સામગ્રી લઇને ત્યાં પહોંચ્યા પરન્તુ કણાદે સામે ન જોયું એટલે રાજાને ખેદ થયો. રાજા બબડી ઉઠયો કે છે તો ભિખારી અને ખૂમારી કેટલી છે વચ્ચે મંત્રી એકાએક બોલ્યો કે રાજન ખૂમારી કેમ હોય એ તો સિદ્ધિના સ્વામી છે તેઓની ઉપેક્ષા કરવા કરતાં તેમને ભક્તિથી સુપ્રસન્ન કરો, અને ભક્તિ ધનથી નહિ પણ મનથીજ થાય છે. પૈસાથી નહિ પણ પ્રેમથી થાય છે. હેમથી નહિ પણ હૈયાથી થાય છે. એ મહાત્મા તમારી સામે દૃષ્ટિ ફેંકે તો તમારું દારિદ્ર દૂર થાય. તમને આશિર્વાદ આપે. તો તમારી ધારેલી ધારણા પાર પડે રાજા ત્યાંથી પોતાના સ્થાને જઇ પહોંચે છે. એક વખત રાત્રીના શાન્ત સમયમાં રાજા સ્વયં ભીસ્તીના વેશે ત્યાં જાય છે. ઉનાળાની રૂતુ હોવાથી મહાત્માના આશ્રમ આગળ પાણીનો છંટકાવ કરે છે. પછી મહાત્માના પગ દાબે છે. પગ લાકડા જેવા હોવાથી રાજા પૂછે છે આપને દુઃખ તો નથી થતું ને ?

મહાત્મા સ્મિત કરતાં બોલી ઉઠયા કે અરે ભાઇ લાકડાને શું થવાનું છે ? ખરેખર આ મહાત્માને પોતાના શરીરની જરાય દરકાર નથી. શરીર અને આત્મા બંનેના ધર્મો અંતરમાં સમજાઈ જવાયા છે. એટલે મહાત્માઓનાં જીવન આવાં અત્યુત્તમ હોય છે આ વખતે રાજાને મહાત્મા સિદ્ધ પુરૂષ છે એવી પ્રતીતિ થાય છે.

(૭૬)

આ જીવડો જુગ જુગથી પરિગ્રહની પાછળ પાગલ બની બેઠેલો છે. પ્રાણુના ભોગે પણ આ જીવન કડક મજૂરી મહેનત અને જહેમત ઉઠાવી જગતની માત્રાને અપની કરવા માટે ચારે તરફ ફાંફાં મારી રહેલો હોય છે. પરન્તુ આખરે પરિગ્રહની પંજામાં ફસાઇ મરે છે. તેને માટેનું આ જવલંત દૃષ્ટાંત તમને જાણુવા મલશે.

મહંમદ ગીઝની સત્તર સત્તરવાર હિંદપર ચઢાઈ કરી હતી હિન્દમાંથી મબલખ મતા ઉપાડી ગયો હતો. પીળા પત્થરા લીલા પત્થરો ભૂરા પત્થરાઓ મોતીને હીરા, નીલમ અને માણેક પોખરાજ ને પ્રવાલ ઘણોજ માલ ઉપાડી ગયેલો હતો. પછી ગિઝનીએ અપના સ્થાનમાં જઇને તે પત્થરાઓની સુંદર તિજોરીઓ અને કબાટો કરાવરાવ્યા અને તેમાં લાવવામાં આવેલું કરોડોનું ઝવેરાત તે તિજોરીઓમાં ભર્યું. દરેક જાતનું ઝવેરાત અલગ અલગ તિજોરીઓમાં ભરવામાં આવ્યું. હમેંશાં સ્વયં ખોલે છે. અને હાથમાં લઇને હરખાય છે. પછી તેની સામે નયનો નાચી ઉઠે છે. જોઇ જોઇને હૈયામાં હરખાય છે. મનમાં મલકાય છે. અંતરમાં અપાર આનંદ ઉદધિ ઉછળે છે તેનું દિલ ડોલી ઉઠે છે મગજમાં મગરૂરીનો પાર નથી. દુનીયાભરનું ઝવેરાત ઉપાડી લઇ આવવા માટેનો અખર્વ ગર્વ છે. જેનું શબ્દોમાં વર્ણન ન થઇ શકે સમયપર મહંમદ ગિઝની, જ્યારે માંદગીમાં પટકાય છે. માંદગી વધતી જાય છે. માંદગી કોને

નથી આવતી ! અને આવ્યા પછીથી તેને વધતાં વાર કેટલી ? બાદશાહના મનમેદામાં છેલ્લી ઇચ્છાનો ફણગો ફૂટે છે. તેને એમ થઇ આવ્યું કે મારે ખજાનાનાં દર્શન કરવાં છે. ઉભા થઇ શકાતું નથી. સેવકો તૈયાર છે ઉચકીને ખજાના સુધી પહોંચતા કરે છે. હીરા પન્ના મણિ માણેક અને મોતીનાં દર્શન કરે છે. જેમ જેમ જોતો જાય છે તેમ તેમ રોતો જાય છે આંખોએ આંસુઓનાં તોરણ બંધાય છે. તેના અંતરમાં ગરમાગરમ દીવેલીયું રેડાયું અંતર ભયંકર આંચકો અનુભવે છે તેના દીલની દીવાલો ઉપર ધરતી કંપનો ધડાકો થાય છે. એને હવે લાગી આવ્યું કે આબંધુ જ ઝવેરાત તેમજ વિપુલ વૈભવ અને અતુલ ઐશ્વર્ય છોડીને જવું પડશે. જીંદગીભરની કમાણી ઉપર બાદશાહ બાંગ પોકારી પોકારીને રડી રહ્યા છે.

આ રીતે જગતના જીવડાઓ ભૌતિક સામગ્રીનો સંચય કરવા માટે ધમાધમ મચાવી રહ્યા હોય છે. નાશવંત પદાર્થોની પાછળ જે લય લગાડવામાં આવે છે તેવીજ લય પરમાત્મા પ્રતિ લાગી જાય તો કોઇજાતનો ભય રહેવા નહિ પામે. હકીકતમાં સાચો સત્ય અને સનાતન વૈભવ કોને કહેવો તે એક પ્રશ્ન છે. આ પ્રશ્નને હલ કરવા માટે ગુરૂની છાયામાં આવીને બેસો. સમસ્યા જરૂર હલ થઈ જશેજ જશે.

(૭૭)

હમેશાં આગીયાને કંકર મલે શંકર ન મલે. કંટક મલે કલ્પવૃક્ષ ન મલે કોઇ એક મુસાફર ભીષણ ગરમીમાં

પોતાના ઘેરથી એકાએક નિકળી પડયો. તેને દૂર કાર્યાર્થે અન્ય ગામમાં જવું છે ચાલતો જઇ રહ્યો છે. તે સમયે વાહન વ્યવહાર નહિ હતો. આજેતો સ્ટેશનથી ગૃહાંગણે જવું હોય તો પછી જઇ શકાતું નથી. પણ દૂર સુદૂર ગામોમાં જવાની વાતજ વેગળી રહી જાય છે. આ મુસાફર રસ્તામાં ચાલતાં ચાલતાં થાકી જાય છે. બહુ જ શ્રમ લાગ્યો ત્યારે એક વૃક્ષની શીતળ છાયામાં બેસીને વિસામો લઇ રહ્યો છે. થોડી વાર પછી તેને થયું કે આ ટાઈમે સુંદર મનમાનતું ભોજન મલેતો કેવું સારું બસ વિચાર કરતાંની સાથે સુંદર મનમાનતા ભોજનનો રસ થાળ તૈયાર થાય છે. મુસાફર મોજથી ખાઈ રહ્યો છે. પછી તૃષાતુર બને છે. માગણી કરતાં જ પાણી તૈયાર પછી વિચારે છે. આરામ કરવા માટે સુંદર પલંગ સેજ તળાઇ હોય તો પછી વૈભવશાલી ઠઠારાનું પૂછવું જ શું ?

તેજ ટાઇમે સુંદર પલંગ બીછાણા વિગેરે તૈયાર થઈ જાય છે. આ સમયે વિચારી રહયો છે કે જે હું માગું છું તે તમામ મળતુ જ રહે છે. આવા ભયંકર જંગલમાં પાણી સરખુંય ન પામે ત્યાં એકે એક મનની અભિલાષાઓ મુજબ મલતું જ રહે છે. કારણ શું અરે ભૂત બૂત તો નહિ હોય ને ! બસ યા વિચાર આવતાંની સાથે ભૂત તૈયાર જ ઉભેલું છે. આ મુસાફર ડરવા લાગ્યો. શું આ ભૂત મને ખાઇ તો નહિ જાયને. વિના વિલંબે તે ભૂત તેનો કોળીયો કરી જાય છે. અજ્ઞાની અને અભણ અહનિંશ અથડાતો જ રહે છે. તેને ભાગ્યેજ કોઇ ગતાગમ હોઇ શકે. આ બીચારા પાન્થને પવિત્રતમ પાથેય મલી આવ્યું હતું પરન્તુ તેના લલાટમા લખાયેલું ન હતું.

કલ્પવૃક્ષ નીચે કોઈનર ઊભો ક્ષુધા ખૂબ પીડાણી
નહિ કલ્પવૃક્ષ નક્કી એ બાવળીયો કાં તો ભાગ્યરેખા ભૂસાણી
કલ્પવૃક્ષ ફળીયો આંગણીયે તણ્ણા નહિ સમાણી
કાં તો ભાગ્ય બીજાનું ભળીયું કાં પાપી એ પ્રાણી

(૭૮)

યદ્યપિ આ ઘટના અગાઉ આવી જવા પામી હોય તે બનવા જોગ છે. તથાપિ કંઇક જ્ઞેય જરૂર હશે એમ માનીને પુનઃ તેનું અહિં અવતરણ કરવામાં આવે છે.

કોઇ બીચારો જડ ભરત નિરન્તર મહાદેવની પૂજા કરે જાય છે. કયારેક મૂષક ભાઇ આવી ચડયા અને યથેચ્છ સફર કરવી શરૂ કરી દીધી. કયારેક મહાદેવની મૂર્તિ પર આરોહ અવરોહ કરે જાય. તેવામાં માર્જારી ધસી આવી. જોતાંની સાથે મૂષક ભાઇ ઉભી પૂંછડીયે છૂ થઇ ગયા. પહેલાં મૂષકની પૂજા કરવામાં આવી હતી. તત્પશ્ચાત માર્જારીની પૂજા શરૂ થઇ હતી. માર્જારીની પૂજા ચાલી રહી છે તેવામાં શ્વાનનો પ્રવેશ થતાંજ માર્જારી પોબારા ગણી ગઈ. શ્વાનની પૂજા કરવામાં આવી. રીતસર પેટ પૂરતું ભોજન વિગેરે મલવા લાગ્યું કૂતરાનો સ્વભાવ છે કે જ્યાં ત્યાં સૂંઘતા ફરે ને મોઢું નાંખતા જાય. આ બ્રાહ્મણ ભાઇને ત્યાં તેના પિતાનું શ્રાદ્ધ હતું. ઘરમાં દૂધપાક બનાવવામાં આવ્યો હતો. કૂતરાએ દૂધપાકના પાત્રમાં મોઢું નાખ્યું ઘરવાળીના જોવામાં આવ્યું ખૂબજ ચીડાઇ ગઈ તેણીએ એવોં ધોકો ફટકાર્યો કૂતરો કૂદકાં મારતો

ભાગી ગયો ધણીએ અવનવી શોધ કરી કે વાહ આ ઘરવાળીમાં કેવી તાકાત છે. બસ તો હવે આપણે ઘરવાળીનીજ પૂજા કરીએ. નાહી તેની પૂજા કરી. પછી પૂછવાનુંજ શું ? બાજોઠ પર બીરાજમાન કરવામાં આવે ચંદન ચોખા લગાડે. આ બધું ઘરવાળીને ઘટતું નહિ લાગ્યું તે સમજી ગઇ ઘણુંજ વ્યવહાર બારૂં થાય છે તેણીને થયું કે ઘરવાળાને કહેવું શું અને કરવું શું ? કોઇ રસ્તો ન મલ્યો. પરન્તુ રાત દિવસ ચિન્તાતુર રહે છે. ઘરવાળી સુશીલ સન્નારી હતી. એટલે તેણીને આ પસંદ નહિ હતું. હવે ઘરવાળીને એક રસ્તો મલી આવ્યો. તેણીએ એક પ્લાનીંગ બનાવ્યું. એક દિવસ જમવામાં જોઇતા શાક દાળમાં ખુબ જ મરચાં પટકી દેવામાં આવ્યાં, ઘરધણી જમવા બેઠા ત્યાં દાળ શાકમાં વધુ પડતાં મરચાં માલુમ પડવાથી તેનું મગજ ગયું અને ઉઠીને તુરત જ એક જોર શોરથી તમાચો લગાડી દીધો. ઘરવાળીએ શિક્ષા સહીને પણ ઘર ધણીની શાન ઠેકાણે લાવવામાં આવી હતી. હવે આ તરફ તેણીનો ધણી વિચારના વમળમાં ગોથા ખાય છે કે છેવટે મોટું કોણ ? મહાદેવ કરતા મૂષક તેની દૃષ્ટિએ માર્જારી અને માર્જારી કરતાં પણ શ્વાન મોટો કહી શકાય. પરન્તુ આગળ વધતાં મારી ઘરવાળીજ શક્તિશાલી છે. કિન્તુ અન્તિમ પરિણામ એમ જણાય છે કે આ બધાઓમાં હું જ મહાન છું. પછી ઉત્તરોત્તર આ બ્રાહ્મણ ભાઇને અહં બ્રહ્માસ્મિ નું સૂત્ર સમજાય છે કે આત્મા તેજ

પરમાત્મા છે. કિન્તુ વચ્ચે પાપના જંગી પહાડો પડેલા છે તે જ્યાં સુધી ન ખસેડાય ત્યાં સુધી આત્મા પરમાત્વ સ્વરૂપ ધારણ કેમ કરી શકે.

(૭૯)

ભરૂચ બંદરની અંદર ચાર માણસનું કુટુંબ હતું. જૈન કુલમાં જન્મ્યા હતા. ઉચ્ચ અને આદર્શ સંસ્કારી હતા ઘરમાં ચારે માણસ ઘણાજ ઉદાત્ત વિચાર શ્રેણી ધરાવતા હતા. એક વખત એવું બન્યું કે પિતા અને પુત્રને એકાસણું હતું. સાસુ રસોઇ કરી રહી છે. પુત્ર વધુ ઘરનું અન્ય કામકાજ કરી રહી છે રસોઇની ખૂલ્લી રહી ગયેલી તપેલીમાં કોઇ ઝેરી જીવની લાળ પડી ગઈ હશે. પિતા પુત્ર એકાસણું કરીને મેડા ઉપર જઇને ધાર્મિક વાંચન કરે છે. તેવામાં બોલતા બોલતા બંધ થઇ જાય છે આવતો અવાજ બંધ થઇ જવાથી વહુને શક જાય છે કે આ લોકો એકાએક બંધ કેમ થઇ ગયા હશે વહુ પોતાની સાસુને વાત કરે છે બંને મલીને ઉપર તપાસ કરે છે. તો પિતા પુત્ર બંને જમીનપર ઢળી પડયા છે. અરે આ શું ? ધ્રાસકો પડયો હૈયું હચમચી ઉઠયું જરૂર કંઇ ગરબડ છે ? તપાસ કરતાં માલુમ પડયું કે આ તપેલીમાં કંઈ ગરબડ જરૂર છે ! સાસુ વહુ વિચારી રહ્યાં છે આપણે ગભરાવાની જરૂર નથી ધાર્મિક શિક્ષણ અને સંસ્કાર પામી ચૂકેલી પુત્ર વધૂ પોતાની સાસુજીને નમ્ર નિવેદન કરી રહી છે કે બાપુજીનું માથું આપના ખોળામાં રાખો અને

હું આપના પુત્રનું માથું મારા ખોળામાં રાખું છું. આપણે ભક્તામર સ્તોત્રનો મંગલ પાઠ કરીએ.

ભક્તામર સ્તોત્રનો પ્રભાવ અચિન્ય અગમ્ય અકથ્ય છે. વાત શું કરીએ આપણે તે સ્તોત્રના મહિમાનું તલસ્પર્શી વર્ણન નજ કરી શકીએ સમજ્યાંને સાસુજી પુત્રવધુ બહુજ શુદ્ધ અને સાત્વિક ભાવથી 'रक्तेक्षणं समद कोकिल कण्ठनील'' આ શ્લોક એકવીશ વાર શ્રદ્ધાપૂર્વક શુદ્ધ ઉચ્ચારણથી બોલી જાય છે. અભિમંત્રિત કરેલું જલ, પીવડાવવામાં આવે છે. અને બહાર મુખના ભાગ ઉપર છાંટવામાં આવે છે. બસ મિનીટોમાં ઝેરનું શમન થાય છે. બાપ બેટો પૂર્વ પરિસ્થિતિમાં આવી ગયા આ છે. ભક્તામર સ્તોત્રનો પ્રભાવ કલિકાલમાં પણ ભક્તામર સ્તોત્રનો મહિમા અમેય છે અમાપ છે અજય્ય છે ખરેખર આ જડવાદી જમાનામાં ભક્તામર સ્તોત્ર અદ્‌ભૂત કામ આપે અગર સમ્પૂર્ણ શ્રદ્ધા સાથે તેનું સ્મરણ કરવામાં આવે તો ભક્તામરના પૂજકને પ્રત્યક્ષ પ્રભાવ દેખાશે તેમાં અપીલને અવકાશ નથી.

નિષ્કામ ભાવનાએ કરવામાં આવતો ભક્તામર સ્તોત્રનો પાઠ તમારા જીવનમાં અનેરો ઠાઠ જમાવશે તમારા ઠાઠ ઠકુરાઈ ને ઠસ્સાના ચાર ચાર ચાંદ ચમકી ઉઠશે કેવલ વાસનાની પાછળજ પાગલ બનેતો પુરૂષ કર્તવ્યાકર્તવ્યનું ભાન ભાગ્યેજ રાખી શકે ! એ તો સ્વાભાવિકજ છે. હમેંશાં ભૌતિક વાસનાની વિદ્યુત શક્તિ

અનોખી છે. અગર જરા અસાવધાન રહે કે તુરત વિદ્યુત ના કરંટ લાગ્યા વિના રહે નહિ ભોગીને તો તેને લાગે લોજ રહે છે. કિન્તુ કયારેક યોગી જો અસાવધ રહે તો તેને પણ લાગતાં વાર લાગતી નથી જ આ પ્રશ્ન ઘણોજ ગહન છે તેટલોજ વિચારણીય છે. વાસનાને વિવશ થયેલો વીર નર પણ કયારેક ખર બનીને ખલકમાં કલંક્તિ થતો હોય છે કોઇ એક નગરમાં નરોત્તમદાસ નામે ગર્ભ શ્રીમંત મનાતા એક ધનાઢય શેઠની નર્મદા નામે પત્ની આઠ વર્ષની માંદગીના અંતે પંચત્વ પામ્યાં હતાં આ સમયે નરોત્તમદાસ કાકાની વય સાઠ વર્ષની હતી. તેઓ પુનઃ પરણવા તૈયાર થાય છે હમેંશાં ખ્યાલ કરો, વિકાર એ વરૂ છે. તેના શિકાર નહિ બનો એ અત્યુત્તમ છે કહેવાતા કાકાને સાઠ વર્ષની જતી વયે જોરૂ કયાંથી ઉભી કરવી તે એક જટીલ સમસ્યા થઇ પડી ત્યારે કાકાએ એક દલાલને ઉભો કર્યો.

હાથ હલાવ્યા પગ હલાવ્યા, જીભ હલાવી ખાલી
હોય મનુષ્યનાં માથા લડાવ્યા એનું નામ દલાલી,

હંમેશાં દલાલ લોકોનું કામ જ આ હોય છે જે ઉપરોક્ત શાયરીમાં આલેખાયેલું છે બુદ્ધિમાન જરૂર સમજી જશે દલાલ બહાર નાના નાના ગામડાઓમાં પર્યટન કરે જાય છે. કાકાશ્રી પાસેથી પુરતું કમીશન મલવાની શકયતા હતી કાકાશ્રી પણ મોં માગ્યા દામ દેવા તૈયાર હતા દલાલ પણ કમીશન લઇને ઘર ભણી ચાલ્યો જાય છે.

નવ પરિણિતા આ શેઠનો ઠઠારો અને વૈભવ જોઇને પોતાની ગરીબી ભૂલી જાય છે અમીરી જોઇને ઉછાંછળી બની જાય છે. ધીમે ધીમે શેઠ ઉપર સવાર થઈ જાય છે હંમેશાં ભૌતિક વિષયોની ગુલામી ભયંકર હોય છે. તેનું આ જવલંત દૃષ્ટાંત છે.

હિન્દુ આઝાદ પહેલાંની વાત છે કે જ્યારે આ દેશમાં અંગ્રેજી રાજ્ય રેલાઈ રહ્યું હતું ત્યારે એક દિવસ બપોરના સમયે સુરેન્દ્રનગર સૌરાષ્ટ્રના સ્ટેશન પર ગાડી ઉભી રહી તેમાંથી એક ગોરો અમલદાર નીચે ઉતરી પડયો.

તેણે પ્લેટફોર્મ પરથી પ્રસારીત થતી એક નવયુવતી રૂપસુંદરી સ્ત્રીનો કોમળ હાથ પકડયો અને તેણીને ઘસડીને બલાત્કારે પોતાના પહેલા વર્ગના ડબ્બા તરફ લઇ જવા લાગ્યો આ નિર્દોષ નારી બરાડા પાડી રહી છે કે બચાવો બચાવો પરન્તુ તે ગોરા અમલદારની સામે જવા કોઇની હિંમત નહિ ચાલી તમામ જનતા દૂર ઉભી રહીને આ અમાનુષી દૃશ્ય નિહાળી રહી હતી. આ ગોરા અમલદારે એક હાથ સ્ત્રીના સ્તનપર રાખેલો હતો. જયારે બીજો હાથ, પાટલૂનના ખીસ્સા પર રાખવામાં આવ્યો હતો

તે એમ સૂચના કરી રહ્યો હતો કે મારી પાસે રીવોલ્વર છે કોઇ મારી સામે આવવા માગતો હોય તો જરૂર આવી જાય, તેને માટે જ આ રીવોલ્વર રાખવામાં આવી છે એક સમયે ભારતીય જનતા સતીઓના સતીત્વનું સંરક્ષણ કરવા માટે કમ્મર કસીને કૂદી પડતી હતી

ગમે તેવાં કષ્ટો સહી લેતી સાથે સાથે જાન ફેસાની કરવાની પણ તૈયારી બતાવતી તે જનતા આજે પોતાની કાયા અને માયાને ગુલામીમાંજ ગબડી પડેલી છે પોતાની કાયા કે માયાની જરાય આંચકો નહિ. આવવો જોઇએ આજ માન્યતા ઘર ઘાલી ગઇ છે. બસ આ માન્યાતાએ જનતાને કિં કર્તવ્ય વિમૂઢ બનાવી મૂકી છે સદ્દભાગ્ય યોગે ત્યાં એક ડોકટર આવી ચડયા તેમના જોવામાં અને જાણવામાં આવતાંની સાથે અંગે અંગમાં આગ ઉઠી આવી અરે મારા ભારત વર્ષની ભામિનીઓનું છડે ચોક અતીત્વ લૂંટાઇ રહ્યું છે શું ? અને આ બધી ઉભેલી જનતા સગી આંખે જોઇ રહી છે ધિક્કાર છે તે જનતાને આ એક જ માઇનો લાલ આવી પહોંચવાથી જનતાને કેટલું પ્રોત્સાહન આપ્યું આ ડોકટર પોતાના પ્રાણની પરવા કર્યા શિવાય પેલા ગોરા અમલદાર તરફ ધસી ગયા અને પેલાં ગોરા અમલદારના કાંડાપર જોરથી ફટકો માર્યો અને આ અબલાને બંધનમાંથી મુક્ત કરવામાં આવી ખરેખર સિંહના પંજામાં પકડાયેલી હરિણાક્ષીને છોડાવી અને તેના સતીત્વને જરાય આંચકો આવવા નહિ દીધો પેલા ગોરા અમલદારે પોતાના ખીસ્સામાંથી રીવોલ્વર કાઢી કિન્તુ આ ડોકટર જરાય નહિ હર્યો સામેથી કહેવામાં આવ્યું કે જોઇ શું રહ્યો છે આ છાતી તૈયાર છે. જેના રક્તના કણ કણમાં વીર રસ ઊભરાઈ રહ્યો છે તેની સામે આ ગોરાનુ શું ચાલે ? આજે પણ આવા વીરનરોનો ભારત વર્ષમાં

દુષ્કાળ નથી એ વાત ભૂલાવી નહિ જોઇએ કેવલ નિજી ધર્મની રક્ષા કાજે લોકો આજે પણ પ્રાણની આહૂતિ આપવા તૈયાર છે આર્ય સંસ્કૃતિના ઉચ્ચ અને ઉદાત્ત સંસ્કારોથી પ્રભાવિત થયેલી પ્રજા પોતાના ધર્મનું પરિ-પાલન કરવા આજે પણ તૈયાર છે. આપણા આર્યાવર્તની શોભા કેવલ સતીત્વના સંરક્ષણથીજ રહેલી છે.

કોઇપણના સતીત્વનું સંરક્ષણ કરવું એ પ્રત્યેક ભારતીય સંતાનની આદ્ય ફરજ છે આપણા ભારત વર્ષમાં આજસુધી સતીત્વ પૂજાતું આવ્યું છે અને પૂંજાતું જ રહેશે સીતા સાવિત્રી સુલસા સુભદ્રા અને શીલવતી ઇત્યાદિ સતી શિરોમણીઓના સતીત્વની અહર્નિશ આર્યદેશમાં આરતીઓ ઉતરાતી આવી છે એ ભારતીય સંતાને કયા-રેય પણ નજ ભૂલવું જોઇએ એ સતીત્વના નામે પત્થરો પાણીમાં તરતા હતા એટલું જ નહિ પરન્તુ શુષ્ક કાષ્ઠ પણ પલ્લવિત થતું વાહ રે વાહ સતીત્વ તારા નામે જેટલો ગર્વ ન લઇએ તેટલો ઓછો જ છે.

(૮૨)

યદ્યપિ પૃથ્વી પીઠપર પારકા પૈસે પરમાનંદ કરનારાઓનો તોટો નથી જ તથાપિ આલમના આંગણે એવાં પણ માણસો વિશ્વમાં વિરલ જ હોય છે.

રાજસ્થાનમાં જેસલમેર વિભાગના કોઈ એરીયામાં અવિરત ઉપરા ઉપરી દુષ્કાલના ઓળા ઉતરી પડતા જ

હોય છે તે એરીયામાં આજે આઠમો દુષ્કાલ હતો ખરે-ખર તેવા કટોકટીના સમયે લોકો પરમાત્માનું નામ જપીને પણ હૈયામાં હિંમતને ટકાવી રાખતા હતા દુઃખ એટલે ભૂતકાલમાં કરવામાં આવેલા પાપોનું પ્રાયશ્ચિત્ત બસ આવુ આવું સમજીને બેસી રહેતા પરન્તુ પૈસા કઇ રીતિએ ઉભા કરવા કુટુંબી જનોના પેટ કઇ રીતિએ ભરવાં તે એક શમસ્યા હતી એક દિવસ એક પ્રસંગ ઉપસ્થિત થયો એક ખટારો ત્યાં આવી ઉભેલો તેમાં છલો છલ બાજારો ભરેલો હતો તેમાંથી બે માણસો બહાર આવ્યા અને આસપાસના કિસાન લોકોને બોલાવવામાં આવ્યા અને કહ્યું કે આ બાજરાનો ઢગલો અમે અહિંજ ખડકીને આગળ જવા માગીએ છીએ તમે બધાયે મલીને આ બાજરાનો ઉપયોગ કરશો અમે સાત દિવસો પછી પાછા આવીશું ટ્રકમાં રહેલી બાજરી ત્યા ઢગલો કરીને આ લોકો આગળ વધ્યા.

સાત દિવસો પછી તે જ બે માણસો પાછા આવ્યા અને જોયું તો બાજરીનો ઢગલો એમને એમ પેટી પેક ત્યાંજ પડેલો જોવામાં આવ્યો આ લોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો તે જ લોકોને બોલાવીને પૂછવામાં આવ્યું ત્યારે જાણવા મલ્યું તે લોકો એમ કહી રહ્યા હતા કે આપ શ્રીમાનોનો મોટો આભાર અમને કામ આપો અમારી પાસે મજુરી માગો પછી અમે તેના બદલામાં આ બાજરાનો ઉપયોગ કરીએ તે શિવાય અમને બીન

હકકનું પચે નહિ મફતીઓ માલ ક્યારેય પણ કોઈને પચે નહિ મફતીઓ માલ ખાવો એ નીતિના નિયમથી વિરૂદ્ધ છે માટે મહેરબાની કરો આ બાજરીનો ઢગલો આપ પાછો લઈ જાવ. યા તો અમને મજુરી આપો બેઉ માંથી એક કાર્ય થશે.

(૮૩)

હંમેશાં સનાતનો સિદ્ધાન્ત છે 'ખાડો ખોદે તેજ પડે' આ જુની અને જાણીતી કહેવત શું ખોટી છે? આ દુનિયામાં કઇક માણસો ઇર્ષ્યા અસૂયા કે અદેખાઇની આગમાં ભરખાઇ રહ્યા છે વાંચક! તું સજ્જન છે શાણો છે અને સમજુ છે તો અક્કલનો જરા ઉંપયોગ કરી લે ઇર્ષ્યાની દિકરી છે નિન્દા તમારા જીવનમાં ઇર્ષ્યા કે અદે-ખાઇ આવી કે પછી નિન્દાનો જન્મ થતાં વાર કેટલી? શા માટે આપણે કોઈની નિન્દા કરવી. ખરેખર નિન્દા એ તમારા જીવનમાં નાશની નોબત વગાડે છે.

માટે નિન્દાની સોબત ક્યારેય પણ નહિ કરવી. આ શબ્દની નોંધ લેવા નમ્ર સૂચન આજે કેટલા એક સારા ગણાતા વિદ્વજ્જનો અને સંયમ ધરો પણ નિન્દા નારીની સોબતથી ભાગ્યેજ બચી શક્તા હોય.

નિન્દાનારી ભલભલાને પણ અપની સોડમાં છૂપાવી દેતી હોય છે ભલભલા ભડવીરો પણ નિન્દા નારીના નામ અને નખરામાં મંત્રમુગ્ધ બની બેઠેલા હોય છે.

આજે આપણી ઉન્નતિમાં ઉજવલતામાં કે ઉત્કર્ષમાં જો કોઈપણ અવરોધક હોય તો તે માત્ર નિન્દા જ છે. જૈનધર્મના મૌલિક સૂત્રોમાં નિન્દામિ એ ક્રિયાપદનો પ્રયોગ વધુને વધુ જોવામાં આવે છે બસ નિન્દામિ એ શબ્દ આપણા જીવનમાં આત્મસાત્ થઇ પડયો છે પરિણામે આપણું આધ્યાત્મિક જીવન ભસ્મસાત્ થઇ રહ્યું છે.

"નિન્દામિ"નો ફલિતાર્થ છે સ્વનિન્દા ખરેખર વાસ્તવિક આપણે આપણા જીવન તરફ અવલોકન કરતા થઇએ તો આપણા જેવો નિન્દાનીય નર ભાગ્યેજ શોધ્યો મલે! અતઃ અપરની નિન્દા કરવાનો આગણને કોઈ અધિકાર નથી જ શા માટે અનધિકાર ચેષ્ટા કરવી જોઇએ કેવલ નિન્દાની માયા વધતી જતી હોવાના કારણે સામાજીક અને ધાર્મિક પરત્વેનું આપણે ઘણું ઘણું ગૂમાવી રહ્યા છીએ ભલે આપણને કથૂલ દૃષ્ટિએ ઉન્નતિ દેખાઇ રહી હોય કિન્તુ એ ઉન્નતિની આસપાસ અવનતિ આંટા જ મારી રહી છે શાસ્ત્રીય પદ્ધતી પ્રમાણે ભવમાં અને મોક્ષમાં સમભાવ આવે ત્યારે જ આપણે મુક્ત થઈ શકીએ છીએ તદનુસાર સદ્ગુણી અને નિર્ગુણી પ્રત્યે સમદૃષ્ટિ કેળવાય ત્યારે જ તમને મોક્ષ નગરની ટીકીટ મલી શકે!

અને આવી દૃષ્ટિ મેળવવા માટે અને મેળવીને કેળવવા માટે જ સર્વજ્ઞ શાસનની સમુપાસના છે એટલે કે પરમાત્મા શ્રી મહાવીર શાસનના સમુપાસ કે વિચારવું ઘટે કે આરાધના ઉપાસના એવં અનુષ્ઠાનો શા માટે આ

તમામ કર્મકાંડોની પાછળનો મુખ્ય આશય એ છે કે જીવનમાં રહેલી વિસંવાદિતા વિલીન કરવી તે છે વીર શાસનની વિશેષતા વિસંવાદિતાનો વિનાશ કરવામાં જ છે. વીતરાગ શાસનની વિશેષતા છે હંમેશાં કલેશ કંકાશ અને ઝેર વેરથી વિસંવાદિતામા વધારો થાય છે અને તે વિસંવાદિતાના વિષ ચક્રોમાં જીવડો ચગદાઈ મરે છે.

એક ઠેકાણે બે ડોશીઓ રહેતી હતી. તેઓ પૈકી એક રિદ્ધિ અને બીજી સિદ્ધિ નામની હતી. પહેલી ઇર્ષ્યાલુ હતી જ્યારે અન્ય શાન્ત અને સરલા હતી પહેલી ભયંકર ઈર્ષ્યાળુ હતી તે સિદ્ધિની સંપત્તિ સહી શક્તી નહિ હતી. રિદ્ધિ ઇર્ષ્યાની આગમાં બળી જળી રહી છે. કે પેલી સિદ્ધિની સંપત્તિનો નાશ કરૂં ત્યાં સુધી મને આનંદ આવે જ નહિ તે પોતાની અમાનુષી મુરાદ પુરી પાડવા માટે તપ કરે છે આખો દેવ પ્રસન્ન થાય છે દેવે પૂછયું કે તારી આવી અવદશા કેમ અરે ભગવત આ સિદ્ધિનો ઉત્કર્ષ તેની આબાદી હું કોઈપણ સંયોગોમાં સહન નહિ જ કરી શકું તેથીજ મારી આવી દુર્દશા છે માબાપ મહેરબાની કરીને મને સુખી કરો અને પેલી રાંડ સિદ્ધિને સમૂલખી દુઃખી કરો જવાબમાં દેવે કહ્યું કે અરે બહેન રિદ્ધિ એ નહિ જ બની શકે ! કેમકે તેણીનું પુણ્ય પ્રબલ છે. પુણ્યશાલીઓનો વાંકો વાળ કંઇ જ કરી શકવાને સમર્થ નથી. દેવ પક્ષ પુણ્યની લીલા પાસે પાંગળા છે માટે સિદ્ધિને દુઃખી કરી શકાશે નહિ હા જરૂર આટલું થઇ શકશે તું જે માનીશ તે કરતાં

સિદ્ધિને બમણું થશે રિદ્ધિએ કહ્યું કે એમ તો એમ પરન્તુ તે સિદ્ધિને જંપીને બેસવા તો નહિજ દઉં

આ રિદ્ધિ ડોશી એવી માન્યતા વાળી છે કે 'મેં મરૂં લેકિન તુઝે રાંડ કરૂં' આવી માન્યતા તેણીની રંગે-રગમાં વ્યાપી ગયેલી છે દેવે કહ્યું તથાસ્તુ આ રિદ્ધિએ દેવે આપેલા વરદાન અનુસાર અભિલષિત માંગ્યું કે મારે અલગ અલગ ઓરડા વાલુ એક સુન્દર ઘર જોઇએ બસ તે પ્રમાણે રિદ્ધિને મલી ગયું અને એક એક ઓરડામાં એક એક કૂવો માંગ્યા પ્રમાણે મળી જ ગયું.

જ્યારે સિદ્ધિને બે ઘર અને દરેક ઓરડામાં બે કૂવા મલ્યા વારૂ આટલું માગવા છતાં રિદ્ધિની આંખમાં અમી નથી હંમેશાં અદેખા માણસની આંખોમાં ભાગ્યેજ અમી હોય ! જેને દરેક પ્રત્યે સમદૃષ્ટિ હોય તેની જ આંખોમાં અમી હોઈ શકે અમીનો વાસ સહજ નથી, સાથે સાથે 'જેની આંખમાં અમી તેને કોઇ ચીજની ન કમી' આ સૂઘ આપણને કેટલો સુન્દર સંદેશો આપતું જાય છે.

આંખમાં રહેલી અમી એ સજ્જનતાને માપવા માટેનું મીટર છે ધન્ય અમી ધન્ય અમી, અમી જેની આંખમાં રમી હોય તેની આત્મ ઉત્કર્ષની શાસ્ત્રીય વાતો ગમી જ ગયેલી હોય તેમાં અપીલને અવકાશ નથી આખરે આ રિદ્ધિએ વરદાન માંગ્યું કે મારી એક આંખ ફૂટે બસ માંગતાંની સાથે રિદ્ધિની એક આંખ ફૂટી ગઇ જ્યારે

સિદ્ધિની બંને આંખો ફૂટી ગઈ હતી. માત્ર અદેખાઇના અગન ભડકે બળી ઝળી રહેલી રિદ્ધિ ડોશીમાં પેલી સર-લાશથી સિદ્ધિ બાઇને દુઃખ દરિયામાં ડુબાવવાને માટે પોતાની એક આંખ ફોડવા તૈયાર થઇ પરિણામે રિદ્ધિની એક આંખ ફૂટી જયારે સિદ્ધિની બંને આંખો ગઇ સિદ્ધિ આંધળી થાય અને આ ભમરીયા કૂવામાં પડીને મરણને શરણ થાય એનીજ રાહ જોઇને બેઠેલી રિદ્ધિ ડોશી રાતના એકા એક ઝબકીને જાગી અને હલબલ થતી અંધારી રાતનાં બહાર જોવા જાય છે ત્યાં સ્વયં પોંતાના ઓરડામાં રહેલા કૂવામાં પડીને મરણ પામે છે જયારે બંને આંખો આંધળી થયેલી સિદ્ધિ નામની બાઇ પોતાનાજ કર્મનો દોષ દેતી દીનાનાથનો આશરો સ્વીકારીને ભોળાભાવે ભજન ભાવમાં જીંદગી વીતાવી રહી છે. સજ્જનો સમજો આ કથા તમને શું સમજાવતી જાય છે. હાથના કર્યા હૈયે વાગ્યા એ ઉક્તિ અનુસાર રિદ્ધિ ડોશી બે હાલે મરણ પામી આવી અસૂયા તમારા જીવનમાં પ્રવેશવા ન પામે તે માટે સજ્જનો સાવધાન રહે.

(૮૪)

ગાગર નહિ પણ સાગર જેટલું પાણી પીવાઇ ગયેલું હોવા છતાં જીવડાની તરસ છીપી નહિ જીવનમાં આવી અનેકાનેક તરસો છે જે કયારેય પણ છીપી શકાતી નથી જ કોઇપણ તરસનો અન્ત આવી શકતો નથી એક કોલસાનો વેપારી જંગલમાં કોલસા પાડવા માટે

જાય છે. સાથે સાથે ગાડામાં જોઇતી સામગ્રી સાથે પાણી પણ પૂરતું લેતો ગયો છે. જંગલમાં જઇને પોતાના માણસો મારફત બહોળા પ્રમાણમાં કાષ્ટો એકઠાં કરાવીને અગ્નિ પેટાવવામાં આવે છે. અર્ધા બળી રહે ત્યાંથી પાણી છાંટવું પડતું હોય છે. કોલસાઓ તૈયાર કરાવવાની કારવાહી મોટા પ્રમાણમાં ચાલી રહી છે તે મુજબ પાણીનો પણ ઉપયોગ થાય છે આ રીતે પોતાની પાસે રહેલું પાણી ખલાસ થઇ જાય છે. અને આસપાસ જંગલમાં કયાંય પાણી નથી. ગરમીની મોસમ છે અસહ્ય તૃષા લાગે છે. એક તરફ કોલસાનું કામ પણ અપૂર્ણ છે બીજી તરફ તૃષા વધતી જાય છે. કંઠ શોષાઇ રહ્યો છે. એક શીતલ છાયા વાળા વૃક્ષ તળે આ વ્યાપારી બેઠેલા છે. તેવામાંજ તેને નિદ્રા આવી ગઇ દરમ્યાન સ્વપ્ન આવ્યું પ્રાયશઃ જેવું લક્ષ લગની ને લેશ્યા હોય તેવું જ સ્વપ્ન આવે સ્વપ્નમાં એક તલાવ જોવામાં આવ્યું. અને જોતાની સાથે જ તલાવ તરફ તે દોડી ગયો અને ખોબે ખોબે પાણી પીવા મંડી પડયો.

સરોવરનું સમગ્ર સલિલ પી ગયો તો પણ તેની તૃષા શાન્ત ન થઇ તત્પશ્ચાત બીજું સરોવર જોવામાં આવ્યું ત્યાં પણ મોઢું માંડીને પાણી પીવા ભાગી જ ગયો યદ્યપિ મોઢું માંડીને પાણી પીવું એ માનવીય સત્યતા વિરુદ્ધ છે. મોઢું માંડીને પાણી પીવામાં આવે મોઢું ઊંચું રાખીને અદ્ધરથી પાણી પીવામાં આવે ઉષ્ટ્રની માફક મોઢું ઊંચું

રાખીને ખાદ્ય, પદાર્થ મોંમાં મૂકવામાં આવે મોઢું વિકૃત કરીને કોઈપણની સાથે બોલવામાં આવે અને વધુમાં ઉભા ઉભાજ જ્યાં ત્યાં પેશાબ કરવામાં આવે આવી તમામ આદતો માનવીય સભ્યતા વિરૂદ્ધ છે.

આ કોલસાનો વેપારી સ્વપ્નમાં બીજા સરોવરનું પણ બધુંજ પાણી પી ગયો તથાપિ તેની તૃષા શમી નહિ. તૃષ્ણા આકાશ જેટલી અનત છે સરોવર શું પણ સાગર જેટલું પાણી પીવામાં આવે તો પણ તૃષા કે તૃષ્ણાનો અંત ક્યારેય પણ આવતો નથી જ આ પ્રમાણે સંસાર સાગરમાં પણ, વાસનાનો અંત ક્યારેય આવતો નથી.

વાસના અનેક જાતની છે તે અગાઉ કહેવાઇ ગયું છે. વાસના જ્યારે વિકૃતરૂપ ધારણ કરે છે. ત્યારે તે તમારો જ ભોગ લેતી હોય છે. એટલે જ વાસનાને વશ પડેલો જીવડો કેટલો મુંઝાય છે. તેની અવાચ્ય વેદના કે સંવેદન સર્વજ્ઞ શિવાય કોણ કહી શકે ખરેખર સજ્જન અને વિચારક માણસે સમજી જવું જોઇએ કે આ પ્રમાણે તૃષા કે તૃષ્ણાનો અંત આવતો નથી અને જીવન પલકારામાં પૂર્ણ થાય છે. માટે જ જીવનમાં કર્તવ્ય નિષ્ઠ થવું અતિ આવશ્યક છે. અને કર્તવ્ય પરાયણ થવા માટે માનવતા કેળવવાની તેટલી જ જરૂર છે.

હમેંસા શ્રદ્ધા ફલવતી બને છે. તેનોઆ અજોડ દાખલો છે શ્રદ્ધા એ એક જાતની સંજીવની છે સંજીવની ઔષધી જીવડાને નવજીવન આપે છે તેમ શ્રદ્ધા માણસના

જીવનમાં નવું ચૈતન્ય રેડે છે અવનવું આત્મબલ અર્પે છે એટલું જ નહિ કિન્તુ જીવન વાડીને પૂર્ણત્વેન વિકસાવી દે છે શ્રદ્ધાને હમેંશાં ધૃતિ એટલે કે ધીરજની અનિવાર્ય આવશ્કતા ઉભી થાય છે હમેંશાં ધીરજની પાછળ શ્રદ્ધા દેવીનાં પનોતા પગલાં પડે છે પછી એ શ્રદ્ધા દેવીના નામે સૂકાં સરોવરો સલિલથી છલકાય છે વાંઝીયા વૃક્ષો પણ ફલો આપતાં થઇ જાય છે એટલું જ નહિ કિન્તુ પત્થરાએ પણ પલ્લવિત થતા જોઇ શકાય છે આંપણી આર્ય સંસ્કૃતિ રક્ષક શાસ્ત્રોમાં શ્રદ્ધાને વધુ વજન ભાર કે ઝોક આપવામાં આવ્યો છે કોઇ એક મહાત્મા ઉગ્ર તપસ્વી હતા સાથે સાથે તેટલા જ કુધિષ્ઠ હતા ક્રોધનો કુહાડો તેઓના હાથમાં જ રહેલો જોવા મલે કયારેય પણ પ્રસન્નતાની પ્રતિભા તેમના જીવનમાં જોવા ન મલે પ્રસન્ન મુદ્રા હોવી એ પણ એક કુદરતી દેણ છે કોઈ સદ્‌ભાગ્યશાલી જીવડો એક સરખી મુદ્રા રાખી શકે છે લગભગ એવા જ જોવા મલશે નહિ જેવા પ્રસંગમાં ચીડાઇ જાય પોતાના વદન ઉપર ક્રોધની કાલિમા છવાઇ જાય કઇક એવા હોય છે છે જે વાત વાતમાં ચીડ ચીડા બની જાય ખરેખર આવા પ્રાણીઓ મહીને પ્રાયઃ વાનર યોનીમાં જ ધકેલાતા હોય છે આ મહાત્માને એક શિષ્ય જડ ભરત જોઇ લ્યો અકકલવેદી ઓથમીર મંગાવ્યાં મરચાં ને લાવ્યો કોથમીર આવો શિષ્ય હતો મંગાવે હીંગ ત્યારે લાવે શીંગ આવો અકકલનો બાર દાન હતો કિન્તુ તેટલો જ શ્રદ્ધાલુ અને શાન્ત હતો શ્રદ્ધાની શ્રેણીમાં

ઘણોજ આગળ વધી ગયેલો હતો ખરેખર શ્રદ્ધા દેવીએ તેના અંતરના ઓરડામાં વાસ કરેલો હતો શ્રદ્ધાદેવીની તેના ઉપર અસીમ કૃપા ઉતરી પડી હતી ત્યારેજ તેના જીવનમાં આવી સંગીન શ્રદ્ધા જોવામાં આવે આ શિષ્યને ગુરૂદેવ ઉપર પૂર્ણ પ્રેમ સેવા ભક્તિ અને સમર્પણનો નેમ હતો ગુરૂદેવ જે કોઈ સદ્‌બોધ સુખડી ચખાડે તેને સમ્પૂર્ણ આવકાર સાથે આરોગી જતો ગુરૂજી કંઇ પણ આદેશ કે ફરમાન કરે તેને બ્રહ્મવાકય સમજીને વધાવી લેતો કોઇ પ્રસંગ વસાત ગુરૂ અને શિષ્ય સુદૂર પહાડી પ્રદેશમાં નિકળી પડયા ત્યાં ગુરૂજી ધ્યાનસ્થ દશામાં ડૂબકી મારવા માટે ગુફામાં જવાની તૈયારી કરે છે શિષ્યને બહાર બેસી રહેવા કહ્યું શિષ્ય ગુરૂજીને પૂછી લે છે ગુરૂદેવ મને ભૂખ લાગે તો હું શું કરૂં ? ગુરૂજીએ ચીડાઇને કહ્યું મૂર્ખરાજ તને ભૂખ લાગે તો આ પત્થરાઓ રાંધી ખાજે બસ શિષ્ય સમજે છે "गुरो वीक्यं जनार्दनम्" શિષ્ય ભલે મૂર્ખ રહ્યા પરતુ તેનામાં આ એક દૈવી ગુણ છે જે જયાં ત્યાં જોવા ન મલે સેંકડોમાં એકાદ એવું સ્યમ્યલ મલી આવે કે ગુરૂજીના કડવા વેણને પણ શિષ્ટ અને મધુરાં માનીને આરોગી જાય વાહ શિષ્ય તને સહસ્ત્રશ : ધન્યવાદ ઘટે છે પત્થરાઓ રાંધીને ખાઇ જજે આવા કડક પ્રહારને પણ હૈયાનો હાર સમજી બેસે છે ગુરૂજીના વચન ઉપર વિશ્વાસ રાખવો એ કપરૂં કામ અને એ વિશ્વાસને વફાદાર રહેવું તે તો કપરામાં કપરૂં કામ છે શિષ્ય ઘણોવખત બહાર

બેસી રહયો છે ગુફામાં રહેલા ગુરૂજી પોતાના ઇષ્ટનું ધ્યાન ધરી રહયો છે જ્યારે આ શિષ્ય પોતાના ગુરૂજીનું જ ધ્યાન ધરી રહયો છે સમય ઘણોજ વીતી જવા આવ્યો છતાં ગુરૂજી ગુફામાંથી બહાર ન આવ્યા તે ન જ આવ્યા સમતાની પણ સીમા હોય છે હવે શિષ્યને અત્યંત ક્ષુધા લાગી આવે છે ત્યાં ગુરૂજીના વચનાનુસાર ચૂલો બનાવીને અગ્નિ પેટાવ્યો ચૂલા ઉપર તપેલી મૂકીને તેમાં પત્થરાઓ મૂકવામાં આવ્યા હતા. તપેલીને ઢાંકી દેવામાં આવી હતી જ્યારે સમય થયો ને ઉપરનું ઢાંકણુ ખસેડે છે ત્યાં તપેલીમાં ભાત જોવામાં આવ્યા હતા. શિષ્ય તે ભાતને આરોગીને સંતુષ્ટ થાય છે શ્રદ્ધાનું આ પરિણામ છે. શાસ્ત્રીય સિદ્ધાન્ત છે. "सदा श्रद्धा वलीयसीं" આ સૂત્રને આત્મસાત્ કરો પછી જોઇલ્યો તમારો સર્વત્ર જય જયકાર છે.

આ દુનીયાની અજાયબીઓમાં જોવા લાયક સ્થળો પૈકી અમદાવાદ હઠીસિંહનું દહેરૂં ખરેખર જોવા લાયક છે આજે હજારો માણસો દર્શનાર્થે દોડી આવતા હોય છે દુર સુદુરથી બહારની જૈન અજૈન તમામ જનતા નિરીક્ષણ કરીને આત્મ સંતોષ મેળવતા હોય છે હઠી સિંહ ભાઇ જૈન શાસનનું એક ભવ્ય સ્મારક ઊભું કરીને પોતાની સુવાસ મૂકતા ગયા છે સ્વધર્મની પાછળ કેટલો ગર્વ હતો કેટલું ગૌરવ હશે કેટલું જોમ હશે કેટલો જુસ્સો હશે! તે આપ શ્રીમાનો કલ્પી શકો છો હઠીસિંહ નામ સાર્થક છે સિંહ હઠ ઉપરથી હઠીસિંહ નામ જગતમાં

જાહેર થયું અમદાવાદ રાજનગરના રળિયામણા આંગણે એક જાણીતું જૈન કુંટુંબ ઘણુંજ સમૃદ્ધ અને સંસ્કારી હતું. તેઓની પાસે જમીનનો એક મોટો પ્લોટ હતો એ પ્લોટના મેદાનમાં ગોરા લોકો પોલોની રમત રમતા રહે તેઓનું જ રાજ અને દાદાગિરી ચાલે એકવાર કુંટુંબી જનોએ મલીને નિર્ણય લીધો કે આ પ્રવિત્ર પ્લોટમાં જીનાલયનું નવ નિર્માણ કરવું જરૂરી છે આયોજન ફાઈનલ કર્યા પછીથી આ લોકોને સનસનાટી ભરેલું સંભળાવી દીધું કે તમે તમારી રમત બંધ કરીને અહિંથી ચાલ્યા જાવ આ પ્લોટમાં એક આલીશાન ભવ્ય જૈન દેવાલય તૈયાર થશે ગોરા લોકોએ હૂકમી ચલાવી કે આ જગ્યા પર જૈન દેવાલય તૈયાર નહિ થઈ શકે અને અમારી રમત અહિ ચાલુ રહેશે

આ સાંભળીને હઠીસિંહભાઈનું લોહી ઉકળી આવ્યું અને કમ્મર કસીને કૂદી પાડવાની સમ્પૂર્ણ તૈયારી બતાવી એટલુંજ નહિ પરન્તુ ખાત મુહર્ત કરીને દેવાલયને અનુરૂપ બાંધકામ ચાલુ કરાવ્યું સાંજ સુધી જેટલું બાંધકામ થાય તેટલુંજ ગોરા લોકો આવીને ગબડાવી દેતા બીજા દિવસે ફરીથી બાંધકામ ચાલુ થાય અને સાંજ પડે તે ગોરા લોકો પોતાની ગુંડાગિરી ન છોડે કિન્તુ આ તરફ હઠીસિંહ ભાઈનો સત્યાગ્રહ હતો કે આ કાર્યમાં પીછેહઠ નહિજ કરવી પ્રાણ જાય તો ભલે જાય પરન્તુ પણ નહિ જવી જોઈએ જાન જાય તો જાય પણ ઈમાન

કેમ જાય આ જાતનો ટેકીલો માણસ પરિણામે વિજયી નીવડે છે अनारम्भो हि कार्याणा प्रथमं बुद्धि लक्षमणम् प्रारब्धस्थाना गमनं द्वितीयं बुद्धि लक्षमणम् હમેશાં કાર્યનો આરંભ નહિ કરવો એ પહેલુ બુદ્ધિનું લક્ષણ છે જ્યારે આરંભ કરેલા કરેલા કાર્યને છેક સુધી વળગી રહેવું તે બુદ્ધિનું બીજુ લક્ષણ છે આ નીતિ શાસ્ત્રના નિયમ અનુસાર હઠીસિંહભાઇ છેક સુધી આ કાર્યને વળગી રહયા છેવટે વધુ માણસો અડીખમ મજૂરો રોકીને પણ માત્ર બાર કલાકમાંજ મજબૂત કીલ્લો તૈયાર કરાવ્યો કોટની સાથે સાથે મંદિર પણ તૈયાર થતુ ગયું આખરે ગોરાઓ હવે નૈતિક હિંમત હારી ગયા આખરે બહાદૂર બંકો જૈન શાસનનો ડંકો વગાડતો ગયો આજે પણ તેમની અમર નામના છે તેઓનું નામ આબાલ ગોપાલ જાણીતું છે.

મન્દિરજીનું ખાત મુહૂર્ત કરાવ્યા પછી શેઠશ્રી વધુ સમય વીતાવી શકયા નહિ પછી ટૂંક સમયમાંજ તેઓ અવસાન પામ્યા હતા પ્રતિષ્ઠાની પવિત્ર ભાવના સાથે લેતા ગયા જીનાલયનું બાંધકામ લગભગ બે વર્ષ ચાલતું રહયું ત્યાર પછીથી તે જીનાલયની પ્રતિષ્ઠા કરવાનું મુહૂર્ત ૧૯૦૩ મહા વદિ પંચમીનું નિરધાર્યું હતું કિન્તુ આદર્યા અધવચ રહયા અને શેઠ હઠીસિંહ ભાઇ આ ફાની દુનીયા છોડીને ચાલતા થયા.

તપશ્ચાત્ દેરાસાજીને લગતું કામકાજ શેઠાણી હરકુંવર બાઈએ વ્યવસ્થિત સંભાળી લીધું હતું શેઠાણીનું

વ્યવસ્થા તંત્ર એટલું સુન્દર હતું કે જૈન જગતમાં એક વીરાંગના તરીકેનું માનવન્તુ સ્થાન મેળવતાં ગયા જબાન ઉપર સમ્પૂર્ણ લગામ હતી સાથે સાથે ઠંડા અને મીઠાં પણ તેટલાંજ કે હજારો પ્રાણીઓના આશિર્વાદ મેળવતાં ગયા તમે પણ તમારા જીવનમાં એક કાર્ય એવું કરતા જાવ એક પણ એવું પુણ્યનું સ્મારક ઊભું કરતા જાવ તેજ સ્મારક તમારી પુણ્ય સ્મૃતિને સદાને માટે યાદ કરાવતું રહેશેજ.

(૮૭)

કલાદેવીનું વરદાન વરી ચુકેલો કલાકાર હોય. ગમે તેટલો વિદ્વાન એટલે કે વિદ્વજ્જન હોય પરન્તુ તેનામાં બુદ્ધિમત્તા ન હોય તો તેની કશી જ કિંમત નહિ. વિદ્વાન અને બુદ્ધિમાનમાં આકાશ અવનિ જેટલું અંતર છે. ઘણી વખત એકલો વિદ્વજ્જન મૂર્ખ કે બુધ્ધુમાં કૂટાઈ જતો હોય છે.

તેને ગતાગમની ભાગ્યે જ ખબર પડે છે. ક્યારેક તો પ્રેક્ષકને કિં કર્તવ્યવિમૂઢવત્ જણાય જ્યારે બુદ્ધિમાન માણસ ક્યારે શું નહિ કરવું ક્યારે શું બોલવું શું નહિ બોલવું વિગેરે વિગેરે સમ્યક્ રીત્યા સમજી શકે છે.

પંજાબમાં એક અદ્ભૂત કલાકાર આવી ચડ્યો તે અસાધારણ કલાકાર હતો ચોતરફ તેની સુવાસ પ્રસરી રહી હતી માનવની આબેહૂબ આકૃતિ આલેખી, બનાવતો હતો મહારાજા રણજીત સિંહજીએ કલાકારને પોતાની સમીપે બોલાવ્યો અને કહેવામાં આવ્યું કે ચિત્રકાર તારી કલાના જનતા ઓવારણાં લઈ રહી છે. વાહ તારી એવી અદ્ભૂત

કલા છે. તો મારી એક સુંદર પ્રતિકૃતિ આલેખી બતાવ. જોઇ લઉં તું કલામાં કેવી અને કેટલી પ્રગતિ કરી શકયો છું મહારાજાધિરાજ ! આપની કૃપા છે આપ જેવા પુણ્યવંત અને મહભાગ્ય શાલીઓની મહેરબાની છે. તે શિવાય મારી કઇ શક્તિ ! મહનીય પુરૂષોની શક્તિપાત વિના શકય જ નથી. સમજયાને સમ્રાટ !

લે ત્યારે એટલો હોંશિયાર ચતુર અને ચાલાક હોય તો બેનમૂન મારૂં ચિત્ર આલેખી બતાવ. તારી અસલી આવડતનું અહિં માપ આવી જશે. બસ બસ આવા કલાકારોને માટે ટકોર પર્યાપ્ત છે ચિત્રકાર મહારાજાધિરાજ નું ચિત્ર આલેખી બતાવવાની તૈયારી કરી રહ્યો છે કિન્તુ નાનીવયમાં શીતલાના અસાધ્ય રોગથી રાજાની એક આંખ ગઇ હતી. એટલે કે મહારાજા એકાક્ષી હતા ચિત્ર આલેખવામાં એકાક્ષી કેમ બતાવાય આ એક કઠીન અને ગહન શમસ્યા છે. આ શમસ્યાનો ઉકેલ કરવામાં અટવાઇ ગયેલો ચિત્રકાર ચિત્તમાં ચિન્તન કરી રહ્યો છે.

માનવ એકાક્ષી હોય કે આંખે બાડો હોય અને ચિત્રમાં તદ્નુસાર બતાવવામાં આવે તો તે સહી નહિ શકે ખરેખર માનવ જાતમાં આ એક ભારે બદી છે. સ્વયં ખરાબ હોવા છતાં સારા દેખાવાનો દંભ કે ડોળ કરતા હોય છે. અહિં મહારાજા સ્વયં એકાક્ષી છે. છતાં ચિત્રકાર ચિત્રમાં એકાક્ષી આલેખી બતાવશે તો તે સહન નહિજ કરી શકે એટલે જ ચિત્રકાર અપની બુદ્ધિથી એક સંગીન આઇડીયા ઉભો કરે છે. મહારાજાનું નામ થાય

અને મારૂં કામ થાય. સત્ય વસ્તુને છૂપાવવી એ એક ગૂન્હો છે. સત્ય જોખમાય નહિ અને જૂઠને જોમ ન મલે તે રીતિએ વર્તન કરવામાંજ માનવની વડાઈ અને વીરતા છે. આ કલાકાર કેટલો નીતિમાન અને પ્રામાણિક છે તેનું અહિં માપ નીકળી આવશે. ચિત્રકાર મહારાજાની સંગીન અને રંગીન છબી તૈયાર કરીને દરબારમાં મહારાજાની સામે હાજર થાય છે. વસ્ત્રાવરણ દૂર કરીને ચિત્રને ખૂલ્લું કરવામાં આવે છે. ચિત્રને જોતાંજ મહારાજાનું દીલ ડોલી ઉઠે છે. ભલભલાનાં નત મસ્તક થઈ જાય છે. છબીમાં મહારાજાને શિકાર કરતાં બતાવ્યા હતા. હાથમાં બંદૂક હતી અને તે માત્ર એક જ આંખથી બંદૂક ઉપર નિશાન લઇ રહ્યા હતા કેમ કે નિશાન લેતી વખતે એકજ આંખનો ઉપયોગ કરવામાં આવે છે. મહારાજા કલાકારની બુદ્ધિ મત્તા ઉપર ખુશ ખુશાલ થઇ જાય છે. સાથે સાથે અપના ગળાનો લાખેણો હાર ઉપહાર કરે છે. ખરેખર આ ચિત્ર-કાર કલાકાર નહિ પણ કલાકાન્ત કહી શકાય.

(૮૮)

મૂર્તિનાં દર્શન પૂજન કે અર્ચન અસ્થાને નથી જ જડ વસ્તુ પણ જીવનમાં કેટલું જોમ અને જૂસ્સો જગાવે છે. ઘડી ભર ગૂસ્સો પણ ગાયબ થઇ જાય છે.

આપણું જીવન લગભગ જડની સાથે જ સંકળાયેલું છે. સમજી લ્યો જડના સહારા વિના ઘડી ભર પણ ચાલશે નહિ જડનો સહારો અનિવાર્ય છે આવશ્યક છે જીવનના એકે એક વ્યવહારોના સંચાલનમાં જડ પદાર્થો મુખ્ય

ભાગ ભજવતા હોય છે. આવી સીધી અને સાદી વાતની સ્વીકૃતિ કેમ થઇ શક્તી નથી. માત્ર પૂર્વગ્રહને પકડી બેસવા માત્રથી તમારી નૈયા પાર નહિ પામી શકે પૂર્વગ્રહને પાતાલમાં પધરાવીને સત્ય અને સનાતન સિદ્ધાન્તોનો સ્વીકાર કરવામાં સચેષ્ટ અને સાવધાન બનો.

બીજી ત્રીજી વાતો એક બાજુપર રાખો તમારો ચિદ્દ્ઘન આત્મા ખુદ જડ શરીરને જકડીને બેઠેલો છે. તેનું કેમ ! તમારૂં શરીર જડ છે અને તે જડ શરીરના સહારા વિના તમારૂં કોઈપણ આધ્યાત્મિક કે ભૌતિક કાર્ય સિદ્ધ થઈ શકશે ખરૂં ?

અર્થાત્ જડના સાથ કે સહારા વિના તમારૂં સાધ્ય સિદ્ધ થઇ શકશે નહિ જ અતઃ પૂર્વગ્રહ છોડીને આવો અમારા શરણે અને તમે તમારી કાન બૂટી પકડીને કબૂલાત કરો કે મૂર્તિ છબી પ્રતિમા કે પ્રતિકૃતિ જડ હોવા છતાં તેનો સાથ અને સહારો લેવો જ પડશે શાસ્ત્ર જડ છે છતાં તેને વાઙ્મય કહેવામાં આવે છે. પુસ્તકના પેપરો એવં કાગળો અને અક્ષરો જડ છે. એમાં બે મત નહિ છતાં તેજ પુસ્તકો માનવને ચિન્તનમય કરી મૂકે છે. શાસ્ત્રો અને અમુક પુસ્તકોનું વાંચન કરતાં કરતાં માણસ પોતે પોતાને ભૂલી જાય છે. ખાન પાનનો ખ્યાલ રહેવા પામતો નથી. શાસ્ત્રના પાના પર આલેખાયેલી જડ વાર્તાઓ વાંચકને એવો આકર્ષી લે છે કે પાસે કોણ શું કરી રહ્યા છે તેનો પણ ખ્યાલ ભાગ્યેજ રહેતો હોય છે એટલે શાસ્ત્રો

એવં પુસ્તકો કેટલું ભગીરથ કાર્ય કરતાં હોય છે. ચાલો આગળ વધો આપણા શાસ્ત્રોમાં મૂર્તિ પૂજાની પાછળ ફલ પામેલાઓના અનેક દાખલાઓ શાસ્ત્ર સિદ્ધાન્તના પાનાપર કંડારાયેલા છે.

પ્રભુની પુષ્પ પૂજાની પાછળ મગ્ન થયેલા નાગકેતુને કેવલજ્ઞાનનો દીવડો પ્રગટાવવામાં પુષ્પ પૂજા જ નિમિત્ત બની હતી અનાર્ય દેશમાં રહેનાર આર્દ્રકુમારને જાતિ-સ્મરણ જ્ઞાન પ્રાપ્ત કરાવનાર મૂર્તિનાં દર્શન છે મૂર્તિ કે પુસ્તકો જડ હોવા છતાં આપણને મહદ્ અંશે ઉપયોગી છે. રજોહરણ મુહુપતિ સાધુવેષ આ બધું જ જડ માનીને આપણે તે તે પદાર્થોની ઉપેક્ષા કરીશું તો કેમ ચાલશે ? બાજુપર મૂકવાથી વ્યવહાર ચાલશે ખરો ? ગઇ કાલની કુમારિકાને ગત રાત્રીમાંજ લગ્ન મંડપમાં પત્ની પદની પ્રતિષ્ઠા કર-વામાં આવી હોય તેણીને આજે કુમારિકા કહી શકાશે નહિ અખંડ સૌભાગ્ય વાળી કહેવાશે તિર્થંકરની હાજ-રીમાં પણ તેઓની મૂર્તિની પૂજા થતી હતી તો એમની ગેરહાજરીમાં મૂર્તિ પૂજા કરવી અનિવાર્ય છે.

શિવાય તીર્થંકર પરમાત્મા સમવસરણમાં પૂર્વ દિશા સન્મુખ બેસીને ઉદ્‌બોધન કરતા હોય છે. અન્ય અન્ય દિશાઓમાં પ્રતિબિંબ સ્થાપિત કરતા હોય છે. તો તે પૂજનીય ખરા કે કેમ ! આજના ફોટોગ્રાફી યુગમાં જ્યાં દર સેન્કડે સેંકડો ફોટાઓ પડતા હોય છે. આપણે આપણા ફોટાને આપણે માનીએ છીએ બીજાઓ પાસે મનાવવા માટે જોર શોરથી પ્રાણવાન પ્રયત્નો કરીએ છીએ દર્પણમાં

પડતું પોતાનું પ્રતિબિંબ, નીરખીને કોણ નથી હરખાતું, દર્પણમાં પડતું પ્રતિબિંબ શું જડ નથી તથાપિ એ જડ પ્રતિબિંબ પણતમારા અંતરમાં કેવો આનંદ ઉપજાવે છે? માટે જડ વસ્તુને જતી ન કરો આપણી મૂર્તિ ભલે જડ રહી તથાપિ કયારેક તમારા રોમ રોમમાં જોમ જગાવી દે છે કયારેક અવનવું આત્મિક બલ આપે છે. કયારેક તમારા અંતરના ભાવને રંગી નાંખે છે કયારેક તમારા શુષ્ક ભાવને ભીંજવી નાંખે છે કયારેક મમ્મણના અવતાર સમા કૃપણ અને કંજુસ માણસને કલ્પવૃક્ષ સમો બનાવી મૂકે છે. અમારી મૂરતીની મૂરત તમારી સૂરતને શાન્ત અને દાન્ત બનાવી મૂકે છે. તમારી દર્શનાતુર આંખોને અવનવી આભાથી આંજી દે છે વિગેરે વિગેરે આ વિષયના ઉલ્લેખનમાં કલમ કામ કરે તેટલું ઓછું જ છે મૂર્તિના વિષયમાં શંકિત માનવો પણ ઘણા જ સમજુ શાણા અને સજ્જન હોય છે ઘણા જ દાંત દમી અને દયાલુ હોય છે. ઘણાજ શાન્ત શમી અને સંતોષી હોય છે. તે તે સદ્‌ભાગ્યશાલીઓએ સમજવું જરૂરી છે કે કાગળ ઉપર લખેલા પોતાના જ જડ હસ્તાક્ષરોની સહી કેટલું કામ કરે છે. એ આબાલ ગોપાલ પ્રસિદ્ધ છે સાધારણ જન પણ સમજી શકે છે કે માત્ર બે ચાર અક્ષરોની સહીં. વહીમાં કેટલું કામ આપે છે. બે ચાર અક્ષરોની સહી લાખોની મીલ્કત ઉપર મહોર છાપ મારી દે છે. જર અને જમીનને કવર કરી લે છે. અરે! શ્રીમાન સહીને જવાદો માત્ર એક અંગૂઠા છાપનું મહત્વ કોર્ટોમાં કેટલું છે!

એક અંગૂઠાની આકૃતિનું પણ વિશ્વમાં કેટલું વર્ચસ્વ છે તો પછી આપણા દેવાધિદેવની પ્રતિમાનું પ્રભુત્વ પૃથ્વીના પ્રાંગણમાં કેટલું હોવું ઘટે તેનો સીધો અને સાદો ઉકેલ વાંચક સ્વયં કરી લેશે.

જ્યારે મૂર્તિને માન્યતા આપવાનો અવકાશ આવે છે. ત્યારે ખભો ઉંચોનીચો કરીને તે વાતને વાહીયાત માને છે. મૂર્તિના વિષયમાં મૌન સેવનારા સજ્જનો પોતાના પ્રિય પાત્રનો ફોટો જોતાં અંતરમાં કેટલો આલ્હાદ અનુભવતા હોય છે અને પોતાના જ દુશ્મનનું રેખા ચિત્ર નીરખતાં નયનોમાંથી નીરના બદલે તીર છૂટે છે આંખોમાંથી અંગારા વરસતા હોય છે. આ રીતિએ તમારા દ્વેષી અને પ્રેમીની પ્રતિકૃતિનું પ્રેક્ષણ કરતાંની સાથે જ તમારા મનોગત ભાવોના પર્યાયો પલટાતા હોય છે બસ કરો મહેરબાન ! હવે મૂલ વાત ને વધાવી લ્યો ને ! અને તેમાંજ તમારૂં શ્રેય અને સિદ્ધિ સમીપસ્થ છે. ચાલો ત્યારે મૂળ વાતનો આપણે સૌ કોઇ સ્વીકૃતિ કરીએ.

મૂર્તિ એ જડ નથી પણ વડ છે એ વડલા નીચે વિસામો લઇને અમે અમારા હૈયાને હળવાં કરી કૃતાર્થ થઇશું બોલો જૈન શાસન દેવકી જય જય જય રામાયણમાં રામચન્દ્રજીએ મોકલેલ મુદ્રિકા મલતાં લંકામાં બેઠેલા સતી સીતાજીનું હૈયું હર્ષના હીલોરે ચડયું હતું. સાથે સાથે શ્રીમતી સતી સીતાજીએ પ્રેમોપહાર તરીકે મોકલેલાં કંકણોથી કિષ્કિંધામાં બેઠેલા રાજા રામચન્દ્રજીના અંતરમાં અમૃત રસનો અનુભવ થયો હતો

અન્તિમમાં પૂર્વગ્રહની ગ્રન્થિથી નહિ જકડાયેલા માણસોને માટે મૂર્તિ વિષયક આ લેખ ઘણોજ સુન્દર સંદેશ આપતો જાય છે. એટલું જ નહિ કિન્તુ ગામડીયો ગમાર પણ સહેજે સમજી શકશે કે મૂર્તિને માન્યતા આપવા માટેનોજ આ યુગ છે. મૂર્તિમાં રસ નહિ ધરાવનારા માણસો આજે મૂર્તિમાં રસ લેતા થયા છે સેંકડો ભાગ્યશાલીઓ જીવનના લાવા લેવા માટે તીર્થધામમાં દોડી રહ્યા હોય છે માત્ર ચાર ઇંચની કેસેટ V. D. O. ના સહારે ભૂંસાઇ ગયેલી ભૂતકાલીન સ્મૃતિઓને સજીવન કરતી હોય છે. તદ્દાનુસાર મૂર્તિઓને માન્યતા આપવાના સમક્ષમાં અનેકાનેક અકાટય દાખલાઓ અને દલીલો છે તેમાં કોઇથી પણ ના કહી શકાશે નહિ માનવતાનો પૂજારી પ્રતિદિન પ્રતિમાના વિષયમાં કરવમાં આવેલું વિશદ વિવેચન માનવા તૈયાર જ રહેશે તેમાં અપીલને અવકાશ નથી. અગર આપ શ્રીમાન માનવતાના પૂજારીજ છો તો પ્રતિમાને માન્યતા આપવાની બાબતમાં ના કહેવાની ધૃષ્ટતા કયારેય પણ કરતા નહિ.

(૮૯)

ચોરી કરનાર માણસ પણ પોતાના જીવનમાં કેવી ટેક રાખે છે. કેવોનેમ રાખે છે કેવી સુન્દર પ્રતિજ્ઞાનું પરિપાલન કરી રહ્યો છે. તેનું આ જવલંત દૃષ્ટાંત તમને વાંચવા મલશે માત્ર ચોરી કરવાના ઇરાદાએ નીકળેલો ચોર પણ કેવા સંયોગોમાં સંયમનો સહારો લઈ રહ્યો છે. એક

કહેવાતા ચોરમાં પણ ચારિત્રની ચમક અને ઇન્દ્રિય દમનની દમક કેટલી આદર્શ છે.

હંમેશા યાદ રાખો નાથ વિનાનો બળદ અને નિયમ વિનાનો મરદ બંને બરબાદીજ નોંતરનારા હોય છે. આ વાત ભૂલાવી નહિ જોઇએ.

આ નિયમ બદ્ધ ચોરને ગરીબોને કે સ્ત્રીઓને ન સતાવવાની પ્રતિજ્ઞા છે. ત્યારે આ ચોર ચોરી કરવા માટે એક ઝવેરીને ઘેર જઈ ચડે છે. ચોર લોકો પણ મુહુર્ત કે શકુંન જોઇનેજ જતા હોય છે. એટલે પ્રાયઃ તે લોકો સફલતા મેળવતા હોય છે. ઝવેરીને ત્યાં એક કબાટ ખોલવામાં આવે છે. તેમાં ઝવેરાતનાં પડીકાં પડેલાં છે, તે પૈકી આ ચોર માત્ર એકજ પડીકું ઉપાડે છે. જથ્થાબંધ આઇટમમાંથી એકજ આઇટમ લેવાનો નિયમ છે ચોરી કરવી અને પરિગ્રહનું પરિમાણ રાખવું એ કેટલું કપરૂં કાર્ય છે આ ચોરે પણ માનસિક સંકલ્પ કરેલો છે કે આપણે જીવન જરૂરીયાત પૂરતી ચીજ લેવાની છે. મારે પેટ ભરવું છે. પેટી નથી ભરવી. આવી વિશાલ ભાવના તેના હૈયે વસેલી છે. આવી ઉચ્ચ ભાવના વાળાઓને કર્મનો બંધ કેવો પડે તે સહેજે સમજી શકાય તેવું છે. કબાટમાં અમુલખ અને મબલખ ઝવેરાત પડેલું છે. કોઇ રોક ટોક કરનાર આ સમયે નથી જ સ્વેચ્છાનુસાર તે પડીકા હડપ કરી શકે છે કિન્તુ નિયમના સૂત્રથી બદ્ધ છે. એક પડીકું લઇને રવાના થાય છે. રસ્તામાં એક સદ્‌ગૃહસ્થ

શ્રીમાનનું ઘર આવે છે. આ શ્રીમાન પણ ધનાઢય અને મૂડીવાદી છે.

આ ચોર ત્યાં ચોરી કરવા જાય છે. આવા ચોરોને બારણું ખોલવાની કે તોડવાની જરૂર રહેતી નથી. તોતીંગ દીવાલો અને ભયંકર કીલ્લાઓને ઉલંઘવા એ આ ચોરોને માટે નહિવત્ છે. ઘરમાં શેઠ શેઠાણી પોત પોતાની જગ્યાએ સૂતેલા છે. એક શય્યામાં શયન કરવું એ ધાર્મિક અને વિજ્ઞાનથી વિરૂદ્ધ છે. શેઠ શેઠાણી પૃથક શય્યામાં સૂતેલાં છે આ ચોર ધીમે પગલે શેઠાણીના પલંગ પાસે આવી રહ્યો છે. ધીમા પગલાંનો પણ અવાજ સાંભળીને શેઠાણી સજાગ થાય છે. તન્દ્રામાં પડેલાં શેઠાણીના મ્હોંમાંથી 'અરે ભાઈ' આટલો જ શબ્દ સરી પડે છે અરે ભાઇ! આ શબ્દોએ ચોરના અન્તરમાં જાદુઈ અસર ઉપજાવી ચોરને એમ થયું કે આ શેઠાણી મારી બહેન અને હું તેનો ભાઈ થયો, બસ હવે અહિં ચોરી કરાય જ નહિ શેઠાણીના મોંમાંથી નીકળેલા 'એ....ભાઇ....' આ શબ્દોએ ચોરના ચિત્તમાં ચિન્તનની ચીનગારી ચાંપી ચોર ચિન્તન કરી રહ્યો છે. આ શેઠાણીએ મને ભાઇ તરીકે બીરદાવ્યો માટે આજથી હું તેણીનો ભાઇ અને તે મારી બહેન મારે બહેનને આપીને જવું જોઇએ. ખીસ્સામાં હાથ નાખે છે. ઝવેરાતનું પડીકું મલી આવે છે. તેજ પડીકું પોતાની બહેનની પાસે મૂકીને ચાલતો થાય છે. જોઈ લ્યો વાંચી લ્યો, વિચારી લ્યો, આ ચોર આવ્યો હતો શા માટે ! આવ્યો હતો મેળવવા માટે અને મૂકીને જાય છે. ચોરની

કેવી ખાનદાની કેવી ખાસીયત કેવો ટેકીલો કેવો નેમીલો વાહ ધન્ય ધન્ય ચોર તારા નૈતિક જીવનને શતશઃ ધન્યવાદ છે. તારા જીવનને અને સદાચારથી સભર તારી સંયમ વૃત્તિને, સારા શુકનની સાથે નીકળી પડેલો આ ચોર ત્રીજા કોઈ એક સદ્‌ગૃહસ્થને ત્યાં ચોરી કરવા માટે ઉતરી પડે છે. ઘરમાં ચોર આગળ વધે છે. ત્યાં એકાએક તેનો હાથ ભરેલા એક કોથળા ઉપર પડયોં તપાસ કરી તો માલુમ પડયું કે સાકર હશે એક પીસ મોંમાં મૂકે છે. ત્યાં નીમકનો (મીઠાનો) પીસ છે.

આ શેઠના ઘરનું લૂણ મારા મ્હોંમાં આવ્યું તો મારે હવે નીમકહલાલ જ થવું જોઈએ. નીમક હરામ તો બનાય જ કેમ ! આ ચોર ત્યાંથી પણ કંઇક મેળવીને જ જાય છે. આ રીતિએ ચોર સામાન્ય પ્રસંગમાંથી ઉંડું ઉદ્‌બોધન મેળવીને જીવનને ધન્ય ધન્ય બનાવે છે.

(૯૦)

એક વિરાટ પહાડની નજીકમાં કોઇ અદ્‌ભુત અને અબધૂત સંત ધ્યાનસ્થ દશામાં દિવસો વીતાવી રહ્યા છે. કાયા માયા એ વાદળાની છાયા સરીખી અસ્થિરને અનિત્ય છે. એવું ઉદ્‌બોધન સંતના દર્શન કરવા માત્રથી જ લોકો મેળવી લેતા હતા ઘણી વખત અતિ ઉચ્ચ કક્ષાના સત્પુરૂષોનું જીવન જનતાને પ્રભાવિત કરવા માટે બસ છે.

મહાત્મા પુરૂષોનું મૌન પણ લોકોને ધડો લેવા લાયકજ હોઇ છે. વિચાર વાણી અને વર્તન ત્રણેમાં એક રૂપતાને ધારણ કરનારા વીર પુરૂષોને વધારે વક્તવ્ય રજુ

કરવાની કે લોકોની સામે લાંબા લેકચરો કરવાની આવ. શ્યક્તા ઉભી થતી નથી. તેઓશ્રીનું જીવન જ વક્તવ્ય ભાષણ કે લેકચર આપી રહેલું હોય છે. આ સત્પુરૂષ ગિરિ કંદરાસોમાં ધ્યાનસ્થ દશામાં દિવસો વીતાવતા હોય છે. કયારેક કોઇ એક ગરીબ જન રાનેરાન રખડતો આ પર્વ-તોની ભીષણ ખીણો તરફ આવી પહોંચે છે. એકાએક આ મહાત્મા પુરૂષનું દર્શન થતાં આ ગરીબજન સંતના ચર. ણનું ચુંબન કરે છે. તેમના શ્રી ચરણોમાં આળોટે છે.

ગદ્ ગદ્ કંઠે ગરીબ જન મહાત્મા પુરૂષને વિનવણી કરી રહ્યો છે. કે દીન દયાલુ કૃપા કરો દુઃખ દરીયામાં ડૂબેલો છું નીચે ધરતી અને ઉપર આકાશ શિવાય કોઈ આધાર નથી. આપ સંત છો દુઃખનો અંત લાવવાવાળા છો ભગવન એક સમય એવો હતો કે મારા આંગણે ઐશ્વ-ર્યનો ઉદધિ ઉછળતો હતો સમૃદ્ધિનો સાગર ઘુઘવી રહ્યો હતો જીવનમાં વૈભવના વાયરા વાઇ રહ્યા હતાં પરન્તુ મહાત્મન આપશ્રીના દર્શન માત્રથીજ મને અસ્થિર અનિત્ય અને નાશવંત લાગ્યું તે અસ્થિર હતું માટે ગયું તેનો મને જરાય બળાપો નથી જ પરન્તુ આ દુઃખીયારા જીવનને ટકાવવા માટે કંઇને કંઈ આધાર તો અવશ્ય જોઇએ જ જોઇએ. જોઇએ હવે તો આપ શ્રીમાન મારા ઉદ્ધારક છો એમ માનીને હું આપની શીતલ છાયામાં આવી ચઢયો છું તો આ દીન દુઃખી ઉપર કંઇક કૃપા કટાક્ષ કરો આપની આંખોમાં ઉભરાઇ રહેલી અમીનો એક કણ મારા

માટે મણનું કામ કરશે વિગેરે વિગેરે વલોપાત કરી રહ્યો છે. ત્યારે ચન્દ્ર અને ચન્દનથી પણ શીતલ સંત પુરૂષ માર્મિક શબ્દોમાં સૂચન કરે છે. સામે ટેકરો દેખાયો ત્યાં જઇને પર્યટન કર. કદાચ ત્યાંથી તને પારસમણિ મલી આવશે આ ગરીબજનને સંતપુરૂષોના વચન ઉપર ભારોભાર વિશ્વાસ હતો કે આવા સંત પુરૂષોનું વચન ક્યારેય પણ વ્યર્થ થતું જ નથી. સમ્પૂર્ણ શ્રદ્ધા સાથે સામેના ટેકરા ઉપર જઇ ચઢે છે. ત્યાં પર્યટન કરતાં કરતાં એકાએક પારસમણિ મલી આવે છે. સંત પુરૂષની સમીપે આવે છે. દર્શન કરીને હર્ષભર્યા હૈયે પોતાના ઘર તરફ આવી રહ્યો છે. પારસમણિનો પ્રભાવ એ છે કે લોખંડને ટચ થતાંની સાથે જ તે કંચન સમ બની જાય છે. પૂરતા પ્રમાણમાં લોખંડનું સોનું બનાવે છે. ઘડીભરને માટે પૂર્વ પરિસ્થિતિ પામી ચૂક્યાનો આત્મ સંતોષ માની લે છે.

કલાકો પશ્ચાત્ તેના અંતરમાં એક ભારે આંચકો આવ્યો કે આ ધનમાં સુખ આપવાની શક્તિ હોત તો આ સંત શા માટે છોડીને ધ્યાનસ્થ દશામાં બેસતા ?

દિલની દીવાલો હચમચી ઉઠે છે કે, અગર આ માયા મીલ્કત શાશ્વત હોત તો લાખો માણસો બધું જ અહિનું અહિં મૂકીને છેલ્લામાં છેલ્લા સ્ટેશને જઇ પહોંચે છે.

માટે આ ધન વિનાશી છે. સુખની સીધી સડક પરથી ગબડાવનાર છે દુઃખ દરિયામાં ડૂબાવનાર છે અતઃ મારે આ ન જોઇએ તુરતજ પાસેના જલાશયમાં પારસમણિ

પધરાવી દે છે અને સંતના શ્રી ચરણોમાં જઇને ભીખ માગે છે. તમારી પાસે અક્ષય ખજાનો છે. તે મને આપો દયાનિધિ મારે મણિ નહિ જોઇએ. આ ધનથી આત્માને કયારેય પણ તૃપ્તિ થતી નથી.

આ દુનિયાની માયામાંથી અશાન્તિ ઉદ્‌ભવે છે. અને એ અશાન્તિમાંથી કલેશ કંકાશ અને વેરઝેરમાં વધારો થતો રહે છે. આ ભાઇ અંતે સમજી ગયા કે દુઃખમાત્રની જડ માયા છે અને આ માયામાંથી મુક્ત થવા માટે જ સંતોનો સંપર્ક સાધવાનો રહે છે. આ ભાઇ પોતાના જીવનનું સુકાન સંતના શ્રી ચરણમાં સોંપી દે છે અને શાશ્વત અને અમર સુખને મેળવવા માટે જ સંતની પાસે ભીખ માગે છે.

(૯૧)

માંનવ તું વિચાર કરીશ તો તને લાગશે કે આપણા જીવનમાં અને મર્કટના જીવનમાં ભાગ્યેજ તફાવત જણાશે માંકડાની ચપલતા અતિશય ભયંકર હોય છે, અને તે ચપલતા આપણને કંટાળો ઉભો કરતી હોય છે. તેમ ઘણા માણસોની માંકડાની જેવી જ ચપલતા હોય છે. કયાંય પણ શાન્તિથી બેસવા પામે નહિ તેમ બીજાને પણ શાન્તિથી બેસવા દઇ શકે નહિ ચાંચલ્ય દરેકને ગમશે પણ ચપલતા અણગમો ઉભો કરશે. ચપલતાવાળા માણસોના સંતાનો પણ તેટલીજ ચપલતાવાળા હોય છે. જે માનવોના અંતરનો અભિશાપજ લેતા હોય છે. આવા સંતાનોની બોલી

સાંભળવી પણ આપણને ગમશે નહિ તેમના પ્રત્યેક વ્યવહારોમાં ચપલતાનું જ ચિત્ર જોવા મલતું હોય છે. ચપલતા વાળા માણસો જ્યાં જાય ત્યાં લગભગ અશાન્તિની આગ જ ચાંપતા હોય છે. ખરેખર આવી ચપલતા વાળા માણસો ભૂમિ ઉપર માત્ર ભારરૂપજ લેખાતા હોય છે.

એક રાજા પાસે કોઇ મદારી શિક્ષિત માંકડાને ઉપસ્થિત થયો હતો ગમે તેટલા શિક્ષિત હોવા છતાં તેઓનો જાતિ સ્વભાવ થોડો જાય છે? રાજાને ભેટ આપવા માટે વિનવણી કરી રહ્યો છે રાજા પૂછે છે. આ માંકડા અહિં શું કામ આપશે તે તું જણાવ મદારીએ કહ્યું આ માંકડા શિક્ષિત છે કેળવાયેલાં છે. આપની પાસે પહેરગીરનું કામ કરશે મશાલચીનું કામ આપશે રાજા વિચારે છે કે આ સારો મજાનો પ્લાન છે. આપણે માણસો રાખવાની જરૂર નહિ ઉપરથી પગારના પૈસા બચે. આ તો ઘણું જ સારૂ કહેવાય. ચાલો ત્યારે પ્રધાનને બોલાવ પ્રધાનની સલાહ લેવામાં આવે છે યોગ્ય સલાહ મલે છે. નિર્ણય લેવામાં આવ્યો કે રાજા જ્યારે સભામાં બેસે છે. ત્યારે હાથમાં મશાલચી આપીને બંને તરફ આ માંકડાઓને ઉભા રાખવામાં આવે છે.

આ પ્રમાણે કેટલાક સમય રાબેતા મુજબ કામકાજ ચાલી રહ્યું છે. જ્યારે ગ્રીષ્મ ૠતુ આવે છે. ત્યારે કોઇ વ્યાપારી આમ્રફલો લઇને રાજાની સમીપે આવે છે. કેરીઓ પણ એટલી સુસ્વાદ હશે જેની કલ્પના ન થઇ શકે રૂપ

રસ અને ગંધ એટલી આકર્ષક હતી કે જેનું શબ્દોમાં વર્ણન ન થઈ શકે આવી કેરીઓને જોઇને જ રાજાની પાસે ઉભેલા બંને માંકડાઓ હાથમાં રહેલી મશાલચી રાજાની સમીપે ફેંકીને કેરી ઉપર ત્રાટકી પડયાં વિચારો સળગતી મશાલચી રાજાની સામે ફેંકવામાં આવી પછી પરિણામ શું અને કેવું. આવે તે વાંચક સ્વયં સમજી શકે છે. આ માંકડાઓને થોડું ભાન શાન કે શુદ્ધિ છે કે મારા માલીકને આથી કેટલું અસહ્ય નુકશાન થશે બસ લગભગ આવી જ પરિસ્થિતિ આપણી છે કે તમે ઉપાશ્રય કે દહેરાસર જવા નીકળી પડો છો રસ્તામાં તમને કોઈ ગ્રાહક મલી જાય તો તમે શું કરો !

તમે કયા ઉદ્દેશથી બહાર નિકળી પડયા તેનું પણ તમને ભાન ભાગ્યેજ રહે કેમ ખરૂં ને ? કેવલ પાંચ રૂપિયાના લોભની ખાતર તમે લાખોનો લાભ જતો કરો આ છે. આપણી અધમ દશાનું દિગ દર્શન પચીશ પચાશ હજાર યાવત રાજ્ય રૂદ્ધિ મલી જાય તો પણ આપણે આપણા ધર્મ મહારાજાનો અનાદર કેમ કરવો જોઇએ ? આપણે આપણા દેવ ગુરૂ અને ધર્મની મહત્તા મોટાઇ કે વડાઈ ન સમજીએ તો તમારામાં અને માંકડામાં તરતમતા ખરી ? જેમ માંકડાની અપના માલીકની મહત્તા ન સમજાઇ તે રીતિએ તમે લોકો માનવના ઉચ્ચતર અવતારમા આવીને પણ મહનીય અને અર્ચનીયને આવકાર ન આપી શકો તો પછી તમે કઇ કક્ષામાં ગણાઓ તે તમે લોકો સ્વયં

વિચારી લેજો દરબારમાં દરોડો પડશે રાજાઓ રૈયતમાં રમખાણ જાગશે આવો ખ્યાલ માંકડાને થોડો હોય છે. જ્યારે તમે માનવ છો તમારી પાસે બુદ્ધિનો વૈભવ છે તો તમે તમારા દેવગુરૂ અને ધર્મનાં મૂલ્યાંકન આંકી શકો છો અને આંકવાંજ જોઇએ એ નિર્વિવાદ છે. અન્તિમમાં માંકડાને જેમ કેરીઓ વહાલી લાગી અને બીજી સારભૂત વસ્તુઓને જતી કરી તેમ તમે લોકો ભૌતિક પદાર્થોની લાલસાની પાછળ બીજું બધું જ જતુ કરો છો તે હિતાવહ નથી જ અતઃ જાગો માગવા જેવું માગો અને ત્યાગવા જેવું ત્યાગો.

(૯૨)

શાસ્ત્રોક્તિ અનુસારે 'વિનય મૂલો ધમ્મો' આ એક નાનકડું સૂત્ર તમને સર્વોત્તમ સંદેશો આપતું જાય છે ધર્મનું મૂલ માનીયે તો વિનયજ છે ધાર્મિકતાનો મુખ્ય મદાર વિનય ઉપર આધારિત છે, આત્મારામજી મહારાજા પ્રથમ એમણે અમદાવાદ શાન્ત મૂર્તિ શ્રી બુટેરાયજી મહારાજા પાસે ચારિત્રગ્રહણ કર્યું ત્યારે વાસક્ષેપ કરવાના અવસરે એમને મૂળચંદજી ગણીને કહ્યુ કે મને આપના નામનો વાસક્ષેપ કરી આપનો શિષ્ય બનાવો, મુળચંદજીએ કહ્યું કે ભાઇ તો પિતાની હયાતીમાં થશે પુત્ર તો ત્યારપછી પણ થશે વળી આપની યોગ્યતા ગુરૂમહારાજના શિષ્ય થવાની છે. માટે આપને તેમના નામનો

વાંસક્ષેપ થાય તે જ યોગ્ય છે. આમ કહેવાથી તેઓ મુની-
રાજશ્રી બુટેરાયજીના શિષ્ય અને મૂળચંદજીના ગુરૂભ્રાતા
થયા કેટલો નમ્ર વિનયગુણુ કેટલો આદર્શમય છે. ખરેખર
સાધુ ભગવંતો તેમજ સાધ્વીજી મહારાજોએ ધડો લેવા
લાયક છે.

બીજો પ્રસંગ બુદ્ધિચંદજી મહારાજા અપની છેલ્લી
વયમાં શારીરિક પરિસ્થિતિ કથળી જવાથી વિહાર કરી
શક્તા નહિ હતા, તેથી ભાવનગરમાં સ્થિર કરીને રહ્યા
હતા પ્રસંગ વશાત્ પૂ. આત્મારામજી મહારાજ સિદ્ધા-
ચલજીની યાત્રા કરીને આ તરફ વૃદ્ધિ ચંદજી મહારાજાને
વંદન કરવા માટે શિષ્યાદિ પરિવાર સાથે પધાર્યા હતા
તે વખતે વૃદ્ધિચંદજીની પ્રેરણાથી ભાવનગરના શ્રી જૈન
સંઘે તેઓશ્રીનું યોગ્ય દબદબા ભર્યું સ્વાગત્ સામૈયું
કર્યું હતું. તેઓશ્રી સામૈયા સાથે વૃદ્ધિચંદજી મહારાજા
જ્યાં બીરાજતા હતા ત્યાં મારવાડીના વંડામાં પધાર્યા હતા.
વૃદ્ધિચંદજી મહારાજા સામે આવી રહ્યા હતા બંને ગુરૂ
ભ્રાતાઓ ખૂબ જ હાર્દિક ભાવે ભેટી પડયા હતા કેટલો
આત્મીયભાવ મંગલાચરણુ વખતે તેઓએ કહ્યું કે આપ
શ્રીમાન બીરાજતા હો પછી મારાથી પાટ પર બેસી કેમ
શકાય. પછી વૃદ્ધિચંદજી મહારાજાએ કહ્યું કે હું કહું તો
બેસો કે કેમ, પછી તેઓની આજ્ઞાથી પૂ. આત્મારામજી
મહારાજાએ પાટપર બેસીને મંગલાચરણ કર્યું હતું. પ્રારં-
ભમાંજ જનતાને મંત્રમુગ્ધ કરી હતી. ગજબ તેમનું જ્ઞાન

અને અજબ તેમની અક્કલ આપણાથી તેઓશ્રીનું માપ કેમ નીકલી શકે ? વ્યાખ્યાન પરિપૂર્ણ થયા પછીથી ઉઠીને વૃદ્ધિચંન્દ્રજી મહારાજાને વંદન કરવા માટે તૈયારી કરતાં વૃદ્ધિચન્દ્રજી મહારાજાએ કહ્યું આપ તો હવે આચાર્ય થયા છો જવાબમાં આચાર્યશ્રી બોલ્યા કે અરે ભગવન્ હું આચાર્ય શ્રાવકોનો છું આપનો નહિ. આપનો તો હું સેવક જ છું અને સેવક જ રહીશ એમ બોલીને વૃદ્ધિ. ચંદજી મહારાજાને પૂ. આચાર્યશ્રી આત્મારામજી મહારા-રાજાએ વંદન કર્યું હતું.

જોઈ લ્યો વિનયની પરાકાષ્ઠા આચાર્ય વિદ્વાન મહાન બુદ્ધિશાલી સમ્પૂર્ણ શક્તિશાલી છતાં જરાય અહં નહિ અભિમાનનાં આવરણો નહિ હતાં ધન્ય છે. તેઓશ્રીના વિનયને નમ્રતાને.

ત્રીજા પ્રસંગમાં તેઓશ્રી લુધીયાનામાં વ્યાધિને અંગે બેશુદ્ધ થઇ ગયા હતા ત્યારે તેઓશ્રીને સહસા અંબાલા શહેરમાં લઈ જવામાં આવ્યા હતા યોગ્ય ઉપચારના અંતે તેઓશ્રી શુદ્ધિમાં આવ્યા પછી તે હકીકતની ખબર પડ-વાથી. સ્વયં મૂલચંદજી મહારાજા ઉપર પત્ર લખીને આલોચના મંગાવી હતી આનુ નામ સંયમનાં ખપી હતા તેઓ આચાર્ય હતા સમર્થ જ્ઞાતા હતા છતાં પોતાના વડીલ ગુરૂભાઇ શ્રી મૂલચંદજી મહારાજા પાસે આલોચના યાચી હતી કેમકે આલોચનાની આપલે વડીલ મારફતજ થઈ શકે કેવી અનુપમ લઘુતા ત્યાં જ પ્રભુતા, પૂ. આચા-ર્યશ્રી સંયમી જીવનની સીમાએ પહોંચી ગયા હતા ખરે-ખર તેઓ આદર્શ પુરૂષ હતા.

(૯૩)

ઉન્નતિનો પ્રથમ પાયો છે પ્રામાણિક્તા હંમેશાં પ્રામાણિકતાની પ્રતિભા અનોખી છે. પ્રામાણિકતાની પસંદગી કોઇ પુણ્ય પળેજ કરવામાં આવતી હોય છે. અને તે કોઇ પુણ્યવાન પ્રાણીજ કરી શકે છે. કિન્તુ આજે માણસને જેટલી પ્રમુખ થવાની તડપ હોય છે. તેટલી પ્રામાણિક થવાની હોતી નથી જ હંમેશાં યાદ રાખો પ્રમુખ થવા કરતાં પ્રામાણિક થવું અત્યુત્તમ છે. એમાં બે મત ન હોઇ શકે પ્રામાણિક્તા નીતિમાંથી ઉદ્‌ભવે છે. નીતિપાલનનું પરિણામ તેનું નામ પ્રામાણિક્તા છે. પ્રારંભમાં માનવને નીતિના પાઠો શીખવવામાં આવે છે. પશ્ચાત્ ક્રમશઃ માનવ પ્રામાણિકતાની પરાકાષ્ઠા પર પહોંચી જાય છે. પછી કોઇપણ પ્રસંગો પરત્વે પોતાની પ્રામાણિક્તા છોડતો નથી.

જાપાનની રાજધાનીનું મુખ્ય શહેર ટોકીયો ખાતે એક શાળામાં એક વિદ્યાર્થી ભણતો હતો એકવાર શાળામાંથી છૂટીને ઘર તરફ જઈ રહ્યો હતો. ત્યારે રસ્તામાં સડકપર તેણે એક રૂપિયો પડેલો જોયો અને હાથમાં લીધો તુરત જ તેની માતાએ આપેલી શિખામણ તેણે યાદ આવી આપણને કંઈ પણ જડે તો તે પોલીસને સોંપી દેવું આ શિખામણના સહારે તે વિદ્યાર્થી પોલીસ સ્ટેશને જઇને સોંપી દીધો તે વિદ્યાર્થીએ ફોજદારને કહ્યું આ રૂપિયો મને રસ્તામાંથી મલેલો છે. માટે સરકારના ખાતામાં જમા કરો

ફોજદાર સાહેબે આ રૂ૧ સરકારી ખાતામાં જમા નહિ. કરતાં આ વિદ્યાર્થીને ઇનામ તરીકે આપી દીધો અને ઉપરથી શાબાશી આપી કે વાહ તું આપણા દેશનું ગૌરવ વધારવા માટેની કારવાહી બાલ્ય કાલથી શરૂ કરી દીધી છે. તને ધન્યવાદ આ વિદ્યાર્થી રૂપિયો લઇને ઘેર ગયો અને અપની માતાના હાથમાં મૂક્યો પૂછવામાં આવતાં આ બાલકે પોતાની માતાને અથ ઇતિ સંભળાવી માતા આ ઘટના સાંભળીને ગૂસ્સે થઇને તુરતજ ફોજદાર પાસે ગઇ અને કહ્યું તમે આ છોકરાને રૂપિયો શા માટે આપ્યો હરામનો આપવામાં આપેલા રૂપિયાનું પરિણામ એ આવશે કે ભવિષ્યમાં મારો છોકરો ચોરી કરતો થશે માટે આ એક ગૂન્હો ગણાય છે. આ રીતે તે છોકરાની માતાએ ફોજદારને પડકાર્યો. ફોજદાર પણ સાંભળીને સંડક થઇ ગયો કે વાહ આપણા દેશમાં આવી આદર્શ માતાઓ પડેલી છે. તે માટે ખુબ ખુબ ગર્વ સાથે ગૌરવ લેવા જેવું છે આજે આ છોકરો આપેલા રૂપિયામાંથી મીઠાઇ ખાશે કાલે રૂપિયો નહિ મલે ત્યારે ચોરી કરતો થશે આ માતાએ પોલીસ ખાતાના વડાને આ અંગેની ફરિયાદ કરી ત્યારે પોલીસના વડાએ તે ફોજદારને પૂછયું ત્યારે કહ્યું કે મેં તો આ છોકરાની પ્રામાણિકતાના બદલામાં રૂ૧ ઇનામ તરીકે આપેલો હતો. વડાએ કહ્યું તમારે ઇનામ જ આપવું હતું તો તમારે તમારા ખીસ્સામાંથી જ આપવું જોઇતું હતું. આ છોકરાને તમે જ ખોટો પાઠ શીખવી રહ્યા છો માટે

તમે નોકરીમાંથી બર તરફ કરવામાં આવે છે. આ છે જાપાન દેશની નીતિમત્તા નીતિનું ધોરણ કેટલું ઉચ્ચ કક્ષાએ પહોંચેલું છે. જે દેશમાં આવી નીતિના પાઠો શીખવવામાં આવે છે. ત્યાંની પ્રજા પ્રામાણિક બને જ બને તેમાં આશ્ચર્ય શું ? આ છોકરાની માતા પણ કેવી સંસ્કારી છે કિશોરાવસ્થામાં પોતાના બાલકને કેવા સર્વોત્તમ સંસ્કારોનું સીંચન કરી રહી છે. ધન્ય માતા ધન્ય પુત્ર આજે આપણા દેશમાં બાલકો નાની વયથીજ જ્યાં ત્યાં ચોરીઓ કરતા થઈ જાય છે. પછી પરિણામે ભવિષ્યમાં ભયંકર ડકૈતી કરતા થાય છે પછી છડેચોક ધોળા દિવસે લૂંટફાટ ચલાવી દેશદ્રોહી બનીને અપના દેશની ઉજ-વલ આરસી પર કાળો કૂચડો ફેરવતા હોય છે, અને આખરે ભારત દેશની ભગિનીઓનું લોહી પીતા હોય છે. હંમેશાં પારકા પૈસે પરમાનન્દ કરવાની કૂટ નીતિ કયા-રેય પણ નહિ કરવી જોઇએ આજે આપણે ત્યાં પારકા પૈસે પરમાનન્દ કરનારાઓનો તોટો નથી. બીજાની નોટો ઉપર નજર ફરતી રહે છે. ત્યાં સુધી આપણા દેશનો ઉદ્ધાર નથી ઉન્નતિ નથી ઉત્કર્ષ નથી.

(૯૪)

સમ્રાટ શહેનશાહ કે કોઈ રાજકર્મચારીને મલવા માટે પણ રસ્તો શોધવો પડે છે. તો ઈશ્વર પરમાત્મા કે ખૂદાને મલવા માટે યા મેળવવા માટે કોઇ નીરાલોજ પંથ શોધવો પડે છે. આત્મા અને પરમાત્માની વચ્ચે નડી

રહેલાં કર્મનાં આવરણોને ભેદવાં પડે છે. ખૂદ અને ખૂદાની વચ્ચે રહેલાં પાયાના ગાઢ બંધનોને તોડવાં પડે છે. આ બધું જ કરવાના અંતે કદાચ તમારો પ્રાણવંતો પુરૂષાર્થ હોય તોજ તારક મલી શકે છે. તે શિવાય આકાશ નીચે ઉતરી આવે અને અવનિ ઉપર ચાલી જાય તો પણ અન્તર્યામીનું ઉજવલ આંગણું જોઈ શકાતું નથી.

સુલતાન હઝરત ઇબ્રાહીમ આદમ દિવસ ભર શુભ નિષ્ઠાપૂર્વક અપની સલ્તનતનો કારોબાર કરતા અને સમગ્ર રાત ખૂદાની બંદગી કરવામાં જીંદગી વીતાવતા હતા એક રાત્રિએ નિત્ય નિયમાનુસાર સુલતાન ખુદાની બંદગી કરવામાં રક્ત હતા ખુદાને મલવા માટે પોકાર કરી રહ્યા હતા. તેવામાં રાજમહેલ, ઉપર ધમાધમ અવાજ સાંભળવામાં આવ્યો મહેલની છત ઉપર જોર શોરથી અવાજ આવી રહ્યો હતો. અરે આજે એકાએક ગેબી અવાજ શાનો! સુલતાને પૂછયું આ છત ઉપર કોણ છે? હું એક મુસાફર છું અરે પણ અહિં બૂમાબૂમ કેમ કરી રહ્યો છું. મારૂં અહિ ઉંટીયું ખોવાઈ ગયું છે. તેની શોધખોળ કરી રહ્યો છું. આવા જવાબથી સુલતાને એકાએક હસવું આવ્યું અને બોલી ઉઠયા અરે નાદાન નફર તું તારા ખોવાઈ ગએલા ઉંટને શાહી મહેલના છાપરા પર તું શોધી રહ્યો છું. ઉંટીયું તે વળી આ મહેલના છાપરા ઉપર ચડી શકે ખરૂં? ખરેખર તું તારી બુદ્ધિનુંજ દેવાળું કાઢી રહ્યો હોય એમ જણાય છે. અરે

સુલતાન ! નાદાન હું નથી પણ આપજ છો ? મારી નરિ નફ્ટાઇની માફક તમે પણ ખુદાને મેળવવા માટે અહિં મથી રહ્યા છો ! પરન્તુ તમે રાજ્ય રમા અને રામાના રવાડે ચડેલા છો ત્યા સુધી ખુદાનું સાનિધ્ય સંપાદન કરી શકાય જ કેમ ? જ્યાં સુધી આવા આલીશાન મહેલમાં રેશમની પથારીપર આળોટી રહ્યા છો.

સંસારની માયાના બંધનોમાં જ્યાં સુધી જકડાએલા છો ત્યાં સુધી પીયુમીલન થઈ શકે નહિ થઇ રહેલી આવી આકાશ વાણી સુલતાને ધ્યાનપૂર્વક સાંભળી ત્યાં તેમનું હૈયું હાલી ઉઠ્યું કાળજામાં કંપન થવા લાગ્યું ત્યાં વિચાર ધારાએ પલટો લીધો.

સુલતાનનો આત્મા સફાળો સજાગ થયો તેને એમ લાગી આવ્યું કે માયાના મેવાડી બંધનોમાં રહીને ખૂદાને કેમ મલી શકાય ખુદાને મેળવવા માટે તો લોખંડી બંધ-નોને તોડીને ખુદાની લયમાં મન જોડી દેવું જોઇએ તોજ ખુદા ખાવિંદને મેળવી શકાય. આ વિચારોના વમળમાં ગોથાં ખાઇ રહેલા રાજવીએ રજની અજંપામાં વીતાવી વહેલી સવારે બંદગી વિગેરેથી નિવૃત્ત થઇને પોતાના પુત્રને રાજ તાજ સોંપીને શાહી પોષાકમાં તે ચાલી નીકળ્યો નિર્જન જંગલમાં ચાલ્યો જાય છે. માર્ગમાં એક આહી-રને પોતાનોં બાદશાહી પોષાક આપી દેવામાં આવે છે. આહીર જવાહીર બને છે. અને આહીરનાં ચીંથરેહાલ જેવાં વસ્ત્રો સહર્ષ સ્વીકારીને ખુદાની શોધમાં આગળ ચાલ્યો

જાય છે. જ્યારે અંતર પલટો લે છે પછી રાજ અને તાજને તૃણવત્ સમજીને ત્યાગી દે છે આ રીતિએ સુલતાન શંભુની શોધમાં વને વન વિચરે છે. જંગલે જંગલ જઈ પહોંચે અરણ્ય અરણ્યમાં આથડે છે આખરે ઉચિત જગ્યાએ બેસીને સમાધિસ્થ થાય છે. અને સ્વયં ખુદાનાં દર્શન પામે છે. હમેશાં ખ્યાલ કરો ખુદમાંથી ખુદા થવાય છે. અને જન માંથી જનાર્દન થવાય છે. તે આ સુલતાનની રૂપરેખા ઉપરથી સમજાય છે.

(૯૫)

ભજનભાવ કે જાપ જપ મંત્ર માલાની પાછળ માત્ર ગણતરીનું મહત્વ નથી જ મન મથુરામાં અને દીલ દ્વારકામાં આ રીતે કરવામાં આવતો જાપ જપ સિદ્ધિકર નથી નીવડતો ઉંડા ચીંતન અને ગહન મનની અતિ આવશ્યક્તા ઉભેલી જ રહે છે. જાપમાં મનનું માપ નીકલે છે ખરેખર જાપમા એ અદ્ભૂત શક્તિ છે, જે મનનું મારણ છે જાપ એ મનની મુંઝવણોને મહાત કરી શકે છે. કોઈ એક મહાત્માની સમીપે દૂર દૂરથી ભજનિકો આવીને ઉપસ્થિત થયા અને ગુરૂદેવની પાસે પોત પોતાના કાયમિક જાપ જપ અને ભજનનું સરવૈયું સંભળાવવા લાગ્યા કોઇએ હજાર કોઇએ દશ હજાર તો કોઇએ એક લાખ વાર હરિના જાપ કર્યાની જાહેરાતો કરી. હાજર થયેલા ભક્ત જનોમાં એક વૃદ્ધા ડોશીમા પણ હતા તેઓએ તૂટયા ફૂટયા શબ્દોમાં રહ્યું કે હું તદ્દન અભણ છું મને

ગણુતરી આવડતી નથી છતાં હું હંમેશા સવાશેર હરિનું નામ લઉ છું. સવાશેર હરિનામ સ્મરણ એવં જાપને કઇ રીતિએ તોળતાં હશે સૌ ભજનિકો આ નવાંજ સમાચાર સાંળળીને હસવા લાગ્યા ત્યારે આ ડોશીમાએ સમજ આપી કે હું હંમેશાં સવાશેર જુવાર તોળીને બેસું છું એકવાર જાપ કરી એક દાણો બીજી ટોપલીમાં નાંખું છું જયારે આ ટોપલી તદ્દન ખાલી થઇ જાય ત્યારે જાણું છું કે આજે સવાશેર ભજન થયું. આ જાતની વૃદ્ધાની સચોટ સદ્ભાવના પર સૌને ગૌરવ આવ્યું આ રીતિએ જાપ જપ મંત્ર માલા તમારા આંતરિક ભાવના ઊપર આધારિત છે. ખરેખર દુનિયાની અનિત્ય અસ્થિર અને આસુરી માયાથી અલિપ્ત અને અલગા રહેનારા ઇન્સાનોજ હાર્દિક ભજન ભાવ અને મંત્રમાલા ગણી શકે છે.

'પલ દોપલ યહાં રહના તુજકો દુનિયા મુસાફીર ખાના હૈ.
તું કરલે ભલાઇ છોડ ઠકુરાઇ સાથમેં કયા લે જાના હૈ'

'દો દિનકી જીન્દગાની દો ઘડીકા મૌજ હૈ
દો ઘડીકે લીયે તુને કીતના ઉઠાયા બૌજ હૈ'

(૯૬)

સત્ય પ્રેમમાં સ્વર્ગ વસે છે. ઉર્વશી રંભા નૃત્ય કરે છે. સત્ય અને હાર્દિક પ્રેમનો પ્રભાવ અનોખો છે. સત્ય પ્રેમમાં સ્વાર્થની ગંધ સરીખીયે હોતી નથી. સત્ય, પ્રેમ અને આંતરિક સ્નેહ સદ્ભાવવાળો માણસ સ્વાર્થના છીછરા કુંડાળામાં રહી મેલી રમતો રમવાનું પસંદ કરતો નથીજ

એટલુંજ નહિ કિન્તુ સ્વાર્થના કુંડાળામાંજ જીવનનો અંત આણવાનું તેના લલાટે લખાએલું હોતું નથી.

સાચો પ્રેમી પરમાર્થના પારાવારની સફર સિદ્ધ કરવાને માટે સદા ઉજવળ હોય છે. હંમેશાં પરમાર્થના પારાવારમાં સ્વપરનું શ્રેય સિદ્ધ થતું હોય છે. પરમાર્થના પારાવારની પ્રતિભા પ્રત્યનીકને પણ પ્રભાવિત કરતી હોય છે. દેહ લગ્ન કરતાં દિલના લગ્નની મહત્તા અધિકાધિક છે. આજના રોકેટ યુગમાં દિલના પ્રેમીઓનું સંશોધન કરવું પડે જ્યારે દેહના લગ્ન ગ્રન્થીથી જોડાયેલા જગતમાં યત્ર તત્ર જોવા મલશે દેહના લગ્ન કરનારા માત્ર સ્પર્શજન્ય સુખોમાંજ સર્વસ્વ માની બેઠેલા હોય છે જ્યારે દિલના લગ્ન કરનારા પ્રસંગ પરત્વે પ્રાણની આહૂતિ આપતા હોય છે. દેહલગ્નમાં માત્ર જાતીય વાસનાની સંતુષ્ટિ મેળવાતી હોય છે. જ્યારે દિલ લગ્નમાં પારસ્પરિક આત્મિક અનુભૂતિ થતી હોય છે. દેહ લગ્નમાં તાપસી તત્વનો તણતણાત હોય છે જ્યારે દિલલગ્નમાં સાત્વિકતાનો સ્રોત વહી રહ્યો હોય છે. કૈકેયી રાણીએ રાજા દશરથ પાસે ઔરસ પુત્ર ભરતને માટે અયોધ્યા નગરીનું રાજ્ય માંગ્યું હતું. અને તે ભરતને આપવામાં આવ્યું હતું. પરન્તુ ભરતકુમારને રામ પ્રત્યેનો ભ્રાતૃભાવ નિઃસીમ હતો એકાએક રાજા રામચન્દ્રજીના વનવાસથી ભરત કુમારને અસહ્ય આઘાત થઇ પડયો હતો સીયાવર રામચન્દ્રજીના ચરણોમાં મસ્તક ઝુકાવીને કહી રહ્યો છે કે મારે રાજ્ય ન જોઇએ. ત્યારે

શ્રીમાન રામચન્દ્રજી શ્રીમુખે ફરમાવી રહ્યા છે કે ભાઇ પૂજ્ય પિતાશ્રીજીની આજ્ઞાનું પરિપાલન આપણે કરવું જ જોઇએ. ત્યારે ભરતકુમારે દુઃખતા દીલે કંપતા કાળજે રામચન્દ્રજી વતી રામ ન આવે ત્યાં લગી રાજ્યનું સંચાલન કર્યું હતું. પણ અયોધ્યામાં પ્રવેશ નહિ કરવાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું હતું. કેવો અત્યુતમ અને ઉત્કટ બંધુ પ્રેમ ભ્રાતૃભાવ કેવો સર્વોત્તમ આત્મીય ભાવ કેવી વિજય વર. નારી બાંધવ બેલડી જોઇ લ્યો. લડી લેવાની કે ભોગ વૃત્તિ સ્વપ્નેય પણ નહિ. આજે મકાનોની વાત બાજુપર મૂકો પરન્તુ સામાન્ય નહિવત જેવી વસ્તુઓ માટે લડી લેવાની કેવી સાઠમારી થતી હોય છે. ત્યા ત્યાગ ભાવના ટકે કઇ રીતિએ 'તે એક પ્રશ્ન છે. ખરેખર વાસ્તવિક તો મનની મોટાઇ નષ્ટપ્રાયઃ થઇ ચૂકી છે. તે સિવાય સામાન્ય સાધારણ વસ્તુઓ માટે આટલી અન્ધાધૂંધી કેમ ચાલે? કલેશ કંકાશના કાળા વાદળો કેમ ઘેરાય? સાથે જ તણતણાટ કરનારા તામસી લોકો માટે

'ઉત્તમ જનમાં ઝેર પડાવે જર જમીન ને જોરૂ
મસ્ત બનાવે માયા જગમાં લડે પિતાને છોરુ"

લેભાગુ લક્ષ્મીના લાલાઓને માટેનો સંદેશો તમને ઉપરનો દોહરો આપશે.

શ્રી રામચન્દ્રજીને વનમાં જવાનો વટ હુકમ હતો, નહિ કે લક્ષ્મણને. છતાં લક્ષ્મણજી તેઓશ્રીના એક અનુચર તરીકે સાથે જ ગયા હતા. શા માટે? ફરવા હરવા કે

ખેઘડીની મોજ કરવા માટે ગયા નહિ હતા, કેવળ સેવા યજ્ઞમાં ઝુકાવવા માટેનો જ તેમનો પ્રવાસ હતો.

રાજમહેલના બાદશાહી સુખોને તૃણવત ત્યાગીને ઉર્વશી જેવી ઉર્મિલાની ઉષ્મા ત્યજીને વૈભવ વિલાસ કે ટેસ્ટ તોફાનને તરછોડીને એકાએક લક્ષ્મણજી પોતાના પિતા તુલ્ય ગણાતા જયેષ્ઠ બંધુ તેમજ માતા તુલ્ય મનાતી સતી સીતાજીની સેવા માટે જ નિકળી પડયા હતા સુંવાળા સુખો જેની શોધમાં છે તેજ શ્રીમાન લક્ષ્મણજી વન્ય દુઃખોને વધાવવા કમ્મર કસે છે અને જતી વખતે પોતાની પ્રિયતમાને પડકાર કરતા જાય છે તારે તારા સાસુ સસરાની સેવા કરીને તેમનો જીવંત આશિર્વાદ મેળવવાનો છે. કેવલ સાસુ સસરાની સેવા કાજે પતિ વિયોગને હસતે મુખડે વધાવી લે છે. આ છે પત્નીવ્રતનો આદર્શ આજની કેટલીક છેલ છબીલી થઈને ફરનારી બહેનોએ અપનાવવા જેવો છે.

હંમેશાં સાચો પ્રેમ દુઃખ સુખના સરવાળા કરવા માગતો નથી. આ સૂત્ર દરેક ભાઈ બહેનોએ પોતાના દિલની દીવાલ ઉપર કંડારવાની જરૂર છે. રાજા દુષ્યન્તે શકુન્તલાનો અસ્વીકાર કર્યો પણ શાણી શકુન્તલા દુષ્યન્તને ભૂલી નથી. પોતાના પ્રિયતમ પ્રતિ અપની ફરજ બજાવતી રહે છે. જ્યારે આજે કેટલાક પતિ પત્ની વચ્ચે ભયંકર ઘર્ષણો ચાલી રહેલાં હોય છે. પરિણામે તેમનો સંસાર સ્વર્ગીય બનવાને બદલે સળગી રહેલો હોય છે.

ચંદના ભગવતી રાજીમતી મૃગાવતી સુલસાસુભદ્રા શીલવતી શ્રીમતી અને સાવિત્રી વિગેરે સતીઓનું સતીત્વ સૃષ્ટિમાં સુપ્રસિદ્ધ છે. પ્રાણુના ભોગે પણુ સતીત્વનું સંરક્ષણુ કરવા સદૈવ સચેત રહેતી ભારત વર્ષના શણુગાર સમી સતી સુન્દરીઓના પનોતા પગલાંથી આપણો આર્ય દેશ ઉજ્વલ છે અને રહેશે. સતી સુન્દરીઓની માફક સત્ સંયમના સંરક્ષણુમાં પુરૂષોનો ફાળો ઓછો તો નથી જ. રામચન્દ્રજી લક્ષ્મણુજી આર્હતદાસ અવનીશ અને પેથડ શાહ વિગેરે પવિત્ર પુરુષોની પવિત્ર ભાવનાથી ભારતની ભવ્યતા દીપી ઉઠી હતી. પુણ્ય પનોતા પેથડ કુમારે બત્રીશ વર્ષની વયે બ્રહ્મચર્ય વ્રતની સહર્ષ સ્વીકૃતિ કરી હતી. જેના પરિધાન કરેલા વસ્ત્રના તંતુ તંતુમાં બ્રહ્મવ્રતનું તેજ તરવરી રહ્યું હતું. ભયંકર જ્વરમાં જકડાયેલી રાણી લીલાવતીને આ વસ્ત્ર ઓઢાડવામાં આવ્યું કે તુરત જ તેનો જ્વર ઝટિતિ જડમૂળથી ગયો તે ગયો. આ રાણી વિગેરે જનતા કેટલી પ્રભાવિત થઇ હશે! તે માપવાનું મીટર વાંચક વર્ગના મગજમાં પડેલું છે. મદનરેખાની મહાનતા ક્યાં સુધીની જોઈ હયો. પોતાના પ્રિયતમના પંચત્વની અંતિમ પળો વીતી રહી હતી તે સમયે નિજાંકમાં નાથનું માથું મૂકીને સમાધિની છાંટ આપી રહી છે. જ્યારે આજની કેટલીક અજ્ઞાન અબલાઓ પોતાના સ્વાર્થનીજ મોંકાણુ માંડીને બેઠેલી હોય છે.

કપાલે કોઢવાળા એક વ્યાપારીને રોગથી મુક્ત થવા

માટે દિવસમાં પાંચ પચાશ વાર રામનું નામ લેવા માટે સૂચના કરી હતી. તે માટે કબીરજીને માલુમ પડતાં જ ઉપાલંભ આપ્યો હતો તે એટલા માટેજ કે રામનું નામ તો એક વખત પણ બસ છે. પાંચ પચાશ વખત શા માટે ! આવું બોલીને તેં તારા કુલની કુન્દન જેવી કીર્તિને કલંક્તિ કરી છે. અરે કમાલ તું આ શું ધમાલ મચાવી રહ્યો કે અરે રામનું નામ એક વખત લેવામાત્રથી કામ કેમ ન થાય? અહિં રચનાત્મક પ્રયોગ કબીર કમાલને કરી બતાવે છે.

(૯૮)

આપણાં પવિત્ર શાસ્ત્રો પડકાર કરી રહ્યાં છે કે અગર દાન જ દેવાની હાર્દિક ભાવના હોય તો દાન દેવામાં વિલંબ નહિ કરવો જોઇએ.

દાન જ્ઞાન કે ધ્યાનમાં વિલંબ કરવો સમુચિત નથી વિલંબ કે વાયદો કરવાનો કાયદો આપણે ત્યાં નથી. આપણે ત્યાં તો તુરત દાન મહાકલ્યાણ દાન દેવાની તમારી તમન્ના હોય તો જમણા હાથે દાન દઇ દો. તમારો ડાબો હાથ પણ ન જાણે દેવામાં આવતું દાન અવાજ સહન કરી શકતું નથી. એટલે કે ગુપ્ત દાનની મહત્તા વધુ છે. એક વખત રાજા કર્ણ હજામત કરાવી રહ્યા હતા. ત્યાં શ્રી ભગવાન યાચકનું રૂપ લઇને દાન લેવાના ઈરાદાએ આવી ચડયા છે. યાચકની માગણીનો અવાજ સાંભળતાં જ રાજા કર્ણના હાથમાં રહેલો સોનાનો લોટો તુરત જ વિના વિલંબ દાનમાં આપી દે છે.

સાધારણ રીતે દાન આપતી વખતે ધન દેનારનું શરીર પવિત્ર હોવું જોઇએ એટલે પાસે ઉભેલા કોઈ સુજ્ઞ માણસે કહ્યું કે અરે? રાજન આટલી શી ઉતાવળ છે?

સ્નાન શુદ્ધિ કરીને પછી જ દાનની પ્રવૃતિમાં જોડાવું જોઇએ. આના જવાબમાં રાજા કર્ણ કહે છે કે હું સ્નાન વિગેરે કરવા જાઉં તેટલા સમયમાં કદાચ મારા ભાવમાં પલટો આવી જાય તો શું કરવું? શાસ્ત્રીય પદ્ધતી મુજબ ચિત્તવૃત્તિનું નિયમન ન રહે. સમય સમયની રૂપ રેખા પલટો લેતી રહે છે. માટે ચિત્ત વૃત્તિ કયારે રમખાણ જગાવે તે કહી શકાય નહિ. શાસ્ત્રોનો સૂર છે કે છ વસ્તુઓ અસ્થિર છે. અનિત્ય છે આપત્તિકર છે. આયુધકર છે અને અજેય છે. ચિત્ત, યૌવન, જીવન, છાયા, લક્ષ્મી અને સ્વાયત ભાવ આ છ બાબતોનો ભરોશો રાખી શકાય જ નહિ. અતઃ માનવ જીવનમાં જયારે જયારે તક મલે ત્યારે ત્યારે વાયદો કે વિલંબ નહિજ કરવો તે જ હિતાવહ છે. આ શાસ્ત્રીય સૂરને સાંભળનારો રાજા કર્ણ હાથમાં રહેલા સોનાના લોટાનું દાન આપે છે. કયારેય પણ સુન્દર અને સંગીન પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે ઝડપી લેવામાં જ માનવતા છે.

તદનુસાર સમયની રાહ જોયા વિના દાન દેવામાં પ્રવૃત્ત થાય છે સાથે સાથે કેટલાક માનવોની કુટેવ હોય છે અમે આટલું દ્રવ્ય અહિં વાપર્યું વિગેરે અપની અપની ઢોલકી બજાવી રહેલા હોય છે. પરન્તુ શાસ્ત્રીય વિધાન છે કે દીધેલું દાન અને મળેલું માન ભૂલી જાવ. આ પ્રમાણે શાસ્ત્રીય

બાબતોને સામે રાખીને રહેનારા રાજા કર્ણ, દાન માટેનો એક અપૂર્વ આદર્શ આપતા ગયા છે.

(૯૯)

અનાદિ અનંત સંસારમાં પ્રત્યેક પ્રાણીઓ જન્મ મરણની ભીષણ ચકકીમાં પીસાઈ રહ્યા છે. 'જન્મ જરા ને મૃત્યુ મુખ્ય દુઃખના હેતુ, કારણ તેમાં એ કહ્યાં રાગ દ્વેષ બે સેતુ' આ પણ એક ગુર્જર ગિરામાં નાનકડુ કાવ્ય ઘણુ સમજાવતુ જાય છે. હમેશાં માનવીને જન્મ કરતાં મોતનો ભય પ્રમાણમાં વધુ હોય છે.

માનવ પ્રાણી તેમાંથી નિવૃત્ત થવા માટે અનેકાનેક પ્રયાસો યોજતો હોય છે. પરંતુ તેના પ્રયાસો પાંગળાં હોય છે. જવુ હોય છે. પૂર્વમાં અને પશ્ચિમના ઓવારે અટવાઇ મરવાના પ્રયત્નો પ્રાણવંતા હોય છે. વાલ્મીકિને પૂર્વ જન્મમા એક વન્ય પશુ તરીકે શિયાલનો જન્મ મલ્યો હતો. તેના કર્તવ્ય તરીકે શિકાર કરીને પોતાનું જીવન વીતાવતું હતું. એક દિવસ શિકારની શોધમાં જંગલમાં ઈતસ્ત તઃ પરિભ્રમણ કરી રહ્યું છે. ત્યાં તેને ખૂબજ તૃષાતુર થયું હતું. પાણીને માટે ફાંફાં મારી રહ્યું છે. કિન્તુ આસપાસ કોઇ જગ્યાએ જંગલમાં જલાશય જોવામાં નહિ આવ્યું ત્યારે પાણી મેળવવા માટે નજીકના એક ગામડામાં જઇ પહોંચ્યું. શિયાલને જોઇને

ગ્રામીણ કૂતુરાઓએ આ શિયાલનો પીછો પકડયો. શિયાલને કોઇ રસ્તો રહ્યો નહિ હતો ત્યારે કોઈ એક દયાલુ સદ્દગૃહસ્થના ઘરમાં ઘૂસી ગયું હતું. તે સદ્દગૃસ્થ વેદ ધર્મના નિયમાનુસાર જીવન જીવી રહ્યા હતા. નિત્ય વહેલી સવારે ઉઠીને પૂજા ગીતા પાઠ વિગેરે પોતાના ષટ્કર્મનું પરિપાલન કરતા હતા.

આ બ્રાહ્મણના ઘરમાં છૂપાયેલા શિયાલે થતો ગીતા પાઠ સાંભળ્યો અને તેની ઘેરી અસર આ વન્ય પશુપર પડી. અને એને સારા સંસ્કાર મલી ગયા હતા. દિવસ દરમ્યાન એ શિયાલ બ્રાહ્મણના ઘરમાંજ રહ્યું અને રાત પડતાં એકાએક જંગલમાં ભાગી ગયું હતું. ગીતા પાઠના શ્રવણ માત્રથી તે શિયાલ મૃત્યુ પામી મર્ત્ય યોનીમાં ઉત્પન્ન થયું. પરન્તુ પૂર્વ જન્મમાં શૃગાલ તરીકેના હિંસક સંસ્કારોના બદલે તે ભયંકર લૂંટારો બન્યો. જંગલની ગીચ ઝાડીમાં ભલાઇ રહેતો અને રસ્તામાં જતા આવતા માન્ય જનોને ખોટી રીતિએ રંજાડતો. એક દિવસ તે માલદારની શોધમાં નિકળી પડયો. દૂર એક નદીના કિનારે એક મહાત્માજી ધ્યાનસ્થ દશામાં રહેતા હતા. ત્યાં જઇ શકાય એમ નહિ હતું, દૂર ઉભા ઉભા લૂંટારાએ તીર છોડયું ઉપરા ઉપરા તીર છોડતો ગયો પરન્તુ તેના તે પ્રયાસો નિષ્ફલ નીવડયા. મસ્ત મહાત્માને કંઇજ આંચકો નહિ આવ્યો. નિરાશ બનેલો લૂંટારો પાછો ફર્યો કિન્તુ તેને મહાત્માજીના વિચારોજ આવવા લાગ્યા રાત્રીના સમયે ઉંઘમાં

પણ તેને તપ જપ કરી રહેલા મહાત્માની યાદ સતાવતી રહી. આમે વિચારોની ઉગ્રતાએ તેનું અવસાન થયું અને બ્રાહ્મણ યોનિમાં તેનો જન્મ થયો. કિન્તુ પૂર્વ જન્મના કુસંસ્કારના યોગે તે લૂંટ ચલાવવાની કરવાહી કરી રહ્યો છે વાલિયો લૂંટારો જંગલમાં જતા આવતા મુસાફરોને પરેશાન કરી રહ્યો છે એટલું જ નહિ પરન્તું તે તે મુસાફરોનું આંખું ને આખું કાળજું જ ખાઇ જતો. એવો ભયંકર ડાકુ હતો. નિર્દોષ નારીઓની તેમજ પવિત્ર માન્ય જૂનોની હાથ પગની આંગળીઓ કાપી કાપીને તેની માળા પોતાના ગળામાં પહેરીને ફૂલાતો. તેવામાં તેજ સ્થળે સદ્ભાગ્યયોગે નારદ રૂષીશ્વર એકાએક ત્યાં ટપકી પડયા વાલીયો તેમની સામે દોડી અને કહેવા લાગ્યો જે હોય તે મને આપી દે. નારદજી કંઇ પણ નહિ બોલ્યા ત્યારે વાલીયો ખૂબજ ગૂસ્સે થયો. છેવટે નારદજી અપૂર્વ ઐશ્વર્ય આપી રહ્યા છે અને વાલીયો તેની સહર્ષ સ્વીકૃત કરે છે.

નારદજીએ આ ડાકૂને ડકૈતીથી દૂર રહોવા માટે પડકાર કર્યો. ઠંડા અને મીઠા કલેજે ચન્દ્ર અને ચંદનથી પણ શીતલ શબ્દોમાં લોકોનું લોહી પીવાનું કરપીણ કાર્ય છોડી દેવા વિનંતિ કરી ગમારમાં ગમાર પણ સવેળો સાવધાન થઈ જાય રૂષીશ્વરના સુંવાળા ઉપદેશને વાલીયો વધાવી લે છે. અહિં ખાસ પકડવા જેવું એ છે કે ગત જન્મમાં ગીતા પાઠ શ્રવણ વિગેરેના કારણે તેનામાં પ્રબલ પરિવર્તન થવા પામ્યું હતું.

નારજીએ માત્ર બે અક્ષરનો મહામૂલો મંત્ર આપ્યો

હતો કિન્તુ જંગલી જેવી કઢંગી સ્થિતિ હિંસક અને આસુરી વૃતિના કારણે એ અક્ષરનો મંત્ર પણ બરાબર જપી શકયો નહિ હતો. ઉલટ સુલટ અક્ષરોના ઉચ્ચારણથી મરા મરા બોલે જતો હતો જયારે બે વખત મરા મરા બોલે ત્યારે એક વાર રામનો જાપ થઇ જતો આ રીતિએ આવા મંત્રના જાપની ધૂનમાં એ લીન બનતો ગયો. એ મંત્રના લયમાં તેનો જય થયો એ જાપમાં તદ્દાકાર થઈ ગયો તે એટલા સુધી કે તેના ઉપર રાફડા બાજયા તથાપિ એ લયનો ક્ષય નજ થયો તેના શરીર ઉપર રાફડાએ અહો જમાવ્યો તો પણ તે જાપમાંથી તે ચલિત ન જ થયો. કેવી નિશ્ચલ વૃત્તિ કેવી અડગ ધૃતિ કેવી સર્વોચ્ચ ચુકિ? પછી તો મુક્તિ થાયજ થાય. મહાન અવલ નંબરનો ડાકૂ દયાવીર બને છે. છેલ્લામાં છેલ્લો કોટીનો શયતાન છતાં સંત બને છે અને કુરૂમાંથી ગુરુ બને છે.

આ સંતના શરીર ઉપર રાફડો છવાઇ જાય છે. તે પરથી વાલીયામાંથી, વાલ્મીકિ બને છે. પછીથી ઉત્તર જીવન કાલમાં તેઓ વાલ્મીકિ રામાયણનું નવસર્જન કરે છે. માત્ર એ અક્ષરનો મંત્ર જાપ તેના પાપ તાપ અને સંતાપને હળવો કરે છે. હંમેશાં યાદ કરો जपात सिद्धिः जपात् सिद्धिः जपात् सिद्धिः नं संशयः એ શિવાય પણ જાપ જાપીન મહર્ધતા કે મહનીયતા મ્યાન નથીજ जकारो जन्मच्छिेद पकारो पाप नाशकः અર્થાત્ રોમના જોમની સાથે જાપ જપ કરવામાં આવે તો ઝટિતિ જન્મ જનમની હારમાળાને

હુરાવી દે છે. સાથે સાથે પાપના પંકનું પૂર્ણતયા પ્રક્ષાલન કરતો રહે છે.

(૧૦૦)

અધિકાર પદ પર આરૂઢ થઇને પ્રામાણિક્તાનું પરિપાલન ન કરે તે કઇ રીતિએ અધિકાર પદને લાયક ગણાય! અધિકાર પદના સંરક્ષણમાં અન્યાય ન ચાલે, અનીતિ ન ચાલે, દંભ ન ચાલે, ડોળ ન ચાલે, દમામ ન ચાલે, ઠસ્સો ન ચાલે, ઠઠારો ન ચાલે, ઠકુરાઇ ન ચાલે, છોડ મોડ કેહોડ ન ચાલે, અધિકારપદમાં લાગવગ શાહી ન ચાલે લાંચ કે રૂશ્વત ન ચાલે. ત્યારે ચાલે શું? અધિકારપદમાં જૂઠને જરાપણ આદર મલે નહિ કોઇપણ સંયોગોમાં સત્ય જોખમાય નહિં કેવલ સત્યનોજ જ્યાં પક્ષ હોય છે અને સત્યાંશ તરફજ લક્ષ હોય છે તે જ ઇન્સાન અધિકાર પદને સંભાળી શકે છે. એકવાર કોઈ અસીલ સર ન્યાયાધીશને પુષ્કળ ધન આપીને ફોડવા માટેની કોશીષ કરી રહ્યો છે. પોતાની તરફેણમાં ચૂકાદો આપવા બદલ મોં માગ્યા દામ આપવા તૈયાર છું વિગેરે વિગેરે ઘણાજ કાલા વાલા કર્યાં. આ શેઠ કોઇની મારફત ન્યાયાધીશને સંદેશો કહેવડાવે છે. કિન્તુ સર ન્યાયાધીશ સત્યવાદીને સાફ શબ્દોમાં મના કરે છે કે હું કોઇપણ સંયોગોમાં અન્યાયને તો આવકાર નહિ જ આપી શકું!

આ શેઠ કઇક જીવંત પ્રયાસો કરી રહ્યા છે. કિન્તુ સફલતા દૂર ને દૂર ખસતી જાય છે. આખરે એક વર્ચસ્વ

વાળા માણસ મારફત અન્તિમ સંદેશો મોકલાવે છે. એક કેસની ખાતર આટલું બધું ધન આપનાર કોઇ નહિ મલે. શેઠ તો મનમાં નિશ્ચય કરી બેઠા હશે કે આ છેલ્લા સમાચારથી ન્યાયાધીશ જરૂર પ્રભાવિત થશે. મારા છેલ્લા સંદેશાની અસર થયા સિવાય રહેશે જ નહિ. પરન્તુ શેઠની કલ્પના કોહવાઇ ગઇ. આ અન્તિમ સંદેશાની સામે સાર ન્યાયાધીશે ખૂલ્લો પડકાર કર્યો કે તમારા જેવા અર્થતંત્ર રજુ કરનારા તો ઘણા મલી આવે, પરન્તુ મારા જેવો ના કહેનાર કોઈ ભાગ્યેજ મલશે. તમારૂં ધન તમને જ મુબારક પરન્તુ ન્યાયથી જે થતું હશે તેજ થશે. કોઇપણ સંયોગોમાં મારો ન્યાય પૈસે વેચાશે નહિ જ શેઠ અને દલાલો જેવા આવ્યા હતા તેવા જ પાછા ફર્યા. કેટલી નિશ્ચલ વૃત્તિ કેટલો અણનમ ન્યાયાધીશ આજે અવનિમાં આવા પણ માણસો પડયા છે જે આજીવન સત્યનેજ વળગી રહે. કેટલું આત્મિક બલ ધ્યેયમાંથી ચલિત ન જ થયો તે ન જ થયો. ખરેખર અધિકારી તે જ કહેવાય જે અધિકારને લગતી તમામ કારવાહીનું શિસ્તબદ્ધ પરિપાલન કરે. યદિ તદનુસાર કારવાહી કરવામાં ન આવે તો ધિક્કારને જ પાત્ર છે.

સંસ્કૃત ભાષામાં રહેલો આ શ્લોક તમને સુન્દર સદ્બોધ આપી રહેલો છે. દરેક માણસોએ પોતપોતાના હોદ્દાનું ભાન અવશ્ય હોવું ઘટે જે માનવને પોતાના પદનું સ્થાનનું આસનનું કે અધિકારનું ગૌરવ નથી તે માનવ કે દાનવમાં કંઇક ફરક ખરો ?

અર્થાત્ અધિકારોના અસંખ્ય પ્રકારો છે. તે ચોકી જેનો જ્યાં જેવો અને જેટલો અધિકાર હોય તે તે મુજબ અધિકારીને આવકારવો એ પ્રત્યેક સ્ત્રી અને પુરૂષની ફરજ છે. ધાર્મિક સામાજીક કે કૌટુમ્બિક જે જે ફરજ તમારા ઉપર લાદવામાં આવી હોય તદનુસાર ફરજને અમલમાં મૂકવી એ તમારૂં કર્તવ્ય છે. ભૂલશો નહિ. ફરજ એ એક જાતનું કરજ છે એમ સમજીને કર્તવ્ય નિષ્ઠ બનો સાથે સાથે જ્યાં જાવ ત્યાં સાત્વિક્તાની છાયામાં બેસો અને તમારા સાથીદારોને બેસતા કરો. પછી અરાજક્તાની આંધી આપો-આપ અવનિમાંથી ઉભી પૂંછડીયે ભાગશે. કેમ આ વાત બરા-બર સમજાય છે ને ! વારૂ. સમજાય છે તો તેને અમલી બનાવવાં કમ્મર કસો. અમર થઈ જશો.

(૧૦૧)

આપણાં શાસ્ત્રો આપણને વારે વારે સાવધાનીનો સૂર આપી રહેલા હોય છે. હંમેશાં ખાડો ખોદે તે જ પડે એવો એક સનાતન સિદ્ધાન્ત છે. હાથના કર્યા હૈયે વાગે એ નિઃશંક છે. આ કહેવતને માન્યતા આપવાને માટે કોઈને પણ શપથવિધિ કરાવવાની આવશ્યક્તા ઉભી થતી નથી. ભક્ત ચન્દ્રહાસ મોતના કાવતરામાંથી કઈ રીતિએ બચી જાય છે તે આ વૃત્તાંત્ત વાંચવાથી માલુમ પડશે. બાલક ચન્દ્રહાસને ખતમ કરવા માટે મારાઓ મોકલવામાં આવ્યા. તેઓ જંગલમાં ઉપાડી ગયા. કિન્તુ આ બાલકને ખતમ કરવામાં તેમના કાંડા અને કાળજા કંપે છે. હાથ અને હૈયાં હચમચે છે.

એટલે એકાએક જંગલમાં છોડી ચાલી જાય છે. પાડોશના રાજાને ત્યાં ચન્દ્રહાસ, આરામ કરી રહ્યો છે. આ હકીક્ત પ્રધાનને મળતાં તે ત્યાં પહોંચ્યો અને બહાનું કાઢીને પોતાને ઘેર મોકલ્યો અને પોતાના પુત્રને ખાનગી સમાચાર પત્ર મોકલ્યો કે કુળ નહિ જોતો; રૂપ નહિ જોતો મુહુર્ત નહિ જોતો અને આવેલાને તુરત વિષ આપી દે જે પ્રધાન પુત્રીનું નામ વિષયા હતું. વિષનું વિષયા થઈ ગયું હતું. મારી નાખવાને બદલે આ બાળક તેજ પ્રધાનનો જમાઈ બની ગયો હતો. આ ઘટનાએ તો પ્રધાનના અંતરમાં તેલ રેડાયું. જરૂર તેનું કાસળ તો કાઢવાનુ જ છે. વૈરાગ્નિ કેવો ભીષણ અને ભયંકર છે. ચન્દ્રહાસ પોતાનો ઘર જમાઈ બન્યો છે. તેને ખતમ કરવાથી મારી પુત્રી વિધવા થશે. પરન્તુ પોતાના અંતરે સળગતો આ વૈરાગ્નિ શાન્ત કરવા માટે પોતાની જ પુત્રી વૈધવ્યદશાની કડક સજા ભોગવશે એ જાતનું ભાન શાન ભૂલીને પણ પ્રધાન તો ચન્દ્રહાસને ખતમ કરવા માટે જ ષડયંત્ર રચી રહ્યો છે. ચન્દ્રહાસને પાંસે બોલાવીને મીઠી મધુરી વાતો કરે છે. હમેશાં **विष कुम्भं पयोमुखं** ની માફક ખટમીઠી વાતો કરી ને અન્તિમમાં જણાવ્યું કે અમારા કુળનો રીવાજ છે કે જમાઇએ પરણ્યાની પહેલી રાતડીએ કુલદેવીનું જઇને પૂજન કરવું જ જોઇએ. માટે તમે આજે મધરાત્રીએ ગામની બહાર આવેલી આપણી કુલદેવીનું પૂજન કરવા જાઓ. ચન્દ્રહાસ બિચારો ભલો ભોળો. પરન્તુ ભોળાના

ભગવાન એ સિદ્ધાન્ત છે અને તે સાચો સનાતન છે. જમાઇએ ત્યાં જવાની હા કહી. આ તરફ તેનો નાશ કરવા માટે ચાર મારાઓને સંકેતાનુંસાર ત્યાં ગોઠવી દેવામાં આવ્યા હતા. બરાબર પાઠ શીખવવામાં આવ્યો હતો કે કુલદેવીના પૂજન અર્થે જે કોઈ આવે તેને ત્યાંજ ઠાર કરી દેવો. જે કોઈ આવે તેને મારી નાખવો છોડવો નહિ તમને તેના બદલામાં સારું ઈનામ આપવામાં આવશે અગર છોડી મૂકશો તો કડક શિક્ષા થશે. આ તરફ નિર્ણય લીધા બાદ ચન્દ્રહાસ પીતામ્બરી પહેરીને અર્ઘ્ય માટેની સાહિત્ય સામગ્રી સાથે કુલદેવીના પૂજનાર્થે નિકળી પડયો. આ સમયે પ્રધાને તૈયાર કરેલા ચાર મારાઓ પણ જઈ રહ્યા હતા. કિન્તુ કર્મમહારાજાની લીલા અગમ્ય છે. તેનું તાંડવ અજબ ગજબ હોય છે. ભાગ્ય વિધાતાની વિચિત્રતા અદમ્ય હોય છે. ચન્દ્રહાસ જઈ રહ્યો છે તેજ માર્ગમાં ચન્દ્રહાસને શોધતો શોધતો એકાએક પ્રધાન પુત્ર મલ્યોં. તેણે કહ્યું કે હમણાં ને હમણાં તમે રાજમહેલ તરફ જાવ. ચન્દ્રહાસ કહે છે. પ્રધાને કહેલું છે કે કુલ દેવીનું પૂજન કરવું અતિ આવશ્યક છે. તો મને પૂજન અર્થે જવા દો. પૂજન કરીને હું તુરત જ રાજમહેલ તરફ જઈશ. પ્રધાનપુત્ર કહે છે કે એમ નહિ તમે વિના વિલંબે જાવ. ચન્દ્રહાસ કુલદેવીના પૂજન માટે નિઃશંક જઈ રહ્યો છે. વચ્ચે પ્રધાનપુત્ર આવીને રોકી દે છે અને કહે છે કે તમારે કુલદેવીનું પૂજન આ રાત્રીમાંજ કરવાનો આગ્રહ હોય તો મને તમારો પોશાક આપી દો અને પૂજનનો અર્ઘ્ય થાળ સને આપી દો. હું

પૂજન કરીને આવી પહોંચ્યું છું. તમે સુખે સમાધિએ રાજ-મહેલ તરફ જાવ. આ છેલ્લા નિર્ણય અનુસાર ચન્દ્રહાસ રાજમહેલ તરફ જાય છે. અને પ્રધાન પુત્ર ચન્દ્રહાસનો પોશાક પહેરી હાથમાં પૂજનનો થાળ લઈને કુલદેવીના મન્દિરે જઈ પહોચે છે. ત્યાં પૂર્વ સંકેત અનુસાર મારાઓ તુરતજ ઉડાવી દે છે. આ પ્રમાણે કોનું મોત કોના ઉપર ફેરવાઈ ગયું. આ છે કર્મની અગમ લીલા કોણ કળી શકે! માણસ જાત બીજાનું નુકશાન કરવા ચાહે તો પરિણામે તેનું જ નુકશાન થતું હોય છે.

જેવી કરે છે કરણી તેવી તુરત ફલે છે
બદલો ભલા બૂરાનો અહિંને અહિં મલે છે

(૧૦૨)

આ વાર્તામાં તમને પુત્રવધૂની વાત અંશે યોગ્ય જણાશે જ્યારે સાસુનું કથન મહદંશો ઉચિત સમજાશે એવી ઘટના છે. એક નવ વધૂ પરણીને સાસરે આવી છે. ઘરમાં માત્ર તેણીનો પતિ અને વૃદ્ધા સાસુ હતી. આ ઘરડી સાસુ અંધ પણ હતી. પુત્રવધૂને સાસુજી પ્રત્યે સદ્‌ભાવ હતો. યોગ્ય સેવા આપીને સાસુજીને સંતુષ્ટ રાખતી હતી. સમય જતા લોકોની વાતો સાંભળીને નવવધૂનો સાસુજી પ્રત્યેનો સદ્‌ભાવ ઠપ થતો ગયો. ધીમે ધીમે સાસુને સતાવવા લાગી. ક્યારેક સાસુની લાકડી ગૂમ કરી દે. ડોશીમા જ્યારે બૂમ પાડે ત્યારે સૂનમૂન થઈને સાંભળ્યા કરે. ક્યારેક તો ચાકડી છૂપાવી દે, યેન કેન સાસુને રંજાડવાની મેલી

રમતો શરૂ થઈ ચૂકી. આંધળા માણસને પગલે પગલે લાકડી અને ચાકડીની જરૂર પડે જ પડે સાસુ બરાડા પાડે તોય સાંભળેજ કોણ ? વહુ બહુજ કકળાટના અંતે છણકા કરતી લાવી આપે. સાસુ બિચારી દુઃખી દુઃખી થઈ ગઈ છે. કોઈ ઉપાય રહ્યો નથી. સતામણીની હદ જ્યારે આવવા લાગી ત્યારે સાસુએ પુત્રવધૂને કહ્યું તું મને હંમેશાં શા માટે દુઃખી કરે છે શા માટે સતાવે છે ? તેના જવાબમાં પુત્રવધૂ એકાએક બોલી ઉઠી કે લોકો મારફત સાંભળવામાં આવ્યું છે કે તમે તમારી સાસુને ઘણાં જ દુઃખી કર્યાં હતા તમે તમારી જાતે અમને રસ્તો બતાવ્યો છે માટે હું પણ તે રસ્તે ચાલી રહી છું. આ સત્ય બીના સાંભળીને સાસુજીએ કહ્યું તારી વાત વળી તદ્દન સાચી છે. મેં મારી સાસુને ઘણી બૂરી રીતિએ રંજાડયા હતા તેથી મારા જ કરેલાં કર્મ આજે હું ભોગવી રહી છું.

એમાં જરાય ખોટું નથી, નથી ને નથી. પરન્તુ તું આજે તારી સગી આંખે જોઈ રહી છું હું આજે મારા કર્યાં કર્મ ભોગવી રહી છું તેમ તારે પણ પછીથી ભોગવવાં પડશે જ ને ? એ વાત કેમ ભૂલી જાય છે ! તારો પણ વારો તો આવવાનો જ ને ? વારા પછી વારોજ આવે એ જ કુદરતનો ન્યાય છે. મારી આ અવદશા જોઈને તું કેમ સમજતી નથી, આજે હું આંધળી થઈ બેઠી છું એક તો અબલા અને તેમાય આંધળાનો અવતાર તેને માટે ઘર એ ઘર નથી પણ નરકાગાર છે. અરે મને પૂછે તો નરક સારૂ

પણ આંધળાની અવદશામાં અટવાઇ મરવું ઘણું જ કપરૂં છે. તારે પણ આવી દુર્દશામાં ડૂબી મરવું હોય તો ખુશીથી તું તારી સાસુને સતાવજે રંજાડજે રીબાવજે હવે પછી હું તને કશુંજ નહિ બોલું ! મારે મારા કરેલાં કર્મ ભોગ-વવાનાં છે હું ભોગવી લઇશ હું તો હવેથી તને આશિ-ર્વાદ આપું છું તું સુખે ઘરના વૈભવને ભોગવીને સુખી થા બસ, ડોશીમાના આ અંતરના ઉદ્ગારો સાંભળીને પુત્ર-વધૂ પ્રભાવિત થઈ ચૂકી તેણીએ નિશ્ચય કર્યા કે હવે પછી મારી સાસુને સંતાપ કરાવવો નહિ. બનતી સેવા આપીને તેમના અંતરનો મારે મીઠો આશિર્વાદ મેળવવાનો છે. બસ આવો માનસિક દૃઢ સંકલ્પ કરીને પોતાના કરેલાં અપરાધની ક્ષમા માગી રહી છે. ડોશીમા હળવા હૈયે ક્ષમા આપે છે. જોઈ લ્યો આ બંને પાત્રો કેવા ધડો લેવા લાયક છે. હવે પછી આ સાસુ વહુના સંસાર સ્વર્ગીય બન્યો હંમેશાં યાદ રાખો જ્યાં કલેશ કંકાશ ને કીકીયારીની કાલીમા છવાઈ જાય ત્યાં પછી સુખની છાયા ભાગ્યેજ દેખાય અત; ગૃહસ્થ જીવનની દીક્ષા લેનાર કોઈપણ લલના માટે આ વાર્તા સુન્દર ઉદ્-બોધન કરે છે કે તમારે સુખની છાયામાં બેસવું જ હોય તો કોઇનેય પણ સતાવવું નહિ રીબાવવું નહિ તેમ તેમને કોઇપણ જાતનો પરિતાપ આપવો નહિ.

હંમેશાં યાદ રાખો **स्वे स्वे कर्मण्य मिरत संसिद्धि लमते वर:'**

દરેક માણસોએ પોત પોતાની કારવાહીમાં કુશલ રહેવું જોઇએ તોજ સિદ્ધિ સાંપડે છે. કર્તવ્ય એવાં કરો કે જે તમારું ભર્તવ્ય કરે તમારૂં પોષણ કરે માતૃવત

પરિપાલન કરે પરન્તુ કેટલાક માણસોનાં કર્તવ્ય એવાં હોય તે જે તમને મર્તવ્ય રૂપ નીવડે ટુંકાણમાં કર્તવ્ય ભર્તવ્ય અને મર્તવ્ય આ ત્રણ શબ્દો ઉપર લક્ષ વધુ ને વધુ કેન્દ્રિત થાય. આ ત્રણ શબ્દોને ક્યારેય પણ ભૂલતાં નહિ આ ત્રણ શબ્દોનો સમન્વય કરશો તો ઘણું જાણી શકશો.

(૧૦૩)

કોઇ પણ શુભ કાર્ય અંગે કરવામાં આવતી માયા પણ પ્રાણીને ગબડાવી દે છે. તો પછી નર્યા સ્વાર્થને પહોંચી વળવા માટે કરવામાં આવતી માયા માનવને અધઃ પતનની અધોગતિમાં ઘસડી જાય છે.

પૂર્વ જન્મના બારામાં ભરતજી તથા બાહુબલજીના જીવો મુનિ ભગવંતોને આંતરિક અને હાર્દિક સેવા આપી રહ્યા હતા જ્યારે બ્રાહ્મી અને સુંદરીના જીવો અભ્યાસમાં વધુ સમય વીતાવતા હતા પરન્તુ શાસ્ત્રીય સૂચનાનુસાર સંયમી જીવનમાં હંમેશાં પ્રથમ મંગલાચરણમાં ગુરૂઓની આજ્ઞાનું પરિપાલન કરવું જોઇએ. તત્પશ્ચાત ગુરુઓ તેમજ વડીલોની સેવા કરવામાં સાવધાની અને ત્રીજી બાબતમાં અધ્યયન આ પણ બાબતોમાં વધુ મહત્વ આજ્ઞાનું છે. એ નિર્વિવાદ છે જે સમયે જે હવા ચાલતી હોય તેની પ્રશંસા હોય છે. ભોજનના વિષયમાં રસોઈયાની વૈયાવચ્ચ થાય, સેવાના બારામાં સેવા કરનારા સાધુ મુનિની તારીફી હોય એ સ્વાભાવિક છે. ગુરૂભગવંત સેવા યજ્ઞમાં ઝુકાવનારા સાધુઓના ગુણાનુવાદ કરતા કરતા કહી રહ્યા છે કે આખા

ગચ્છની શોભા કે આભામાં અભિવૃદ્ધિ આ અણગારોને જ આભારી છે દુનીયાનો સામાન્ય વ્યવહાર છે કે જેનું લગ્ન હોય તેના ગીતો ગવાય પેલા અભ્યાસી લબ્ધિવંત બે સાધુઓ (બ્રાહ્મી સુન્દરી) આ સહજ બાબતને નહિ સમજી શક્યા હોવાથી ઉલટાંજ વિચારો કરી રહ્યા ગુરૂજીએ તો માત્ર ગુણનીજ પ્રશંસા કરી હતી અને હંમેશાં ગુણાનુવાદ સમ્યકત્વમાં વિશેષતયા શુદ્ધિ કરે છે. પરન્તુ બ્રાહ્મી સુન્દરી શાસ્ત્ર વિરુદ્ધ કલ્પનાઓ કરતા રહ્યા. પોતાના ગુરૂજીને પક્ષ-પાતી તરીકે ગણવા લાગ્યા. પરિણામે સમ્યકત્વનો ઘાત કર્યો અને સાથે સાથે સ્રીવેદનો બંધ પડયો.

(૧૦૪)

આજકાલ હુંપણાનો નાદ સર્વત્ર વ્યાપક છે. હું એટલે શું, હું એટલે કોણ વિગેરે મંત્રણા કરવાની કોને પડી છે! આજે લગભગ સર્વત્ર હું અવિનાશી એકજ અક્ષર હૈયામાં કુદાકુદ કરી રહ્યો હોય છે. 'હું નો પરિચય મેળ-વવાની કે હું ને ઓળખવાની કોને પડી છે!' હું અક્ષ-રની યથાર્થ મહત્તા સમજાઈ જાય તો પછી હું ની અંધા-ધૂંધીમાં ઈન્સાન અટવાઈ ન જ મરે. તદનુસાર મદનીયાના મોતની પાછળ યત્ર તત્ર રડારોલ ચાલી રહી છે. રાજા કે પ્રજા જનોમાં અશ્રુભીની આંખો જોવા મલે છે. પરન્તુ મદનીઓ કોણ છે!

એ કોને વિચારવું છે! કોઈ કોઈની પાસે માર્ગ દર્શન મેળવવા માગતું નથી ઘડીભર તો રડી જ લેવાનું છે. તે સિવાય છૂટકો નથી. ક્યારેક કર્મ યોગે એક રાણી

અને કુંભારણને મિત્રાચારી થઈ ગઈ. સખીભાવમાં જોડાઈ ગયાં. જેમ પુરૂષો પોતાને લાયક કંપની શોધી કાઢે છે તેમ સ્રીઓનો જાતિ સ્વભાવ છે કે એકલવાયા પણું ન ગમે. આ રાણીના મહેલ પાસે જ કુંભારણ રહેતી હતી. માટે આ બંને વચ્ચે મૈત્રી ભાવ જામ્યો. ખરેખર જામી ગયો. આ કુંભારણ નવરી પડે કે તુરત જ નિઃશંક રાણી પાસે આવીને બેસી જાય. મિત્રતા ક્યારે કોની સાંથે થઈ જાય છે ધીરે ધીરે વધતી વધતી તે કેવું રૂપ પકડે છે તેની કલ્પના કેમ થઇ શકે! ભાવિ યોગ બલાતૂ આ કુંભારણ પણ એક આંખે કાણી હતી. આ કાણી કુંભારણ સાથે આ રાજરાણીનો યોગ કેમ સંભવી શકે? પરન્તુ કુદરતની લીલા અગમ્ય છે તેનો પાર કોઈ પામ્યું છે ખરૂં?

ક્યાં રાણી ને ક્યાં કાણી, ક્યાં માસી ને ક્યાં દાસી, ક્યાં કુંભારણ ને ક્યાં સંભારણ? હંમેશાં કુદરતના જોડાણની પાછળનું મૂળ કોઈથી પકડી શકતું નથી જ. નિત્ય નિયમાનુસાર એક દિવસ કુંભારણ આવી ન શકી. રાણીને કેમેય ચેન ન પડે. ચલ વિચલ થતી જ રહે. સૂર્યાસ્ત થતાં સુધી પણ તે ન આવી પહોંચી ત્યારે રાણીએ અપની દાસીને તપાસ કરવા મોકલી હતી. દાસી તેણીના ગૃહાંગણે જઈ પહોંચી ત્યા તો કુંભારણ રડી રહી છે. પ્રત્યક્ષ રડી રહેલા માણસને કોઈ સામાચાર સંદેશો ભાગ્યેજ પૂછી શકે એ એક સામાન્ય નિયમ છે. છાતી ફાટ રુદન અને માથાં કૂટતી કુંભારણને જોઇને દાસી હેબતાઈ ગઇ. દોડીને સીધી આવી

રાણી પાસે દુઃખદ શોક સમાચાર આપી રહી છે. અપની સહીયરના શોક સમાચાર સાંભળીને રાજરાણી પણ સ્વયં પોકે પોકે રડવા લાગી ગઇ. બસ રડતા રાણી સાહેબને જોઇને રાજા પણ રડવા બેસી ગયો. ખૂદ પ્રજાપાલક રાજા રડવા લાગ્યો. પછી ક્રમશઃ પ્રધાન અમાત્ય પુરોહિત ઇત્યાદિ રાજકીય કર્મચારીઓ રડવા લાગ્યા. પૂરા રાજમહેલમાં જ્યાં જુઓ ત્યાં આક્રન્દ રૂદન શિવાય કશું જ સાંભળવા ન મલે. સમસ્ત રાજગઢીમાં ગમગીન વાતાવરણ સર્જાઈ ગયું. પછી ગામનું તો પૂછવું જ શું ? નગરમાં જ્યાં જુઓ ત્યાં ઘર ઘરમાં દ્વારે દ્વારે શોકની હવા છવાઇ ગઈ. યત્ર તત્ર રૂદનની રેકોર્ડ સાંભળવા મલે છે. લગતા રૂદનની વિધિ બે ઘડી પર્વની ચાલતી હોય છે. રોઈ રોઇને તમામ શાંત થયા ત્યારે માંહોમાહે સમાચાર પૂછવામાં આવે છે કે ક્યાં કોનું અવસાન થયું છે. નક્કી કોઇ મોટો માણસ મરણ પામેલો હોવો જોઇએ. જરૂર કોઈ રાજા યા રાણીનો અંગત ઇન્સાન અવસાન પામેલો હોવો જોઇએ કોઈ કઇ કલ્પના કરે છે કોઈ કંઇ અનુમાન લડાવી રહ્યા છે પ્રજા જનોમાંથી જયારે કંઈ જ સત્તાવાર સમાચાર ન મલ્યા ત્યારે રાજકર્મચારી પુરૂષોને પૂછવામાં આવે છે પ્રધાન સુધી આ સમાચાર પહોંચે છે, ત્યારે પ્રધાન પણ અજ્ઞાત છે. ખૂદ રાજાને પૂછવામાં આવ્યુ ત્યારે રાજા સ્વયં વિચારી રહ્યો છે કે જરૂર રાણીના પીયરીયા માંથી કોઇનું અવસાન થયેલું હોવું જોઇએ અહિં સુધી તો રાજા પોતે અનભિજ્ઞ છે. જયારે રાણીને સમાચાર પૂછવામાં આવે છે. ત્યારે રાણી પણ અજાણ છે. ઉડતા

સમાચાર રાણી દ્વારા જાણવા મલ્યા કે મારી સખીનો મદનીયો મરણ પામેલો છે. બસ જ્યાં જુઓ ત્યાં મદનીયાના નામે મોંકાણ મંડાઈ ચૂકી હતી. પણ મદનીયો કોણ છે તે કોઇનેય માલુમ નથી.

પછી ધીરે ધીરે લોકોને જાણવા મલ્યું કે સખી કોણ છે અને મદનીયો કોણ છે. પછી જનતાને પોતાની અજ્ઞાનતા ઉપર નફરત થઈ. આ બિચારી કુંભારણને છોકરૂં છૈયું કંઈ નહિ હતું. ત્યારે માત્ર માનસિક સંતોષની ખાતર એક ગધેડાના બચ્ચાનું નામ મદનીયો રાખવામાં આવ્યું હતું. આજે પણ ઘણી મોહવિહવલ વનિતાઓ જ્યારે વાંઝણી હોય છે ત્યારે ઢીંગલીની માફક કપડાનું છોકરૂં બનાવીને યા તો પ્લાસ્ટીકના બનાવેલાં પૂતળાં તૈયાર આવે છે. સચમુચ જોનારને સજીવન બાળકજ જણાય. આવા પૂતળાને બજારમાંથી ખરીદી લાવવામાં આવે છે. પછી પુત્રવત્ તે પૂતળાની સાથે આલિંગન ચૂંબન ઇત્યાદિ કરવામાં આવે છે. આ એક જાતનો વ્યામોહ છે. વ્યામોહ એ વડવાનલ અનલ જેવો છે. સજ્જનો હંમેશાં વ્યામોહથી વેગળા રહેજો.

આ રીતિએ જીવનમાં અજ્ઞાનતા કેવું હવામાન ઉભું કરે છે તે આ વાર્તા ઉપરથી સમજી શકાશે. તદનુસાર સંસારી જીવડાઓ અજ્ઞાત હોય છે. ત્યાં સુધી જ સાઠમારી ચલાવી રહ્યા હોય છે જ્યારે પોતાનું વાસ્તવિક સ્વરૂપ

જાણુવામાં આવે છે. ત્યારે તેને પોતાના કર્તવ્ય તરફ ભારે ભાર ઘૃણા પ્રગટે છે. આ છે જીવની વિભાવદશાની રૂપ રેખાનું નિદર્શન જ્યાં સુધી જીવડો વિભાવદશામાં વ્યગ્ર હોય છે ત્યાં સુધીજ સડણુપડણુ વિધ્વંશન કે વિનિ વૃત્તિ હોય છે. અતઃ વિભાવદશામાંથી વિરમીને સ્વભાવદશામાં સ્થિર થવા માટેજ સર્વજ્ઞ શાસનની સમુપાસના છે.

(૧૦૫)

કયારેક કોઇ દુષ્કર્મના યોગે સત્પુરૂષ કે મહાત્માથી કંઇ પણ અસત્કર્મ થઇ જાય, ન છાજે તેવું અઘટિત કાર્ય થઇ જવાની શકયતા છે. કયારેક એવો કટોકટીને પ્રસંગ તમારી સામે આવી ચડે તો માનવની આ તકે ફરજ છે કે ધર્મ કે ધર્માત્માની નિન્દા ફજેતી યા છજેતી ન થાય તે જાતની હવા ઉભી કરવી જોઇએ. માનવને સમજી લેવાની જરૂર છે કે હંમેશાં કર્મની કૂટીલતા અજબ છે કર્મની અસર નીચે રહેલો માનવી કયારેક એવું ભયંકર કુકર્મ કરી બેસે છે તેની કલ્પના માનવની શક્તિની બહાર છે. કરમને વળી શરમ કેવી ? વિચાર વિમર્શ ન હોઈ શકે ! સમજી લ્યો કે કર્મ મહારાજાને પાંખો છે પણ આંખો નથી. જુગજુગથી કર્મ મહારાજા કેવલ પાંખોના સુંવાળા સહારે જ્યાં ત્યાં ઉડયન કરી રહ્યા હોય છે. આંખો હોય તોજ જોઈ શકાયને ? આંખો વિનાનું પંખીડું માત્ર પાંખોના જોરે જ્યાં ત્યાં ભાગા ભાગ કરતું હોય છે. પછી ભલે ને આગ હોય કે નાગ હોય ! આંધળું પંખીડું થોડું જોઇ

શકે છે ? સમજી લ્યો આ છે કર્મની રૂપરેખાનું નિદર્શન કર્મની ગહન ગતિની વિષમતાનું વર્ણન વાંચ્યું વંચાય નહિ તો પછી લખ્યું લખી શકાય જ કેમ ? કર્મની મૌલિક્તાની અન્તર્ગત પડેલાં સત્ય કે અસત્ય તેનું તમે પૃથકકરણ કરી શક્તા નથી, કેમ કે જૂઠને આંખ હોતી નથી અને સત્યને પાંખ હોઇ શક્તી નથી. માટેજ સત્ય અસત્યની પરખ કરવી સહજ નથી. સત્કર્મ કે અસત્કર્મનું આલેખન કરવું પણ તેટલું જ દુષ્કર છે. ઘણી વખત તમે ચાક્ષુષ પ્રત્યક્ષને વધુ વજન કે મહત્વ કે આવકાર આપી રહેલા હો છો. કિન્તુ એ તમારી નરિ ભ્રાન્તિ હોય છે. યાદ રાખો તમે લોકો માત્ર ચાક્ષુષ પ્રત્યક્ષનેજ વધુ વજન કે મહત્વ આપીને બેસી રહેશો તો સાતસો ભવોએ પણ સત્યદેવની સાથેનો સંપર્ક સાધી શકવાના નથી એટલે કે દેખીતાં દૃશ્યોને જ તમે તોલતા રહેશો તો નહિ ચાલી શકે. ગિરિ ગહ્વરમાંથી નિકળી પડેલા મહાત્મા કોઇ એક સદ્‌ગૃહસ્થના ઉજવલ આંગણે આવી ચડે છે. આ સદ્‌ગૃ-હસ્થ શ્રીમાનનું બહારનું આંગણું ઉજવલ છે એમ નહિ કિન્તુ તેના અંતરનું આંગણું અતિ ઉજવલ છે. હંમેશાં દૈવી અને અલભ્ય પદાર્થો પુણ્યશાલીને જ પ્રાપ્ત થતા હોય છે. આ સદ્‌ગૃહસ્થ શ્રીમાન પ્રમુદિત થાય છે. મારા આંગણે પવિત્ર પુરુષના પનોતાં પગલાં કયાંથી ? આ વખતે ભોળો ભક્તજન ખૂબજ ગર્વ લઇ રહ્યો છે. તદનુસાર આતિથ્ય સત્કાર સમારંભમાં પણ તેટલો જ રસ લઇ રહ્યો છે.

કેટલાક ભક્તજનો માત્ર વાણી ઉપરજ વર્ચસ્વ ધરાવનારા હોય છે. જ્યારે તેજ લોકો અણીના અવસરે અલગ જ રહેતા હોય છે. કિન્તુ સાચો ભક્ત તે કે જે આ જીવન અપના આપ જનને વળગી રહે. આ સદ્‌ગૃહસ્થ શ્રીમાન્ આંગણે આવી ચડેલા મહાત્મા પુરુષની ત્રણ ત્રણ દિવસ સુધી સેવા ભક્તિ એવી ઉચ્ચતમ અને અત્યુતમ કેવલ નિષ્કામ ભાવનાર્થે કરી રહ્યો છે. कर्मण्येवाधि कारस्ते, मा फलेषु कदाचन તમે સ્વયં કર્તવ્ય નિષ્ઠ બનો ક્યારેય પણ ફલની આશા ઉપર લટકતા ન રહો. દુનિયાના પ્રત્યેક ધર્મ શાસ્ત્રોનો આ સૂર છે. અને તે સાંભળીને ચાલો મહાત્માજી આગળ પ્રવાસ કરવાની તૈયારી કરી રહ્યા છે. તે જમાનામાં બસ વ્યવહાર કવિચત્ ક્યાંય જોવા મલતો. મહાત્મા જ્યારે મંગલ પ્રયાણ કરી રહ્યા છે ત્યારે આ સદ્‌ગૃહસ્થ શ્રીમાનનો માત્ર નવ વર્ષનો બાલક ત્રણ ત્રણ દિવસ પર્યંત મહાત્માના સાનિધ્યથી પ્રભાવિતથયો હતો. મહાત્મા જ્યારે પ્રયાણ કરી રહ્યા છે ત્યારે આ માસુમ બાળક મહાત્માની સાથે થોડા ટાઇમને માટે પણ જવા તૈયાર થયો હતો. લોકો જ્યારે છેલ્લી વિદાય આપીને પાછા ફરે છે, ત્યાર પછીથી મહાત્મા અને આ બ્રાહ્મણ પુત્ર એકાએક જંગલમાં ચાલ્યા જતા હોય છે.

બાલક આભૂષણોથી અલંકૃત છે. બાલકનો બાપ ભક્તિ રસથી ભરપૂર છે. ઘરે બેઠેલા બાપના હૈયામાં મહાત્માજી તરફ ભારોભાર સદ્‌ભાવ છે. રગ રગમાં રામ છે

અને અંતરમાં આરામ છે. આવા ઉજ્વલ આદર્શને અપ-નાવનારા ઇન્સાનને કસોટીમાં લસોટી લેવાનો લાવો ક્યારેક કુદરત લેતી રહે છે. તદનુસાર આં સદ્ગૃહસ્થ શ્રીમાનને કડક અને કઠોર તપશ્ચર્યા કરવાનો કપરો કાલ આવી રહ્યો છે. કિન્તુ આ બ્રાહ્મણ શંભુનાથ છે. ધીર વીર અને ગંભીર છે. આ મહાત્માના ગૌરવથી ગરિષ્ટ બનેલો બ્રાહ્મણ કેટલો વરિષ્ટ છે તેનું માપ તમે સ્વયં નિકાલી શકશો. આ તરફ ભર જંગલમાં ગુલાબના ગોટા જેવા અને કુસુમની કલિમા જેવા આ ગભરૂ બાલકને ગળું દબાવીને ખતમ કરવામાં આવે છે. સાથે રહેલા આ મહાત્મા અલંકારો લઇને ધીમે પગલે આગળ જઇ રહ્યા છે અને બાલકના શબને ખીણમાં ફેંકી દેવામાં આવે છે.

મહાત્મા નિઃશંક આગળ ચાલ્યા જાય છે. વાંચક સમજી શકે છે. કે पापः सर्वत्र शंकिता આ સૂત્રાનુસાર પાપી મનુષ્યોનાં પગલાં હંમેશાં હાથી પગલા જેવાં થઇ જાય છે. પાપી માનવો એ પગલાં આગળ જાય ત્યાં ચાર પગલાં પાછળ પડે. વિચારો આ કંઇ રીતિએ બને ? કિન્તુ આ ઘટના તો એક ઇશ્વરી લીલારૂપે છે. એટલે જેને લોકો ઇશ્વરી લીલાના નામે સમાધાન કરી લેતા હોય છે. વાસ્ત-વિક તો આ તમામ કર્મ લીલા છે. ‘પામવી મુશ્કેલ છે. અજબ લીલા કર્મરાજની માયા મધુર જાદુ ભરેલી મહાત્-માના અવતારની’ દૈત્ય કે દાનવ પણ મખમલ જેવા મુલા-યમ બાલકને જતું કરે તો પછી માનવ માટેનો પ્રશ્નજ

ક્યાં છે ? જ્યારે આ સમર્થ શક્તિશાલી મહાત્મા પુરૂષ આવું અધમાધમ અઘટિત કાર્ય કરી શકે બસ ? પરન્તુ આ ભક્તની કસોટી થઇ રહી છે. સવારના સાત વાગે અલ્પાહાર કરીને ગયેલો બાલક જ્યારે બાર વાગ્યા સુધી ગૃહાંગણે ન આવ્યો ત્યારે તેના પિતા બાલકની શોધમાં નિકળી પડે છે.

મહાત્માના પગલે પગલે આગળ ચાલ્યો જાય છે. ત્યાં એક તરફ ખીણમાં તેજ બાલકનું શબ પડેલું જોવામાં આવ્યું હતું. ઘડીભરને માટે તેના અંતરમાં ભારે આંચકો જરૂર આવ્યો હતો. કિન્તુ ઇશ્વરીય લીલા છે એમ માનીને તે મનમાં ને મનમાં સમાધાન મેળવી લે છે. નિઃશંક છે કે આ કૃત્ય મહાત્માપુરુષનું છે. તથાપિ આ બ્રાહ્મણના અંતરમાં જરાય અભાવ નથી. દિલમાં જરા સરખોય દુર્ભાવ નથી. મનમાં જરાય મુંઝવણ નથી. બાલકના શબ ઉપર રહ્યા સહ્યા અલંકાર લઇને આ બ્રાહ્મણ ભાઈ આગળ વધી રહેલા મહાત્માની સામે જઇ પહોંચે છે. નમસ્કાર કરીને વિનંતિ કરી રહ્યો છે કે તે બાલકનાં બાકી રહેલા આભૂષણો પણ સહર્ષ સ્વીકારો, અમ જીવન ધન્ય ધન્ય બની જશે. જ્યારે પાછો ફરે છે ત્યારે અંતરના ઉલ્લાસ પૂર્વક હાર્દિક વિનંતિ કરી હતી કે પુનઃ આપ મારા ગૃહાંગણે પધારી લાભ આપી અમી વરસાવવા મહેરબાની કરશોજી. આ બ્રાહ્મણ ભાઇનો એકનો એક પુત્ર માત્ર નવ વર્ષનો માસુમ બાલક સમજી લ્યો ખીલતું પુષ્પ આજે ખરી જાય

છે. કલ્લોલ કરી રહેલું કુસુમ કરમાઈ જાય છે. મસ્ત મોગરો મુરઝાઈ જાય છે. અને તે પણ એક મહાત્માના વરદ હસ્તે આ કરપીણ કૃત્ય આવી ગોઝારી દુર્ઘટના થવા પામી છે. છતાં આ બ્રાહ્મણ ભાઇના અંતરમાં જરાય અભાવ નથી તેના દીલમાં જરાય ડંખ નથી. કાળજામાં જરાય કલ્પાન્ત નથી, ધન્યવાદ બ્રાહ્મણ ભાઇ તમારી ધીર વીરતાને આ દશ્ય જોઇને ભલ ભલાના છક્કા છૂટી જાય. ભલભલા ભડ-વીરો ભાન શાન ભૂલી બેસે નૌતમ નરવીરો પણ રોવા બેસે જ્યારે આ મૃત બાલકનો પિતા એમ બોલે છે કે જે થયું તે સારા માટે. મહાત્મા પુરૂષોનો પ્રણય અનોખો હોય છે.

તેનેકોણમાપી શકે? હમેશાં મહાત્મા પુરૂષોની મસ્તી અને તેઓની અસ્તિનું મૂલ્યાંકન કોણ કરી શકે? મહાન શક્તિના સૂત્રધારો પણ વિમાસણમાં પડી જાય ત્યાં સામાન્ય ગણાતા માણસો કઈ વિસાતમાં? પરન્તુ અહર્ના આ બ્રાહ્મણ મહાત્માજી પ્રતિ જરાય જોર જમાવતો નથી એટલુંજ નહિ કિન્તુ વારે વારે વિનવણી કરી રહયો છે કે મહાત્મન્ મારૂં ગૃહાંગણ પાવન કરો હું આતિથ્ય સત્કાર કરીને કૃતાર્થ થાઉં. વિચારો કયાં સુધીની ઉચ્ચ અને ઉદાત્ત અન્તર્ગત ભાવના કેવો ઉચ્ચતમ આદર્શ જનતાને આપી રહ્યો છે. બાલહત્યા જેવા કરપીણઅને ગોઝારા કૃત્ય કરનારા મહાત્મા પ્રતિ પ્રકૃષ્ટ પ્રેમ ભાવ ધન્ય ધન્ય બ્રાહ્મણ તમા જીવનને દિલમાં દુર્ભાવનાના દરિયા દેખાઇઆવે તેના બદલે કેટલો સદ્દભાવનાનો સંચાર.

આખરે બાળકના શબને લઈ ઘર ભણી જાય છે. મેડા ઉપર જઇને શબને વ્યવસ્થિત રીતિએ ગોઠવી દેવામાં આવે છે. મૃત બાળકની માતા બહાર પાણી ભરવા માટે ગઇ હતી. આવીને પાણીનાં મટકાં યોગ્ય સ્થળે મૂકીને આંગણાંમાં આરામ કરવા બેઠેલી છે. દરમ્યાન આ બ્રાહ્મણભાઈએ તે શબને નીચે ગબડાવ્યું. જ્યાં તેની માતા આરામ કરી રહી હતી. માત્ર મિનીટોમાં સમસ્ત ગામમાં ગમગીની છવાઇ ગઈ હતી. અરે આ શું આભલુંજ તૂટી પડયું ન હોય. ગામમાં ટોચ ગણાયતા શ્રીમંતોમાં અગ્રેસર પંચમાં પૂછાતો માણસ તેટલોજ ભક્તિ ભાવનાથી સભર પૂ મહાત્મા પ્રત્યેનો સમ્પૂર્ણ સદ્‌ભાવ. ઘરનો એકનો એક વારસદાર ઔરસ પુત્ર આ રીતિએ માર્યો જાય એ કોણ સહીશકે તથાપિ આ બ્રાહ્મણના હૃદયમાં ઉલટો રમ્યભાવ છે.

આ રીતિએ ઉપર અગાસીમાં ગોઠવી રાખવામાં આવેલી કારવાહીની પાછળ મુખ્ય આશય એ હતો કે મારા માનનીય મહાત્મા પુરૂષની નિન્દા કે ગર્હા કરવાનો કોઇને પણ અવકાશ આપણા તરફથી મલવોજ નહિ જોઇએ. બસ આ જાતની ખૂમારી તેના મગજમાં છલોછલ ભરી પડી હતી. કોઇના પણ અંતરમાં એ જાતનો આભાસ નહિજ થવો જોઇએ કે આ કૃત્ય મહાત્માનું છે. કેમકે આ આદરણીય આપ્ત પુરૂષની જીવન લીલા અનોખી છે. એઓશ્રીએ જે કર્યું છે તેને હું માન્યતા આપી રહયોછું. આ તરફ નગરની સમસ્ત જનતા આ બ્રાહ્મણભાઇના આંગણે આવી

ચડી છે. શ્મશાન જવાની તૈયારી થઈ રહી છે. છેલ્લામાં છેલ્લા સ્ટેશને જઇ પહોંચે છે અને આખરે અન્ત્યેષ્ટિ ક્રિયા કરવામાં આવે છે.

ત્રીજા દિવસે તેજ મહાત્મા આ બ્રાહ્મણભાઈના ગૃહાંગણે આવી ચડે છે. ઘરના લોકોને ભારોભાર હર્ષોલ્લાસ થાય છે. મહાત્મા જમવાની તૈયારી કરે છે મહાત્માને જમવા માટે બેસાડે છે થાળમાં યોગ્ય રસવતી પીરસાઇ જાય છે ત્યાં એકાએક બોલી ઉઠે છે કે અરે હું એકલો જમી શકું ? મારી સાથે જમનાર પેલો છોકરો જોઇએ. મહાત્માબૂમ પાડે છે. અરે શંકર ચાલ જમવા માટે, આ બૂમ સાંભળીને તુરતજ બહારથી શંકર આવી ચડે છે અને જમવામાટે સાથે બેસી જાય છે. આ છે મહાત્મા પુરૂષની અગમ્ય લીલા. આ બ્રાહ્મણભાઇને અતૂટ અને અકાટય શ્રદ્ધા હતી તેનુંજ આ પરિણામ કેમકે "श्रद्धावान् लभते फलम्" આ સનાતન સિદ્ધાન્ત નિતાન્ત યથાર્થજ છે.

(૧૦૬)

હમેંશાં ખાનદાન કે કુલીન પુત્રો પોતાની જનેતાને આજીવન સેવા આપી રહેલા હોય છે. જ્યારે ઘણા એવા કુલાંગાર પણ હોય છે. લાડી આવ્યા પછીથી માડીની માયાને ભાગ્યેજ યાદ કરતા રહે. મા મેરી કે તેરી, એક નવ જવાન પુત્ર પોતાની માનો લાડકવાયો અને એકલવાયો માતાનું ખૂબજ વાત્સલ્ય મેળવી ચૂકયો હતો. સાથેસાથે તેટલોજ આજ્ઞાંકિત હતો. જ્યારે તેનો લગ્ન સમય પરિપકવ થયો ત્યારે દુર્ભાગ્યવશાત કોઈ એક અવચંડી અબલા સાથે

તેનાં લગ્ન થયાં. નવવધૂનાં પનોતા પગલાં પડયાં કે તુરતજ સાસુજીને લોઢાના પાયે પનોતી બેસી ગઇ હતી. નવ પરિણીતા યુવતીને સાસુજી ગમતી ન હતી. તેણીએ પોતાના પતિ સામે અલગા થવાની આઠ હાથની અરજ રજુ કરી.

ધણી જ્યારે જ્યારે બહારથી આવી પહોંચેકે તુરતજ તેની સાથે આ બાયડી બાંગ પોકારતી રહે, કયારેક તો આંખોમાંથી અશ્રુધારા ધરતીપર છોડવાબેસી જાય. કિન્તુ યુવક પોતાની માતાંને માતૃદેવોભવ માની બેઠેલો હતો. બાલ્યકાળથીજ માતૃદેવોભવ આ સૂત્રને આત્મસાત કરેલું.

તેને માતાની છાયા છોડવી કેમ ગમે ? ધીરે ધીરે ધણી જ્યારે બહાર જાય ત્યારે તેણીએ આ વૃદ્ધાને ગાળો ભાંડવી કે કનડગત કરવી શરૂ કરી દીધી ? તેટલામાં તેણીનો ધણી આવી પહોંચ્યો અને દીવાલને ઓથે રહીને દેવીનાં દેદાર જોતો રહ્યો. પોતાની જનેતા ઉપર અણછાજતા આક્ષેપો અને આક્રમણો જોઈસાંભળીને તેના અંતરમાં ભારે આંચકો આવ્યો હતો. પરન્તુ ધડાકો કરવો તેને પસંદ નહિ હતો કેમકે ધણી ધીમાન હતો સમજુ અને શાણો હતો શુજ્ઞ અને સજ્જન હતો. ધીમે અવાજે સાસુ વહુને સમજાવે છે. ઘરનો અવાજ બહાર નહિ જવો જોઇએ.

તે રીતે નિષ્પક્ષપાતના માધ્યમથીસમજાવી રહ્યો છે.કલેશ કંકાસ અને કીડીયારીથી મહાલક્ષ્મીની મહેર અને લીલાલહેરના બદલે કાળો કેર થશે માટે સમજીને ચાલો.

આ ભાઇ પોતાની પત્નીને પ્રાઇવેટમાં પણ કહેવા જેવું કહેતોજ રહે છે. એકાન્તનોગેરલાભ ઉઠાવે તેવો આ યુવક નથી. આજના કેટલાક યુવકો એકાન્તના સમયે વિષય વિલાસ ગર્ભિતવાતો શિવાય ભાગ્યેજ સંપ જંપ કે સદાચાર ની સુરંગી વાતો કરતા હોય છે. યદિ એકાન્તના સમયે પુરૂષ પોતાની પત્નીને શિસ્ત સંયમ કે સભ્યતાની હવા ઉભી કરતા હોય તો આજે કેટલાંય ઘરો કલેશના કેન્દ્ર બનેલા જોવા ન મલે.

આ ભાઈ પોતાના ઘરમાં સંપ સલાહનું સુન્દર વાતાવરણ સર્જાય તે માટે પ્રાણવંતો પ્રયાસ કરી રહ્યા હોય છે. પરન્તુ આ અબલા સમજવા થોડી તૈયાર છે ? જેને મૂકી લાજ તેને નાનું સરખું રાજ આ કહેવત મુજબ આ પત્ની બેફામ બોલતી રહે છે. સાસુને ખૂલ્લો પડકાર કરી રહી છે કે યાદ રાખજો તમને મોતના મિનારે પહોંચતી નકરૂં તો મારૂ નામ નવછંદી નહિ. કેટલાક દિવસો પછી એકવાર આ નવછંદી પાણીના મટકાં ભરીને બહારથી આવી અને ઘરમાં પ્રવેશ કરતાંની સાથે ધરતીપર ઢળી પડી અને આળોટવા લાગી. સાક્ષાત શાકિનીના અવતાર સમી આ સુન્દરીએ પાણી ભરેલાં મટકાં ફોડી નાખ્યાં અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી ગઈ. આ સમયે તેણીની વૃદ્ધા સાસુ જેના માટે આ સુન્દરીએ શાકિનીનું રૂપ ધારણ કરેલું છે. અને જેના નાશને માટે તમામ ષડયંત્રો ઉભાં કરી રહી છે તેજ સાસુ સ્વ કર્તવ્ય સમજીને દોડી

આવી અને યોગ્ય સારવારમાં લાગી ગઈ છે અનેક જાતના ઉપચારો ચાલુ કરવામાં આવ્યા. વાટી ઘૂંટીને કઈક ઔષધો પીવડાવવામાં આવ્યા. પરન્તુ આંખો ખોલવાની વાત નહિ સાસુજી હેબતાઇ ગયાં, જરૂર મારી પુત્રવધૂને ડાકણ વળગી લાગે છે. અરે બોલાવો ભોવાને વાસ્તવિક તો કોઇ રોગ કે શોક કંઇજ નહિ હતું. માત્ર સાસુજીના કાંટાને વચ્ચેથી ખસેડવા શિવાય કંઇજ નહિ હતું. આવા હડ હડતા ધતીંગથી તો ધરણીધર પણ દૂર ભાગે પછી માનવનું શું ગજું ભોવાને બોલાવવામાં આવે છે. તે પણ ત્યાં આવીને અપની મેલી રમતો શરૂ કરી દે છે. મુખ પર પાણી છાંટે છે ? ત્યારે આ સુન્દરી કે છછૂન્દરી બોલી ઉઠે છે કે નહિ જાઉં નહિ જાઉં, નહિ જાઉ લોકોએ માની લીધુ કે જરૂર વ્યંતરનો વળગાડ છે. જ પણ સહેજે આ નહિ જાય. તે માટે છેલ્લામાં છેલ્લા ઉપાયોનું આયોજન કરવું પડશે. આ લોકો દરેક ભોવાઓના ગુરૂને બોલાવી લાવે છે.

તે આવીને પણ છેલ્લામાં છેલ્લી મેલી રમતોની રજુઆત કરે છે. તે મોંપર જોરથી પાણીનો છંટકાવ કરે છે. ત્યારે આ રમણી કે રાક્ષસી એકાએક બોલી ઉઠે છે આ મારી સાસુ પોતાનું મસ્તક મુંડાવે, મોંઢાપર કાજળ લગાવે અને મારી સામે આવીને મને સાતવાર ઝૂંકી ઝૂંકી નમસ્કાર કરે તોજ હું અહિથી જઇશ તે સિવાય નહિ જાઉં. સાસુ સમજી ગઇ છે કે આ ડાકણ બોલી રહી છે. માટે આતો આપણે આટલું કરાવી લઇએ. અગર મારી પુત્રવધૂને સારૂં થઈ જાય તો બીજુ જોઈએશું જે પુત્રવધૂ

આ ડોશીનેખતમ કરવા માટેના અખતરો કરી રહી છે, ડોશીના નાશને માટેની નોબત વગાડી રહી છે તેજ વૃદ્ધા ડોશી સમયે કેટલી સેવા આપવા માટે તૈયાર છે. વાંચક સમજી શકે છે કે એક એકના માર્ગમાં શૂલ પાથરે છે જ્યારે બીજાના માર્ગમા ફુલ બીછાવે છે. કર્મરાજ તારી માયા ક્યારે ધૂપ ક્યારે છાયા એક રમણીજ રહે છે જ્યારે બીજી રાક્ષસી બને. એક નારી રહે છે. જ્યારે બીજી નાગણ બને છે. એક દારા જ રહે છે જ્યારે બીજી ડાકણ બને છે. એક નદી બને છે જ્યારે બીજી નાવ બને છે. આ પ્રામાણે પ્રત્યેક જીવડાઓનો વળાંક જુદો જુદો હોય છે એક એકને માટે અંગાર બને છે જ્યારે બીજાને શૃંગાર બને છે. હમેશાં પોતાના શુભાશુભ કર્માનુસારે પ્રત્યેક પ્રાણીઓની પ્રવૃત્તિઓ પૃથક હોય છે તેમાં આશ્ચર્ય નથી. માજીએ પોતાના પુત્રને કહ્યું કે બેટાતું શીઘ્ર જઇ પહોંચ અને બોલાવી લાવ નાપિતને આ વહુ બોલે છે તદનુસાર હું મારૂં મસ્તક મુંડાવું. હવે આ જતી વયે મારે કેશની શોભા શામાટે જોઇએ. પુત્ર સમજી ગયો છે. પુત્ર પ્રાજ્ઞ છે. ચાલાક અને ચતુર છે. મનમાં સમજી બેઠો છે કે નકટીનું આ તમામ તર્કટ છે. ચાલો ચિન્તા નહિં જોઇ લેવાશે ઇંટનો જવાબ પત્થરથી અપાશે તર્કટનો જવાબ તર્કટથીજ આપવોં પડશે આ ભાઇ સ્વયં સુન્દર એક પ્લાન તૈયાર કરે છે તદનુસાર પોતાના સસરા ભણી ચાલ્યો શ્વસૂર ઘેર સાસુજી એકલાજ હતાં માથે ચાદર ઓઢીને પોક મૂકતો ચાલ્યો આવે છે જોઇને સાસુજી તો ડઘાઇજ

ગયાં અરે બાપ એકાએક આ શું કોઇના મરણના સમાચાર લઈને આવ્યા છે કે શું સાસુ જમાઇને લઇને અંદર ચાલી રૂદનનું કારણ પૂછ્યું જમાઈરાજ ડચકા ખાતા ખાતા બોલી ઉઠયા તમારી પુત્રીને ડાકણ વળગી છે અને હવે તે મરવાની તૈયારીમાંજ છે. બોલો કંઈ ઉપાય હો તો જલ્દી બોલો વિલંબ ન કરો તાત્કાલિક ઉપાય લેવામાં આવે તો કદાચ બચી જાય તો તમારો ઉપાય બતાવો શિવાય અમે તો છેલ્લામાં છેલ્લા ઉપાયો યોજયા છે ટોચ ભોવો બોલાવેલો તેના મંત્ર પ્રયોગથી ડાકણ એ પ્રમાણે બોલી છે કે મારી વૃદ્ધામાતા મસ્તક મૂડાવે મોઢ કાળાશ લગાવે અને મારી સામે આવીને સાતવાર નમસ્કાર કરે તોજ હું જાઉં સાસુજી બોલી ઉઠયા ઓહ આમાં મોટી કઈ ધાડ મરવાની છે તે તોઆપણું કામ છે હું હમણાંજ આ બધી વિધિ પતાવું છું સાસુજી આ પ્રમાણે તૈયાર થઇને જમાઇની સાથેજ આવે છે અને પોતાની દિકરીની સામે આવીને સાત વાર નમસ્કાર કરે છે જમાઇ સાથેજ આવેલી છે લાજ નાભિ સુધી કાઢેલી છે ઘુંઘટડામાં છૂપાયેલી અપની માતાને ઓળખી ન શકી સહુંના દેખતાં ઉચ્ચ સ્વરે આ અવળચંડી બોલી ઉઠી કે દેખ રંડીકા ચાળા “શિર મૂંડા મુખ કાળા” પોતાની માતાજીનું, હડ હડતું અપમાન આ યુવાન કઇ રીતિએ સહી શકે આ ભાઇ તુરતજ પોતાની મૂછપર હાથ ફેરવાતા બોલી ઉઠયા દેખ બંદેકી ફેરી મા મેરી હૈયા તેરી છછુંદરી

વિચારી રહી છે કે હું મારી સાસુનું અપમાન કરવા જતી હતી ત્યાં મારી પોતાનીજ મા આ કાવતરામાં ઝડપાઇ ગઇ હમેંશાં યાદ રાખો ખાડો ખોદે તેજ પડે આ નિયમાનુસાર ક્યારેય કોઇનાય માટે ખાડો તો નજ ખોદો પરિણામે તેમાં તમારોજ ભોગ લેવાતો હોય છે બની શકે તો અન્યને માટે પગથીયારૂપ બનો પણ ખાડારૂપ તો ન જ બનશો.

(૧૦૭)

**सूक्ष्म बुद्धया सदा ग्राह्यो धर्मो धर्मार्थिभि नरैः** હંમેશાં બુદ્ધિને આગળ કરીને ચાલશો તોજ વાસ્તવિક ધર્મનું મહત્વ સમજી શકાશે. જડ બુદ્ધિ વાળાઓથી ધર્મનું મૂલ્યાંકન થઇ શકે જ નહિ. ધર્મનું મૂલ્યાંકન આંકવા માટે તમારી પાસે સૂક્ષ્માતિ સુક્ષ્મ બુદ્ધિ જોઇશે. અન્યથા ધર્મનું મહત્વ જોખમાશે. સાથે સાથે એ પણ સમજી લ્યો કે સર્વોત્તમ અને અતિ ઉચ્ચ પદાર્થોની નકલ હોય છે. હીરામોતી સોનું ચાંદી વિગેરે મહત્વની વસ્તુઓનીજ બનાવટો થતી આવી છે. પરન્તુ ધૂળ કોલસા માટી કે લોહ તાંબા વિગેરેની નકલો હોઇ શકતી નથી. વસ્તુ વધુ મૂલ્યવાળી હશે તેમ તેની નકલો બજારમાં વધારે થતી રહેશે. કેમ કે નકલ કરનારા અક્કલ વગરના નથી હોતા. તે લોકો મામુલી પદાર્થોની નકલ કરવાની માથાપચીમાં ભાગ્યેજ પડવા માગે છે. સર્વોચ્ચ પદાર્થોની નકલ કરવામાં કંઇને કંઈ તો મલશે જ. ચાંદીને

બદલે જર્મન સીલ્વરમાં કંઇ હતો જરૂર મલશે સાચા મોતીને બદલે કલ્ચરમાં કંઇક મલશે. પરન્તુ ધર્મ એવી અનોખી વસ્તુ છે જેની નકલ ચાલી ન શકે. કરનારા જરૂર કરે અને આલમના આંગણે ધર્મની પણ નકલ કરી બતાવનાર બહાદૂરો પડેલા જ છે. પરન્તુ ધર્મની નકલ લાંબો સમય નજ ચાલે સાથે સાથે ધર્મની નકલ કરવામાં મેળવવાને બદલે મૂકવાનું જ હોય છે. જનમો જનમ ખોવાનું જ હોય છે.

કોઇ ભાવિક ગણાતા ગામમાં જૈનાચાર્યના પનોતા પગલાં પડયા હતા. તમામ જનતા ખૂબ જ હર્ષિત થઇ હતી. આચાર્યશ્રીની સેવા ભક્તિનો લાભ લૂંટી રહી હતી. આચાર્યશ્રીના ઉપદેશથી જનતા ખૂબ જ પ્રભાવિત થઇ હતી સુપાત્ર દાનમાં અન્ન પાણી વસ્ત્ર પાત્ર વસતિ વિગેરે આપી શકાય છે અને તેમાં મહાન લાભ છે. પરન્તુ દાનની રીતિએ દાન આપવામાં આવે તોજ ફલ મેળવી શકાય છે. કયારેક અજ્ઞાન વશાત લાભને બદલે મહાન હાનીની પણ સમ્પૂર્ણ શકયતા છે. મમ્મણ જેવાએ દાન આપવા છતાં મહાન ગેર લાભ ઉઠાવ્યો હતો તે તો શ્રોતાજનો સાંભળીને જ બેઠેલા છે. આચાર્યશ્રીનું પ્રવચન સાંભળીને મંત્રમુગ્ધ બનેલો એક ભાવિક શ્રાંવક પ્રતિજ્ઞા કરે છે કે બીમાર પડેલા મુનિ ભગવંતને યોગ્ય સેવા આપ્યા સિવાય ખાવું નહિ આ શ્રદ્ધાળું શ્રાવક પ્રતિજ્ઞાનું યથાવત પરિપાલન કરે છે. નિય. મીત એકે એક ઉપાશ્રયમાં બીરાજમાન સાધુ ભગવંતોને

સુખશાતા પૃચ્છામાં પીછે હઠ નથી જ કરતો. તેમાં પણ બીમાર પડેલા સાધુ ભગવંતોની વિશેષતયા પરિચર્યા કરે છે. આ રીતે સેવા ભક્તિમાં કેટલોક સમય પ્રસારિત થાય છે. એક દિવસ એવો આવી ચડયો કે તે દિને ગામના કોઈપણ ઉપાશ્રયમાં કોઇજ સાધુ ભગવંત બીમાર અવસ્થામાં જોવા ન મલ્યા ત્યારે તેના અંતરે હળવો આંચકો આવ્યો અને વિચારી રહ્યો છે કે ખરેખર આજે હું કેવો કર્મ-શાલી કે બીમાર અવસ્થામાં કોઇજ મુનિરાજ જોવામાં નહિ આવ્યા. નિર્ભાગીને નિરંતર આવો લાભ કયાંથી મલે ? આ શ્રાવક શ્રદ્ધાલુ છે. પૂર્ણ સેવા ભાવી છે. સેવા યજ્ઞમાં જીવન ઝંપલાવ્યું છે. તેમાં બે મત નહિ પરન્તુ જડ બુદ્ધિવાળો હોવાથી ઉલટોજ ખ્યાલ કરી રહ્યો છે. આજે મારા કોઇ પણ ગુરુ ભગવંત બીમાર નહિ. ખરેખર આજે તો સોનાનો સૂર્ય ઉગ્યો માની શકાય. આવું સમજવાને બદલે ઉલટું જ સમજી બેસે છે. આ તેની નરી અજ્ઞાનતા છે. માત્ર જડતાના સબળે ધર્મની બુદ્ધિ હોવા છતાંયે થતો ધર્મનો ધ્વંસ તે સમજી ન શકયો.

કયારેક કોઈ ગામમાં વ્યાસજી પધાર્યા. તેઓએ પોતાના પ્રવચનમાં લલકાર્યું કે 'अन्नदः तृप्ति माप्नोति, सुख माप्नोति वारिदः' અન્નનું દાન કરનારને તૃપ્તિ મલે છે. જ્યારે પાણીનું દાન કરનારને સુખ સૌભાગ્ય મલે છે. શ્રોતા જન તરીકે બેઠેલા એક માજી રાજીના રેડ થઈ ગયાં કે

વાહ કેવું સારૂં. પાણીનું દાન કરનારને સુખ અને સૌભાગ્ય સાંપડે છે. ત્યારે પાણીનું દાન કરવામાં કે કોઇપણ નાના મોટા પ્રાણીને પાણી પીવડાવવામાં કયાંદામ બેસે છે. ચાલો આપણે આજથીજ કોઇપણને પાણી પીવડાવવાના શ્રી ગણેશાય નમઃ કરીએ. અનાજનું દાન કરવાનું કામ માલદાર કે કલદારનું કામ છે. પરન્તુ પાણીમાં ક્યાં પૈસા બેસે છે.

'આવો બેસોને પીઓ પાણી ત્રણે વસ્તુ મફતની આણી' આ કહેવત અનુસાર કોઈને પણ આવકાર આપવામાં કે પાણીનો પ્યાલો પકડાવવામાં કયાં પૈસા લાગવાના હતા. આ ડોશીમાએ પાણી પીવડાવવાના મંગલાચરણ માંડયા.

એક દિવસ આ ડોશીમા કૂવા ઉપર પાણી ભરવા ગયાં ત્યાં એક તરસે તરફડતું વાછરડું આવી ચડયું. ડોશીમાએ વિચાર્યું આયડીયા લગાવ્યા કે નકકી આ વાછરડું તરસ્યું થયું લાગે છે. તે શિવાય કૂવા તરફ શા માટે આવે? ડોશીમાએ કલ્પના કરી કે આપણે પાણી તેને પીવડાવીએ પણ વધારે કે ઓછાની આપણને શું માલુમ પડે? માટે આ વાછરડાને કૂવામાં જ મૂકી દેવામાં આવે. અપની ઇચ્છાનુસાર રૂચિ મુજબ પાણી પી લેશે. આ યુક્તિ બીલકુલ બરાબર છે! પરન્તુ કૂવામાં તે વાછરડાનું શું થશે શું પરિણામ આવશે તે આ બુઢીયા જડ બુદ્ધિના કારણે સમજી ન શકી માટે ધર્મની પ્રગતિ કે અપ્રગતિનો મુખ્ય મદાર માનવની બુદ્ધિ ઊપર જ નિર્ભર છે.

(૧૦૮)

દાનનો મહિમાં વર્ણવ્યો. વર્ણવી શકાય નહિ, લખ્યો લખી શકાય નહિ. દાનના સમ્પૂર્ણતયા મૂલ્યાંકન આંકવાનુ કામ અહંનું છે.

અહમ્‌થી આઠસો અને અઠ્ઠાશી ભવોએ પણ દાનના મૂલ્યાંકન કરી શકાતા નથીજ અર્હત્ શાસનના ગ્રન્થો દાન અને ત્યાગને જુગ જુગ જુના ઘનિષ્ઠ સગપણો સ્નેહો અને સંબંધો છે. જયાં ધૂમ હોય ત્યાં અગ્નિ હોય જ તદનુસાર જયાં દાન હોય ત્યાં ત્યાગ હોય જ. ત્યાગ વિના દાન દઈ શકાતું નથી. એક દૃષ્ટિએ દાનનો માનવ ઊપર કેટલો અસીમ ઉપકાર છે. જે માનવને ત્યાગના ઉચ્ચતમ શિખર પર આરૂઢ કરે છે એટલા જ માટે દાનનો પ્રાણ ત્યાગ છે.

સત્પાત્રમાં વિનિયોગ કરવાનું સૌભાગ્ય કેવલ માનવને મલેલું છે. પરન્તુ અહમ્‌ની અહર્નિશ આરતી ઉતારનાર ઈન્સાન દાનના યથાર્થ ફલથી વંચિત રહે છે.

દાનની મહર્ધ્યતાને માણવી સહેલી નથી જ. દાનની ગરિમાથી ગરિષ્ઠ બનેલા વીરનરો જ દાનની મહનીયતાને માણી શકે છે.

દાનની પ્રભુતા એવં પ્રતિભાને પચાવનારા પુણ્યશાલીઓ પ્રભુશાસનના પ્રાંગણમાં અનેકાનેક થઈ ગયા જેઓએ દાનનું પવિત્ર ઝરણું વહેતું રાખ્યું. આજે પણ તે દાન વીરોના દાનની નકલ કરનારા નરવીરો અનેક છે. અને તેઓ દાનના વહેતા ઝરણાંને વધુ વેગવંતું બનાવવા માટે યોગ્ય ભોગ આપી રહેલા હોય છે.

કુમારપાલ વસ્તુપાલ તેજપાલ મંત્રીશ્વર ઉદયન વિમલશાહ પેથડકુમાર વિગેરે અનેક પુણ્યવંત પ્રતાપી પુરુષો એ સાંપડેલી સંપત્તિનો સદ્વ્યય કરીને જીવનને ધન્ય ધન્ય બનાવી ગયાના બીજા પણ અનેક દાખલાઓ શાસ્ત્રોના પાને નોંધાયેલા છે જ. રહીમ અબ્દુલ ખાના અકબર બાદશાહની સભાના નવરત્નો પૈકીના એક હતા. ધીમાન અને ભગવદ્ભક્ત હતા. સંત તુલસીદાસના પરમ પ્રિય મિત્ર હતા.

રહીમ નિશદિન નિયમિત સ્નાન સપાડા કરીને યાચકોને યોગ્ય દાન આપતા હતા સાથે સાથે દાન આપતી વખતે પોતાની નજર નીચી રાખતા હતા. નીચી નજર રાખીને દાન આપતા રહીમને કોઇએ પૂછયું રહીમ સાહેબ ! તમે દાન દેનાર છો. તમે કંઇને કંઇ આપી રહ્યા છો તો તમારી નજર હંમેશાં ઊંચી જ રહેવી જોઇએ અને નીચી નજર તો લેનારની હોઇ શકે કેમકે તે પોતે લેનાર છે. લેનાર શરમાતો હોય છે એટલે લેનારની નજર નીચી રહે, તે સ્વાભાવિક છે.

હંમેશાં લેનારના નયનો નીચાં ઢળી પડે તે સહજ છે. આ દલીલની સામે મૃદુ અને મીઠું હાસ્ય વેરતા અને વધુ શરમીંદા બનેલા રહીમે ઠંડા કલેજે જવાબ આપ્યો કે,

દેને વાલા ઔર હૈ જો દેતા હૈ દિન રેન<br>
લોગ ભ્રમ હમપર કરે, યા તે નીચે નૈન

અર્થાત્ વાસ્તવિક આપવાવાલો ઈશ્વર છે. જે રાત દિવસ અવિરત દાન આપે જ જતો હોય છે. લોકોએને ભૂલથી દાતા સમજી બેઠેલા હોય છે. શિવાય ખરો દાતા દીનાનાથ

છે. એ આપે છે ત્યારે જ તમે આપી શકો છો. એટલે કે તમારૂં પૂર્વ સંચિત પુણ્ય આપે જતું હોય છે. અને પછી તમે અન્ય યાચકોને આપતા રહો છો. માનવ માની લે છે કે હું આપું છું. પરંતુ હું આપું છું એ ભાવનામાં અહં પોષાતું હોય છે.' હું કરૂં આ મેં કર્યું' એ માનવી મિથ્યા બકે. પણ કર્મની આજ્ઞા વિના, ના પાન પણ હાલી શકે' આ સિદ્ધાન્ત યથાર્થ છે. અતઃ આપવા વાલી દેવાવાલી અન્ય શક્તિ છે. પછી કોઈ ઇશ્વર કહે કોઇ પુણ્ય કહે કોઇ કર્મ કહે. આ પ્રમાણે કહેવાની રજુઆત જુદી જુદી છે પરન્તુ વસ્તવિક તમારો શુભાશુભ કર્મનો સંચય મુખ્ય ભાગ ભજવતો હોય છે.

એટલે જ શરમથી મારા નયનો નીચે ઢળી પડે છે. ભોલો હવે તમે બરાબર સમજી ગયાને ! ટુંકાણમા આપણે સૌ કોઈ લેવાવાલા છીએ. તમે લઇને બીજાને આપો છો. એ વાત ક્યારેય પણ ભૂલાવી નહિ. જોઇએ તોજ આપણે અહં ઉપર નિયંત્રણ લાવી શકીશું.

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પં | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧ | પાર્શ્વ | પાર્શ્વ |
| ૧ | ૧૪ | — | ગધેડો છે ગધેડો |
| ૩ | ૧૧ | પંક્તિ બાકી રહેલી તે | પ્રજાપાલકની સામે પ્રતિ પડકાર કર્યો જહાંપનાહ! એ અદમી માફ કરજો હું આપની અદની એક બાલિકા છું. મારા પરમ પિતા તુલ્ય પ્રજાપાલકની સામે |
| ૩ | ૨૨ | તીવી | તેવી |
| ૪ | ૭ | અ | આ |
| ૪ | ૧૨ | ... | તની તમને |
| ૬ | ૩ | મમ્મી | મમ્મી |
| ૭ | ૧૧ | હંમેશા | હંમેશા મૂંગાની લીપી મૂંગો જ વાંચી શકે છે એવં સમજી શકે છે. |
| ૧૨ | ૪ | — | કેવું સ્થાન |
| ૧૨ | ૨૧ | તમામ | તમારા |
| ૧૩ | ૧૭ | જવાલામા | જવાલામાં |
| ૧૩ | ૨૧ | ચરણ | મરણ |
| ૧૪ | ૧ | વયારે | જ્યારે |
| ૧૬ | ૭ | તાવીયાઓ | તાવીતાઓ |
| ૧૬ | ૧૮ | તાવીયા | તાવીતા |
| ૧૭ | ૧૩ | સૂત્રનો | સૂત્રના |
| ૧૭ | ૧૩ | પાઠના | પાઠનો |
| ૧૭ | ૧૯ | કેમ | રેન |

| પૃષ્ઠ | પં | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૯ | ૧૬ | મોતનીય છેદે | મોત નીપજે છે. |
| ૧૯ | ૧૭ | એ હવે થાય તે | એટલે આપણે |
| ૨૦ | ૮ | આવ્યું | આપ્યું |
| ૨૧ | ૨ | પર | પરત્વે |
| ૨૩ | ૧૩ | રીતએ | રીતે |
| ૨૩ | ૧૩ | તત્પચ્ચાત | તત્પશ્ચાત્ત |
| ૨૭ | ૧૫ | છેના | તેના |
| ૨૭ | ૨૦ | સહુવાસ | સહવાસ |
| ૨૮ | ૧૦ | સમરક્ષ | સમક્ષ |
| ૨૮ | ૧૭ | શુભાગચન | શુભાગમન |
| ૨૯ | ૧૫ | સમરત | સમસ્ત |
| ૨૯ | ૧૭ | યંત્ર | તંત્ર |
| ૩૧ | ૧૯ | એકચિત | એકત્રિત |
| ૩૩ | ૨ | અવસ્ય | અવશ્ય |
| ૩૩ | ૧૫ | ઇત્યાંગિન | ઇર્ષ્યાગિન |
| ૩૪ | ૧૫ | વિસદ્દશ | વિસદ્દશ |
| ૩૫ | ૧૦ | કડકૈતી | ડકૈતી |
| ૩૭ | ૮ | વાતો | વાદ |
| ૪૧ | ૩ | જીન્દગાની | જીંદગીની |
| ૪૪ | ૨૦ | પછા | પછી |
| ૪૫ | ૧૧ | પીરસાવ્યા | પીરસાવવા |
| ૪૬ | ૪ | કયા | કયાં |
| ૪૮ | ૪ | શરકણ્ય | શરણ્ય |
| ૪૮ | ૨૨ | ગવા | ગયા |
| ૪૯ | ૧૦ | જીવાલયમાં | જીનાલયમાં |
| ૫૦ | ૨ | ડાકૂ | ડાકૂ |
| ૫૦ | ૨ | કાંહાં | કાંટા |

| પૃષ્ઠ | પં | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૦ | ૧૫ | આગરોપમ | સાગરોપમ |
| ૫૦ | ૧૯ | પદરાણી | પટરાણી |
| ૫૧ | ૩ | આ (જાતના) | આ જાતના |
| ૫૧ | ૮ | અપારી | અમારી |
| ૫૧ | ૧૦ | જયે | જયે |
| ૫૧ | ૧૨ | પ્લાનું | પ્લાન |
| ૫૧ | ૧૫ | ઇતસપ્ત | ઇતસ્તતઃ |
| ૫૧ | ૧૭ | ગતિરીદ્ધશા | ગતિરીદૃશી |
| ૫૧ | ૧૯ | શ્વેય | શ્રેય |
| ૫૧ | ૨૦ | વિષ્ઠ | નિષ્ઠ |
| ૫૨ | ૧૨ | વાગ્યાથી સુમારે | વાગ્યાની સુમારે |
| ૫૨ | ૨૨ | ખત | ખંત |
| ૫૩ | ૫ | દાંપ | દંભ |
| ૫૪ | ૬ | શીઘ | શીઘ્ર |
| ૫૪ | ૯ | શીઘાતિશીઘ | શીઘ્રાતિશીઘ્ર |
| ૫૪ | ૨૧ | પલીને | મલીને |
| ૫૬ | ૧૪ | રાખો | રાખે |
| ૫૮ | ૧૦ | મોઢર | મોટર |
| ૫૮ | ૧૩ | ના, રીજાત | નારી જાતિ |
| ૫૯ | ૪ | ભર્યુ | ભરેલું |
| ૬૩ | ૨૨ | ધષ્ટના | ધૃષ્ટતા |
| ૬૪ | ૮ | પારાયણ | રામાયણ |
| ૬૪ | ૨૦ | પોતાના | પોતાનો |
| ૬૪ | ૨૧ | તેણીયે | તેણે |
| ૬૪ | ૨૨ | કરાવ્યો | કર્યો |
| ૬૬ | ૨૦ | (વધુમાં) | માટીએ હીરાએ |
| ૬૭ | ૧૨ | કાષ્ટતારાના | મુનિવરના વિષયમાં કાષ્ટ ભારાના |

| પૃષ્ઠ | પં | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૬૭ | ૧૪ | કાજામાં | કાળજામાં |
| ૬૭ | ૧૬ | વધુમાં) | શ્રેણીકના અવશેષો જાણુ-વામાં આવશે તો |
| ૬૮ | ૫ | પંક્તિ બાકી રહેલી | સોનાના જવલાથી રાજા અહર્નિશ અર્હન પરમાત્મા-નું પૂજન કરે છે તે જવ |
| ૬૮ | ૧૩ | दतस्तः ही इत व्याघ्रः | इत स्तही इतः व्याघ्रः |
| ૬૮ | ૧૪ | (વધુમાં) | ચારે બાજુ ફાંફા મારી રહ્યો છે. |
| ૭૪ | ૧૮ | પંક્તિ બાકી રહેલી તે | ગાઈ બતાવે છે. પુણ્યપંથને અજવાળે રે તમે લીટે લીટે ચાલો રે ખાડામાં છે ખદ-બદીયાં આ પ્રમાણે ગાઈ રહ્યા છે અને પોતાના પુત્રોને ઇશારામાં સમજાવી રહ્યા છે. |
| ૭૪ | ૨૩ | વિવેક — | વિવેક, વિકલ, વિવિધ |
| ૭૭ | ૧૪ | આવે છે | આવે છે તો |
| ૭૯ | ૧૨ | પોકાર | પડકાર. |
| ૭૯ | ૨૦ | રાત્રીઓ — | રાત્રીઓ પણ |
| ૭૯ | ૨૪ | એકવીસ | એકવીસ હજાર |
| ૮૧ | ૯ | પંક્તિ બાકી રહેલી તે | કરે કે ના કરે કિન્તુ હજાર હાથવાળો મારો ભગવાન જરૂર |
| ૮૨ | ૭ | ઠાક | ઠાર |
| ૮૨ | ૭ | मांध्यम | भाग्यं |
| ૮૩ | ૧૪ | પલકાઈ | મલકાઈ |

| પૃષ્ઠ | પં | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮૩ | ૧૮ | ખીડીને | બીડીને |
| ૮૪ | ૮ | તેના | તે |
| ૮૪ | ૧૨ | વેલકીનું | વેલડીનું |
| ૮૪ | ૧૭ | પરમાત | પરમાનંદ |
| ૮૪ | ૨૦ | ચાલી | ચાલો |
| ૮૪ | ૨૦ | સિદ્ધ | સિદ્ધિ |
| ૮૫ | ૨ | થાય | ખાય |
| ૮૬ | ૧૮ | ચાનકીઓ | વાનગીઓ |
| ૮૬ | ૧૯ | જમે | જમા |
| ૮૮ | ૪ | — | જગ્યા ન હતી |
| ૮૮ | ૬ | — | શકાય તેમ ન હતું |
| ૯૦ | ૩ | તાન | ભાન |
| ૯૦ | ૪ | માનવતા | માનવતાના મંચ પર |
| ૯૦ | ૧૧ | ગૌતમ | નૌતમ |
| ૯૦ | ૧૫ | પાણીનો | વાણીનો |
| ૯૨ | ૫ | તેનો | તેનું |
| ૯૨ | ૧૨ | જંખી | ડંખી |
| ૯૨ | ૧૭ | અજબ | અબજ |
| ૯૩ | ૭ | હયાથી | હૈયાથી |
| ૯૩ | ૭ | કોયલ | કોમલ |
| ૯૩ | ૯ | ખરે | ખરો |
| ૯૩ | ૧૮ | અધપતા | અધમતા |
| ૯૪ | ૬ | લગી | લાગી |
| ૯૪ | ૧૪ | આવદા | આવરદા |
| ૯૪ | ૧૯ | હયામાં | હૈયામાં |
| ૯૫ | ૫ | — | આશીર્વાદ રૂપ ન નીવડ્યો |

| પૃષ્ઠ | પં | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૫ | ૫ | વર્ષે | વર્ષ |
| ૯૫ | ૬ | દ્વિપાદ | દ્વિપાદ |
| ૯૫ | ૧૫ | માનીઓ | માનવીઓ |
| ૯૬ | ૫ | તેમાં | તેનાં |
| ૯૬ | ૧૨ | જ્યોતિધરો | જ્યોતિર્ધરો |
| ૯૬ | ૧૪ | વિધાન | નિધાન |
| ૯૬ | ૧૪ | ગોપી | ગોત્રી |
| ૯૬ | ૧૪ | ઇન્દ્રભૂમિ | ઇન્દ્રભૂતિ |
| ૯૬ | ૧૭ | ઉપનિતિ | ઉપમિતિ |
| ૯૮ | ૬ | ગૂંચાવીશ | ગૂમાવીશ |
| ૯૯ | ૫ | કદિ | કોઈ |
| ૯૯ | ૭ | સનસનારી | સનસનાટી |
| ૧૦૦ | ૧૫ | ભથ | ભય |
| ૧૦૩ | ૧૬ | સુતરામ | સુતરત્નનો જન્મ જ થયો હતો |
| ૧૦૪ | ૧ | છે. | છો. |
| ૧૦૪ | ૨ | અધિકાઓ | અધિકારનો |
| ૧૦૫ | ૧૬ | ચીંજારેહાલ | ચીંથરેહાલ |
| ૧૦૬ | ૯ | અથવા | અપના |
| ૧૦૬ | ૧૩ | ઓફિસસરે | ઓફિસરે |
| ૧૦૭ | ૧૦ | અગ્રભાગ | અગ્રભાગ |
| ૧૦૯ | ૧ | પર | પાર |
| ૧૦૯ | ૭ | શકો | શકે છે તેમ જ |
| ૧૧૧ | ૭ | તમે | ત્યાં |
| ૧૧૧ | ૨૦ | શ્વવજનને | શ્વજનને |
| ૧૧૨ | ૨ | જોરથી | શોરથી |
| ૧૧૨ | ૨૦ | દયવીય | દયનીય |

| પૃષ્ટ | પં | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૧૨ | ૨૧ | કોપ | કામ |
| ૧૧૪ | ૧૬ | અત્યત | અત્યંત |
| ૧૧૪ | ૧૮ | ગયોલો | ગયેલો |
| ૧૧૪ | ૨૦ | — | આપ શ્રીમાન |
| ૧૧૬ | ૨ | વારાંગવા | વારાંગના |
| ૧૧૮ | ૭ | તાતર | ભાભર |
| ૧૧૯ | ૧૦ | વર્ચસ્ય | વર્ચસ્વ |
| ૧૨૧ | ૩ | પાશ્વનાથ | પાંર્શ્વનાથ |
| ૧૨૧ | ૬ | અતટ | અતૂટ, અવિરત |
| ૧૨૧ | ૧૬ | જર્રાયે | અણીયે |
| ૧૨૨ | ૧ | મિત્ર | મિત્રો |
| ૧૨૨ | ૬ | ભયંયકર | ભયંકર |
| ૧૨૨ | ૭ | એક એક | એકાએક |
| ૧૨૩ | ૧ | જીવનજીન | જીવજીવન |
| ૧૨૪ | ૧ | અહમ | અઠમ |
| ૧૨૪ | ૧૩ | સમપર | સમયપર |
| ૧૨૫ | ૨ | પ્રવ | પૂર્વ |
| ૧૨૫ | ૮ | ધ્યાર્દ્ર | દયાર્દ્ર |
| ૧૨૬ | ૧૪ | નો | તો |
| ૧૨૭ | ૫ | સોનામહોરી | સોનામહોરો |
| ૧૨૮ | ૩ | લાલચિત | લાલાયિત |
| ૧૨૮ | ૨૦ | ખોધ્યું | ખોદ્યું |
| ૧૩૩ | ૧૩ | નવલ | નવલા |
| ૧૩૩ | ૨૩ | મુખ્ય | મુખ |
| ૧૩૪ | ૬ | આમને | આપને |
| ૧૩૪ | ૧૫ | મન | મૌન |

| પૃષ્ઠ | પં | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૩૪ | ૧૯ | — | મૌન વ્રત લીધેલું છે. |
| ૧૩૫ | ૧૧ | કિનતુ | કિન્તુ |
| ૧૩૫ | ૧૭ | કીયું ડીયું | ડીયું ડીયું |
| ૧૩૮ | ૩ | રૈયતની | રૈયતની |
| ૧૩૮ | ૪ | નહ | નહિ. |
| ૧૩૯ | ૨૩ | વૈરાટીઓનું | વેરાઈટીનું |
| ૧૪૦ | ૧૬ | કર્મ ચારીઓને | કર્મચારીઓને |
| ૧૪૩ | ૨૦ | સત્કર્ય | સત્કાર્ય |
| ૧૪૪ | ૧૬ | છૂટકવા | છટકવા |
| ૧૪૪ | ૨૨ | ઝવેરત | ઝવેરાત |
| ૧૪૭ | ૧૭ | છયા | છૈયાં |
| ૧૪૯ | ૫ | મુદ્દા | મુદ્રા |
| ૧૫૦ | ૧૫ | બધો જ | બધાં જ |
| ૧૫૨ | ૬ | નિજી | નિજ |
| ૧૫૨ | ૬ | મુખ્યત્વેના | મુખ્યત્વેન |
| ૧૫૪ | ૧૧ | મોંઘરૂ | મોંઘેરૂ |
| ૧૫૯ | ૮ | આગલ | આગળ |
| ૧૬૦ | ૧૩ | હયામાં | હૈયામાં |
| ૧૬૦ | ૧૫ | પતાશ્રીનો | પિતાશ્રીનો |
| ૧૬૧ | ૨ | વતી | વિતી |
| ૧૬૪ | ૧૨ | હયામાં | હૈયામાં |
| ૧૬૫ | ૧૩ | ભર્યો | ભર્યા |
| ૧૬૬ | ૧૭ | નયનાનુસાર | નિયમાનુસાર |
| ૧૬૭ | ૧૫ | વિરપણ | વિરમણ |
| ૧૬૭ | ૧૫ | ઉજનાળ | ઉજમાળ |
| ૧૬૮ | ૧૬ | મોંકાણ | મોંકાણુ |

| પૃષ્ઠ | પં | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૬૮ | ૨૧ | રત્નન | રત્નની |
| ૧૭૦ | ૧૭ | ધનાખ્ય | ધનાઢય |
| ૧૭૧ | ૧૪ | આવ્યું | આપ્યું. |
| ૧૭૫ | ૧૫ | આવશે | આપશે. |
| ૧૭૬ | ૨૩ | દુર્ખ્યાન | દુર્ધ્યાન |
| ૧૭૭ | ૬ | ભરીને | મરીને |
| ૧૭૭ | ૭ | કચણાં | કર્મણાં |
| ૧૭૮ | ૧ | સુધમ | સુધર્મ |
| ૧૭૯ | ૧૫ | ગાતમ | ગૌતમ |
| ૧૮૦ | ૯ | પ્રરેશ | પ્રવેશ |
| ૧૮૦ | ૧૦ | મંત્રાની | મંત્રોની |
| ૧૮૦ | ૧૧ | ગમનાગમન | ગમનાગમન |
| ૧૮૦ | ૧૩ | गृदणन्ति | गृहणन्ति |
| ૧૮૧ | ૧૫ | ભાલેજ | ભાણેજ |
| ૧૮૩ | ૧૧ | વિનંબે | વિલંબે |
| ૧૮૩ | ૧૩ | કારચું | કારમું |
| ૧૮૪ | ૧૮ | એવાં | એમાં |
| ૧૮૫ | ૧૧ | વખતો | વળતો |
| ૧૮૫ | ૨૦ | સ્વરૂપચંદ | સ્વરૂપચંદ |
| ૧૮૫ | ૨૧ | ફરી | કરી |
| ૧૮૭ | ૯ | મહાકાવ્વના | મહાકાવ્યના |
| ૧૮૭ | ૧૧ | સંસ્કૂત | સંસ્કૃત |
| ૧૮૭ | ૨૦ | ગયેલા | ગયેલો |
| ૧૮૯ | ૫ | વાંલ્મીક | વાલ્મીક |
| ૧૮૯ | ૨૦ | જાહોજલાવી | જાહોજલાલી |
| ૧૯૫ | ૧૬ | શકશે | શકાશે |
| ૧૯૬ | ૧૬ | અલકારો | અલંકારો |

| પૃષ્ઠ | પં | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૦૧ | ૪ | ફાફાં | ફાંફાં |
| ૨૦૨ | ૨ | મનમેદામાં. | મનમેદાનમાં |
| ૨૦૩ | ૨ | રહ્યો | રહ્યો |
| ૨૦૮ | ૨ | લાગે | લાગેલો જ |
| ૨૦૯ | ૧૬ | રહી હતી | રહ્યા હતા. |
| ૨૧૦ | ૫ | માન્યાતાએ | માન્યતાએ |
| ૨૧૦ | ૬ | મુકી છે. | ચૂકી છે. |
| ૨૧૦ | ૯ | અતીત્વ | સતીત્વ |
| ૨૧૦ | ૨૦ | હર્યો | ડર્યો |
| ૨૧૨ | ૮ | બાજારો | બાજરો |
| ૨૧૪ | ૧૦ | આગણને | આપણને |
| ૨૧૬ | ૧૬ | સૂધ | સૂત્ર |
| ૨૨૧ | ૯ | સુંદૂર | સુંદર |
| ૨૨૧ | ૨૦ | ચાવા | આવા |
| ૨૨૨ | ૧૨ | સૂયને | સૂત્રને |
| ૨૨૨ | ૧૪ | સ્થલો | સ્થળો |
| ૨૨૨ | ૧૯ | સ્મારઠ | સ્મારક |
| ૨૪૨ | ૨૦ | સ્વધર્ય | સ્વધર્મ |
| ૨૨૯ | ૭ | આર્દકુમાર | આર્દ્રકુમાર |
| ૨૨૯ | ૧૦ | મુહુપત્તિ | મુહપત્તિ |
| ૨૨૯ | ૧૫ | સૌભાગ્ય વાળી | સૌભાગ્યવતી |
| ૨૨૯ | ૧૫ | હાજરીમાં | ગેરહાજરીમાં |
| ૨૩૧ | ૧૯ | રામાયણ | જૈન રામાયણ |
| ૨૩૨ | ૧૩ | કરવમાં | કરવામાં |
| ૨૩૭ | ૩ | દેખાયો | દેખાય છે |
| ૨૩૯ | ૬ | માંકડાને | માંકડાને લઈને |
| ૨૪૦ | ૩ | મશાલચી | સળગતી મશાલચી |
| ૨૪૦ | ૨૨ | મહુનીય | મહનીય |
| ૨૪૩ | ૧૫ | બેશુદ્ર | બેશુદ્ધ |

| પૃષ્ઠ | પં | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૪૫ | ૧ | રૂ, | રૂપિયા |
| ૨૪૫ | ૧૩ | સંડક | સડક |
| ૨૪૭ | ૨ | પાયાના | માયાનાં |
| ૨૪૭ | ૧૯ | નકર | નફ્ટ |
| ૨૪૯ | ૧૪ | જાપમા | જાપમાં |
| ૨૫૧ | ૧૫ | તાપસી | તામસી |
| ૨૫૧ | ૧૭ | દાજા | રાજા |
| ૨૫૨ | ૮ | કે ભાગ્ય | લે ભાગુ |
| ૨૫૨ | ૧૧ | ત્યા | ત્યાં |
| ૨૫૭ | ૫ | એ | બે |
| ૨૫૮ | ૩ | સદ્દગૃસ્થ | સદ્દગૃહસ્થ |
| ૨૫૮ | ૧૩ | શુગાલ | શૃગાલ |
| ૨૫૮ | ૧૫ | ભલાઈ | લપાઈ |
| ૨૫૮ | ૧૬ | ખોટી | બૂરી |
| ૨૫૯ | ૮ | માન્યજૂનોની | માન્યજનોની |
| ૨૬૦ | ૧૪ | કુરૂમાંથી | કુરૂમાંથી |
| ૨૨૬ | ૧૮ | શ્લોક બાકી તે | अधिकार पदं प्राप्य<br>नोपकारं करोति यः ।<br>अकार मात्र लोपेन ककार<br>द्वित्वतां व्रजेत् ॥ |
| ૨૭૨ | ૧૨ | પર્વની | પર્યંત |
| ૨૮૨ | ૨૨ | કીડીયારીથી | કીકીયારીથી |
| ૨૮૭ | ૬ | અન્યંને | અન્યને |
| ૨૮૮ | ૧ | કંઈહિતો | કંઈક તો |
| ૨૮૮ | ૨૨ | અદ્ધાલું | શ્રદ્ધાળુ |